
# વર્તમાન પ્રવાહો



LK ACADEMY
OUR GUIDE TO THE NEXT MILESTON

May
2026

મહત્વના સમાચાર, રાય સમાચાર, આતંરરા ય સમાચાર, અને અન્ય તમામ અપડેટ્સ

# જનતા સાથે જનનાયક





# મન કી બાત
## એપ્રિલ ૨૦૨૬



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ વાંચવા માટે QR કોડ સ્કેન કરો...**

### સ્વદેશી ટૅક્નિકથી નિર્મિત પરમાણુ રિએક્ટર

કેટલાક દિવસ પહેલાં જ, આપણા પરમાણુ વૈજ્ઞાનિકે એક વધુ મોટી ઉપલબ્ધિથી ભારતનું ગૌરવ વધાર્યું છે. તમિલનાડુના કલ્પક્કમમાં ફાસ્ટ બ્રીડર રિએક્ટરે ક્રિટિકાલિટી પ્રાપ્ત કરી લીધી છે. વાસ્તવમાં, ક્રિટિકાલિટી એ તબક્કો છે, જેમાં ભઠ્ઠી પહેલી વાર સ્વયં ટકાઉ પરમાણુ શ્રૃંખલા પ્રતિક્રિયામાં સફળતા પ્રાપ્ત કરી લે છે. આ તબક્કાનો અર્થ છે ભઠ્ઠીનું કાર્ય તબક્કામાં પહોંચવું. ભારતની પરમાણુ ઊર્જા યાત્રામાં આ એક ઐતિહાસિક સીમાચિહ્ન છે. મોટી વાત એ પણ છે કે પરમાણુ રિએક્ટર પૂરી રીતે સ્વદેશી ટૅક્નિકથી નિર્મિત છે.

### જનગણના

જનગણના ૨૦૨૭ને ડિજિટલ બનાવવામાં આવી છે. બધી જાણકારી સીધા ડિજિટલ માધ્યમથી અંકિત થઈ રહી છે. ઘર-ઘર જનારા કર્મચારીઓ પાસે મોબાઇલ ઍપ છે. તેઓ તમારી સાથે વાત કરીને તેમાં વિગતો અંકિત કરશે.

### ગજ-મિત્ર

ઉત્તર પ્રદેશના તરાઈ ક્ષેત્રમાં પાકના સમયે હાથીઓનું ઝુંડ ગામની તરફ આવે છે. તેનાથી ટકરાવની આશંકા વધે છે. પરંતુ હવે ઉત્તરપ્રદેશમાં પણ 'ગજ-મિત્ર' જેવા પ્રયાસો શરૂ થયા છે. ગામના લોકો જ ટીમ બનાવીને હાથીઓ પર નજર રાખે છે. તેઓ સમયસર લોકોને સતર્ક કરે છે. તેનાથી ટકરાવ ઓછો થઈ જાય છે અને લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે.

### સંરક્ષણ

મધ્ય ભારતથી એક સારા સમાચાર આવ્યા છે. છત્તીસગઢમાં કાળિયાર, એટલે કે કાળાં હરણ ફરીથી દેખાવાં લાગ્યાં છે. એક સમયે, તેમની સંખ્યા ખૂબ જ ઓછી થઈ ગઈ હતી, પરંતુ સતત પ્રયાસો થયા અને સંરક્ષણ વધારવામાં આવ્યું. એવી જ આશા ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ એટલે કે ઘોરાડના સંરક્ષણમાં પણ દેખાઈ રહી છે.

### વિશેષ પૉર્ટલ

કેટલાક દિવસો પહેલાં નૅશનલ આર્ચિવ્ઝ ઑફ ઇન્ડિયાએ એક વિશેષ પૉર્ટલ પર એક અનોખો ડૅટાબૅઝ શૅર કર્યો છે. આ સંસ્થાએ ૨૦ કરોડથી પણ વધુ અમૂલ્ય દસ્તાવેજોને ડિજિટાઇઝ કરીને સાર્વજનિક કર્યો છે. તેમાં કેટલાક તો બહુ રસપ્રદ છે - સાતમી સદીની ગિલગિત પાંડુ લિપિઓ ભોજપત્ર પર લખાયેલી છે. અહીં તમને આઠમી સદીનો એક રોચક ગ્રંથ શ્રી ભુવાલય પણ જોવા મળશે. અંકો પર આધારિત આ ગ્રંથ એક ગ્રીડના રૂપમાં છે.

### 'મન કી બાત'માં ગુજરાત

ભારતે તાજેતરમાં જ પવન ઊર્જા અર્થાત્ Wind Energyમાં મોટી ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે. હવે ભારતની પવન ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૫૬ ગિગાવૉટથી વધુ થઇ ચૂકી છે. ગત એક વર્ષમાં જ લગભગ ૬ ગિગાવૉટ નવી ક્ષમતા ઉમેરાઇ છે. ગુજરાત, તમિલનાડુ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દેશનાં અનેક રાજ્યો આ ક્ષેત્રમાં પોતાનો ધ્વજ લહેરાવી રહ્યા છે. ગુજરાતના કચ્છ, પાટણ, બનાસકાંઠા જેવાં ક્ષેત્રો જ્યાં પહેલાં કેવળ રણ દૃષ્ટિગોચર થતું હતું, ત્યાં આજે, મોટા પુનઃપ્રાપ્ય ઊર્જા પાર્ક (રિન્યૂઍબલ એનર્જી પાર્ક) બની રહ્યા છે. તેનો લાભ યુવાનોને મળી રહ્યો છે, નવા અવસરો બની રહ્યા છે, નવાં કૌશલ્યો વિકસિત થઈ રહ્યાં છે, રોજગારના નવા માર્ગો ખૂલી રહ્યા છે. વરસાદ સમાપ્ત થતાં જ કચ્છના રણની ધરતી જીવંત થઈ જાય છે. દર વર્ષે લાખો ફ્લેમિંગો અહીં આવે છે. સમગ્ર વિસ્તાર ગુલાબી રંગમાં રંગાઈ જાય છે. આથી તેને 'ફ્લેમિંગો સિટી' કહેવાય છે. આ પક્ષીઓ અહીં માળા બનાવે છે અને પોતાનાં બચ્ચાંઓને મોટાં કરે છે. કચ્છના લોકો તેને 'લાખાજીના જાનૈયા' કહે છે. હવે લાખાજીના આ જાનૈયા કચ્છમાં પર્યાવરણ સંરક્ષણના મોટાં સુંદર પ્રતીક બની ગયા છે.




# ગુજરાતના આંગણે સમરસતા, સુરક્ષા અને આરોગ્ય સેવાનો સુભગ સમન્વય

સામાજિક સમરસતા એટલે જ્ઞાતિ, જાતિ, ધર્મ, ભાષાના ભેદભાવ વિના પરસ્પર સ્નેહ, આદર, સમાનતા અને એકતા સાથે જીવવું, જેથી સમાજના દરેક વર્ગને વિકાસની સમાન તક પ્રાપ્ત થાય. ગુજરાત સમાનતા અને બંધુતાના ભાવ સાથે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના નિર્માણમાં તમામ સ્તરે અગ્રેસર રહી પોતાની શક્તિ દર્શાવી રહ્યું છે.

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'અંત્યોદય'ના વિચારને સાકાર કરવાની કટિબદ્ધતા સક્રિયપણે દાખવી છે. રાજ્યપાલશ્રીએ સામાજિક સમરસતાને ઝુંબેશ તરીકે સ્વીકારી રાજ્યના ૨૬૭ તાલુકામાં જઈ લોકોના ઘરે તેમને મળી, સાથે ભોજન લઈ, રાત્રિરોકાણ કરી સવારે ગામની શાળામાં વિદ્યાર્થીઓ સાથે યોગાભ્યાસ કરી, ગ્રામજનો સાથે પ્રાકૃતિક ખેતી અને ગૌ-સેવા બાબતે મજબૂત જનસંવાદ પ્રસ્થાપિત કરવાનો જે સંકલ્પ જાહેર કર્યો છે તે 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ'થી સાર્થક થઈ રહ્યો છે.



રાજ્યના તમામ તાલુકાઓને આવરી લેવાના મક્કમ નિર્ધાર સાથે શરૂ થયેલા રાજ્યપાલશ્રીના 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ'થી એક સાથે અનેક સ્તર પર પરિવર્તનો આવી રહ્યાં છે. અત્યાર સુધીમાં ૪૮થી વધુ ગામોમાં લોકો વચ્ચે જઈને જ્ઞાતિ જાતિના સામાજિક ભેદભાવને ભૂલીને ડૉ. બાબાસાહેબ આંબેડકરનો સામાજિક સમરસતાનો સંદેશ વધુમાં વધુ લોકો સુધી પહોંચે તેવો પ્રયાસ રાજ્યપાલશ્રી દ્વારા આ કાર્યક્રમના માધ્યમથી કરવામાં આવી રહ્યો છે.

આ ઉપક્રમે અન્વયે રાજ્યપાલશ્રીએ તેમના ગ્રામ કલ્યાણ કાર્યક્રમ દરમિયાન જે પરિવારો સાથે તેમના ઘરે ભોજન લીધું હતું તે તમામને તેમના પરિવાર સાથે લોકભવન ખાતે આમંત્રિત કરીને રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા સન્માનિત કરવાનો 'સામાજિક સમરસતા મહોત્સવ' યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિએ એ તમામ પરિવારોનું સન્માન કરી આનંદ વ્યક્ત કર્યો હતો.

પ્રત્યેક સમાજના સર્વાંગી વિકાસ માટે સામાજિક એકતા, શિક્ષણ, સુરક્ષા અને સ્વસ્થતા પાયા સમાન છે. આ તમામને વધુ સુદૃઢ કરતાં ગાંધીનગરમાં 'સામાજિક સમરસતા મહોત્સવ'ની સાથે રાષ્ટ્રીય રક્ષા



યુનિવર્સિટીનો 'પાંચમો પદવીદાન સમારોહ' તેમજ રાજકોટના એઇમ્સનો 'પ્રથમ દીક્ષાંત સમારોહ'નો યોજાયો હતો. આ કાર્યક્રમોની ઉજવણીમાં ભારતનાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. આ કાર્યક્રમોએ દેશને સમરસતા, આત્મનિર્ભરતા સુરક્ષા અને સામૂહિક સ્વાસ્થ્યનો નવો મંત્ર આપ્યો.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જયંતીના પાવન અવસરે લોકભવન ખાતે યોજાયેલા 'સામાજિક સમરસતા મહોત્સવ'માં રાષ્ટ્રપતિશ્રીએ સામાજિક ન્યાય અને સમતાવાદી સમાજના નિર્માણ પર ભાર મૂક્યો હતો. રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે, બાબાસાહેબે માત્ર બંધારણનું નિર્માણ જ નથી કર્યું, પરંતુ દેશની પ્રગતિ માટે સામાજિક ન્યાયનો પાયો નાખ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સામાજિક સમરસતા મહોત્સવને બંધુતા, ભાઈચારા અને એક ભારત, શ્રેષ્ઠ ભારતને સુદૃઢ કરતો ગણાવ્યો હતો. તેમણે ડૉ. આંબેડકરને કૃતજ્ઞતાપૂર્વક ભાવાંજલિ આપતાં ઉમેર્યું હતું કે, બાબાસાહેબે સૌને સમાન તક અને સામાજિક ન્યાયથી નારીશક્તિ સહિત સૌના વિકાસની હિમાયત કરી હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતની આ પુણ્ય ધરા હંમેશાં સામાજિક ન્યાય અને સમરસતાની સાક્ષી રહી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરની જયંતીના પાવન અવસરે યોજાયેલા આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, સામાજીક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી ડૉ. મનીષાબહેન વકીલ તેમજ અન્ય નાગરિકો, પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### રાષ્ટ્રીય સુરક્ષામાં આત્મનિર્ભરતા અને ટેક્નોલૉજીનો નવો યુગ

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU)ના પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ સુરક્ષાનાં બદલાતાં પરિમાણો પર પ્રકાશ પાડ્યો હતો. વર્તમાન યુગમાં સુરક્ષા માત્ર સીમાઓ સુધી મર્યાદિત નથી. સાયબર સુરક્ષા, ડેટા પ્રૉટેક્શન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)એ આજના સમયનાં નવાં ક્ષેત્રો છે. ૨૦૨૬ સુધીમાં 'ઇન્ડિયા એઆઇ મિશન' દ્વારા ભારત આ ક્ષેત્રમાં વિશ્વનું નેતૃત્વ કરશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

ભારત હવે સુરક્ષાનાં સાધનોના ઉત્પાદનમાં આત્મનિર્ભર બની રહ્યું છે. રાષ્ટ્રપતિશ્રીએ

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

### વિકાસના સમયચક્ર પર સવાર

# ગુજરાત

'મહાભારત' ધારાવાહિકમાં "મૈં સમય હૂં"ના ઉદ્ઘોષ સાથે દૃશ્યમાન થતું સમયચક્ર, સમયકાળના નિરંતર વહેતા રહેવાની વાત કરે છે. સમયનું ચક્ર અચળ ગતિએ ફરે જ છે. ભારતની આઝાદી બાદ મહાગુજરાત આંદોલન સ્વરૂપે ભાષાકીય દૃષ્ટિએ અલગ રાજ્યની માંગ ઇંદુચાચાની આગેવાનીમાં ઊઠી. સમયચક્ર ફર્યું અને આંદોલનની ફળશ્રુતિરૂપે ગુજરાતની રચના થઈ. સુદર્શન ચક્રધારી ભગવાન શ્રીકૃષ્ણથી માંડીને મહાત્મા ગાંધીના ચરખાથી 'બુલેટ' ટ્રેન સુધીના સમયચક્રની સાક્ષી એવી પુણ્યધરા ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં અનેકવિધ ક્ષેત્રોમાં નેત્રદીપક કાર્યપ્રણાલીને આત્મસાત્ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સંવેદના સાથે સુશાસનની નીતિથી વિકાસ ઉત્તરોત્તર વિવિધ સીમાચિહ્નો પાર કરી રહ્યો છે. ગુજરાત રાજ્યના ૬૬મા સ્થાપના દિવસના ઉપલક્ષ્યમાં તેના વિકાસની અનેક સફળતા પૈકી એક નાનકડી ઝાંખી સ્વરૂપે અહીં ૬૬ સિદ્ધિઓ વર્ણવવામાં આવી છે.




નોંધ્યું કે, નક્સલવાદ સામેની નિર્ણાયક લડાઈમાં મળેલી સફળતા એ દેશની આંતરિક સુરક્ષાની મજબૂતીનું પ્રતીક છે. પદવીદાન સમારોહમાં વિદ્યાર્થિનીઓએ મેડલ મેળવવામાં જે અગ્રેસરતા દાખવી છે, તેને રાષ્ટ્રપતિશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ભારતનું સબળ ચિત્ર ગણાવ્યું હતું. એન્જિનિયરિંગ અને સુરક્ષા જેવાં ક્ષેત્રોમાં દીકરીઓનું વધતું પ્રદાન ગૌરવની બાબત છે.

### રાજકોટ એઈમ્સ દ્વારા આરોગ્યની સેવામાં તબીબોની નવી પેઢી સજ્જ

ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઉચ્ચ કક્ષાની તબીબી સારવાર અને શિક્ષણ માટે ભારત સરકાર દ્વારા સ્થાપિત અગ્રણી સંસ્થા એટલે રાજકોટ એઈમ્સ (AIIMS). આધુનિક સુવિધાઓ અને નિષ્ણાત તબીબી સેવાઓ દ્વારા આ સંસ્થાએ સ્થાનિક હેલ્થકેર ક્ષેત્રને એક નવી ઊંચાઈ આપી છે. તાજેતરમાં આ સંસ્થાના આંગણે MBBSની પ્રથમ બેચનો દીક્ષાંત સમારોહ યોજાયો હતો, જે ગુજરાતના તબીબી શિક્ષણના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય એવી એક ઐતિહાસિક ઘટના બની રહી. રાજકોટ એઈમ્સથી ચિકિત્સક બની લોકોના આરોગ્યની સેવામાં જોડાનારા ડૉક્ટર્સને રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુની પ્રતિભાવાન હાજરીથી દીક્ષાર્થીઓને નૂતન પ્રેરણા મળી રહી. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ યુવા તબીબોને ડિગ્રી એનાયત કરી શુભેચ્છા પાઠવતા તબીબી વ્યવસાયનાં પવિત્ર મૂલ્યો પર ભાર મૂક્યો હતો.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, એઈમ્સ રાજકોટ આરોગ્ય ક્ષેત્રે સફળતાનાં સોપાન સર કરી રહી છે. તેમણે વિદ્યાર્થીઓને શિખામણ આપી કે ડૉક્ટરને ભગવાન પછીનું સ્થાન મળ્યું છે, ત્યારે પોતાનાં સદ્ગુણો અને નિષ્ઠાવાન કાર્યો થકી લોકોના હૃદયમાં સ્થાન બનાવી શકીએ એ જ સફળ જીવનની વ્યાખ્યા છે.

કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રી શ્રીમતી અનુપ્રિયા પટેલે નવનિયુક્ત તબીબોને ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. એઈમ્સ રાજકોટના ડાઈરેક્ટર ડૉ. જીવનસિંઘ તિતિયાલે આ ક્ષણને ઐતિહાસિક ગણાવી, જ્યારે કાર્યકારી નિર્દેશક ડૉ. એલ. એન. દોરાઈરાજને સંસ્થાની સફળયાત્રા રજૂ કરી હતી.

આ સમારોહમાં આરોગ્ય રાજયમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ





**વિશેષ સન્માનઃ** રાષ્ટ્રપતિશ્રીના હસ્તે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોવાલને 'માનદ ડૉક્ટરેટ'ની પદવી એનાયત કરવામાં આવી. શ્રી ડોવાલે જણાવ્યું કે, સુરક્ષા એક સામૂહિક જવાબદારી છે અને આ ક્ષેત્રમાં 'સિલ્વર મેડલ' હોતો નથી; અહીં કાં તો વિજય હોય છે અથવા પરાજય.



પાનસેરીયા, સાંસદ શ્રી પરષોત્તમભાઈ રૂપાલા સહિત અનેક સામાજિક અને તબીબી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ એઈમ્સ દ્વારા તૈયાર થયેલી આ પ્રથમ બેચ હવે દેશના છેવાડાના માનવી સુધી સચોટ સારવાર પહોંચાડવાના રાષ્ટ્રીય ઉદ્દેશને પૂર્ણ કરવા માટે કટિબદ્ધ બની છે. સામાજિક સમરસતા, રાષ્ટ્રીય સુરક્ષા અને સામુહિક આરોગ્ય પરસ્પર પૂરક છે. જ્યારે સમાજમાં એક પણ પ્રકારના સીમિત વાડા નહીં રહે અને દરેક નાગરિક સ્વસ્થતા અને સુરક્ષિતતા અનુભવશે, ત્યારે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના સાર્થક થશે. રાષ્ટ્રપતિશ્રીના શબ્દોમાં કહીએ તો, "તમારી વ્યક્તિગત સફળતા ત્યારે જ સાર્થક છે જ્યારે તે સમાજના નબળા વર્ગના ઉત્થાનમાં કામ આવે. આ મહોત્સવ અને દીક્ષાંત સમારોહ દ્વારા ગુજરાત અને ભારત દેશે નવી ઊર્જા સાથે વિકસિત ભારત@૨૦૪૭ના લક્ષ્યાંકો તરફ પ્રયાણ કર્યું છે.



**પુષ્પાંજલિ :** ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જયંતીએ વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત વિધાનસભાના પોડિયમમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી ભાવવંદના કરી હતી. આ અવસરે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા સહિત મહાનુભાવોએ તેમના રાષ્ટ્ર નિર્માણમાં પ્રદાનને યાદ કરીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં.



## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

નર્મદાનાં પાણી, સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે વરદાન સાબિત થયાં છે. **સરદાર સરોવર ડેમ** ૧૪૫૦ મેગાવૉટની કુલ સ્થાપિત ક્ષમતા ધરાવતાં બે વીજમથકો ધરાવે છે. આ પ્રોજેક્ટ ગુજરાત-રાજસ્થાન સરહદ સુધી ૪૫૮ કિ.મી.ની મુખ્ય નહેર સહિત ૬૯૯૩૧.૪૫ કિમીની લંબાઈ ધરાવતું નહેર નેટવર્ક છે.

સરદાર વલ્લભભાઇ પટેલના વિરાટ વ્યક્તિત્વની ઝાંખી એટલે **સ્ટેચ્યૂ ઓફ યુનિટી**. ૧૮૨ મીટર ઊંચી વિશ્વની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમા એક શ્રેષ્ઠ અંજલિ છે. આધુનિક એન્જિનિયરિંગનું ઉત્તમ ઉદાહરણ છે, જે રાષ્ટ્રીય એકતાનું પ્રતીક બની પ્રવાસીઓને આકર્ષે છે.

UNESCO દ્વારા જાહેર કરાયેલી વર્લ્ડ **હેરિટેજ સાઇટ્સ**માં ચાંપાનેર, રાણીની વાવ , હેરિટેજ સિટી - અમદાવાદ અને ધોળાવીરાનો સમાવેશ થાય છે. તેમજ ગુજરાતના 'ગરબા'ને 'અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત' (Intangible Cultural Heritage) તરીકે માન્યતા આપવામાં આવી છે.




## સમર્થ, સક્ષમ અને ગતિશીલ ગુજરાત

# સરહદી સીમાડાથી સાણંદ સુધીની વિકાસ સફર

"ચીપથી લઈને ચિંતન સુધી, અગ્રેસર ગુજરાત" એ હવે ગુજરાતની ઓળખ બની ગઈ છે. વિકાસમાં અગ્રેસર ગુજરાતની વિકાસયાત્રાના પ્રેરણાસ્ત્રોત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી છે, એટલે ગુજરાતે માત્ર ભારતનું જ નહીં પણ વિશ્વનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે. તાજેતરમાં ગુજરાતમાં વડાપ્રધાનશ્રીના હસ્તે થયેલા વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત એ 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મજબૂત કદમ છે.

વડાપ્રધાનશ્રીએ ભારતના સેમિકન્ડક્ટર મિશનને નવી ઊંચાઈ આપવા સાણંદ ખાતે રૂ. ૩૩૦૦ કરોડના 'કેઈન્સ સેમિકોન' OSAT પ્લાન્ટનો શુભારંભ કરાવ્યો.

'વિકાસ ભી, વિરાસત ભી અને વિશ્વાસ ભી'ના મંત્ર સાથે વડાપ્રધાનશ્રીએ બનાસકાંઠાના વાવ-થરાદ ખાતેથી રૂ. ૧૯,૮૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યો જનતાને સમર્પિત કર્યાં તેમજ વિકાસની આ દોડમાં આપણી પ્રાચીન વિરાસત ભુલાય નહીં તે માટે ગાંધીનગરના કોબા ખાતે ભવ્ય'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું લોકાર્પણ કર્યું હતું.

ટૂંકમાં કહીએ તો, સેમિકન્ડક્ટરની ચીપ દ્વારા જગત સાથે જોડાવાની વાત હોય કે હસ્તપ્રતો દ્વારા પોતાનાં મૂળિયાં સાથે જોડાવાની વાત હોય, ગુજરાત આજે સર્વાંગી વિકાસનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. વડાપ્રધાનશ્રીનું વિઝન અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું મિશન ગુજરાતને આગામી દાયકાઓમાં વૈશ્વિક નેતૃત્વ માટે તૈયાર કરી રહ્યું છે.




# સાણંદમાં રૂ. 3300 કરોડના 'કેઇન્સ સેમિકોન' OSAT પ્લાન્ટનો શુભારંભ

ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે ટેક ઑફ કરી લીધું છે. દેશને ગ્લોબલ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટિમની 'ડ્રાઈવિંગ સીટ' સુધી પહોંચાડવામાં ગુજરાત અગ્રેસર છે. ભારત સેમિકન્ડક્ટર ક્ષેત્રે વર્ષ-૨૦૪૭ સુધીમાં ટોચના ત્રણ દેશોમાં સ્થાન હાંસલ કરવા સંકલ્પબદ્ધ છે, જેમાં ગુજરાતનું સાણંદ ગ્લોબલ સેમિકન્ડક્ટર હબ તરીકે ઊભરી રહ્યું છે.

૨૧મી સદીનો આ સમયગાળો માત્ર આર્થિક હરીફાઈનો નહી, પરંતુ ભવિષ્યના ટેક લૅન્ડસ્કેપને આકાર આપવાનો છે. પરિણામે, વર્ષ-૨૦૨૧માં ભારતમાં સેમિકન્ડક્ટર મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ માત્ર એક ઔદ્યોગિક નીતિ નથી, પરંતુ વૈશ્વિક કક્ષાએ ભારતના આત્મવિશ્વાસની ઘોષણા છે. આજનું આ નવું ભારત માત્ર પરિવર્તનનું સાક્ષી નહીં, પણ આ ટેકક્રાંતિનું નેતૃત્વ લેવા માટે આગળ વધી રહ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ જિલ્લાના સાણંદથી કેઈન્સ સેમિકોન (Kaynes Semicon)ની અત્યાધુનિક આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ઉદ્ઘાટન કરાવીને દેશના સેમિકન્ડક્ટર મિશનને નવું સામર્થ્ય બક્ષ્યું હતું. તાજેતરમાં જ માઈક્રોનના પ્લાન્ટમાં પ્રોડક્શનની શરૂઆત કરી અને ત્યારબાદ કેન્સ ટેક્નોલૉજીના પ્લાન્ટનો પ્રારંભ એ માત્ર સંયોગ નથી, પરંતુ ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટિમ કેટલી ઝડપથી વિકસી રહી છે તેનું જીવંત પ્રમાણ છે.

સાણંદ જીઆઈડીસી ખાતે અંદાજે રૂ. ૩૩૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલો આ પ્લાન્ટ ભારતના સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત એક મહત્ત્વનું સીમાચિહ્ન સાબિત

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ગુજરાત દેશના **જીડીપી**માં ૮.૨% ફાળો આપી રાષ્ટ્રીય વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. રાજ્યની ₹૩.૦૧ લાખની માથાદીઠ આવક રાષ્ટ્રીય સરેરાશ કરતાં ૬૦% વધુ છે, જે બાબતે ગુજરાત દેશનાં રાજ્યોમાં અગ્રેસર છે.

ગાંધીનગરનું **ગિફ્ટ સિટી** ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય ફાઇનાન્શિયલ સેન્ટર અને ગ્લોબલ ફિનટેક હબ છે. તે વિશ્વનાં ટોચનાં ૧૫ કેન્દ્રોમાં સ્થાન પામ્યું છે, જ્યાં તાજેતરમાં ઇન્ટરનેશનલ ફિનટેક ઇન્સ્ટિટ્યૂટ અને ઇનોવેશન હબનું ઉદ્ઘાટન થયું.

વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાત ૧૧.૪૨% **FDI** હિસ્સા સાથે દેશભરમાં અગ્રેસર છે. રાજ્યે બે વર્ષમાં અંદાજે ₹૬૭,૦૦૦ કરોડનું વિદેશી રોકાણ મેળવ્યું છે. શાંતિ, સુરક્ષા અને ભૌગોલિક અનુકૂળતા ગુજરાતને વૈશ્વિક રોકાણકારો માટે પસંદગીનું કેન્દ્ર બનાવે છે.



થશે. વડાપ્રધાનશ્રીએ પ્લાન્ટનું લોકાર્પણ કર્યા બાદ સુવિધાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ યુવા એન્જિનિયર્સ સાથે વાર્તાલાપ કરી તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વડાપ્રધાનશ્રીના હસ્તે વધુ એક સેમિકન્ડક્ટર પ્લાન્ટનો શુભારંભ થતાં, ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટિમના નવા યુગનો પ્રારંભ થયો છે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આ ‘ડિકેડ’ (દશકો) ભારતનો ‘ટૅકેડ’ છે. આજે ભારતે તકનીકી ક્ષેત્રે જે નવી પહેલ કરી છે, તે આગામી દાયકાઓમાં વૈશ્વિક સ્તરે દેશના નેતૃત્વને વધુ મજબૂત બનાવશે. વૈશ્વિક બજારમાં ભારત આજે એક ભરોસાપાત્ર સેમિકન્ડક્ટર સપ્લાયર તરીકે ઊભરી રહ્યું છે. સાણંદમાં તૈયાર થયેલી આ ચીપ વિશ્વભરમાં પહોંચીને સમગ્ર વિશ્વને અજવાળશે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે રૂ. ૪.૫ લાખ કરોડ રૂપિયાનું ભારતનું વર્તમાન વૈશ્વિક માર્કેટ, વર્ષ-૨૦૩૦ સુધીમાં ૯ લાખ કરોડ સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે. સાણંદ અને સિલિકોન વેલી વચ્ચે એક નવો સેતુ બંધાયો છે. અહીં બનતા ઈન્ટેલિજન્ટ પાવર મૉડ્યૂલ્સ વિદેશની કંપનીઓ સુધી પહોંચશે અને આખી દુનિયાને પાવર આપશે. આ પ્રોજેક્ટથી ભારત વૈશ્વિક બજારમાં એક ભરોસાપાત્ર સપ્લાયર તરીકે પોતાની ભૂમિકા વધુ સશક્ત કરી રહ્યું છે. સેમિકન્ડક્ટરમાં આત્મનિર્ભરતા માત્ર એક ચીપ સુધી મર્યાદિત નથી, તે AI, ઈલેક્ટ્રિક વિહિકલ, ક્લીન એનર્જી, ડિફેન્સ અને ઈલેક્ટ્રોનિક્સ જેવાં અનેક ક્ષેત્રોમાં ભારતની મજબૂતીનો પાયો છે. આજે દેશનાં છ રાજ્યોમાં રૂ. ૧.૬૦ લાખ કરોડના ખર્ચે ૧૦ મોટા પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. ભારતે હવે ‘ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન 2.0’ તરફ ડગ માંડ્યાં છે. આપણો પ્રયાસ હવે એક ‘ફુલ સ્ટેક’ ભારતીય સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટિમ તૈયાર કરવાનો છે.



**આ ‘ડિકેડ’ (દશકો) ભારતનો ‘ટૅકેડ’ છે. સાણંદમાં તૈયાર થયેલી આ ચીપ સમગ્ર વિશ્વને અજવાળશે.**

**- નરેન્દ્રભાઇ મોદી**
**વડાપ્રધાનશ્રી**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે વિકાસની તેજ ગતિ પકડી છે. સાણંદ ખાતે કેઈન્સ સેમિકન્ડક્ટર પ્લાન્ટ એક આગવો માઈલસ્ટોન પુરવાર થશે. કેઈન્સ પ્રોજેક્ટને ભારત સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૪માં મંજૂરી મળી હતી અને આજે તે કાર્યાન્વિત થઈ રહ્યો છે, જે ગુજરાતની વિકાસગતિની ઝડપને પુરવાર કરે છે. સેમિકન્ડક્ટર, એ.આઈ., ડેટા સેન્ટર જેવી સુવિધાઓ માટે કૌશલ્યપૂર્ણ વર્કફોર્સ આપણા યુવાનો પૂરો પાડશે. એટલું જ નહીં, AI, સેમિકન્ડક્ટર, ગ્રીન હાઈડ્રોજન, રિન્યૂએબલ એનર્જી જેવાં ક્ષેત્રે ગુજરાતને હબ બનાવવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં ‘નમો ગુજરાત કૌશલ્ય તથા રોજગાર મિશન’ની પણ જાહેરાત કરી છે. સાથે સાથે રાજ્યની યુનિવર્સિટીઓમાં પણ ઍડવાન્સ મટીરિયલ સેન્ટર અને સેમિકન્ડક્ટર શ્રેક્ષના અભ્યાસક્રમો માટે પણ જોગવાઈ કરી છે.



કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં માત્ર ૧૪ મહિનામાં કેઈન્સ સેમિકોન પ્લાન્ટના ખાતમુહૂર્તથી લઈને કોમર્શિયલ પ્રોડક્શન શરૂ થઈ ચૂક્યું છે, જે એક રેકૉર્ડ છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાત સરકારની સક્રિયતાને તેમણે બિરદાવી હતી. ગુજરાતમાં અત્યાર સુધીમાં બે સેમિકન્ડક્ટર પ્લાન્ટ શરૂ થઈ ચૂક્યા છે અને વર્ષ-૨૦૨૬ના અંત સુધીમાં કુલ ચાર પ્લાન્ટ શરૂ થઈ જશે. જ્યારે વર્ષ-૨૦૨૭માં વધુ બે સેમિકન્ડક્ટર પ્લાન્ટ અને વર્ષ-







૨૦૨૮માં ધોલેરામાં ફેબ પ્લાન્ટ પણ કાર્યરત થઈ જશે. આમ, દેશભરમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે એક ઈકોસિસ્ટિમ ઊભી થઈ રહી છે.આ પ્લાન્ટના ઉદ્ઘાટન સાથે દેશને ગ્લોબલ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટિમની 'ડ્રાઈવિંગ સીટ' સુધી પહોંચાડવામાં ગુજરાતે લીડ લીધી છે. આ પ્લાન્ટ માત્ર ચીપ પૅકેજિંગ અને ટેસ્ટિંગની સુવિધા જ નહીં પૂરી પાડે, પરંતુ સ્થાનિક સ્તરે હજારો યુવાનો માટે ઉચ્ચ કૌશલ્ય ધરાવતી રોજગારીની તકોનું સર્જન પણ કરશે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા.

**સેમિકન્ડક્ટરથી AI સહિતનાં ઇમર્જિંગ સેક્ટરમાં ગુજરાતને હબ બનાવવા 'નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન' માટે રાજ્યના બજેટમાં જોગવાઈ કરાઈ છે.**

**ડિજિટલ અને ટૅક્નોલૉજીની ક્રાંતિમાં ભારત અગ્રણી બને તેમાં સર્વોચ્ચ યોગદાન આપવા ગુજરાત સક્ષમ અને સમર્થ.**

**- ભૂપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રીશ્રી**

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન


ગુજરાત ભારતનું **'પેટ્રોકેમિકલ હબ'** બન્યું છે. ૬૨% પેટ્રોકેમિકલ્સ, ૩૫% રસાયણો અને ૩૮% રાસાયણિક નિકાસ સાથે ગુજરાત દેશમાં અગ્રેસર છે.

મુંબઈ-અમદાવાદ વચ્ચેનો ૫૦૮ કિ.મી. લાંબો ભારતનો પ્રથમ **બુલેટ ટ્રેન પ્રોજેક્ટ** ૩૨૦ કિમી/કલાકની ઝડપે મુસાફરીમાં ઝડપ લાવશે. ગુજરાતથી શરૂ થતો અને મહારાષ્ટ્રમાં પૂરો થતો આ હાઈ સ્પીડ રેલ કોરિડોર બંને રાજ્યો વચ્ચે ઝડપી કનેક્ટિવિટી પૂરી પાડશે.

**કોમનવેલ્થ ગેઇમ્સ-૨૦૩૦ની** યજમાની અમદાવાદને મળી છે. આ આયોજનથી રોજગારીની તકો સર્જાશે અને આધુનિક સ્ટેડિયમ સહિત શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું લાંબાગાળાનું નિર્માણ થશે.

## વાવ-થરાદના નાગરિકોને

# રૂ. ૧૯,૮૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટ



વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના સરહદી વિસ્તાર અને નવરચિત જિલ્લા એવા વાવ-થરાદથી સમગ્ર ગુજરાતને રૂ. ૧૯,૮૦૦ કરોડનાં વિકાસકાર્યોની ભેટ ધરી હતી. 'વિરાસત, વિકાસ અને વિશ્વાસ'ની ધરતી પરથી વડાપ્રધાનશ્રીએ કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોના પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરી જનતાને સમર્પિત કર્યાં હતાં.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, આજે તેમનું વિમાન સીધું ડીસા ઍરબેઝ પર ઊતર્યું છે. આ ઍરબેઝ આંતરરાષ્ટ્રીય સરહદથી માત્ર ૧૩૦ કિમી દૂર છે, જે દેશની સુરક્ષા માટે અત્યંત વ્યૂહાત્મક (Strategic) મહત્ત્વ ધરાવે છે. આ ઍરબેઝથી વિકાસને નવી દિશા મળશે. આ પ્રૉજેક્ટ દાયકાઓથી ફાઈલોમાં દબાયેલો હતો. આ કામ પૂર્ણ થતાં આ વિસ્તારમાં રોજગારી અને વિકાસમાં વધારો થયો છે. બનાસકાંઠાનું કોઈ ગામ એવું નથી જ્યાં મારી યાદો ન જોડાયેલી હોય. આ વિસ્તારના લોકોના સ્નેહ અને 'બાજરીના રોટલા-લસણની ચટણી'નો પ્રેમ તેઓ ક્યારેય ભૂલી શકશે નહીં, સાથે તેમણે સંતોષ વ્યક્ત કર્યો કે, આજે યુવા પેઢી પણ તે જ કુશળતા સાથે સંગઠનનું કામ સંભાળી રહી છે. ઊર્જા, રોડ-રસ્તા, રેલવે અને હાઉસિંગ સેક્ટર સાથે જોડાયેલા આ વિકાસ પ્રકલ્પોથી આખા વિસ્તારની

> "૨૫ વર્ષ પહેલાં આ ક્ષેત્રના વિકાસની જવાબદારી જનતાએ મને સોંપી હતી, જે આજે પણ 'મિશન મોડ'માં આગળ વધી રહી છે. પંચાયતથી પાર્લામેન્ટ સુધી જનતાનો ભરોસો જ વિકાસની સુપરફાસ્ટ એક્સપ્રેસને ચલાવી રહ્યો છે."
>
> - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી









કાયાપલટ થશે અને સ્થાનિકોના જીવનધોરણમાં સુધારો આવશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલા નવા પ્રોજેક્ટ્સથી માત્ર બનાસકાંઠા જ નહીં, પરંતુ સમગ્ર ઉત્તર ગુજરાતની કનેક્ટિવિટી મજબૂત બનશે અને આર્થિક ગતિવિધિઓને વેગ મળશે. આ પ્રસંગે વિવિધ પ્રોજેક્ટ્સનાં લોકાર્પણ અને શિલાન્યાસ કરવામાં આવ્યાં હતાં.

વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું કે, લોકોનું પાકા ઘરનું સપનું સાકાર થઈ રહ્યું છે. ગુજરાતમાં હજારો પરિવારોને વડાપ્રધાનશ્રી આવાસ યોજના હેઠળ પાકાં ઘર મળ્યાં છે. ભૂતકાળમાં ઉત્તર ગુજરાતમાં દુષ્કાળ અને પાણીની તંગી હતી, તેને સુજલામ્ સુફલામ્ યોજના અને નર્મદાનાં પાણી દ્વારા દૂર કરી ખેતીને સમૃદ્ધ બનાવી

**એક સમયે આખું રાજ્ય જે બજેટ પર ચાલતું, તેનાથી અડધા ખર્ચનાં વિકાસકામો આજે એક જ દિવસમાં જનતાને સમર્પિત થયાં. રાષ્ટ્રહિત પ્રથમના ભાવ સાથે કરોડોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ સાથે લાખણી બન્યુ ‘લાખેણું’ છેવાડાનાં ગામો હવે 'છેલ્લાં નહી, પ્રથમ ગામ': વડાપ્રધાનશ્રીની સંકલ્પના સાકાર થઈ રહી છે.**
**- મુખ્યમંત્રીશ્રી**



## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

સમગ્ર ભારતની આન, બાન, શાન અને સ્વાભિમાનનું પ્રતીક એટલે **સોમનાથ**. અનેક હુમલાઓ છતાં સતત એક હજાર વર્ષથી અડીખમ ઊભેલા સોમનાથ મંદિરના સાંનિધ્યમાં ‘સોમનાથ સ્વાભિમાન પર્વ’ની ઉજવણી દ્વારા ગુજરાત સરકારે “વિકાસ ભી, વિરાસત ભી”ના મંત્રને સાકાર કર્યો.

**GI ટૅગ** એટલે કે, Geographical Indication (ભૌગોલિક સંકેત) કોઇ નિશ્ચિત ભૌગોલિક વિસ્તાર કે ખાસ વસ્તુને જ અપાય છે. ભારત સરકાર દ્વારા ગુજરાતને ૨૩ હસ્તકળા માટે, ૪ એગ્રિકલ્ચર ક્ષેત્રે અને અંબાજીના સફેદ માર્બલને એક સહિત અત્યાર સુધીમાં ૨૮ GI ટૅગ અપાઇ છે.

એશિયાનું સૌથી મોટું ઘાસનું મેદાન ગણાતા કચ્છના બન્ની વિસ્તારના છેડે આવેલા ‘છારી-ઢંઢ’ કન્ઝર્વેશન રિઝર્વને સત્તાવાર રીતે **‘રામસર સાઇટ’** તરીકે જાહેર કરવામાં આવી છે. નળ સરોવર, થોળ, ખીજડિયા અને વઢવાણા બાદ છારી-ઢંઢ હવે ગુજરાતની પાંચમી રામસર સાઇટ બની છે.

## વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

| વિભાગ / મંત્રાલય | પ્રોજેક્ટની વિગત | અંદાજિત ખર્ચ (₹ કરોડમાં) | પ્રકાર |
|---|---|---|---|
| ભારત સરકાર - ઊર્જા મંત્રાલય | ખાવડા RE પાર્ક માટેના 3 પ્રોજેક્ટ્સ (કચ્છ) | ₹૩૬૪૫ | લોકાર્પણ |
| ભારત સરકાર - માર્ગ અને પરિવહન | અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે (પૅકેજ ૧, ૨, ૩ અને ૪) | ₹૫૧૦૫ | લોકાર્પણ |
| ભારત સરકાર - માર્ગ અને પરિવહન | ઇડર-બડોલી બાયપાસ ફોર લેન રોડ | ₹૭૦૫ | ખાતમુહૂર્ત |
| ભારત સરકાર - માર્ગ અને પરિવહન | ધોળાવીરા-મૌવાણા-વોવા-સાંતલપુર સેક્શન | ₹૫૭૫ | ખાતમુહૂર્ત |
| ભારત સરકાર - રેલવે મંત્રાલય | હિંમતનગર-ખેડબ્રહ્મા બ્રોડગેજ, ગાંધીધામ-આદિપુર ક્વૉડ્રુપલિંગ, કાનાલુસ-જામનગર ડબલિંગ | ₹૮૯૧ | લોકાર્પણ |
| ગુજરાત સરકાર - શહેરી વિકાસ | અમદાવાદ: ખારીકટ કૅનાલ, BRTS/AMTS મૉડર્નાઇઝેશન, સુભાષબ્રિજ નવો બ્રિજ, EWS આવાસ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ | ₹૫૨૯૫.૦૫ | લોકાર્પણ/ખાતમુહૂર્ત |
| ગુજરાત સરકાર - શહેરી વિકાસ | ગાંધીનગર: EWS આવાસ, ગટર ટ્રંક લાઇન, પેથાપુર STP, રાંધેજા તળાવો ઇન્ટરલિંકિંગ. (શહેરી વિકાસ હેઠળ સમાવિષ્ટ) | | લોકાર્પણ/ખાતમુહૂર્ત |
| ગ્રામીણ વિકાસ વિભાગ | PM આવાસ યોજના (ગ્રામીણ) – ૩૪ જિલ્લામાં ૩૮,૯૪૯ આવાસો. - | | ગૃહપ્રવેશ |

છે. છેલ્લા કેટલાક સમયમાં વિશ્વના અનેક દેશો યુદ્ધ, અસંતોષ અને અસ્થિરતાથી પીડાઈ રહ્યા છે. પશ્ચિમ એશિયામાં સર્જાયેલી પરિસ્થિતિનો પ્રભાવ સમગ્ર વિશ્વ પર પડ્યો છે. ઊર્જાની જરૂરિયાતો જેમ કે ડીઝલ, પેટ્રોલ અને ગેસની અછત સમગ્ર દુનિયામાં વધી ગઈ છે. આવા સંકટમાં પણ ભારતે પરિસ્થિતિને નિયંત્રણમાં રાખી છે. આ પાછળ દેશની સફળ વિદેશ નીતિ અને દેશવાસીઓની એકતાનો મોટો ફાળો છે.

વડાપ્રધાનશ્રીશ્રીએ માતૃશક્તિને પ્રણામ કરી અંબાજી માતા અને ભગવાન શ્રી ધરણીધરના ચરણોમાં વંદન કરી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરકારના વડા તરીકે સૌથી વધુ સમય જનસેવાનો ઐતિહાસિક રેકૅર્ડ સ્થાપનારા વિશ્વનેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ પર આજે સમગ્ર દેશ ગૌરવ અનુભવી રહ્યો છે. આજે જ્યારે વિશ્વના દેશો યુદ્ધ અને ઊર્જા સંકટથી ચિંતિત છે, ત્યારે ભારત વડાપ્રધાનશ્રીની લીડરશિપમાં અડગ છે. વડાપ્રધાનશ્રીએ



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી ઉત્તર ગુજરાતમાં 'રિવર્સ માઇગ્રેશન' શરૂ થયું - નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી**

દેશના સામાન્ય માનવીની ચિંતા કરીને પેટ્રોલ-ડીઝલ પર એક્સાઇઝ ડ્યૂટી ઘટાડવાનો જે ઐતિહાસિક નિર્ણય લીધો છે, તેનાથી દેશવાસીઓને મોટી રાહત મળી છે. 'રાષ્ટ્રહિત પ્રથમ'ના ભાવ સાથે વિકાસયાત્રામાં કોઈ રુકાવટ ન આવે તેવું સુદૃઢ આયોજન વડાપ્રધાનશ્રીએ કર્યું છે. વડાપ્રધાનશ્રીએ સરહદી અને છેવાડાનાં ગામોને 'છેલ્લાં નહીં પણ પહેલા ગામ' ગણીને વિકાસની મુખ્યધારામાં લાવવાની નેમ પૂરી કરી છે. તેમણે લાખણી તાલુકાને 'લાખેણું' બનાવવાનું જે વચન આપ્યું હતું, તે આજે કરોડો રૂપિયાનાં વિકાસકામોના લોકાર્પણથી સાકાર થયું છે. અગાઉના સમયમાં ઉત્તર ગુજરાતમાં પાણી, વીજળી અને શિક્ષણ જેવી પાયાની સુવિધાઓનો અભાવ હતો, પરંતુ જ્યોતિગ્રામ, સુજલામ્ સુફલામ્ અને વોટર ગ્રીડ જેવી યોજનાઓથી આજે લોકોનું 'ઇઝ ઑફ લિવિંગ' વધ્યું છે. વડાપ્રધાનશ્રી આવાસ યોજના હેઠળ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૫ લાખ આવાસોનું નિર્માણ થયું છે. આજે ૩૯ હજાર લાભાર્થીઓ પોતાના નવા ઘરમાં ગૃહપ્રવેશ કરી રહ્યા છે, જે લાખો પરિવારો માટે દિવાળી જેવો ઉત્સવ છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ હંમેશાં વિકાસની સાથે વિરાસતને જાળવવાનું



કામ કર્યું છે. પાટણમાં રાણીની વાવ અને વડનગરમાં થ્રી-ડી મેપિંગ શો જેવા પ્રકલ્પો આધુનિક ટૅકનોલૉજી દ્વારા આપણી પ્રાચીન વિરાસતને જીવંત રાખવાનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. એક સમયે બનાસકાંઠા, વાવ-થરાદ અને કચ્છના છેવાડાનાં ગામો સુધી પાણી અને વીજળી પહોંચવી એ લોકો માટે એક સપનું હતું. પરંતુ વડાપ્રધાનશ્રીએ આ સંકલ્પને સાકાર કર્યો છે. આજે ખેતરો લીલાંછમ થયાં છે અને પશુપાલકોની આવક વધી છે. વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી બનાસકાંઠામાં શહેરોમાંથી લોકો પરત ગામડાં તરફ વળી રહ્યા છે. 'રિવર્સ માઈગ્રેશન'માં બનાસકાંઠા જિલ્લો કદાચ એશિયામાં પ્રથમ ક્રમે હશે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રમ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી, રમતગમત રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહીડા, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પૂનમચંદ બરંડા, ગ્રામોદ્યોગ રાજ્ય મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોર, સર્વે સાંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યોશ્રીઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## સુખાકારી

કુલ વિકાસકાર્યોનો ખર્ચ : **રૂ.૧૯,૮૦૬.૦૯** કરોડ

ભારત સરકારના પ્રોજેક્ટ્સ : **રૂ.૧૦,૯૨૧** કરોડ

ગુજરાત સરકારના પ્રોજેક્ટ્સ : **રૂ.૮,૮૮૬** કરોડ

ગૃહપ્રવેશ: ૩૪ જિલ્લાઓના **૩૮,૯૪૯** પરિવારોને નવા ઘરની ભેટ.


## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

**વડનગર**નું આર્કિયોલોજિકલ એક્સપિરીએન્શિયલ **મ્યુઝિયમ** ૨૫૦૦ વર્ષના ૭ સાંસ્કૃતિક તબક્કાઓનો ઇતિહાસ દર્શાવે છે. અત્યાધુનિક ટેકનોલોજી અને ખોદકામ સ્થળના જીવંત અનુભવ સાથે અવશેષો રજૂ કરતું આ ભારતનું પ્રથમ મ્યુઝિયમ છે.

ગુજરાતે **નીતિ આયોગ**ની તર્જ પર ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ની સ્થાપના કરી. પંચમહાલ જિલ્લાની વાવકુલ્લી-૨ ગ્રામપંચાયતે દીનદયાલ ઉપાધ્યાય પંચાયત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એવોર્ડ થીમ અંતર્ગત 'સુશાસનયુક્ત પંચાયત' શ્રેણીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

આદિજાતિ વિસ્તારોમાં થયેલી અસરકારક કામગીરીના ફળસ્વરૂપે **પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન** (PM JANMAN) હેઠળ સમગ્ર દેશમાં ગુજરાતને 'બેસ્ટ પર્ફોર્મિંગ રાજ્ય' તરીકેનો એવોર્ડ ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા વર્ષ ૨૦૨૫માં એનાયત કરાયો.


सम्राट सं



# ‘સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ’નું લોકાર્પણ

શ્રી ભગવાન મહાવીર જન્મ કલ્યાણકના શુભ અવસરે મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા, ગાંધીનગર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ભારતીય વિરાસતના ગૌરવ અને જૈન સંસ્કૃતિને સમર્પિત વિશ્વસ્તરીય ભવ્ય ‘સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ’નો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ અવસરે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ઉપસ્થિત રહ્યા હતા.

સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમના લોકાર્પણ અવસરે આ સંગ્રહાલયના સર્જનમાં સહયોગ આપનાર તમામ જૈન મુનિઓ અને સમર્પિત નાગરિકોને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અભિનંદન પાઠવ્યાં હતાં. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષોથી કોબા જૈન તીર્થના સાંનિધ્યમાં અભ્યાસ, સાધના અને આત્મ-શિસ્તની પરંપરાઓ વિકસી રહી છે. અહીં મૂલ્યોનું જતન, સંસ્કારોનું સંવર્ધન અને જ્ઞાનના પોષણની 'ત્રિવેણી' રચાય છે, જે ભારતીય સભ્યતાનો પાયો છે. આ ત્રિવેણીને અવિરત વહેતી રાખવી એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. ભારતનો સમૃદ્ધ વારસો હવે જૈન હેરિટેજ મ્યુઝિયમ દ્વારા આવનારી સદીઓ માટે સાચવવામાં આવી રહ્યો છે, જે નવી પેઢીને સતત પ્રેરણા આપતો રહેશે. આ મ્યુઝિયમ જૈન દર્શન, ભારતીય સંસ્કૃતિ અને આપણા પ્રાચીન વારસાનું પવિત્ર કેન્દ્ર છે.

આ અવસરે વડાપ્રધાનશ્રીએ દિલ્હીમાં ઐતિહાસિક 'નવકાર મહામંત્ર દિવસ'ના કાર્યક્રમને યાદ કર્યો હતો, જ્યાં જૈન સંપ્રદાયો એકઠા થયા હતા. તેમણે તે પ્રસંગે આપેલા ૧૦ સંકલ્પોનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, પાણી બચાવવું, એક પેડ માં કે નામ, સ્વચ્છતા અભિયાન, વોકલ ફોર લોકલ, દેશદર્શન, પ્રાકૃતિક ખેતી, સ્વસ્થ જીવનશૈલી, યોગ અને રમતગમત, ગરીબોને મદદ કરવી અને ૧૦મો સંકલ્પ જે સમુદાય દ્વારા જ ઉમેરવામાં આવ્યો છે તે ભારતના વારસાનું જતન કરવું. વડાપ્રધાનશ્રીએ ભારતના વારસાને સાચવવા માટે સંતોના અથાક પ્રયાસોની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે ભગવાન મહાવીર સ્વામીના જન્મદિન નિમિત્તે તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘વિકાસ ભી, વિરાસત



## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને પાકું ઘર આપી ‘ઘર સૌના માટે’નો સંકલ્પ સાકાર કરતાં રાજ્ય સરકાર દ્વારા **પ્રધાનમંત્રી આવાસ યોજના** અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬થી વર્ષ ૨૦૨૫ના ઓક્ટોબર સુધીમાં કુલ ૯૫૭૯૬૦ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઇન્ગ્રેડિયન્ટ્સ (APIs), ફોર્મ્યુલેશન્સ, બાયો-જેનેરિક્સ અને તબીબી ઉપકરણોમાં ગુજરાત વૈશ્વિક સ્તરે જાણીતું **ફાર્માસ્યુટિકલ** હબ છે. ભારતના રજિસ્ટર્ડ **મેડિકલ ડિવાઇસ** ઉત્પાદકોમાં ગુજરાતનો હિસ્સો ૫૩% છે. ભારતના કુલ સી.આર.ઓ.માં ગુજરાત ૪૦% યોગદાન આપે છે.


ગુજરાત **સિરામિક**-ઉત્પાદનમાં અગ્રેસર છે, ભારતનાં કુલ સિરામિક ઉત્પાદનોના ૯૦% અને સિરામિક નિકાસમાં ૮૦% થી વધુ હિસ્સો ધરાવે છે. વૈશ્વિક સિરામિક્સ બજારનું મૂલ્ય ૨૦૨૩ માં USD ૨૪૮.૮૯ બિલિયન હતું અને તે ૨૦૨૪થી ૨૦૩૦ સુધી ૫.૬%ના વાર્ષિક વૃદ્ધિદરથી વધવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે.




ભી'ના મંત્ર સાથે આપણી સંસ્કૃતિ, ધર્મ અને વિરાસતના ગૌરવની પરંપરા પ્રસ્થાપિત કરી છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં આ વર્ષ ભારતના ગૌરવ અને સ્વાભિમાનના પુનઃજાગરણનું વર્ષ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપમાં કેન્દ્ર સરકારે 'જ્ઞાન ભારતમ મિશન' લોન્ચ કરીને લાખો પ્રાચીન પાંડુલિપિઓનું ડિજિટલાઈઝેશન અને સંરક્ષણનું મહાન કાર્ય કર્યું છે. પ્રાકૃત અને પાલીમાં સંગ્રહાયેલું જૈન સાહિત્ય ગહન વિચારોનો ખજાનો ધરાવે છે. વડાપ્રધાનશ્રીએ પાલી અને પ્રાકૃત ભાષાઓને ક્લાસિકલ લેંગ્વેજનો દરજ્જો આપીને જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથોનું સંરક્ષણ કર્યું છે. એટલું જ નહિ, તેમની પ્રેરણાથી સંસદના પ્રવેશદ્વાર પર સમેતશિખરનું ચિત્રણ હોય કે વિદેશની ધરતી પરથી પ્રાચીન તીર્થંકરોની મૂર્તિઓ દેશમાં પરત લાવવાની વાત હોય, આવી અનેક સફળતાઓથી તેમણે જૈન દર્શન ઉજાગર કર્યું છે. જૈન ધર્મ કેવળ ઐતિહાસિક જ નથી, પણ ખૂબ ગહન અને દરેક કાળમાં પ્રસ્તુત પણ છે. મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં મહાવીર સ્વામીના વિચારો જ વિશ્વને શાંતિનો રાહ દર્શાવી શકે એમ છે.


નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ભગવાન મહાવીર સ્વામીનું જન્મ કલ્યાણક વિશ્વભરના જૈનો માટે સૌથી મોટો ઉત્સવ છે. આ પાવન અવસરે તીર્થધામમાં વડાપ્રધાનશ્રીના હસ્તે ભવ્ય 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'ના લોકાર્પણને તેમણે ભારતની સાંસ્કૃતિક ચેતનાને ઉજાગર કરતી એક મહાન ઘટના ગણાવી હતી. તેઓએ કહ્યું હતું કે, આ મ્યુઝિયમમાં સુંદર કલાકૃતિઓ, જૈન તીર્થંકરોની મનોહર

**સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ" એ ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક વારસાની જીવંત ઝાંખી દર્શાવતું એક દર્શનીય સ્થાન છે. વર્તમાન સમયમાં મહાવીર સ્વામીના વિચારો જ વિશ્વને શાંતિનો રાહ દર્શાવી શકે એમ છે.**



**- ભૂપેન્દ્રભાઇ પટેલ, મુખ્યમંત્રીશ્રી**

**સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમની આધ્યાત્મિક ચેતના અયોધ્યા અને સોમનાથની જેમ વિશ્વમાં ભારતની વિરાસતનું ગૌરવ વધારી રહી છે.**



**- હર્ષભાઇ સંઘવી, નાયબ મુખ્યમંત્રીશ્રી**

પ્રતિમાઓ, વેદ, પુરાણ, આયુર્વેદ અને હજારો વર્ષોની હસ્તપ્રતો આપણી આધ્યાત્મિક ચેતનાનો સંગમ છે. સંપ્રતિ મ્યુઝિયમની આધ્યાત્મિક ચેતના વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં અયોધ્યા અને સોમનાથની જેમ વિશ્વમાં ભારતની વિરાસતનું ગૌરવ વધારી રહી છે.

આ અવસરે આચાર્ય પદ્મસાગર સૂરીશ્વરજીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત પોતાના ભવ્ય ભૂતકાળના ગૌરવને વર્તમાન બનાવી રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ રાષ્ટ્રના ઉત્કર્ષ માટે શ્રેષ્ઠ યોગદાન આપ્યું છે.

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રના અધ્યક્ષ અને ટોરેન્ટ ગ્રૂપના ચૅરમૅન શ્રી સુધીર મહેતાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના પ્રયત્નોથી છેલ્લાં ૧૦-૧૨ વર્ષમાં દુર્લભ એવી ૪૦૦થી વધુ પ્રાચીન મૂર્તિઓ વિદેશથી ભારતની ધરા પર પરત લાવીને ભારતના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવાનું ભગીરથ કાર્ય થયું છે. આ મ્યુઝિયમ એ માત્ર પ્રદર્શન નથી પણ સાંસ્કૃતિક દસ્તાવેજોનો ખજાનો છે, જેમાં અંદાજે ૩ લાખથી વધુ હસ્તપ્રતો સુરક્ષિત કરવામાં આવી છે જે આપણા સૌ માટે ગૌરવ સમાન છે. ગુજરાત આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરી રહ્યું છે, જે ગુજરાતની સર્વાંગી ઉન્નતિની સાક્ષી પૂરે છે.



* **પ્રવર્તમાન વૈશ્વિક અસ્થિરતા વચ્ચે 'સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય' સમગ્ર માનવતા માટે મહત્ત્વપૂર્ણ**
* **સમ્રાટ સંપ્રતિ મહારાજા ભારતના દર્શન અને અભ્યાસને જોડતા સેતુરૂપ હતા**
* **ટૅકનોલૉજીનો ઉપયોગ કરીને પ્રાચીન હસ્તપ્રતોના ડિજિટલાઇઝેશન માટે 'જ્ઞાન ભારતમ મિશન' શરૂ કરાયું**
* **મહાવીર સ્વામીના જન્મદિવસે કોબા ખાતેનો કાર્યક્રમ જડોથી જોડાવાનો, જ્યારે સાણંદ ખાતેનો બીજો કાર્યક્રમ સેમિકન્ડક્ટર ચીપ થકી જગત સાથે જોડાવાનો અવસર.**

**- નરેન્દ્રભાઇ મોદી, વડાપ્રધાનશ્રી**

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

**ઓટોમોબાઇલ** હબ તરીકે ઊભરી આવેલું ગુજરાત ઓરિજિનલ ઈક્વિપમેન્ટ ઉત્પાદકો અને સમૃદ્ધ ઓટોમોટિવ સપ્લાય-ચેઇનને આકર્ષે છે. રાજકોટ, હાલોલ, અમદાવાદ અને સાણંદમાં મુખ્ય ઔદ્યોગિક ક્લસ્ટરો કાસ્ટિંગ, મશીન ટૂલ્સ સહિત ઓટો ઘટકોની શ્રેણીનું ઉત્પાદન કરે છે.

ભારતના કુલ કપાસ-ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૩૭% છે અને દેશની કપાસની નિકાસમાં ૩૫% હિસ્સો ધરાવે છે. વણાયેલા કાપડના ઉત્પાદનમાં ગુજરાત ૩૦% હિસ્સો ધરાવે છે. ગુજરાતનો **કાપડ-ઉદ્યોગ** ભારતના કુલ ઉત્પાદનમાં ૬૫-૭૦% ફાળો આપે છે.

સોલાર રૂફટોપ ઇન્સ્ટોલેશનમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. તેમજ નવીનકરણ **ઊર્જા** હેઠળ બીજા ક્રમનું સૌથી વધુ વીજળીનું ઉત્પાદન કરે છે. સૌર, પવન, જૈવઊર્જા અને જળવિદ્યુત સ્રોતોમાંથી વીજળી ઉત્પાદનમાં પણ રાજ્ય બીજા સ્થાને છે.



# સંગ્રહાલય વિશે... આ પણ જાણો

સંગ્રહાલયમાં આવેલી સાત ગૅલરીઓ રાષ્ટ્રની વિવિધતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિ દર્શાવે છે, જે નવપદ એટલે કે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચરિત્ર અને તપની સાથે તીર્થંકરોની વાર્તાઓ અને ઉપદેશોને કલાત્મક રીતે જીવંત કરે છે. આ મ્યુઝિયમ જૈન વારસાની સાથે ભારતની અન્ય ધાર્મિક પરંપરાઓ - વૈદિક, બૌદ્ધ અને અન્યનું પણ ગૌરવપૂર્વક પ્રતિનિધિત્વ કરે છે. વેદ, પુરાણ, આયુર્વેદ, યોગ અને દર્શનની સુમેળપૂર્વકની પ્રસ્તુતિ તમામ પરંપરાઓના મેઘધનુષને એકસાથે રજૂ કરે છે.



દેશની પ્રાચીન વિદ્યાપીઠો જેવી કે તક્ષશિલા અને નાલંદા લાખો હસ્તપ્રતોથી ભરેલી હતી, જેને ધાર્મિક સંકુચિતતાથી પ્રેરાઈને વિદેશી આક્રમણકારો દ્વારા નાશ કરવામાં આવી હતી. તે મુશ્કેલ સમયમાં સામાન્ય લોકોએ પેઢી દર પેઢી બાકીની હસ્તપ્રતો સાચવી રાખી હતી. આચાર્ય ભગવંત શ્રી પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજસાહેબે ૬૦ વર્ષ પદવિહાર કરીને દેશના ખૂણે - ખૂણે હસ્તપ્રતોની શોધમાં વિતાવ્યા હતા. તાડપત્રો અને ભોજપત્રો પર લખાયેલી ત્રણ લાખથી વધુ હસ્તપ્રતો, જેમાંથી કેટલીક સેંકડો વર્ષ જૂની છે, જે આ મ્યુઝિયમમાં સુરક્ષિત રીતે સંકલિત છે, જે ભારતના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય માટે પ્રેરક સ્મારક સમાન છે.

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

મહેસાણાના મોઢેરા, ખેડાના સુખી અને બનાસકાંઠાના મસાલી ગામ બાદ બેસ્ટ ટૂરિઝમ વિલેજ તરીકે પ્રતિષ્ઠિત કચ્છના **ધોરડો** ગામનું ૧૦૦ ટકા સોલરાઇઝેશન કરવામાં આવ્યું છે.કચ્છ (ખાવડા) ખાતે આવેલો 'ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક વિશ્વનો સૌથી મોટો પ્રોજેક્ટ હાઇબ્રિડ (સૌર અને પવન) રિન્યુએબલ એનર્જી પાર્ક છે.

ધોલેરાને ગુજરાત રાજ્ય ‘સેમિકોન સિટી’ તરીકે વિકસાવશે. **ધોલેરા (SIR)** ખાતે ફેઝ-૧ હેઠળ લોજિસ્ટિક એન્ડ ટ્રંક ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. તેમાં, ધોલેરા એરપોર્ટ, આધુનિક માર્ગો, પાણી સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવશે.

**મરીન લોજિસ્ટિક્સ**માં ગુજરાત અગ્રણી રાજ્ય છે. સાગર આકલન – રેંકિંગ ઓફ ઇન્ડિયન પોર્ટ્સ અનુસાર દીનદયાલ પોર્ટ (કંડલા) બલ્ક કૅટેગરીમાં ૫ મૅટ્રિક-ટન કાર્ગો હેન્ડલ કરી બીજા સ્થાને છે અને કન્ટેનર કૅટેગરીમાં પ્રથમ સ્થાને છે.




# અનુસૂચિત જાતિની સર્વાંગી પ્રગતિ

# શૈક્ષણિક, આર્થિક અને સામાજિક સમૃદ્ધિ લાવી

**નીરવ રાવલ**

સભ્ય, સશક્ત અને પ્રગતિશીલ સમાજના નિર્માણ માટે સામાજિક સંતુલન અને સામાજિક સુરક્ષા આવશ્યક છે. સશક્ત સમાજનું નિર્માણ એ રાજ્ય સરકારનું પ્રાથમિક લક્ષ્ય છે, જે માટે વિવિધ વર્ગો, જાતિને આવરી લેતી સર્વ સમાવેશક યોજનાઓ સાથેનું વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર વિધાનસભામાં તાજેતરમાં જ રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારે પાંચ સ્તંભમાં પ્રથમ સ્તંભ તરીકે સમાજ સુરક્ષાને પ્રાથમિકતા જ નહીં, પરંતુ પાયાના સ્તર તરીકે મહત્ત્વ આપ્યું છે. રાજ્ય સરકાર સર્વગ્રાહી અને સર્વસમાવેશી અભિગમ સાથે આ દિશામાં કામ કરી રહી છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે કુલ રૂ. ૭૦૮૬ કરોડની જોગવાઈ કરી છે.

આજે ૨૧મી સદીમાં, અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિઓની ઉન્નતિ માત્ર તે જ્ઞાતિઓ પૂરતી મર્યાદિત નથી, પરંતુ રાષ્ટ્રના વિકાસ માટે અનિવાર્ય છે. માટે જ રાજ્ય સરકારે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિને સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે સશક્ત કરવા અનેક કલ્યાણકારી યોજનાઓ અને સહાય પૂરી

પાડવાનો ઉપક્રમ દાખવ્યો છે.

અનુસૂચિત જાતિઓ માટેની અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૮૦૨૨ કરોડની જોગવાઈ હતી. નવેમ્બર ૨૦૨૫ સુધીમાં રૂ.૯,૦૦૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જે ફાળવણીના ૧૧૨.૨૪ ટકા જેટલો થાય છે. સામાજિક સુરક્ષા અને સામાજિક વિકાસને કેન્દ્રમાં રાખી ગુજરાત સરકારના પ્રયાસોનો આ પ્રતિઘોષ છે.

## શૈક્ષણિક ઉત્કર્ષ

શિક્ષણ એ સામાજિક ઉન્નતિનો પાયો છે. શૈક્ષણિક સ્તર અને સવલતો વધારવા પર રાજ્ય સરકારે વિશેષ ભાર આપ્યો છે. કોઈ પણ સમાજની ઉન્નતિનો માર્ગ શાળાના ઓરડામાં અપાતા શિક્ષણથી પસાર થાય છે. "શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો" - આ સૂત્ર આજે પણ એટલું જ પ્રાસંગિક છે. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ સુધીની આર્થિક, સામાજિક મુશ્કેલીમાંથી ઊભરી રાજ્ય સરકારની યોજનાકીય સહાયનો લાભ લઈ ઉજ્જ્વળ કારકિર્દીનું નિર્માણ કરી “વિકસિત ગુજરાતથી વિકસિત ભારત”ની રાજ્ય સરકારની નેમને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપી રહ્યા છે.

સમાજના જરૂરિયાતમંદ વર્ગને સામાજિક સુરક્ષા પૂરી પાડી સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવાની રાજ્ય સરકારની પ્રાથમિકતા તેની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ, પાત્રતા ધરાવતી તમામ વ્યક્તિઓને સરળતાથી પહોંચાડવાની પ્રતિબદ્ધતામાં દેખાઈ આવે છે.

વર્ષ ૨૦૨૬-૨૭ના નાણાકીય અંદાજપત્રમાં પી.એમ.યશસ્વી પ્રિ-મૅટ્રિક અને પોસ્ટ-મૅટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિકસતી જાતિના અંદાજે ૯.૭૫ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ.૬૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પરિણામે આર્થિક મુશ્કેલીનો સામનો કરતાં વિકસતી જાતિના પરિવારોનાં સંતાનો પણ નિશ્ચિંત થઈને શૈક્ષણિક અભ્યાસ આગળ વધારી શકે છે. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬ (નવેમ્બર ૨૦૨૫) દરમિયાન ૩૧.૩૧ લાખ વિદ્યાર્થીઓને રૂ.૫૩૧.૨૪ કરોડ શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.

પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના અને વિકસતી જાતિના અંદાજે ૩૬ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ



### ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ગુજરાતમાં ૨૦૨૪-૨૫માં ૬.૧૪ લાખ MSME નોંધાયા. એપ્રિલ-નવેમ્બર ૨૦૨૫માં નોંધાયેલા ૬૩,૮૭૫ એકમોમાં ૧૧,૯૫૦ મહિલા સંચાલિત હતા, જેણે ૨.૯૬ લાખ રોજગારી આપી. આ એકમોમાં રૂ. ૧,૫૮૧ કરોડનું રોકાણ અને રૂ. ૧૧,૭૪૧ કરોડનું ટર્નઓવર થયું.

ગાંધીનગરની રક્ષાશક્તિ યુનિવર્સિટીને ૨૦૨૦માં કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય મહત્ત્વ આપી **'રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી' (RRU)**નો દરજ્જો આપ્યો છે. હાલમાં આ યુનિવર્સિટી આધુનિક તાલીમ, સંશોધન અને પોલીસિંગ શિક્ષણ દ્વારા દેશની આંતરિક સુરક્ષા મજબૂત કરવાનું મહત્ત્વનું કેન્દ્ર બની છે.

૨૦૦૩માં સ્થાપિત ગાંધીનગરની **ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલૉજિકલ રિસર્ચ (ISR)** ભૂકંપ મોનિટરિંગ અને જોખમ-મૂલ્યાંકન દ્વારા રાજ્યના જ નહીં, દેશના આપત્તિ વ્યવસ્થાપનને મજબૂત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.










અને ગણવેશ સહાય આપવા રૂ.૬૧૭ કરોડની જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી છે, જેના પરિણામે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિનો માર્ગ ખૂલ્યો છે. તો વિકસતી જાતિના ધો.૧થી ૮ના ૨૭.૨૮ લાખ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ગણવેશની યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ (નવેમ્બર ૨૦૨૫) દરમિયાન રૂ.૨૪૫.૦૩ કરોડના ખર્ચે ગણવેશ સહાય આપવામાં આવી હતી.

માત્ર પાયાનું શિક્ષણ પૂરતું નથી. આ જાતિના યુવાનોએ એન્જિનિયરિંગ, મેડિકલ, ડેટા સાયન્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવાં આધુનિક ક્ષેત્રોમાં ડગ માંડવાં પડશે, જે માટે પણ રાજ્ય સરકારે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડ્યું છે. અનુસૂચિત જાતિના આશરે ૧.૪૫ લાખ વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મૅટ્રિક શિષ્યવૃત્તિ યોજના માટે રૂ.૨૯૬ કરોડની જોગવાઈ પણ ઉચ્ચ અભ્યાસ દ્વારા સફળ કારકિર્દી બનાવવા છાત્રોને પ્રોત્સાહિત કરશે.

વિદેશમાં અભ્યાસ કરી કારકિર્દી બનાવવા માગતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે પણ રાજ્ય સરકારે યોજના બનાવી તેનું સફળ અમલીકરણ કર્યું છે. વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત વિદેશમાં ચાલતા ઉચ્ચ અભ્યાસ અર્થે ૪ ટકાના દરે વ્યક્તિદીઠ રૂ.૧૫ લાખ સુધીની લોન આપવા રૂ.૧૩૫ કરોડની જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬ (ઓક્ટોબર ૨૦૨૫) દરમિયાન ૪૭૮૦.૬૧ લાખના ખર્ચે ૩૧૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો, જે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓનું વિદેશમાં અભ્યાસ કરવાનું સ્વપ્ન પૂરું કરવા સમર્થ બનાવે છે. સરકાર દ્વારા આપવામાં આવતી વિદેશ અભ્યાસ લોન અને શિષ્યવૃત્તિનો મહત્તમ લાભ લઈ તેઓ વૈશ્વિક ફલક પર પોતાની ઓળખ બનાવી શકે છે. રાજ્ય સરકારનું લક્ષ્ય પ્રતિભાવાન યુવાઓને યોગ્ય મંચ પૂરો પાડી તેમની પ્રતિભા ખીલવવા સાથે દેશના વિકાસમાં તેઓ મહત્ત્વનું યોગદાન આપી શકે તેવા સક્ષમ બનાવવાનું છે.

જે સમાજમાં સ્ત્રીઓ ભણેલી અને આર્થિક રીતે સ્વતંત્ર હોય છે, તે સમાજની ઉન્નતિ ઝડપથી થાય છે. દીકરીઓના શિક્ષણ

અને સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવું અનિવાર્ય છે, ત્યારે સ્ત્રી-સશક્તીકરણ બાબતે પણ રાજ્ય સરકારે દેશનાં અન્ય રાજ્યોની સરખામણીમાં દાખલારૂપ કાર્ય કર્યું છે. રાજ્ય સરકારની સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગની ૧.૫૯ લાખ વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાઇકલ આપવા રૂ.૭૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, સરસ્વતી સાધના યોજના અંતર્ગત કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા તેમજ કન્યાઓના ડ્રોપઆઉટ રેટને ઘટાડવા માટે વર્ષ ૨૦૨૫-૨૬ (ઑક્ટોબર-૨૦૨૫) દરમિયાન રૂ. ૬૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી.

સરસ્વતી સાધના યોજના હેઠળ વિકસતી જાતિ વર્ગની ૨,૭૬,૨૨૨ કન્યાઓને વર્ષ ૨૦૨૫-૨૬(નવેમ્બર ૨૦૨૫) દરમિયાન વિના મૂલ્યે સાઇકલ આપવામાં આવી હતી. સાઇકલ આપવા પાછળનો હેતુ વિદ્યાર્થિનીઓ શિક્ષણ સંસ્થાઓ સુધી સ્વયં જઈ શકે અને પરિવહનના અન્ય વિકલ્પોની રાહ જોવી ન પડે, તેવો છે.

કારકિર્દી ઘડતરમાં ધો.૯-૧૦નો અભ્યાસ અતિ મહત્ત્વનો છે, ત્યારે ગુજરાત સરકારે વર્તમાન અંદાજપત્રમાં ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના અંદાજે ૧.૭૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા રૂ.૨૪ કરોડની જોગવાઈ કરી છે.

શિક્ષણધામને પણ આધુનિક સુવિધાથી સજ્જ કરી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સવલતો વધારવાનો અભિગમ રાજ્ય સરકારે અપનાવ્યો છે. રાજ્ય સરકારે અંદાજપત્રમાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની આદર્શ નિવાસી શાળાઓ પૈકી પાંચ શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહના વર્ગો ચાલુ કરવા તથા અત્યાધુનિક લૅબોરેટરી સ્થાપવાની જાહેરાત કરી છે.

આગામી સમયમાં કૌશલ્યવાન યુવાઓ દેશની સૌથી મોટી મૂડી સાબિત થશે ત્યારે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓના કૌશલ્યવર્ધન માટે પણ રાજ્ય સરકાર પ્રયાસો કરી રહી છે.

## સામાજિક ઉત્કર્ષ

સામાજિક ક્રાંતિની ઉદ્‌ઘોષક એવી રાજ્ય સરકારે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ઉત્કર્ષ માટે પણ વિવિધ



### ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

૨૦૦૩માં ગાંધીનગરમાં સ્થપાયેલી **નેશનલ લો યુનિવર્સિટી (NLU)** ગુજરાતમાં કાયદા-શિક્ષણમાં અગ્રણી સંસ્થા બની છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કાનૂની અભ્યાસ તથા સંશોધન માટે વિદ્યાર્થીઓને ઉત્તમ માળખું પૂરું પાડે છે.

૨૦૦૩માં શરૂ થયેલું સ્ટેટ-વાઇડ અટેન્શન ઑન ગ્રીવન્સિસ બાય એપ્લિકેશન ઑફ ટૅક્નોલૉજી - **SWAGAT** પ્રોગ્રામ નાગરિક ફરિયાદોના ઝડપી નિવારણનું માધ્યમ છે. મુખ્યમંત્રીશ્રી દર મહિનાના ચોથા ગુરુવારે પ્રત્યક્ષ સમીક્ષા કરે છે.

૨૦૧૨માં શરૂ થયેલી **સૌની યોજના** હેઠળ ૪ લિંક દ્વારા નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. આ યોજનાથી સૌરાષ્ટ્રમાં પીવાના પાણી અને સિંચાઇથી કૃષિક્ષેત્રે વિકાસ થયો છે.



યોજનાઓ બનાવી છે. આ યોજનાઓ દ્વારા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિને સક્ષમ બનાવી તેમની સામાજિક સમૃદ્ધિ માટે રાજ્ય સરકારે સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે.

રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં દિવ્યાંગજનો માટેની સંત સુરદાસ યોજના તેમજ વિવિધ આર્થિક સહાય યોજના હેઠળ કુલ રૂ.૨૪૯ કરોડની જોગવાઈ કરી છે. વધુમાં દિવ્યાંગજનોને મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ તથા જૉયસ્ટિક વ્હીલચૅર આપવા રૂ.૬૦ કરોડની જોગવાઈ પણ કરાઈ છે, જેથી તેઓ સ્વમાનભેર જીવી શકે અને તેના દ્વારા નાનકડો પણ પોતાનો ધંધો-વ્યાપાર કરી શકે. જ્યારે નિરાધાર બાળકો માટેની પાલક માતા-પિતા યોજના હેઠળ રૂ.૮૩ કરોડની જોગવાઈ કરી સંવેદનાસભર અભિગમ અપનાવ્યો છે.

અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિમાં વ્યસનનું દૂષણ ડામવા માટે પણ રાજ્ય સરકારે યોજનાઓ બનાવી છે. સમાજના યુવાધનને નશીલા પદાર્થોથી દૂર રાખવા તેમજ તેમાંથી ઉગારવા માટે રાજ્યના ૩૪ જિલ્લાઓમાં નશામુક્તિ સેન્ટર અને રાજ્ય કક્ષાએ સ્ટેટ સેલ સ્થાપવા અંદાજપત્રમાં રૂ.૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

સાથેસાથે વંચિતોને મુખ્ય પ્રવાહમાં લાવવાના પણ રાજ્ય સરકારના પ્રયાસો રહ્યા છે. બૌદ્ધિક અસમર્થતા, ઑટિઝમ દિવ્યાંગતા ક્ષેત્રે ડે-કૅર તથા રહેણાકની સુવિધા સાથે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા માટે રૂ.૬ કરોડની રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી છે, જે તેની સાક્ષી પૂરે છે.

નોંધપાત્ર વાત એ છે કે, રાજ્ય સરકાર દ્વારા અનસૂચિત જાતિઓના કલ્યાણ માટેની વિવિધ યોજનાના અમલીકરણ માટે વર્ષ ૨૦૨૫-૨૬ (ઑક્ટોબર ૨૦૨૫) દરમિયાન રૂ.૬૩૫૦૨ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો. જ્યારે વિકસતી જાતિઓના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓના અમલીકરણ માટે વર્ષ ૨૦૨૫-૨૬ (નવેમ્બર ૨૦૨૫) દરમિયાન રૂ.૧૦૧૧.૧૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

વ્યક્તિગત લગ્નમાં થતાં બિનજરૂરી ખર્ચને અટકાવી સમૂહલગ્ન માટે પ્રોત્સાહિત કરવા માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહલગ્ન યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ (ઑક્ટોબર ૨૦૨૫) દરમિયાન રૂ.૫૬.૯૧ લાખના ખર્ચે ૪૦૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો.

કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ (ઑક્ટોબર ૨૦૨૫) દરમિયાન રૂ.૭૭૫.૬૩ લાખના ખર્ચે ૬૪૬૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. જ્યારે વિકસતી જાતિ વર્ગની કન્યાઓના લગ્નપ્રસંગે કુંવરબાઈનું મામેરું યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬ (નવેમ્બર ૨૦૨૫) દરમિયાન ૪૮૨૩૬ લાભાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી હતી.

ઉપરાંત વિકસતી જાતિના વર્ગ માટેની નિરાધાર વૃદ્ધ પેન્શન સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ (ઑક્ટોબર ૨૦૨૫) દરમિયાન રૂ.૪૧૨.૫૧ કરોડના ખર્ચે ૫.૬૦ લાખ લાભાર્થીને આવરી લેવામાં આવ્યા હતા.

## આર્થિક ઉત્કર્ષ

સામાજિક પ્રગતિમાં આર્થિક પાસું પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. સ્વરોજગાર માટે આર્થિક ભંડોળ એકત્રિત કરવામાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિને પડતી મુશ્કેલીનો ઉકેલ રાજ્ય સરકારે આપ્યો છે.

અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓ નિગમો હેઠળ ચાલતી શૈક્ષણિક લોન તથા સ્વરોજગારલક્ષી લોન યોજનાના તથા દિવ્યાંગજનો માટે ચાલતી સ્વરોજગાર યોજનાના કુલ ૧૯ હજાર લાભાર્થીઓ માટે રાજ્ય સરકારે વર્તમાન અંદાજપત્રમાં રૂ.૭૯૩ કરોડની જોગવાઈ કરી છે, જે અનસૂચિત જાતિ અને વિકસતી જાતિના લોકોને ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી ઘડવામાં તેમજ સ્વરોજગારથી સપનાં પૂરાં કરવામાં સહાયરૂપ નીવડી શકે છે.

આટલું જ નહીં, નોંધપાત્ર વાત એ છે કે, અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને બૅંક મારફતે વાહન, સ્વરોજગારી તેમજ ઉચ્ચ અભ્યાસ માટે લીધેલી લોન ઉપર ૬ ટકા સબસિડી આપવા રૂ.૨૫ કરોડની જોગવાઈ પણ રાજ્ય સરકારે કરી છે.

આવાસ યોજનાઓ હેઠળ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો તથા વિચરતી-વિમુક્ત જાતિઓના અંદાજિત ૨૪ હજારથી વધુ લાભાર્થીઓને મકાન-સહાય માટે રૂ.૩૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે, ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬ (ઑક્ટોબર ૨૦૨૫) દરમિયાન રૂ.૪૩૩૬.૬૪ લાખના ખર્ચે ૧૦,૭૨૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. આમ, નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અનુસૂચિત જાતિના પરિવારો માટે ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવામાં રાજ્ય સરકાર તારણહાર બની રહી છે. વિકસતી જાતિના લોકોને મકાન બાંધવા માટે પંડિત દીનદયાળ આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ (નવેમ્બર ૨૦૨૫) દરમિયાન રૂ.૧૨૫.૪૭ કરોડના ખર્ચે ૧૩૬૬૮ લાભાર્થીઓને સહાય આપવામાં આવી હતી.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા અનુસૂચિત જાતિના સર્વાંગી આર્થિક વિકાસના ઉદ્દેશ સાથે વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવ્યું છે. બૅન્કેબલ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ (નવેમ્બર ૨૦૨૫) દરમિયાન ૧૨૦ લાભાર્થીઓને રૂ.૧૪૫.૦૯ લાખ ધિરાણ પેટે ચૂકવવામાં આવ્યા હતા. જ્યારે રાજ્ય સરકાર સીધા ધિરાણની યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬ (નવેમ્બર ૨૦૨૫) દરમિયાન ૧૮૦૦ લાભાર્થીઓને રૂ.૫૦૧૦.૩૮ લાખની લોન મંજૂર કરવામાં આવી હતી.

"પ્રગતિ કોઈ ગંતવ્ય નથી, પણ સતત ચાલતી પ્રક્રિયા છે." રાજ્ય સરકાર અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિઓના હિતાર્થે યોજનાઓ બનાવી તેના અમલીકરણ દ્વારા તેમને સુવિધાઓ પૂરી પાડી રહી છે. રાજ્ય સરકાર દ્વારા તેમની પ્રગતિ માટે નિઃશંકપણે પ્રતિબદ્ધતાપૂર્વકના પ્રયત્નો થઈ રહ્યા છે.

### ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

૨૦૦૩માં શરૂ થયેલી **સુજલામ્-સુફલામ્** યોજના દ્વારા ઉત્તર ગુજરાતમાં પાણી પહોંચાડવામાં આવ્યું છે. ખેતી માટે પાણી ઉપલબ્ધ થતાં ખેડૂતોને મોટો લાભ મળ્યો છે અને જમીનની ફળદ્રુપતા વધી છે.

૧૯૯૦ના દાયકામાં **પીપાવાવ અને બાદમાં મુન્દ્રા બંદરો**ના વિકાસ સાથે ગુજરાતે ખાનગી બંદરોમાં આગવી ઓળખ મેળવી છે. આ બંદરો વેપાર અને નિકાસમાં મહત્ત્વનું યોગદાન આપે છે.

એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) મુજબ ગુજરાત કૃષિ નિકાસના ક્ષેત્રે ભારતનાં અગ્રણી રાજ્યોમાંનું એક છે. રાજ્યમાં **કૃષિ ઉત્પાદનો**ની નિકાસને વેગ આપવા માટે ચોક્કસ ભૌગોલિક વિસ્તારોને એગ્રી એક્સપોર્ટ ઝોન (AEZ) તરીકે જાહેર કરવામાં આવ્યા છે.



## સામાજિક સમરસતા અને સ્વાભિમાનનું પ્રતીક

# વીર મેઘમાયા સ્મારક

*જિજ્ઞેશ નાયક*

**"માયા, તું માનવ ખરો,**
**પણ દેવ તણો અવતાર,**
**જન્મ્યો તું આ જગતમાં,**
**કરવા પરોપકાર."**

પાટણની વિશ્વવિખ્યાત રાણીની વાવ અને સહસ્રલિંગ સરોવર પાસે આવેલી માયા ટેકરી ઉત્તર ગુજરાત સહિત સમગ્ર રાજ્ય માટે સન્માન, બલિદાન અને સામાજિક સમરસતાનું પવિત્ર પ્રતીક છે. અસ્પૃશ્ય ગણાતા સમાજને અધિકાર અપાવવા અને સમાનતા માટે પોતાનું જીવન અર્પણ કરનાર વીર મેઘમાયા ભારતીય ઈતિહાસમાં એક અનન્ય અને પ્રેરણાદાયી વ્યક્તિત્વ છે.

લોકકથા મુજબ, ગુર્જર નરેશ સિદ્ધરાજ જયસિંહે સહસ્રલિંગ સરોવરનું નિર્માણ શરૂ કરાવ્યું ત્યારે સતી જસમાના શાપને કારણે સરોવર પાણી વિનાનું રહ્યું. વિદ્વાનોના માર્ગદર્શન મુજબ શાપમુક્તિ માટે બત્રીસ લક્ષણા પુરુષના બલિદાનની આવશ્યકતા જણાઈ. સમગ્ર રાજ્યમાં હાકલ છતાં કોઈ આગળ ન આવ્યું, ત્યારે ધોળકાના રનોડા ગામના વણકર સમાજના વીર મેઘમાયા માનવહિત માટે પોતાનું જીવન અર્પણ કરવા સ્વયં આગળ આવ્યા, જે તેમની નિઃસ્વાર્થતા અને પરોપકારની અદ્વિતીય ગાથા બની.

બલિદાન પહેલાં વીર મેઘમાયાએ મહારાજ સમક્ષ પોતાના સમાજનાં દુઃખો રજૂ કરી અસ્પૃશ્યતા દૂર કરી સમાન અધિકાર, સન્માન અને સ્વાભિમાન સાથે જીવન જીવવાનો હક માગ્યો. મહારાજ સિદ્ધરાજ જયસિંહે તેમની તમામ માગણીઓ સ્વીકારી. આ રીતે વીર મેઘમાયાએ પોતાના બલિદાન દ્વારા વંચિત અને પીડિત વર્ગને સન્માનપૂર્વક જીવવાનો અધિકાર અપાવી સમાજમાં સમરસતાનો નવો અધ્યાય સ્થાપ્યો.

વર્ષ ૨૦૦૩માં પાટણ ખાતે યોજાયેલા સ્વાતંત્ર્ય પર્વ દરમ્યાન તત્કાલીન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ માયા ટેકરીની મુલાકાત લઈ અહીં ભવ્ય-દિવ્ય સ્મારક નિર્માણનું સ્વપ્ન વ્યક્ત કર્યું અને રૂ. ૧.૮૭ કરોડનું અનુદાન જાહેર કર્યું.

**રૂ.૯.૨૨ કરોડના અનુદાનથી માયા ટેકરી પર આધુનિક સુવિધાઓથી સજ્જ ભવ્ય સ્મારકનો વિકાસ**

'વીર મેઘમાયા વિશ્વ મેમોરિયલ ફાઉન્ડેશન'ના ચૅરમૅન અને પૂર્વ સાંસદ શ્રી ડૉ. કિરીટભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૧૮માં સ્મારકના વિકાસને નવી ગતિ મળી અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રૂ. ૩ કરોડનું અનુદાન જાહેર કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ આ સ્મારકને દિવ્ય અને ભવ્ય સ્વરૂપ આપવા પ્રતિબદ્ધ રહી માર્ગદર્શન આપી રહ્યા છે. વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિકાસકાર્યો ગતિમાન બનાવવામાં આવ્યાં છે. અત્યાર સુધીમાં રૂ. ૯.૨૨ કરોડનું અનુદાન ફાળવાયું છે તથા બીજા તબક્કા માટે રૂ. ૪.૩૫ કરોડનું અનુદાન મંજૂર થયું છે. આ પ્રસ્તાવિત સંકુલમાં સ્મૃતિમંદિર, સંશોધન કેન્દ્ર, ગ્રંથાલય, અતિથિ ભવન અને લાઈટ-એન્ડ-સાઉન્ડ શો જેવી આધુનિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ગુજરાતના શહીદ સંત વીર મેઘમાયાના સન્માનમાં રૂ.૫ની પોસ્ટેજ સ્ટૅમ્પનું વિમોચન અમદાવાદ સ્થિત પ્રાદેશિક કાર્યાલય ખાતે કરવામાં આવ્યું. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે, ડૉ. કિરીટ પી. સોલંકી તથા પોસ્ટલ સર્વિસિસનાં ડિરેક્ટર શ્રીમતી મીતા





શાહની હાજરીમાં વિમોચન કરી વીર મેઘમાયાના ત્યાગ અને ગૌરવને રાષ્ટ્રીય સ્તરે માન આપ્યું છે.

પાટણનું સહસ્રલિંગ સરોવર આજે પણ વીર મેઘમાયાનાં પરોપકાર, ત્યાગ અને અદ્વિતીય બલિદાનનું જીવંત પ્રતીક છે. તેમનો ત્યાગ વંચિત સમાજ સહિત સમગ્ર ગુજરાત માટે ચિરંજીવ પ્રેરણાસ્રોત બની રહ્યો છે. "માયા તું માનવ ખરો, પણ દેવ તણો અવતાર", આ પંક્તિઓ તેમના જીવનનો સાર વ્યક્ત કરે છે. વીર મેઘમાયા માત્ર ઇતિહાસનો ભાગ નહીં, પરંતુ માનવતા, સમરસતા અને સ્વાભિમાનનો શાશ્વત પ્રકાશસ્તંભ છે.





## ગૌરવ દિવસ : ક્રમો સ્થાપના દિન

૨૦૦૫માં શરૂ થયેલા અમદાવાદ **સાબરમતી રિવરફ્રન્ટ** પ્રોજેક્ટે શહેરના વિકાસને નવી દિશા આપી છે. રિવરફ્રન્ટ પર પૂર્વ અને પશ્ચિમ અમદાવાદને જોડતો 'અટલ બ્રિજ' એક એન્જિનિયરિંગ ચમત્કાર અને આકર્ષક પર્યટન સ્થળ છે. તેની આધુનિક ડિઝાઇન, ગ્લાસ ફ્લોર, ફૂડ કોર્ટ અને રંગબેરંગી LED લાઇટ્સ તેને અજોડ બનાવે છે.

૨૦૦૧માં સ્થાપિત **સાયન્સ સિટી** વિજ્ઞાન-પ્રસાર માટે મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. વિદ્યાર્થીઓ અને જનતા માટે પ્રદર્શન, શિક્ષણ અને મનોરંજનનું અનોખું સંકલન અહીં જોવા મળે છે.

૨૦૨૧માં શરૂ થયેલું **વિદ્યા સમીક્ષા કેન્દ્ર** શિક્ષણ-વ્યવસ્થાના મોનિટરિંગ માટે ડિજિટલ પ્લેટફોર્મ છે. શાળાઓના પ્રદર્શન પર સતત નજર રાખી શિક્ષણની ગુણવત્તા સુધારવાનો સફળ પ્રયાસ થયો છે.

# સેવાની સુવાસનાં સંવાહક સ્થાનકો

ડૉ. નાથાલાલ ગોહિલ

**'આગ લગી આકાશ મેં, ઝર ઝર પડે અંગાર;**
**સંત ન હોત સંસાર મેં, જલ જાતા સારા સંસાર'**

ડૉ. બાબાસાહેબ આંબેડકર કહે છે કે પ્રથમ હું ભારતીય છું. તેમ સંતોની પ્રથમ ઓળખ માનવી તરીકેની છે. તેમને કોઈ વર્ણ, જ્ઞાતિ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય જેવા ભેદ હોતા નથી. સંતોએ સમાજ વચ્ચે રહી પ્રેમ, કરુણા, ક્ષમા અને સત્યની ગંગા વહેવડાવી છે. ઉત્તર ભારતમાં સંત રામાનંદજીએ ભક્તિઆંદોલન કર્યું ત્યારે તેઓએ મંત્ર આપ્યો.

**'જાતિ-પાંતિ પૂછે નહીં કોય, હરિ કો ભજે સો હરિકા હોય.'**

રામાનંદે ભક્તિમાર્ગમાં સૌથી મોટી સામાજિક ક્રાંતિ સર્જી. તેમના શિષ્યમંડળમાં રૈદાસ (ગુજરાતમાં સંત રોહીદાસ), કબીર, ધન્ના, સેનાભગત અને સદનો નામના વિવિધ જ્ઞાતિ-જાતિ અને સમાજના સંતો હતા. આ સંતોએ જ સમાજમાં સમાનતા અને આજના સંદર્ભમાં સમરસતા સ્થાપવાનું કામ કર્યું હતું.

લોકસાહિત્યમાં કહેવાય છે કે, જે વ્યક્તિ 'સ્વ'નો પણ અંત લાવી દે છે તે છે સંત. માનવતા, કરુણા, અહિંસા, સત્યને વળગી રહેવું અને ઈંદ્રિય-વિજય એ સંતની ઓળખ. ધર્મ, જ્ઞાતિ કે જાતિથી તે પર હોય છે. નાગર નરસિંહ મહેતા જૂનાગઢના મેઘવાળ વાસમાં સંત કવયિત્રી રત્નીબાઈને ઘરે ભજન, જ્ઞાનગોષ્ઠિ કરવા જતા હતા. રાજરાણી રૂપાંદે મેઘવાળ સંત મેઘધારુના ચરણે બેસી ભજન ભેદ સમજે છે. અરે! મેવાડના રાજરાણી મીરાંબાઈ સંત રૈદાસને ગુરુપદે બેસાડી રામના અગમ-ભેદને પામી શકે છે.

બીજું સત્ય, જે સમાજને ભણવાનો, શાસ્ત્રો સાંભળવાનો અધિકાર ન હતો એ સમાજના સંતોની વાણી વેદ, ઉપનિષદની ઋચાઓ સાથે તાલ મિલાવે છે. એટલું જ નહીં, 'નેતિ નેતિ' કહી અટકવાને બદલે 'આ જ છે... આજ છે...' તેમ આત્મવિશ્વાસ સાથે 'સોહમ્ બ્રહ્મ... સોહમ્ બ્રહ્મ' કહે છે, જે પરબ્રહ્મ અગમ, અગોચર, અવિનાશી છે તે બધું સાદી, સરળ, લોકવાણીમાં આ સંતોએ પ્રગટ કરી આપ્યું છે.

આ સંતોની વાણીમાં આધ્યાત્મિક અનુભૂતિનો રણકાર સંભળાય છે અને આ સંતોએ સંતૃપ્તિની અમૃત પ્યાલી પીધાનો પરમ આનંદ માણ્યો હોવાનું પ્રમાણી શકાય છે. આવા સંતોનાં સ્થાનકો માનવસમાજ માટે આસ્થા, શ્રદ્ધાનાં પવિત્ર સ્થાનકો છે.

અનુસૂચિત જાતિ સમાજનાં સંતસ્થાનકોની યાદી મોટી છે. આ સ્થાનકોનો-મહાપંથી સંત સ્થાનકો, નાથપંથી સંત સ્થાનકો, બારમતી - માતંગદેવોનાં સ્થાનકો, પીર પરંપરાનાં, સિદ્ધ સાધકોનાં, રવિ-ભાણ સંપ્રદાયનાં, ગુરુગાદીનાં સ્થાનકો - એમ મોટો વિસ્તાર છે. એ તમામનો પરિચય મર્યાદિત શબ્દોમાં લખવો શક્ય નથી. અહીં આછેરી ઝલક આપવાનો પ્રયાસ છે.

## સવરા મંડપની જગ્યા

ભારતનું સર્વોત્તમ સિદ્ધક્ષેત્ર ગિરનાર છે. સિદ્ધ ચોર્યાશી, નવનાથ, આદ્યશક્તિ, શિવજોગી ભવનાથ, શિખરે ગુરુદત્ત, બાજુમાં નેમિનાથ, સામેની પર્વતમાળામાં જમિયલશા દાતાર, ગિરનારની મધ્યમાં ગૌરક્ષનાથ અને અનેક સાધકોની આ સિદ્ધભૂમિ છે. તેમાં ગિરનાર દરવાજા તરફ વાઘેશ્વરી માતાના મંદિરના દરવાજા પાસે જમણા હાથે નાથજોગી સેવાનાથ ગુરુગોપાલનાથ મહારાજની જગ્યા આવેલી છે. ત્યાંથી ભેંસલા ડુંગર તરફની સીડી ચડતાં ઉપર સવરા મંડપની જગ્યા આવેલી છે.

સવરા મંડપની જગ્યામાં રામદેવપીરનું પ્રાચીન મંદિર આવેલું



સવરામંડપ, જુનાગઢ

છે. તેના ગર્ભગૃહમાં ચાર જુગના ચારપાટનું સ્થાપન છે. બાજુમાં કાલભૈરવની ગુફા છે, જેમાં ગોપાલનાથ મહારાજે, તે પછી તેમના શિષ્ય સેવાનાથ મહારાજે અને તેમના પછી તેમના શિષ્ય વેજનાથ મહારાજે કાલભૈરવની અને અન્ય સાધનાઓ સિદ્ધ કરી હતી. એક મત એવો છે કે આ સ્થાન નેહરગઢ છે, જ્યાં દેવલદે તેમના ગુરુ પાસે રહી છે ને ત્યાં દેવાયત પંડિતનું પુનઃ મિલન થાય છે. આ સ્થાને મહાપંથી સિદ્ધસાધના સિદ્ધ કરવામાં આવતી હતી.

**સરસઈ- રૈદાસ**

ભારતના સંતો ભ્રમણ કરતા ગિરનાર ક્ષેત્રમાં આવ્યા છે. સોમનાથ અને દ્વારકાધીશનું તેમને ખેંચાણ રહ્યું છે. મીરાં અંતે દ્વારકાધીશમાં સમાયાં તેમ, કાશીથી ભ્રમણ કરતા કરતા સંત રૈદાસ જૂનાગઢ આવી વિસાવદર પાસેના નાગબાઈના મોણિયા ગામથી ચાર કિલોમીટર દૂર દ્વાપડી નદીને જોડતી પોપટડી નદીને કિનારે સરસઈ ગામ પાસે પહોંચ્યા ને ત્યાં આશ્રમ સ્થાપ્યો. ગુજરાતમાં તેમને સંત રવિદાસ તથા સંત રોહિદાસ તરીકે ઓળખવામાં આવે છે.

શિવ-ભૈરવ મંદિરમાં રૈદાસે ભૈરવસાધના કર્યાનું મનાય છે. તેની બાજુમાં ઓલિયાપીર હજરત નવાબ રંગશાહની મઝાર છે. નાનકડી ગૌશાળા અને અન્નક્ષેત્ર ચાલે છે. રૈદાસની મૂર્તિનું સ્થાપન કરેલું છે. બાજુમાં દાસી જીવણ ને મેઘમાયાને સ્થાપિત કરેલાં છે. આ જગ્યાના જીર્ણોદ્ધાર માટે સરકારનું અનુદાન આપ્યું. અહીં રૈદાસ જન્મોત્સવ, ભજન, સત્સંગસભાઓ યોજાય છે. પ્રમાણ આપતી એક સાખી ગવાય છે:

**"ચૌદરસાં તૈતીસ કી માઘ સુદી પંદરાસ,**
**દુખિયોં કે કલ્યાણ હિત, પ્રગટે રવિદાસ',**

**જોધલપીર-કેસરડી :**

**'અવતારી મહા ઓલિયા, ભાંગે ભક્તોની ભીડ,**
**જાહેર જ્યોતિ જાગતી, ગુરુ જય જય જોધલ પીર.'**

ગુજરાતના ભાલકાંઠાના ધોળકા (પ્રાચીન વિરાટનગર, પાંડવોનો ગુપ્તવાસ) ગામે ઈ.સ. ૧૨૬૦માં જોધાનો જન્મ થયો, જે જોધલપીર કહેવાયા. એવું કહેવાય છે કે સૂબેદાર મીરખાનને બરડે એક એવું ગૂમડું થયું હતું જે અનેક ઉપચાર કર્યા છતાં મટતું ન હતું તે જોધલ પીરે મટાડ્યું, તેથી જોધલની સિદ્ધિઓનાં ગુણગાન ગવાયાં ને પ્રજાએ મળી જોધલને 'પીર'ની પદવી આપી. કેસરડી ગામે રાજ તરફથી જમીન અપાઈ, નોબત ને નિશાન અપાયાં અને સમાજને અંધશ્રદ્ધાઓ, ધાર્મિક જે હિંસાઓથી મુક્ત કરાઈ. જોધલપીર જીવતા સમાધિ લઈ ગયા, પરંતુ તેમને પીર-પરંપરા પ્રમાણે કબર આકારની સમાધિ આપવામાં આવી. નોબત-નગારું બાજુમાં ભોંયરું બનાવીને દાટી દીધાં. અહીં દર દશેરાને દિવસે મોટો માનવમેળો મળે છે, રાત્રે ભજન-કીર્તન ચાલે છે.


સવગુણ દાદાઃ સવૈયાનાથ - ઝાંઝરકા

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાન પર નર્મદા નિગમે વડોદરામાં નર્મદાની શાખા નહેરો ઉપર ૧૩ કિમી લાંબી **સોલાર પેનલ્સ** લગાવી કરોડોની વીજળી ઉત્પન્ન કરી નહેર પર સૌર ઊર્જા મેળવવાનું લક્ષ્ય સિદ્ધ કર્યું છે.

સુરતના ખજોદમાં નિર્માણ પામેલા વિશ્વના સૌથી વિશાળ કોર્પોરેટ ઑફિસ બિલ્ડીંગ **'સુરત ડાયમંડ બુર્સ'** હીરા ઉદ્યોગના વિકાસને બુસ્ટ આપતું અપ્રતિમ સાહસ છે. ગુજરાતમાં ડાયમંડ પ્રોસેસિંગમાં સુરત વૈશ્વિક અગ્રણી છે. રાજ્ય વિશ્વના 72% હીરા પર પ્રક્રિયા કરે છે, જેમાં વૈશ્વિક સ્તરે 10 પૉલિશ્ડ હીરામાંથી 8 ગુજરાતમાં ઉત્પાદિત થાય છે.

સુરતના હજીરામાં L&T દ્વારા **આર્મર્ડ સિસ્ટિમ્સ કોમ્પ્લેક્સ (ASC)**ની સ્થાપના કરવામાં આવી છે. ત્યાં આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરતાં K9 Vajra ટેન્ક સહિતના સુરક્ષા શસ્ત્રનું ઉત્પાદન થઇ રહ્યું છે.



ભીમસાહેબની જગ્યા, આમરણ, મોરબી

રાત્રીના બાર વાગ્યે મંદિરના દરવાજા બંધ કરી મૌન સ્મરણ કરવામાં આવે છે ને સમાધિમાંથી નગારાનો નાદ ગુંજી ઊઠે છે. આ થયું તેમની શ્રદ્ધાનું સ્થાનક.

અંત્યજ સમાજમાં વજોપીર, ટીહલપીર, કાનપીર, હરિયાપીર, ભીમપીર થઈ ગયા છે. તેમનાં સ્થાનકો પણ છે. આ પીરધારામાંથી સંત ભવાનીદાસ, સંત મેઘજીવો જેવા સમર્થ ભજન-સર્જકો પણ થઈ ગયા છે.

**સવગુણ દાદાઃ સવૈયાનાથ-ઝાંઝરકા**

તથાગત બુદ્ધના સુવર્ણકાળ પછી ૮૪ સિદ્ધો થઈ ગયા, જે પૈકીના ૩૫ સિદ્ધો પછાત સમાજમાંથી આવ્યા હતા. સિદ્ધ પરંપરા પછી તેમાંથી નાથ-પરંપરા જન્મી છે. અનુસૂચિત જાતિ સમાજમાં મુખ્ય બે નાથપરંપરાઓ ચાલી છે. પ્રથમ પરંપરા સિદ્ધક્ષેત્ર ગિરનારમાં સ્થાનક સાથે જોડાયેલી નાથધારા, જે મૂળે ગોરખનાથ સાથે જોડાયેલ હરિયાણા મઠ અસ્થલ બોહરથી બાબા મસ્તનાથજી મહારાજ દ્વારા ભોલાનાથ જોગીના શિષ્ય ગોપાલનાથની શિષ્ય પરંપરાથી વિસ્તાર પામી છે.

સવગુણ દાદા સિદ્ધ અને નાથ, બન્ને ધારાઓથી અનુબંધિત રહ્યા છે. ભાલપ્રદેશના ધંધુકા તાલુકાના ઝાંઝરકા ગામે વણકર સમાજમાં ઈ.સ. ૧૭૫૧માં સવાનો જન્મ થયો.

**'અખંડ જ્યોતની આરતી, ઝળહળે ઝાંઝરકા માંય,**
**દર્શન કરતા સવૈયાનાથ, પંડનાં પાતક જાય.'**

આજીવિકા માટે સવો નાનપણથી વણકરીનો કુશળ કારીગર થઈ ગયો. ઘરમાં અલખ જ્યોત પાર ઉપાસના અને ભજનના સંસ્કાર ઝિલાયા, સાધુ-સંતોની સેવા કરવી સવાને નાનપણથી ગમે. ધંધુકામાં નાથજોગીઓની જમાત આવી. તેમાં તુલસીનાથ બાપુનાં દર્શન, આંખોનું સાયુજ્ય થતાં પરસ્પર ખેંચાણ થયું. રાત્રીભર સવાને ઊંઘ ન આવી ને ચિત્ત ચકડોળે ચડ્યું. પિતાએ સવાને કાપડનું પોટલું લઈ ધંધુકા મોકલ્યો. પાદરમાં રહેલી જમાતનાં દર્શને ગયો. ત્યાં તુલસીનાથે આદેશ કર્યો કે, કાપડ આ સાધુઓની લંગોટ માટે આપી દે. સવાએ તુરત જ આદેશનું પાલન કર્યું. આ તુલસીનાથ બાપુ સવાને યોગની પંચાક્ષરી મંત્રસાધના આપે છે ને 'સવગુણ' નામ ધારણ કરે છે. તે સવૈયાનાથ થયા.

સવૈયાનાથ સંસાર-વ્યવહાર ચલાવે છે, અન્નક્ષેત્ર અને અભ્યાગતોને આશ્રય આપે છે, ગૌશાળા ચલાવે છે ને સાથોસાથ સમાજ-જાગૃતિનું કામ કરે છે. સવૈયાનાથ સિદ્ધ સાધક હતા. તેઓની અનેક ચમત્કારિક ઘટનાઓ બની છે. આજે ગુજરાતમાં અનુસૂચિત જાતિ સમાજનું સક્રિય સ્થાનક ગણાય છે. સવગુણદાદા પછી તેમના વારસ, પ્રભાવશાળી, આજાનબાહુ ને સૌમ્ય સંત બળદેવ બાપુ આવ્યા. આજે તેમના સંતાન શંભુનાથ મહારાજ ગુરુગાદીએ બિરાજમાન છે. તેઓ સમાજના ઉત્કર્ષ માટે અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા છે ને સાથોસાથ સંતજ્યોતને ઝાંખી થવા દીધી નથી.

**રવિ-ભાણ સંપ્રદાયનાં અનુબંધિત સ્થાનકો**

ધર્મક્ષેત્રે રામાનંદ પછી રવિ-ભાણ સંપ્રદાયના રાપર, કચ્છના સંત ખીમસાહેબે મેઘવાળ સમાજના ગુરુ-બ્રાહ્મણ જ્ઞાતિના ત્રિકમને શિષ્ય બનાવ્યા, પોતાની સમાધિ પાસે રાપરમાં સમાધિ આપી. અનુસૂચિત જાતિ સમાજમાં રવિ-ભાણ સંપ્રદાયની ધીંગી ધારા ચાલી. એટલું જ નહીં, આ સમાજમાં આ સંતોનાં સ્થાનકો ઠેર ઠેર બંધાયાં તે માહેનાં મુખ્ય ત્રણ સ્થાનકો છે.

**ચિત્રોડ (કચ્છ):** રાપર પાસેના રામવાવ ગામે મેઘવાળ ગુરુ-બ્રાહ્મણ જ્ઞાતિમાં ત્રિકમનો જન્મ થયો. કાગનોરા ડુંગરમાં રહેતા રામગિરિ નાથયોગી પાસેથી યોગસાધના સિદ્ધ કરી ત્યાંથી રાપર ખીમસાહેબ પાસેથી રવિ-ભાણ સંપ્રદાયની દીક્ષા લીધી. ચિત્રોડ આવી પોતાની સ્વતંત્ર જગ્યા સ્થાપી, જ્યાં ભવ્ય સમાધિ મંદિર છે. ધૂણો, ઢોલિયો, ખલકો, ચીપિયો, ઝોળી પૂજાય છે, અન્નક્ષેત્ર ચાલે છે. ત્રિકમસાહેબની ૨૧ ઉત્તમ ભજનરચનાઓ મળે છે.

**આમરણ** – ભીમસાહેબ મોરબી પાસે આવેલા આમરણ ગામના મેઘવાળ ગુરુ-બ્રાહ્મણ સમાજમાં જન્મ્યા હતા. ગુરુબોધ ત્રિકમસાહેબે આપ્યો હતો. ભીમસાહેબના માથા ઉપર શિંગડીની નિશાની હતી તેથી તેમને એકલશૃંગી ઋષિના અવતાર મનાયા છે.

**'ભીમસાહેબ વસ્યા આમરણમાં, એકલ શૃંગીનો અવતાર**
**જ્ઞાતિકુળ ગરવા તણું તમો અધમ ઓધારણ હાર!**

ભીમસાહેબની મોટી સિદ્ધિ એક જ સમયે પાંચ ગામના જ્યોતવાટે અલખ ભજન ગાતા દાસી જીવણે સાંભળ્યા ને ભીમસાહેબને ગુરુ ધારણ કરે છે:

**'વણ અક્ષરે અક્ષર ભયા, વણ લીયે લી,**
**જીવણને ગુરુ ભીમ ભેટ્યા, રાતમાં થયો દી.'**

આજે આમરણમાં ભીમસાહેબનું સમાધિ મંદિર અને અન્નક્ષેત્ર ચાલી રહ્યું છે.

**ઘોઘાવદર-દાસી જીવણ**

ગુજરાતી સંતસાહિત્યમાં પ્રેમલક્ષણા ભક્તિના કવિ, એટલા જ મરમી એટલે દાસી જીવણ.

જીવણ ગોંડલ પાસેના ઘોઘાવદર ગામે જગા દાફડાને ઘેર જન્મ્યા હતા. સતની ઓળખ મેળવવા સત્તર ગુરુ ધારણ કર્યા છતાં 'સ્વ'ની ઓળખ થઈ નહીં. અંતે તેમને ભીમગુરુ મળ્યા. જીવણસાહેબના જીવનની અનેક ઘટનાઓ તેમની સિદ્ધિઓની સાક્ષી પૂરે છે. તેમની ૧૩૩ ભજનરચનાઓ ગુરુમહિમા, ભક્તિ, યોગ, મરમ, ઉપદેશથી સભર છે. વિ. સં. ૧૮૮૬ના દિવાળીના દિવસે સમાધિ લીધી. આ દિવસ દર વર્ષે તેમના સ્થાનક ઘોઘોવદરમાં ભજન, ભોજનથી શ્રદ્ધાળુઓ ઊજવે છે. અનુસૂચિત જાતિ સમાજમાં રવિ-ભાણ સંપ્રદાય સાથે જોડાયેલ, તેમાં વિશેષ સમયાન્તરે પરિવર્તન લાવી જગ્યાઓ સ્થપાઇ છે તેમાં અકલસાહેબની જગ્યા થાન (જિ. સુરેન્દ્રનગર) છે. રવિ-ભાણ સાથે અનુબંધ દર્શાવી એક સ્વતંત્ર ધારા આજે જોવા મળી છે. તે ઉગમેશ્વરદાદાની જગ્યા બાંદરા (ગોંડલ પાસે) છે. તેમની પરંપરામાં આજે ગોરધનબાપા બિરાજમાન છે. તેઓને મહામંડલેશ્વરની પદવી એનાયત થઈ છે. દર પૂનમે ભજન, ભોજન, જ્ઞાનગોષ્ઠિમાં હજારો શ્રદ્ધાળુઓ આવે છે. આ સ્થાને તમામ-જ્ઞાતિના લોકો સમન્વય, સમાનતા અને સમરસતાથી ભજનનો આનંદ માણે છે, જે આજે આ સમાજનું જીવંત સ્થાનક ગણાવી શકાય.

**'જાતિ ન પૂછો સાધુ કી, જબ પૂછો તબ જ્ઞાન,**
**મોલ કરો તલવાર કા, પડા રહન દો મ્યાન.'**



રૈદાસ, જુનાગઢ

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ગુજરાતમાં વર્ષ ૨૦૧૯માં શરૂ થયેલા **CM ડૅશબોર્ડ** દ્વારા સરકારી યોજનાઓનું રિયલ-ટાઇમ મોનિટરિંગ થાય છે. સુશાસન અને પારદર્શિતા વધારવામાં આ ડિજિટલ પહેલ મહત્ત્વપૂર્ણ બની છે.

જામનગર ખાતે ૨૦૨૨માં સ્થાપિત **ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર** વિશ્વ આરોગ્ય સંસ્થા સાથે મળીને શરૂ થયું છે. પરંપરાગત સારવાર પદ્ધતિઓનાં સંશોધન, વિકાસ અને વૈશ્વિક પ્રચાર માટે આ કેન્દ્ર મહત્ત્વપૂર્ણ બની રહ્યું છે.

ગુજરાતની પ્રથમ AIIMS સંસ્થાની રાજકોટમાં સ્થાપના કરવામાં આવી છે. **AIIMS Rajkot**થી આધુનિક આરોગ્ય સેવાઓ સાથે સુપર સ્પેશિયાલિટી સારવારથી રાજ્યનું આરોગ્યક્ષેત્ર વધુ સુવિધાથી સંપન્ન થશે.



## સૌરાષ્ટ્રના સાગર તટે ઉત્તર-પૂર્વની સંસ્કૃતિનો સંગમ

# માધવપુરનો ઐતિહાસિક મેળો

ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવતી શ્રી રુક્મિણીના લગ્નોત્સવને રંગેચંગે ઊજવવાનો અવસર એટલે માધવપુર ઘેડનો મેળો. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના વિઝનને સાકાર કરવા માટે ગુજરાત સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે ત્યારે તેનો પુરાવો આ મેળો છે. માધવપુરનો મેળો હવે માત્ર પ્રાદેશિક કે સ્થાનિક મેળો રહ્યો નથી, પરંતુ તેને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મળી છે.

ઐતિહાસિક માધવપુર ઘેડ લોકમેળામાં ભક્તિ અને સાંસ્કૃતિક રંગતનું અનોખું સંમિશ્રણ જોવા મળે છે. આ મેળો પૂર્વ અને પશ્ચિમનાં રાજ્યોના સાંસ્કૃતિક સંગમનું જીવંત ઉદાહરણ છે, જેમાં પૂર્વોત્તર રાજ્યોના ૨૭૦ કલાકારો અને ગુજરાતના ૨૭૦ કલાકારોએ પોતાની કલા પ્રસ્તુત કરી હતી. મેળામાં આસામ સહિત ઉત્તર-પૂર્વ ભારતના કલાકારો દ્વારા કૃષ્ણ-રુક્મિણી-હરણ, ઢોલક ચોલમ અને બિહુ નૃત્ય જેવી લોકપ્રિય અને આકર્ષક સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી.

*"માધવપુરનો માંડવો આવે જાદવકુળની જાન,*
*રુક્મિણીના હારલા, શ્રીકૃષ્ણ લેશે માન."*

આ લોકગીતને આસામના કલાકારોએ ભગવાન શ્રીકૃષ્ણ રુક્મિણી-હરણ પ્રસંગને જીવંત બનાવી પ્રસ્તુત કરી ઉપસ્થિત શ્રદ્ધાળુઓનાં મન મોહી લીધાં હતાં. આ સાથે ગુજરાતના કલાકારો દ્વારા મણિયારો, ગરબા, હૂડા રાસ અને ટિપ્પણી નૃત્ય જેવી વિવિધ પરંપરાગત લોકકલાએ ભક્તોના રોમે-રોમમાં ભક્તિનો સંચાર કર્યો હતો. આ રંગબેરંગી અને જીવંત સાંસ્કૃતિક કાર્યક્રમોએ ઉપસ્થિત જનસમૂહને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

માધવપુર મેળાનો શુભારંભ કરતા વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, સદીઓથી પરંપરાગત રીતે ઊજવાતો માધવપુરનો મેળો ગુજરાતના લોકજીવનના સાંસ્કૃતિક ધબકારને જીવંત રાખવાનું ઉત્તમ માધ્યમ છે. ભગવાન શ્રીકૃષ્ણ અને માતા રુક્મિણીજીના લગ્નપ્રસંગને યાદ કરતા આ મેળામાં લોકો શ્રદ્ધા અને ઉમંગથી જોડાય છે. માધવપુર ઘેડના મેળાના બીજા દિવસે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, માધવપુર ઘેડ ભારતની સાંસ્કૃતિક વિરાસત છે. અહીં સદીઓ જૂનાં સ્મારકો પણ છે. ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્મિણી માતાનાં જ્યાં લગ્ન થયાં હતાં એ માધવપુર, સોમનાથ અને દ્વારકા વચ્ચેનું સુંદર સ્થળ સંસ્કૃતિનું કેન્દ્ર છે. આ મેળો દેશનું ગૌરવ જ નહીં પરંતુ ભારતની ઉત્તર-પૂર્વ અને ભારતના પશ્ચિમની સંસ્કૃતિનો સંગમ છે.

શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ ભગવાન માધવરાયજીનાં દર્શન કર્યાં હતાં અને મેળાના સ્ટૉલની મુલાકાત લઈ પ્લાસ્ટિકમુક્ત અભિયાન અંતર્ગત થેલીનું વિતરણ કર્યું હતું.



# માધવપુરના સર્વાંગી વિકાસની કટિબદ્ધતા

વિકાસ અને આસ્થાનો સંગમ એવા દ્વારકા અને સોમનાથની અર્થવ્યવસ્થા બદલાઈ રહી છે. આ બંને આધ્યાત્મિક કેન્દ્રોની બરાબર વચ્ચે આવેલું માધવપુર પણ હવે વિકાસના પંથે છે. વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, દ્વારકાથી સોમનાથ વચ્ચેના દરિયાઈ પટ્ટી પર આવેલાં ધાર્મિક, આધ્યાત્મિક, પ્રવાસન સ્થળોના વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં આ સમગ્ર પટ્ટો ધમધમતો થવાનો છે, માધવપુરમાં અનેક પ્રકલ્પો આકાર લઈ રહ્યા છે. કર્લી વિસ્તારમાં મોકર સાગર સ્થળ ખાતે આશરે રૂ.૨૦૦ કરોડના ખર્ચે પક્ષી અભયારણ્ય અને પોરબંદર પાસે રંગબાઈ માતાના મંદિર નજીક રૂ.૨૫ કરોડના ખર્ચે સાંસ્કૃતિક વન તૈયાર થઈ રહ્યું છે. પોરબંદરમાં સુદામા મંદિર અને કીર્તિ મંદિર જેવા અનેક પ્રકલ્પો તૈયાર થઈ રહ્યા છે.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ શ્રી રમેશ મેરજાએ જણાવ્યું હતું કે, માધવપુરના સર્વાંગી વિકાસની રાજ્ય સરકારની કટિબદ્ધતા રૂ. ૪૭ કરોડના ખર્ચે રુક્મિણીજી મંદિર, ચોરી માયરા અને બીચ ડેવલપમેન્ટ જેવાં કામોની પૂર્તતામાં વ્યક્ત થઈ છે. આગામી સમયમાં, ફેઝ-૨ અંતર્ગત માધવરાય મંદિરના વિકાસ માટે આશરે રૂ. ૪૩ કરોડના ખર્ચે માધવપુરની કાયાપલટ કરવાનું આયોજન છે.

## બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ

માધવપુર લોકમેળાના ભાગરૂપે આયોજિત બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનો વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. 'બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ'માં મહાનુભાવો અને ખેલાડીઓને સંબોધતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી માધવપુર મેળાને રાષ્ટ્રીય કક્ષાનું સ્વરૂપ મળ્યું છે. દરિયાકિનારે રમાતી રમતો યુવાનોમાં નવી ઊર્જા અને ઉત્સાહ જગાવશે. રમતગમત માત્ર મેડલ મેળવવા માટે જ નહીં, પરંતુ શારીરિક સ્વાસ્થ્ય અને સામાજિક તથા રાષ્ટ્રીય વિકાસ માટે પણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

આ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ૬૫૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ફેસ્ટિવલ દરમિયાન બીચ ફૂટબૉલ, બીચ કબડ્ડી, ૧૦૦ મીટર દોડ, નારિયેળ-ફેંક અને પરંપરાગત અખાડા કુસ્તી જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી.







## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

આણંદ ખાતે તા. ૬ એપ્રિલ ૨૦૨૫થી કાર્યરત **ત્રિભુવન સહકાર યુનિવર્સિટી (TSU)** સહકારી ક્ષેત્ર માટે રાષ્ટ્રીય સ્તરની સંસ્થા તરીકે ઊભરી છે. આ યુનિવર્સિટી સહકારી મેનેજમેન્ટ, બૅન્કિંગ અને કૃષિ વ્યવસાયમાં ઉચ્ચ શિક્ષણ અને સંશોધનનું કેન્દ્ર છે.

**કૃષિ** પેદાશમાં ગુજરાત અગ્રેસર છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતમાં એરંડાના ઉત્પાદનમાં ૭૬.૨૫ ટકા અને મગફળીમાં ૪૩.૭૨ ટકા હિસ્સા સાથે રાજ્ય દેશભરમાં પ્રથમ ક્રમે છે. મસાલા ઉત્પાદનમાં અને કપાસમાં ૨૪.૦૮ ટકા યોગદાન સાથે બીજા, બટાકા તેમજ બાજરાના ઉત્પાદનમાં દેશભરમાં ચોથા સ્થાને છે; જ્યારે ડુંગળીના ઉત્પાદનમાં ત્રીજા અને કેળાંના ઉત્પાદનમાં પાંચમા ક્રમે છે.

# ગુજરાત - તાઇવાનના સંબંધોને વધુ સુદૃઢ કરવા MoU



ગુજરાત સેમિકન્ડક્ટર ઉત્પાદન માટે ચોઇસ ઑફ ડેસ્ટિનેશન તરીકે ઊભરી રહ્યું છે અને હાલ રાજ્યમાં ૧.૨૪ લાખ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ નિર્માણાધીન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપમાં ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશનના ઉદ્દેશો સાથે સંકલિત રહીને ગુજરાતને સેમિકન્ડક્ટર હબ બનાવવાની યાત્રાને વેગ આપતું મહત્ત્વપૂર્ણ કદમ રાજ્ય સરકારે ભર્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી વિભાગ અને એલિજિયન્સ ઇન્ટરનૅશનલ કંપની લિમિટેડ વચ્ચે ગાંધીનગરમાં એક એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં આ એમ.ઓ.યુ. પર તાઇવાન ચેમ્બર ઑફ કૉમર્સના ઉપપ્રમુખ અને એલિજિયન્સ ગ્રૂપના ચૅરમૅન શ્રી સીમોન લીના તથા રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી સચિવ શ્રીમતી પી. ભારથીએ હસ્તાક્ષર કર્યા હતા.

આ એમ.ઓ.યુ. અન્વયે મેસર્સ એલિજિયન્સ ઇન્ટરનૅશનલ કંપની લિમિટેડ ભારતમાં કામગીરી સ્થાપિત કરવા માગતાં ભારત અને તાઇવાનનાં સાહસો વચ્ચે વ્યાપારિક સહયોગને મજબૂત બનાવશે. આ માટે સાણંદ-ધોલેરામાં ઇન્ડો તાઇવાન ઇન્ડસ્ટ્રિયલ પાર્કનું નિર્માણ કરવામાં આવશે અને ખાસ કરીને સેમિકન્ડક્ટર તથા ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રો માટે તાઇવાનના ઉદ્યોગોમાંથી રૂ. ૧,૦૦૦ કરોડથી વધુના વિદેશી સીધા પ્રસ્તાવિત મૂડી-રોકાણ (FDI)નો અને પાંચ વર્ષના સમયમાં લગભગ ૧૨,૦૦૦ ડાઇરેક્ટ એમ્પ્લોયમેન્ટ જનરેશનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

તેના પરિણામે સેમિકન્ડક્ટર અને તેને આનુષંગિક ઇકોસિસ્ટિમ, ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન, ઇલેક્ટ્રિક વાહનો, રોબોટિક્સ અને સંબંધિત સપ્લાય ચેઇન ઉદ્યોગોના ઉત્પાદનમાં રોકાયેલી કંપનીઓને સેવા આપવા માટે તાઇવાન સાથે ગુજરાતનો સહયોગ વધુ સુદૃઢ અને ઉત્પાદન ઇકોસિસ્ટિમ સક્ષમ બનશે.

# વનવિસ્તાર બહારનાં વૃક્ષોની સંખ્યા ૪૭ ટકા વધી




સરકારના અવિરત પ્રયાસો અને દિશાનિર્દેશના કારણે નાગરિકોમાં પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ આવી છે. વૃક્ષારોપણ, પાણી સંરક્ષણ અને પર્યાવરણ જાળવણીનાં કાર્યોમાં જનભાગીદારી વધી રહી છે. હરિયાળી ક્રાંતિ સર્જવાના ઉદ્દેશ સાથે ગાંધીનગરમાં વન વિભાગની ચિંતન શિબિર યોજાઈ હતી. જેના સમાપન અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાનશ્રીના 'બૅક ટુ બેઝિક, બૅક ટુ નેચર અને મિશન લાઈફ'ના મંત્રનો ઉલ્લેખ કરી પર્યાવરણલક્ષી જીવનશૈલીની આવશ્યકતા સમજાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પર્યાવરણ સંરક્ષણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'એક પેડ માં કે નામ' જેવા અભિયાનોની શરૂઆત કરાવી છે. આવાં પર્યાવરણલક્ષી અભિયાનોનાં સકારાત્મક પરિણામોથી છેલ્લાં ૧૨ વર્ષમાં રાજ્યમાં વનવિસ્તાર બહારનાં વૃક્ષોની સંખ્યામાં ૪૭ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે.


વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ચિંતન શિબિરમાં વનવિભાગ અધિકારીઓમાં સમાયેલી કાર્યશક્તિ અને આગવી ટેલેન્ટ જોવા મળી છે. આ ચિંતન શિબિરમાં વન વિભાગના વિકાસ માટે ચિંતન અને મંથન થયું છે. ગુજરાતમાં નર્સરી કલ્ચરને પ્રાધાન્ય આપીને ગ્રીન કવર વધારવા માટે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં વિવિધ જિલ્લાઓમાં ૮થી ૧૦ હાઈટેક નર્સરી તૈયાર કરવાનું આયોજન છે. આ કાર્યક્રમમાં વન રાજ્ય મંત્રી શ્રી પ્રવિણભાઈ માળી ઉપસ્થિત રહ્યા હતા.



# કૉમનવેલ્થ ગેઇમ્સ ૨૦૩૦ને સફળ બનાવવા પ્રતિબદ્ધ ગુજરાત

ગુજરાતમાં વર્ષ ૨૦૩૦માં યોજાનારી કૉમનવેલ્થ ગેઇમ્સની તડામાર પૂર્વતૈયારીના નિરીક્ષણ અને અભ્યાસ માટે ગુજરાતની મુલાકાતે આવેલી કૉમનવેલ્થ સ્પૉર્ટ્સ ટીમે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

કૉમનવેલ્થ સ્પૉર્ટ્સના પ્રેસિડેન્ટ શ્રીયુત ડોનાલ્ડ રૂકરેની અધ્યક્ષતામાં ઇન્ડિયન ઑલમ્પિક્સ ઍસોસિયેશનના પદાધિકારીઓ સાથે આયોજન અંગે ચર્ચા કરતાં મુખ્યમંત્રીશ્રીએ શતાબ્દી કૉમનવેલ્થ રમતોત્સવના ૨૦૩૦ માટે ટીમવર્કથી આ ગેઇમ્સના ભવ્ય આયોજનની ખાતરી આપી હતી. કૉમનવેલ્થ ગેઇમ્સ પ્રતિનિધિ મંડળે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપ અને રમતગમતને અપાઈ રહેલા પ્રોત્સાહનની પ્રશંસા કરી હતી. કૉમનવેલ્થ સ્પૉર્ટ્સ ટીમના પ્રેસિડેન્ટ અને સી.ઈ.ઓ.એ આગામી જુલાઈ-૨૦૨૬થી ૨ ઑગસ્ટ-૨૦૨૬ સુધી ગ્લાસગોમાં યોજાનારી કૉમનવેલ્થ ગેઇમ્સના અભ્યાસ-નિરીક્ષણ માટે આવવાનું મુખ્યમંત્રીશ્રીને આમંત્રણ પાઠવ્યું હતું, જેનો મુખ્યમંત્રીશ્રીએ સ્વીકાર કરતાં ગુજરાતનું પ્રતિનિધિ મંડળ ગ્લાસગો કૉમનવેલ્થમાં આવશે તેવી ખાતરી આપી હતી.



***ઍવૉર્ડ વિતરણ :*** *ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'દિવ્ય ભાસ્કર' ગ્રૂપ દ્વારા આયોજિત 'પ્રાઇડ ઑફ ગુજરાત-૨૦૨૬' ઍવૉર્ડ વિતરણ સમારોહ યોજાયો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપનાર વિવિધ ક્ષેત્રની આશરે ૬૦ જેટલી અગ્રણી સંસ્થાઓ અને મહાનુભાવોને ઍવૉર્ડ એનાયત કરી અભિનંદન પાઠવ્યાં હતાં. આ સમારોહમાં મીડિયાજગતના મહાનુભાવો અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.*


## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

**સ્ટાર્ટઅપ** ક્ષેત્રે રાજ્ય સરકારની નીતિઓથી યુવાનોની નવીન વિચારશક્તિ, ટૅક્નોલૉજી પ્રત્યેના સાહસના કારણે અત્યાર સુધી આશરે ૧૬ હજાર જેટલા સ્ટાર્ટઅપ નોંધાયેલાં છે, પરિણામે રાજ્યને ભારત સરકાર દ્વારા 'બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ'નો એવોર્ડ મળ્યો છે.

ગુજરાત 'વોકલ ફોર લોકલ'ની પહેલમાં આગેકૂચ કરી રહ્યું છે. ભારત સરકારે ગુજરાતનાં હાથસાળ-હસ્તકલાનાં અને ગ્રામોદ્યોગનાં ૯૦ જેટલાં ઉત્પાદનોને **'એક જિલ્લો, એક ઉત્પાદન"** અંતર્ગત પસંદ કર્યાં છે. તેના કારીગરોને વેચાણ માટે સ્વદેશી હાટ અને ઇ-કોમર્સ પ્લેટફોર્મ આપવામાં આવશે.

સફેદ રણ કચ્છનું જ નહીં ગુજરાતની પ્રવાસન વિવિધતાનું અભિન્ન અંગ બન્યું છે. કચ્છના સફેદ રણ ધોરડો ખાતે G20ની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી. **G20** અંતર્ગત યોજાયેલી 'ટુરિઝમ વર્કિંગ ગ્રુપ'ની પ્રથમ બેઠક હતી, જેનો ઉદ્દેશ વૈશ્વિક સ્તરે પર્યટન ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનો હતો.

# તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતિનો સામાજિક સમરસતાનો સંકલ્પ



અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) સુધારા નિયમો-૨૦૧૮ અન્વયે રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા રાજ્યસ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતિની રચના કરવામાં આવી છે. આ બેઠક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષપદે ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સામાજિક સમરસતાના સંકલ્પ સાથે જનપ્રતિનિધિઓ તથા અધિકારીઓના સંવેદનાપૂર્ણ સહયોગથી આગળ વધવાનું માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં રાજ્યમાં અનુસૂચિત જાતિ અને આદિજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ તથા નાગરિક હક્ક રક્ષણ અધિનિયમ ૧૯૫૫ હેઠળ અનુસૂચિત જાતિ અને જનજાતિ અંગે ૨૦૨૫ના વર્ષમાં બનેલા બનાવોની સમીક્ષા, અત્યાચારના કિસ્સાઓમાં ચૂકવવામાં આવેલી સહાય તથા સામાજિક સમરસતા માટે લેવાયેલાં પગલાં સહિતની બાબતોની સમીક્ષા કરાઈ હતી. નૅશનલ હેલ્પલાઇન અગેઇન્સ્ટ એટ્રોસિટી અંતર્ગત કાર્યરત અલ્ટ્રામૉડર્ન કૉલસેન્ટરમાં ફરિયાદોના ૧૦૦ ટકા નિકાલમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે.

આ બેઠકમાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમ્નભાઈ વાજા, મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી મંત્રી ડૉ. મનીષાબહેન વકીલ, કૃષિ રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારા, શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા, રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી પૂનમચંદ બરંડા ઉપસ્થિત રહ્યા હતા.

# ઇજનેરી કૌશલ્ય : ઉકાઈ ડેમનું પાણી ડુંગરાળ વિસ્તારમાં પહોંચ્યું




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા તાપી જિલ્લાના ઉચ્છલ, નિઝર અને સોનગઢ વિસ્તારો માટે ઉચ્છલ તાલુકાના બાબરઘાટ ખાતે આયોજિત રૂ. ૧૬૦૦ કરોડના ખર્ચે સાકાર થનારી ઉકાઈ જળાશય આધારિત ઉદ્વાહન સિંચાઈ યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, "રાજ્ય સરકારે આદિવાસી સમુદાયનાં શિક્ષણ, આરોગ્ય અને કનેક્ટિવિટી માટે પણ પરિણામલક્ષી કામગીરી કરી છે. પાણી વિકાસનો મુખ્ય આધાર છે. આજે ઇજનેરી કૌશલ્યથી આપણે ઉકાઈ ડેમનું પાણી ડુંગરાળ વિસ્તારોમાં પહોંચાડી રહ્યા છીએ."

**લાભ :**

**ઇજનેરી કૌશલ્ય :** ઉકાઈ ડેમનું પાણી હવે ડુંગરાળ વિસ્તારો સુધી પહોંચશે, જેનાથી હજારો ખેડૂતોની ખેતી બારેમાસ હરિયાળી બનશે. **સુખાકારીનો મંત્ર :** શિક્ષણ, આરોગ્ય અને પરિવહન સુવિધા સાથે હવે સિંચાઈની સુવિધાથી છેવાડાના માનવી સુધી સમૃદ્ધિ પહોંચી રહી છે.

**ઉપસ્થિતિ :** રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, જળસંપત્તિ રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં સૌએ ખેડૂતોની સમૃદ્ધિની ઝાંખી દર્શાવતી શોર્ટ ફિલ્મ નિહાળી હતી.



# સપ્તરંગ ક્રિએટર્સ ફેસ્ટ-૨૦૨૬ અંતર્ગત સર્જકો સન્માનિત

વિશ્વ સંવાદ કેન્દ્ર દ્વારા સોશિયલ મીડિયા કન્ટેન્ટ ક્રિએટર્સને પ્રોત્સાહિત કરવા માટે અમદાવાદની ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં "સપ્તરંગ ક્રિએટર્સ ફેસ્ટ-૨૦૨૬"નું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહીને કન્ટેન્ટ ક્રિએટર્સને પ્રેરણા પૂરી પાડી હતી. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ડિજિટલ દુનિયાના વિવિધ કલાકારોનું સન્માન કરવામાં આવ્યું, જેમાં અભિનેતા હિતેન કુમાર, પત્રકાર પ્રફુલ્લ કેતકર, રેડિયો જૉકી હર્ષિલ સહિત પ્રફુલ્લ ગર્ગ, મીનાક્ષી શેરાવત, નિખિલ ચંદવાણી, વિશાલ પારેખ, માહી પટેલ, કુશલ મિસ્ત્રી, કુલદીપસિંહ ક્લેર, શિવાની શુક્લ, મંગેશ પ્રજાપતિ અને જય ગજેરા જેવા ઊભરતા સર્જકોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ક્રિએટરને 'વન મેન આર્મી' ગણાવતાં જણાવ્યું હતું કે, કન્ટેન્ટ ક્રિએટર્સ પોતાની સર્જનાત્મકતાથી સમાજમાં સકારાત્મક પરિવર્તન અને નવી વિચારધારા લાવવાની ક્ષમતા ધરાવે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ક્રિએટર્સના સર્જનમાં સમાજહિત અને દેશપ્રેમ કેન્દ્રસ્થાને હોવાં જોઈએ, કારણ કે તેઓ 'વોકલ ફોર લોકલ'ના સાચા બ્રાન્ડ ઍમ્બેસેડર છે. નોંધનીય છે કે, રાજ્ય સરકારે ટૅલેન્ટ ડેવલપમેન્ટ અને કન્ટેન્ટ કલ્ચરને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૨૫૦ કરોડની જોગવાઈ કરી છે.



## ગૌરવ દિવસ : ક્રમો સ્થાપના દિન

ભારત સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા છઠ્ઠા નેશનલ વૉટર ઍવૉર્ડ્સમાં ગુજરાતે જળ સંરક્ષણ ક્ષેત્રે દ્વિતીય સ્થાન મેળવ્યું છે. વર્ષ ૨૦૦૫થી ઑક્ટોબર ૨૦૨૫ સુધીમાં કુલ ૧૬.૨૧ લાખ ખેડૂતોએ ૨૪.૯૬ લાખ હેક્ટર વિસ્તાર માટે સૂક્ષ્મ **સિંચાઇ યોજના**નો લાભ લીધો છે.

**પશુપાલન** ક્ષેત્રે ગુજરાતે ક્રાંતિ સર્જી છે. ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં ગુજરાત ચોથા ક્રમે છે અને ઊનના ઉત્પાદનમાં બીજા ક્રમે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં દેશના કુલ દૂધ-ઉત્પાદનમાં ૭.૭૮ ટકા હિસ્સા સાથે ગુજરાત દેશભરમાં ચોથા ક્રમે છે. ભારતને વિશ્વના સૌથી મોટા દૂધ-ઉત્પાદક દેશ તરીકેની ઓળખ અપાવવામાં અમૂલનું યોગદાન પાયાનું રહ્યું છે. ડૉ. વર્ગીસ કુરિયન અને ત્રિભુવનદાસ પટેલ અમૂલના મુખ્ય સ્તંભો ગણાય છે. 'અમૂલ' માત્ર ભારતની જ નહીં પરંતુ એશિયાની સૌથી મોટી ડેરી બ્રાન્ડ છે. તેનાં ઉત્પાદનોની વિશ્વના ૫૦થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવે છે. 'અમૂલ' ભારતની આત્મનિર્ભરતા અને સહકારિતાનું ઉત્કૃષ્ટ પ્રતીક છે.

# અમદાવાદને રૂ. ૧,૦૯૯ કરોડની સુવિધાઓની ભેટ



રાજ્ય સરકારે શહેરોના વિકાસમાં નાગરિકોના જીવનને વધુ સરળ અને સુવિધાસભર બનાવવાને પ્રાથમિકતા આપી છે. વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટીનું ગૌરવ પ્રાપ્ત થયું છે. આજે અમદાવાદ શહેર પોતાની વૈશ્વિક ઓળખ જાળવી રાખીને આધુનિક વિકાસ તરફ મક્કમપણે આગળ વધી રહ્યું છે. નાગરિકોની સુખાકારી વધે અને શહેરની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ મજબૂત બને તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અમદાવાદ શહેરના સર્વાંગી વિકાસને નવી ગતિ આપવા રૂ.૧,૦૯૯ કરોડનાં વિવિધ વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં. આ અવસરે શહેરના નાગરિકોને આવાસ, બ્રિજ, બાગ-બગીચા, તળાવો, ઑડિટોરિયમ તેમજ અન્ય આધુનિક શહેરી સુવિધાઓની ભેટ મળી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પાંચ વર્ષ દરમિયાન અમદાવાદ શહેરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના રોડ અને રસ્તાઓનાં ૧૩,૦૦૦થી વધુ કામો, સ્ટોર્મ વૉટર અને ગટર-વ્યવસ્થા માટે ૬,૧૫૨ કામો થયાં છે, તેમજ પાણી-વિતરણ પ્રણાલી મજબૂત બનાવવા અનેક યોજનાઓ અમલમાં મુકાઈ છે.

આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરનાં નગરજનોને સારા રસ્તા, સુવિધાસભર માળખાકીય વિકાસ અને પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવું એ રાજ્ય સરકારની મુખ્ય પ્રાથમિકતા છે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે અમદાવાદના સ્મૃતિગ્રંથ-'કૉફી ટેબલ બુક'નું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ સર્વશ્રી હસમુખભાઈ પટેલ, દિનેશભાઈ મકવાણા અને નરહરિભાઈ અમીન, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ સહિત આંગણવાડી કાર્યકરો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદનું ગ્લોબલ સ્ટાન્ડર્ડ સિટી તરફ પ્રયાણ

| પ્રોજેક્ટનું નામ | મુખ્ય ઉદ્દેશ અને ખાસિયત |
|---|---|
| સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તરણ | રિવરફ્રન્ટને હવે અમદાવાદથી ગિફ્ટ સિટી (ગાંધીનગર) સુધી લંબાવી પ્રવાસનને નવો વેગ અપાશે |
| આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ | કૉમનવેલ્થ ગેઈમ્સ અને વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેઈમ્સ માટે શહેરમાં વૈશ્વિક સ્તરનું સ્પોર્ટ્સ હબ બનાવવામાં આવશે. |
| ગાંધી આશ્રમ રિડેવલપમેન્ટ | મહાત્મા ગાંધીજીના વારસાને જાળવી, દેશ - વિદેશના પ્રવાસીઓ માટે હોલિસ્ટિક ડેવલપમેન્ટ અને આકર્ષણનું કેન્દ્ર બનાવાશે. |

## ડિજિટલ આંગણવાડી: સુપોષિત ગુજરાતનો સંકલ્પ

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. મનીષાબહેન વકીલે જણાવ્યું હતું કે, આંગણવાડી કાર્યકર બહેનોને સ્માર્ટ મોબાઈલ ફોનનું વિતરણ કરવાના નિર્ણયથી આંગણવાડી સેવાઓ વધુ અસરકારક બનશે.

| પહેલ / વિગત | અમલીકરણ અને ફાયદા |
|---|---|
| સ્માર્ટફોન વિતરણ | રાજ્યની ૫૫,૦૦૦થી વધુ આંગણવાડી કાર્યકર બહેનોને ટેક્નોલૉજીથી સજ્જ કરવા સ્માર્ટફોન અપાશે. |
| પોષણ ટ્રેકર ઍપ | બાળકો અને સગર્ભા માતાઓના સ્વાસ્થ્ય અને પોષણનું રિયલ ટાઈમ મૉનિટરિંગ શક્ય બનશે. |
| બજેટ ફાળવણી | આંગણવાડીનાં નવાં ભવનો અને આધુનિક સુવિધાઓ વિકસાવવા માટે રૂ.૩૬૦ કરોડનું આયોજન. |

# શિષ્યવૃત્તિઃ શિક્ષાવૃત્તિને સમૃદ્ધ બનાવવા પ્રોત્સાહન



ગાંધીનગરના અત્યાધુનિક 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' ખાતે રાજ્યના લાખો વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્યને સુરક્ષિત કરતો શિષ્યવૃત્તિ વિતરણ સમારોહ યોજાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાની ઉપસ્થિતિમાં ટેક્નોલૉજીના માધ્યમથી (DBT) અંદાજે ૧૩.૯૬ લાખ વિદ્યાર્થીઓનાં ખાતાંમાં રૂ. ૩૫૪ કરોડની શિષ્યવૃત્તિ સીધી જમા કરાઈ હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'શિક્ષિત રાષ્ટ્ર'ના વિઝનને સાકાર કરવા ગુજરાત મક્કમતાથી આગળ વધી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં છેલ્લાં ૧૧ વર્ષોમાં દેશના શિક્ષણક્ષેત્રે પણ આમૂલ પરિવર્તન આવ્યું છે. આજે રાજ્યની શાળાઓ 'મિશન સ્કૂલ ઑફ ઍક્સેલન્સ' હેઠળ સ્માર્ટ ક્લાસરૂમ અને ડિજિટલ લૅબોરેટરી જેવી વર્લ્ડક્લાસ સુવિધાઓથી સજ્જ બની છે, જેથી વિદ્યાર્થીઓને ખૂબ જ સારું શિક્ષણ મળતું થયું છે. ગુજરાત સતત પાંચ વર્ષથી સ્ટાર્ટઅપ રેન્કિંગમાં દેશમાં પ્રથમ સ્થાને છે. આ ગૌરવ જાળવી રાખવા SSIP 2.O અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને ઇનોવેશન માટે પ્લૅટફૉર્મ પૂરું પાડવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ SSIP 2.O અન્વયે વિદ્યાર્થીઓના ઈનોવેટિવ પ્રોજેક્ટ્સ માટે પ્રોત્સાહન સહાયના ચેકનું વિતરણ પણ કર્યું હતું. આવા ૭૩૫ યુવા વિદ્યાર્થીઓને કુલ ૬૯.૬૯ લાખની સહાય અપાઈ છે.

શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમ્ન વાજાએ જણાવ્યું હતું કે, રાજ્યના ૭૩૫ સ્ટાર્ટઅપ ઇનોવેશન આઇડિયા માટે ૧,૪૦૦થી વધુ વિદ્યાર્થીઓની સફર શરૂ થઈ છે. ગુજરાત દેશનું એવું રાજ્ય છે જે શાળાકક્ષાએ જ વિદ્યાર્થીઓને ઇનોવેશન માટે રૂ. ૨૦,૦૦૦ સુધીની ગ્રાન્ટ ફાળવે છે.

| શિક્ષણ અને ઇનોવેશનમાં ગુજરાત અગ્રેસર | |
|---|---|
| **યોજના/વિગત** | **મહત્ત્વની સિદ્ધિઓ** |
| કુલ લાભાર્થી વિદ્યાર્થીઓ | ૨૭.૬૧ લાખ વિદ્યાર્થીઓને લાભ. |
| કુલ સહાયની રકમ | રૂ.૧૮૭૧.૭૮ કરોડની સહાય. |
| ડ્રોપ-આઉટ રેશિયો | રાજ્યમાં ઘટીને માત્ર ૨ ટકા થયો. |
| શિક્ષકોની મેગા ભરતી | પ્રાથમિકમાં ૧૨,૭૦૮ અને માધ્યમિકમાં ૯,૪૦૦ શિક્ષકોની ભરતી. |
| બજેટ જોગવાઈ | આગામી વર્ષ માટે બંને મુખ્ય યોજનાઓ માટે રૂ. ૧,૫૦૦ કરોડ. |

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ગુજરાત દરિયાઇ મત્સ્ય ઉત્પાદનમાં દેશમાં બીજા અને કુલ ઉત્પાદનમાં છઠ્ઠા ક્રમે છે, જે દેશના કુલ દરિયાઇ ઉત્પાદનમાં ૨૧.૦૯% હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યે ૧૦.૪૩ લાખ ટન (રૂ. ૧૯,૦૧૩.૫૪ કરોડ) **મત્સ્ય-ઉત્પાદન** કર્યું હતું, જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન મત્સ્ય-નિકાસ દ્વારા રૂ. ૫,૮૮૯.૨૯ કરોડનું વિદેશી હૂંડિયામણ મેળવ્યું હતું.

'બેક ટુ નેચર' અને 'મિશન લાઇફ' જેવાં અભિયાનોથી પર્યાવરણ જાગૃતિ વધતાં ગુજરાતનું **હરિત આવરણ** ૨૧,૬૪૯ ચો.કિ.મી.એ પહોંચ્યું છે. 'એક પેડ માં કે નામ' જેવા પ્રયાસોને લીધે છેલ્લાં ૧૨ વર્ષમાં વન-વિસ્તાર બહારનાં વૃક્ષોમાં ૪૭%નો વધારો થયો છે. આ ઉપરાંત, ૧,૧૭૪ ચો.કિ.મી. સાથે ગુજરાત ભારતનો પશ્ચિમ કિનારાનો સૌથી મોટો મેન્ગ્રોવ વિસ્તાર ધરાવે છે.

# રાજકોટમાં ઊજવાયો વિકાસોત્સવ




રાજ્ય સરકારના પ્રયત્નોથી રંગીલા રાજકોટ શહેરને અનેક ભેટ-સોગાદો મળી છે. એઈમ્સથી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ જેવા વિકાસલક્ષી પ્રયત્નોથી આ વિસ્તારોને રોજગારીની નવીન તકો અને રાજકોટના વિકાસને નવી ઊંચાઈ મળી છે. રાજકોટને મૉડેલ સિટી બનાવવાની દિશામાં સરકાર અને નાગરિકો સહયોગ આપી વિકાસયાત્રાને આગળ લઈ જઈ રહ્યાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રાજકોટ મુલાકાત માત્ર સરકારી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ જ નહીં, પણ જન-જન સાથેના ભાવનાત્મક જોડાણનો એક મહોત્સવ પુરવાર થઈ.

## 'ઘરના ઘર'નું સપનું સાકાર

રાજકોટ શહેરના વિકાસને વેગ આપતાં મુખ્યમંત્રીશ્રીએ મહાનગરપાલિકાના રૂ. ૭૫૧.૨૦ કરોડના ૪૫ જેટલા વિવિધ વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યાં હતાં. લોકાર્પિત થયેલાં વિકાસકાર્યોમાં સૌથી મહત્ત્વનું પાસું પ્રધાનમંત્રી આવાસ યોજના (EWS-II) હેઠળ ૧૦૧૦ પરિવારોને મળેલા આધુનિક સુવિધાસભર આવાસો છે. સોલાર સિસ્ટિમ, સીસીટીવી અને ચિલ્ડ્રન પ્લે એરિયા જેવી સુવિધાઓ સાથેનાં આ મકાનો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના જીવનમાં સ્થિરતા અને સન્માનનું પ્રથમ પગથિયું સાબિત થશે.

## 'હેતનો હોંકારો' અને સંવેદનાનો સ્પર્શ

મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન ફેડરેશન ઑફ હાઉસિંગ બોર્ડ દ્વારા તેમનું 'હેતનો હોંકારો' કાર્યક્રમ દ્વારા ઉષ્માભર્યું સન્માન કરાયું. 'રાષ્ટ્રીય વયોશ્રી યોજના' હેઠળ મુખ્યમંત્રીશ્રીએ પ્રોટોકોલ તોડીને સ્ટેજ પરથી નીચે ઊતરી વડીલો પાસે જઈને સાધન-સહાય અર્પણ કર્યાં હતાં. આ દૃશ્યે સાબિત કર્યું કે, રાજ્ય સરકાર "વડીલોની વંદના અને તેમની સુખાકારી" માટે કટિબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ વડીલોના ખબરઅંતર પૂછી તેમની સાથે સંવેદનાસભર સંવાદ પણ સાધ્યો હતો. આ તકે શહેરના ૧૧૭ વયોવૃદ્ધ નાગરિકોને રૂ. ૧૮.૦૪ લાખની રકમનાં ૧,૧૧૭ સાધનો આપવામાં આવ્યાં હતાં. ૬૦ વર્ષથી વધુ વયના વયસ્કોને કમોડ ખુરશી, કમરના સપોર્ટ માટે પટ્ટા, કાનનાં મશીન સહિત વિવિધ સહાયક ઉપકરણો મળવાથી તેમના દૈનિક જીવનમાં સરળતા રહેશે અને અન્યો પરનું અવલંબન ઘટશે.

## કેળવણી મંડળના સામૂહિક પ્રયાસોને પ્રેરણા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રી લેઉવા પટેલ નૂતન કેળવણી મંડળ સંચાલિત બોર્ડિંગના નવનિર્મિત બિલ્ડિંગનું લોકાર્પણ કરાયું હતું. મુખ્યમંત્રીશ્રીએ કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પરિસરમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશાળ પ્રતિમાનું અનાવરણ પણ કર્યું હતું.

વિરાસતથી વિકાસના ધ્યેયને સાકાર



કરવા માટે જરૂરી મહેનત, પરિશ્રમ, સાદગી, કરકસર અને સ્વાવલંબન જેવા આગવા ગુણો પટેલ સમાજની આગવી ઓળખ છે. સહકારી પ્રવૃત્તિક્ષેત્રે સરદાર પટેલે આપેલા અમૂલ્ય યોગદાનને અને નાના કામથી શરૂ કરીને મલ્ટિનૅશનલ કંપનીની સ્થાપના સુધી જરૂરી સાહસ, બુદ્ધિ અને વિશ્વાસ ધરાવતા પટેલો વિશ્વના દરેક ખૂણાને ઉજાગર કરી રહ્યા છે.

'ઇઝ ઓફ લિવિંગ' અને 'અર્ન વેલ, લિવ વેલ'ના મંત્ર સાથે રાજકોટ હવે વૈશ્વિક કક્ષાનું મૉડેલ સિટી બનવા તરફ અગ્રેસર છે. રાજકોટની આ મુલાકાત સાબિત કરે છે કે રાજ્ય સરકાર માટે પ્રત્યેક નાગરિકના ચહેરા પર સ્મિત લાવવું એ પ્રાથમિકતા છે.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા, કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, કાયદા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા, શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી શ્રી દર્શનાબહેન વાઘેલા, સાંસદ સર્વશ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, શ્રી રામભાઈ મોકરિયા અને શ્રી કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્ય સર્વ શ્રી ભાનુબહેન બાબરિયા, ડૉ. દર્શિતાબહેન શાહ, ઉદયભાઈ કાનગડ, મહાનગરપાલિકાના અધિકારીઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### લોકાર્પિત થયેલા મુખ્ય પ્રોજેક્ટ્સ (રૂ. ૨૦૭ કરોડ)

| પ્રોજેક્ટનું નામ / વિભાગ | ખર્ચ (કરોડમાં) | વિશેષતાઓ અને સુવિધાઓ |
|---|---|---|
| રેલનગર આવાસ યોજના (EWS-II) | રૂ.૧૧૯.૦૫ | ૧૦૧૦ આવાસો, સોલાર સિસ્ટિમ, ઓટો લિફ્ટ, સીસીટીવી, ચિલ્ડ્રન પ્લે એરિયા અને ફાયર સેફ્ટી. |
| રૈયાધાર STP પ્લાન્ટ | રૂ.૩૩.૩૦ | ૨૩ MLD ક્ષમતા ધરાવતો આધુનિક સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ. |
| ઘંટેશ્વર STP પ્લાન્ટ | રૂ.૩૦.૮૫ | ૧૫ MLD ક્ષમતા, જે નવા વિકસતા વિસ્તારો માટે આશીર્વાદરૂપ બનશે. |
| વૉટર પમ્પિંગ સ્ટેશન (ઘંટેશ્વર) | રૂ.૧૫.૮૧ | ૨ પમ્પિંગ સ્ટેશન અને રાઈઝિંગ મેઈન પાઈપલાઈન દ્વારા જળવિતરણ. |
| રેલનગર હેડવર્ક્સ (રિઝર્વોઈર) | – | ૧૩૯ લાખ લિટરની વિશાળ ક્ષમતા ધરાવતો ગ્રાઉન્ડ સર્વિસ રિઝર્વોઈર. |

### ખાતમુહૂર્ત થયેલા નવા પ્રકલ્પો (રૂ. ૫૪૩.૮૯ કરોડ)

| વિભાગ | અંદાજિત ખર્ચ | પ્રોજેક્ટનો હેતુ |
|---|---|---|
| બાંધકામ વિભાગ | રૂ.૩૬૮ કરોડ | નવા મુખ્ય માર્ગો અને અત્યાધુનિક જાહેર ઈમારતોનું નિર્માણ. |
| વૉટર વર્ક્સ | રૂ.૧૭૩ કરોડ | નવા સમાવિષ્ટ અને પછાત વિસ્તારોમાં પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનું આયોજન. |
| ડ્રેનેજ અને રોશની | – | ગટર-વ્યવસ્થાનું આધુનિકીકરણ અને સ્માર્ટ સ્ટ્રીટ લાઇટનાં કામો. |
| કુલ નવા પ્રોજેક્ટ્સ | ૪૦ | શહેરના સર્વાંગી વિકાસ માટેનાં વિવિધ કામો. |

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM)ના સહયોગથી ગુજરાત દેશના **'સેમિકન્ડક્ટર હબ'** તરીકે ઊભરી રહ્યું છે. ગુજરાત દેશનું એવું પ્રથમ રાજ્ય છે જેણે સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે સમર્પિત નીતિ જાહેર કરી છે. ગુજરાતનાં સાણંદ અને ધોલેરા સેમિકન્ડક્ટરનાં કેન્દ્રો તરીકે વિકસી રહ્યાં છે. ટાટા ગ્રુપ અને તાઇવાનની PSMC કંપની દ્વારા રૂ. ૯૧,૦૦૦ કરોડના રોકાણ સાથે ભારતનો પ્રથમ કમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન (Fab) પ્લાન્ટ ધોલેરામાં કાર્યરત છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૨૪માં વિશ્વ પર્યાવરણ દિવસે શરૂ કરાવેલા **એક પેડ માં કે નામ** અભિયાનમાં ગુજરાતે સમગ્ર દેશમાં સૌથી વધુ ૬.૦૫ કરોડથી વધુ રોપાઓના વાવેતર સાથે ગ્રીન કવરમાં વધારો કર્યો છે. ગુજરાતે દેશમાં ત્રીજો ક્રમ હાંસલ કર્યો છે.



# અમરેલીમાં જળસંચય, શિક્ષણ અને જનસેવાના પ્રકલ્પો જનસમર્પિત

સૌરાષ્ટ્રની શાન ગણાતા અમરેલી જિલ્લા માટે વિકાસનાં નવાં દ્વાર ખૂલ્યાં. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિવિધ તાલુકાઓની મુલાકાત લઈ જળસંચય, શિક્ષણ અને જનસુખાકારીના કરોડો રૂપિયાના પ્રકલ્પો નાગરિકોને સમર્પિત કર્યા. તેમની સાથે જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ આ વિકાસયાત્રામાં સહભાગી બન્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જળસંચયની શૃંખલાને વધુ મજબૂત બનાવતાં લાઠી તાલુકાના મતીરાળા ગામેથી પિપરિયા-ઝમકુડી નદી પુનર્જીવિત પ્રકલ્પનું ખાતમુહૂર્ત કર્યું.

**ખર્ચ અને ભાગીદારી:** રાજ્ય સરકારના રૂ. ૧૫.૬૬ કરોડના ખર્ચે અને ધોળકિયા ફાઉન્ડેશનના સહયોગથી ૮૦:૨૦ના લોકભાગીદારીના ધોરણે આ કાર્ય સાકાર થશે.

- **વિસ્તાર:** ૯.૬ કિલોમીટરના વિસ્તારમાં નદીને ઊંડી અને પહોળી કરી જળસંગ્રહ ક્ષમતા વધારવામાં આવશે, જેનાથી આસપાસના ખેડૂતોને સિંચાઈમાં મોટી રાહત મળશે.
- **અભિયાન:** મુખ્યમંત્રીશ્રીએ આ તકે 'કેચ ધ રેઈન' અને '૭૫ અમૃત સરોવર' જેવી યોજનાઓ દ્વારા પાણીના ટીપે ટીપાનો બચાવ કરવા અનુરોધ કર્યો હતો.





આ ઉપરાંત, સણોસરા મુકામેથી જેટકો (JETCO)ના સી.એસ.આર ફંડ અને ગીર ગંગા ટ્રસ્ટના સહયોગથી ૮૫ ગામોનાં તળાવો ઊંડાં કરવાની કામગીરીનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

શિક્ષણક્ષેત્રે દીકરીઓને પ્રોત્સાહન આપવા માટે રાજુલાના દેવકા ખાતે પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા સંચાલિત દેવકા વિદ્યાપીઠમાં નવનિર્મિત કન્યા છાત્રાલય અને ભોજનાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

- **ક્ષમતા:** આ અદ્યતન હૉસ્ટેલમાં ૧,૧૦૦ બેડની વ્યવસ્થા અને ભોજનાલયમાં ૫૮૦ વિદ્યાર્થિનીઓની બેઠક-ક્ષમતા છે.
- **સરકારી યોજનાઓ:** મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ૨૧.૩૪ લાખ દીકરીઓને અને 'નમો સરસ્વતી' યોજના હેઠળ ૨.૯૬ લાખ વિદ્યાર્થીઓને સીધી આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે.

**ઐતિહાસિક વારસો અને જન આરોગ્ય :** અમરેલી શહેરના જેસીંગપરા ખાતે ભારતીય અસ્મિતાના પ્રતીક સમાન છત્રપતિ શિવાજી મહારાજ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમાઓનું અનાવરણ કરવામાં આવ્યું. આ સાથે જ જનસેવા માટે ૨ આઈ.સી.યુ. (ICU) ઍમ્બ્યુલન્સનું પણ લોકાર્પણ કરાયું, જે નવજીવન જનરલ હૉસ્પિટલને અર્પણ કરવામાં આવી.

મુખ્યમંત્રીશ્રીનો આ પ્રવાસ અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે નિર્ણાયક સાબિત થયો. વડાપ્રધાનશ્રીના 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્રને ચરિતાર્થ કરતા આ પ્રકલ્પો ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પને પૂર્ણ કરવામાં મહત્ત્વનું યોગદાન આપશે.



**લોકાર્પણ :** અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં સતાધાર જંક્શન પર અંદાજે રૂ.૯૦ કરોડના ખર્ચે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા નવનિર્મિત ફોરલેન ફ્લાય-ઓવરનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું. નારણપુરાથી સોલા સાયન્સ સિટી તરફના રોડ પર સતાધાર ચાર રસ્તા પર આ બ્રિજ બનાવવામાં આવ્યો છે. આ ફ્લાય-ઓવર બનાવવાનું સૂચન સ્વયં મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું, તેમજ તે માટેની ગ્રાન્ટ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ફાળવવામાં આવી હતી. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, AMCના અધિકારીઓ-ભૂતપૂર્વ પદાધિકારીઓ તથા સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.




**કાર્યક્રમ :** ફેડરેશન ઑફ ઇન્ડિયન ચેમ્બર્સ ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI)નાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે અમદાવાદના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મુખ્યમંત્રીશ્રીએ સૌથી જૂના, પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી ઉદ્યોગ મંચ તરીકે 'ફિક્કી'ની ૧૦૦ વર્ષની સફળ યાત્રાને નોંધપાત્ર સીમાચિહ્નરૂપ ગણાવી હતી. તેમજ તેઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ડિજિટલ ભારત, મેઇક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને સ્કિલ ઇન્ડિયા જેવા ઇનિશિયેટિવ્સથી ભારત આત્મનિર્ભરતાથી વિકાસરાહે દોડતું થયું હોવાનું જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉદ્યોગ સાહસિકોને લગતી વિસ્તૃત જાણકારી આપી હતી.

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

**એક્સપોર્ટ પાવરહાઉસ** તરીકે ઊભરતા ગુજરાતે વર્ષ ૨૦૨૪-૨૫માં વિશ્વભરમાં રૂ.૧૩૮૦૦ કરોડના ઑટો કોમ્પોનન્ટ્સની નિકાસ કરી હતી, જે પાછલા વર્ષની સરખામણીમાં ૩૧.૫૪ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. સાથેસાથે ગુજરાતે વિશ્વના ૧૦૨ દેશોમાં ૧૭૭૯૨૪ વાહનોની નિકાસ કરી હતી.

વાઇબ્રન્ટ સમિટ વિશ્વભરના રોકાણકારોને આકર્ષી ગુજરાતને આર્થિક શક્તિ તરીકે મજબૂત બનાવે છે. રોકાણો અને રોજગારી વધે તે આશયથી વર્ષ ૨૦૨૫માં પ્રાદેશિક આકાંક્ષાઓ અને વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓના સૂત્ર સાથે ઝોન મુજબ **વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)** યોજવામાં આવી. મહેસાણામાં આયોજિત VGRCમાં ૩.૨૫ લાખ કરોડનાં રોકાણોનાં એમઓયુ થયાં. જ્યારે રાજકોટની VGRCમાં ૫.૭૮ લાખ કરોડના એમઓયુ અને ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન સાઇન થયાં.






**સંમેલન :** વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાત હંમેશાં મહિલાલક્ષી નીતિઓ અને નારી સશક્તીકરણનું પ્રણેતા રહ્યું છે. તાજેતરમાં ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં 'નારી શક્તિ વંદન સંમેલન' યોજાયું હતું. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ 'સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના પ્રયાસ'ના મંત્ર સાથે વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણમાં નારીશક્તિ ખભેખભા મિલાવીને આગળ વધશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ સંમેલનમાં પદ્મશ્રી રમીલાબહેન ગામીત, ગાંધીનગરનાં મેયર, ધારાસભ્ય સહિત સમાજનાં અગ્રણી મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



**ટ્રેડ એક્સ્પો :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગાંધીનગરમાં આયોજિત ત્રિદિવસીય ઍન્યુઅલ ટ્રેડ એક્સ્પૉનો પ્રારંભ કરાવ્યો હતો. ૧૬થી વધુ સેક્ટર્સના સ્ટોલ્સ સાથેના આ એક્સ્પૉમાં ઓટોમોબાઇલ, રિન્યૂએબલ એનર્જી, આઇ.ટી., ફાર્માસ્યુટિકલ્સ અને ટેક્સ્ટાઇલ્સ તથા એ.આઇ. અને સાયબર સિક્યૉરિટીનો સમાવેશ કરાયો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત વિઝન – ગ્લોબલ એમ્બિશનની થીમ સાથેનો આ એક્સ્પૉ એમ.એસ.એમ.ઇ. અને યુવા સાહસિકો માટે લોકલથી ગ્લોબલનું પ્લૅટફૉર્મ પૂરું પાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ટોરેન્ટ પાવર લિમિટેડના વાઇસ ચૅરમૅન અને એમડી શ્રી જીનલ મહેતા, GCCI ના પ્રમુખ શ્રી સંદીપભાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



**નારી સંમેલન :** અમદાવાદમાં ટાગોર હૉલ ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં 'સ્ત્રી શક્તિ' અને ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI) ની 'બિઝનેસ વુમન કમિટી'ના સંયુક્ત ઉપક્રમે 'નારીશક્તિ વંદન સંમેલન' યોજાયું. આ સંમેલનમાં મહિલા ઉદ્યોગ-સાહસિકો અને વિવિધ ક્ષેત્રની અગ્રણી મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. પંચાયતથી લઈને સંસદ સુધી મહિલાઓની સશક્ત ભાગીદારી સુનિશ્ચિત કરવાનો અને 'વિકસિત ભારત @ ૨૦૪૭'ના ધ્યેય હેઠળ 'વુમન લેડ ડેવલપમેન્ટ'ના સંકલ્પને મજબૂત કરવાના મુખ્ય ઉદ્દેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ બહેનોને ઘર, બિઝનેસ, મેડિકલ કે પોલિટિકલ વગેરે જે વિવિધ ક્ષેત્રમાં નારી–નેતૃત્વ મજબૂત કરવા આહ્વાન કર્યું હતું.

### સ્થાનિક સ્વરાજમાં વિકાસ વિઝન પર ફરી જનવિશ્વાસ


# રાજ્ય મંત્રીમંડળે મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવ્યાં

રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીઓ તાજેતરમાં સંપન્ન થઈ છે. આ ચૂંટણીઓમાં રાજ્યની જનતાએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસના વિઝન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના સબળ નેતૃત્વ પર મહોર મારીને ભારતીય જનતા પાર્ટી(પક્ષ)ને પ્રચંડ જીત અપાવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારોએ મૂકેલા અતૂટ વિશ્વાસને બિરદાવવા, રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નાગરિકોનો અને મુખ્યમંત્રીશ્રીનો આભાર માનતો અભિનંદન પ્રસ્તાવ પસાર કરાયો હતો.

આ પ્રસ્તાવમાં જણાવાયું કે, દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાત છેલ્લા અઢી દાયકા કરતાં વધુ સમયથી અભૂતપૂર્વ વિકાસધારાનું સાક્ષી બન્યું છે. જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામેગામ વીજળી પહોંચાડવાથી લઈને સુજલામ્ સુફલામ્ અને સૌની યોજના દ્વારા સમગ્ર રાજ્યમાં કેનાલનું વિરાટ નેટવર્ક તૈયાર કરવા જેવાં ભગીરથ કાર્યો તેમણે સાકાર કરી બતાવ્યાં છે. વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવી વિઝનરી પહેલ અને સૂક્ષ્મ, લઘુ તથા મધ્યમ કક્ષાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની નીતિથી ગુજરાતે અદ્વિતીય ઔદ્યોગિક વિકાસ સાધ્યો છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહનું ઊર્જાદાયી માર્ગદર્શન પણ ગુજરાતને સતત મળતું રહ્યું હોવાનું આભાર અભિનંદન પ્રસ્તાવમાં જણાવ્યું હતું.

**સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોણ બન્યું વિજેતા?**

રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો, ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત્ત ખાલી પડેલી ૧૩ બેઠકોની પેટાચૂંટણી યોજાઈ હતી.




### ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ગુજરાતમાં સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓ કાર્યરત છે. કૌશલ્યવાન યુવા પ્રતિભાઓ તૈયાર કરવાના ઉદ્દેશથી ગુજરાતમાં **કૌશલ્ય સ્કિલ યુનિવર્સિટી**ની વર્ષ ૨૦૨૧માં રચના કરવામાં આવી. રક્ષા યુનિવર્સિટી (RRU), ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU), ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (GNLU), કામધેનુ યુનિવર્સિટી, 4 કૃષિ યુનિવર્સિટી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી (SGSU), ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટી જેવી વિવિધ ક્ષેત્રે સંલગ્ન વિશિષ્ટ યુનિવર્સિટીઓ કાર્યરત છે.

ગુજરાતમાં આવેલા ભયાનક ભૂકંપ બાદ રાજ્ય સરકાર દ્વારા **કચ્છનું નવનિર્માણ** આયોજનબદ્ધ રીતે કરવામાં આવ્યું. ધોરડો,સ્મૃતિવન મેમોરિયલ અને સ્મારક, 'ક્રાન્તિતીર્થ', છારી ઢંઢ રામસર સાઇટ અને કચ્છી હસ્તકલાની દિશામાં સફળ પ્રયાસો, પુન: પ્રાપ્ય ઊર્જાના વિકાસના આયોજન સાથે કચ્છ હવે વિશ્વના નકશા પર સંઘર્ષથી સફળતાની ગુજરાતની આગવી ઓળખ બની ચૂક્યું છે.

# વૈશ્વિક કટોકટીમાં ઉદ્યોગોની સુરક્ષા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ



મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ સંઘર્ષ અને વૈશ્વિક કટોકટીને ધ્યાને લઈ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને સુરતમાં દક્ષિણ ગુજરાતના વિવિધ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રતિનિધિઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઉદ્યોગ મંડળો અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ગૅસ સપ્લાય અને કારીગરોની વ્યવસ્થાઓ જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યમાં હાલમાં ગૅસ, પેટ્રોલ, ડીઝલ સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ ગૅસ પુરવઠો પૂરો પડાઈ રહ્યો છે. બેઠકમાં વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓએ પોતાની રજૂઆતો કરી હતી.

દક્ષિણ ગુજરાતનાં ઉદ્યોગ મંડળો દ્વારા ઈન્ડસ્ટ્રિયલ કિચન અને ભંડારાઓ દ્વારા શ્રમિકોને ભોજન પીરસવામાં આવી રહ્યું છે. પાંડેસરા, વાપી, અંકલેશ્વર અને દહેજ જેવા વિસ્તારોની ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કારીગરો માટે રહેવા-જમવાની વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા કારીગરો માટે પાંચ કિલોગ્રામના ગૅસ સિલિન્ડર પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૧૮ જેટલાં કોમ્યુનિટી કિચન (ઈન્ડસ્ટ્રિયલ કૅન્ટીન) કાર્યરત કરવામાં આવ્યાં છે. ગુજરાત દેશનું રોલ મૉડલ છે અને તમામ વેપારીઓ તથા ઈન્ડસ્ટ્રીઝ સરકાર સાથે મળીને પરિસ્થિતિને થાળે પાડવા માટે કામ કરી રહ્યાં છે.

# ખેડૂત પરિવારોને ચૅક અર્પણ અને દિવ્યાંગોને નિમણૂક



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૧૧ વર્ષના સુશાસનની ઉજવણીના ભાગરૂપે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં અમદાવાદ ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બૅંક લિ.-ખેતી બૅંકના ખેડૂત લાભાર્થીઓના વારસદારોને ગાંધીનગરથી અકસ્માત વીમા સહાયના ચૅક અર્પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીના હસ્તે દિવ્યાંગ કર્મચારીઓને કાયમી નિમણૂકપત્રો પણ એનાયત કરવામાં આવ્યા હતા.

ખેડૂત પરિવારો માટે મુશ્કેલીના સમયમાં મોટો આર્થિક આધાર પૂરો પાડવા માટે ખેતી બૅંક દ્વારા લોન લેનાર દરેક ખેડૂત પરિવારને રૂ. ૧૧ લાખનો અકસ્માત વીમો આપવામાં આવે છે. આ વીમાનું પ્રીમિયમ પણ બૅંક દ્વારા ચૂકવવામાં આવે છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સ્વ. હેમંતજી પરમારના વારસદારને રૂ. ૧૧ લાખ તેમજ સ્વ. હિતેશકુમાર પટેલ અને સ્વ. ભાણાભાઈ બારૈયાના વારસદારોને રૂ. ૫-૫ લાખના અકસ્માત વીમાના ચૅકનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી સંઘવીએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી આ આર્થિક સહાય તેમને ભવિષ્યમાં મદદરૂપ થશે, તેવી આશા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં સામાજિક જવાબદારી અને માનવીય અભિગમના ભાગરૂપે પાંચ દિવ્યાંગ કર્મચારીઓને તેમના પ્રોબેશન પિરિયડ પૂરો થતાં કાયમી નિમણૂકના ઑર્ડર પણ નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે આપવામાં આવ્યા હતા.

# પોલીસ પરિવારોને મળ્યું સુખનું નવું સરનામું




રાજ્ય સરકાર પોલીસ પરિવારોને વધુ સારું અને સુવિધાયુક્ત જીવન ધોરણ આપવા માટે કટિબદ્ધ છે. સુરતની પીપલોદ પોલીસલાઇન ખાતેથી નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે કુલ રૂ. ૧૧૬ કરોડના ખર્ચે પોલીસ ક્વાર્ટર્સ, હોર્સ રાઈડિંગ સ્કૂલ, લાઈબ્રેરી, પોલીસ સ્ટેશન, મરીન ટાસ્ક ફોર્સનાં મકાનો સહિતના વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયાં હતાં. નાયબ મુખ્યમંત્રીશ્રીએ સુરત શહેર અને જિલ્લામાં પોલીસ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ માટે પીપલોદ પોલીસલાઇન ખાતે ક્વાર્ટર્સ, હોર્સ રાઈડિંગ સ્કૂલ, લાઈબ્રેરી, રાંદેર પોલીસ લાઇન ખાતે ક્વાટર્સ, ભેસ્તાન ખાતે પોલીસ સ્ટેશન અને હજીરામાં મદદનીશ પોલીસ કમિશનર 'J' ડિવિઝન ઑફિસ, સુરત જિલ્લાના મરીન ટાસ્ક ફોર્સનાં રહેણાક મકાનો તથા બિન-રહેણાક મકાનો, લાજપોર મધ્યસ્થ જેલમાં કોમ્યુનિટી હૉલનું લોકાર્પણ અને લાજપોર જેલમાં કિચનર્સ બૅરેકનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.



***સહાય :*** *નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ૨૩ મોટા ઔદ્યોગિક એકમોને સહાય આપવાની મંજૂરી અપાઈ છે, જેનાથી રાજ્યમાં અંદાજિત ૫,૬૩૪ રોજગારીની તકો ઊભી થશે. આ અંતર્ગત ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળ ૨૨ એકમોના રૂ. ૭૭૦.૨૯ કરોડ અને આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ હેઠળ ૧ એકમના રૂ. ૮૩૭.૬૭ કરોડના રોકાણને બહાલી મળી છે. રાજ્ય સરકારની આ યોજનાઓ નેટ SGST, વ્યાજ સહાય અને EPF રિએમ્બર્સમેન્ટ દ્વારા ઉદ્યોગો તથા MSME સેક્ટરને પ્રોત્સાહિત કરી 'ઇન્ડસ્ટ્રી ફ્રેન્ડલી ઇકો-સિસ્ટિમ' મજબૂત બનાવશે. આ બેઠકમાં રમતગમત રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામિત સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.*

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ભારત સરકારના સ્માર્ટ સિટી મિશનના પ્રથમ રાઉન્ડમાં પસંદ થયેલાં ૨૦ શહેરોમાં સુરતનો સમાવેશ થયો હતો. આ પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે '**સુરત સ્માર્ટ સિટી** ડેવલપમેન્ટ લિમિટેડ' (SSCDL) નામની સ્પેશિયલ પર્પઝ વ્હીકલ કંપનીની રચના કરવામાં આવી છે. સ્માર્ટ સિટી સુરતની નાગરિક સુવિધાઓ, ટ્રાફિક, સ્ટ્રીટ લાઇટ અને પાણી પુરવઠાનું રિઅલ-ટાઇમ મોનિટરિંગ જેવી સુવિધાઓ દ્વારા સુરત સ્માર્ટ શહેરની ઉપમાને સાર્થક કરી રહ્યું છે.

કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા જાહેર કરવામાં આવતા '**સ્ટેટ્સ સ્ટાર્ટઅપ રેન્કિંગ**'માં 'શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય' તરીકે ગુજરાત પ્રથમ રહ્યું છે. ગુજરાત વર્ષ ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૧, ૨૦૨૨ અને જાન્યુઆરી ૨૦૨૬માં સતત પાંચમી વાર 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' તરીકે પોતાની મજબૂત સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટિમ અને નીતિના પરિણામે અગ્રેસર રહ્યું છે.




# ડૉ. આંબેડકરનો સામાન ડૂબ્યો અને સયાજીરાવ સખાવતે આવ્યા

દર્શન ત્રિવેદી

પ્રથમ વિશ્વયુદ્ધ પૂર્ણ થવાને હજુ એકાદ વર્ષની વાર હતી. ૧૯૧૭ના જુલાઈ માસમાં ઈંગ્લિશ ચૅનલમાંથી પસાર થઈ રહેલા સાલસાટી (SS Salsette) નામક જહાજ ઉપર જર્મની તરફથી ટૉર્પિડો હુમલો થયો. આ કમનસીબ હુમલામાં ૧૫ જેટલી વ્યક્તિ મોતને ભેટી. તેની સાથે બીજી પણ એક ઘટના બની. આ જહાજમાં ભારતરત્ન મહામાનવ ડૉ. બી. આર. આંબેડકરની બૌદ્ધિક સંપદા સમાન પુસ્તકો સહિતનો સામાન પણ હતો, જે જહાજની સાથે જ પાણીમાં ડૂબી ગયો. સદ્નસીબે ડૉ. આંબેડકર અમેરિકાથી અન્ય જહાજ મારફત ભારત આવી રહ્યા હતા. એ પછી શું થયું એ વિશે લોકોને જવલ્લે જ ખબર હશે.

ડૉ. ભીમરાવ આંબેડકર મૅટ્રિક પાસ કરનારા મહાર જ્ઞાતિના પ્રથમ વિદ્યાર્થી હતા, જે બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહમાં આચાર્ય કૃષ્ણાજી અર્જુન કેલુસ્કરે ડૉ. ભીમરાવના ઉચ્ચ અભ્યાસ માટે વડોદરાના રાજવી સયાજીરાવ ગાયકવાડ પાસેથી શિષ્યવૃત્તિ અપાવશે, એવી હૈયાધારણ આપી હતી. બાદમાં આચાર્ય કેલુસ્કર ભીમરાવને વડોદરા-નરેશ સાથે મુલાકાત કરાવવા માટે લઈ ગયા. સયાજીરાવ ગાયકવાડે પૂછેલા પ્રશ્નોના ડૉ. ભીમરાવે સચોટ અને યોગ્ય ઉત્તરો આપ્યા. મહારાજા પ્રભાવિત થયા. તેમણે દર માસે રૂ. ૨૫ની શિષ્યવૃત્તિ આપી.




“ડૉ. આંબેડકરની બૌદ્ધિક સંપદા સમાન પુસ્તકો જહાજ સાથે ડૂબી ગયાં.”

વડોદરામાં કોઠી કમ્પાઉન્ડમાં આવેલ ઇમારત

૧૯૦૮માં ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ મેળવી તેમણે બી.એ.ની પદવી પ્રાપ્ત કરી. બાદમાં વડોદરામાં હાલમાં કોઠી કમ્પાઉન્ડમાં જે ઈમારત છે, ત્યાં આવેલા એક ઓરડામાં બેસી નોકરી શરૂ કરી, પણ આ દરમિયાન વસવાટ, ભોજન, જાતિગત તિરસ્કાર સહિતનાં ત્રાસદાયક કષ્ટ અને વિપત્તિઓને કારણે નોકરી છોડી. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો. આવા કપરા સંજોગોમાં મુંબઈના મલબાર હિલ ખાતે સયાજીરાવનો ઉતારો હતો. ડૉ. ભીમરાવે આ સ્થિતિ વિશે તેમને અવગત કરાવવાનો નિર્ણય લીધો. બન્નેની મુલાકાત થઈ. એ દરમિયાન વિદેશમાં અભ્યાસ અંગેની પણ ચર્ચા થઈ. મહારાજા સહમત થયા.

તા. ૪ એપ્રિલ, ૧૯૧૩ના રોજ પ્રતિ માસ ૧૧.૫ પાઉન્ડની શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી. શિષ્યવૃત્તિ માટે જામીનની કેટલીક શરતો પણ રદ કરવામાં આવી હતી. તેઓ અમેરિકા અભ્યાસ કરવા ગયા હતા. ત્યાં અભ્યાસ પૂર્ણ કરીને પરત આવતા હતા ત્યારે પ્રથમ વિશ્વયુદ્ધ ચરમસીમા પર હતું. તેઓ અલગ જહાજ મારફત ભારત આવી રહ્યા હતા, જ્યારે સામાન અલગ અન્ય શિપ મારફત ભારત આવી રહ્યો હતો. એ દરમિયાન હુમલાની ઘટના બની અને ડૉ. ભીમરાવનો તમામ સામાન ડૂબી ગયો.

હવે પછીની ઘટના ઓછી જાણીતી છે. એ બાદ ડૉ. ભીમરાવે વડોદરા રાજ્યની નોકરી ફરી શરૂ કરી હતી. એ દરમિયાન મહારાજાને સામાનનું નુકસાન થયા અંગેની જાણકારી મળી અને તેમણે સપ્ટેમ્બર-૧૯૧૭માં એક ખાસ ‘હુજૂર હુકમ’ બહાર પાડ્યો અને મહારાજાએ આ નુકસાનીનું વળતર આપ્યું હતું.

આ હુકમમાં એવો ઉલ્લેખ વાંચવા મળે છે કે, માસિક રૂ. ૧૫૦ના પગારે ડૉ. ભીમરાવને ઍકાઉન્ટન્ટ જનરલની ઑફિસમાં પ્રૉબેશનર તરીકે રાખવામાં આવે છે. સાથે અમેરિકાથી પરત ફરતી વેળાએ સામાન ડૂબી જવાથી થયેલા નુકસાન બદલ રૂ. ૩૦૦ ગિફ્ટ કવર તરીકે મંજૂર કર્યા હતા. આ રકમ ખાનગી ડિપાર્ટમેન્ટમાં ચૂકવવી, એવો આદેશ થયો હતો. છે ને રસપ્રદ વાત ?

એ બાદ વડોદરામાં નોકરી દરમિયાન તિરસ્કાર અને બાદમાં કમાટીબાગના વડલાની નીચે બેસી ડૉ. આંબેડકરે કરેલું ચિંતન વિખ્યાત છે. એ પછી ભારતમાં સમતાનો નવો અધ્યાય શરૂ થયો.

*રાજ્ય સરકાર દ્વારા લેવાતા જનહિતકારી નિર્ણયો દ્વારા લોકોની સુખાકારીમાં વધારો થાય છે. ગહન મંથન અને ચર્ચાવિચારણા બાદ લોકોના સર્વાંગણી વિકાસ માટે તાજેતરમાં વનબંધુ કલ્યાણ યોજના, મિલકત અને રાજ્યના માર્ગોના નિર્ણયો ઉપરાંત અન્ય નિર્ણયો અત્રે પ્રસ્તુત છે.*

## ‘ટુકડા ધારા-૧૯૪૭’માં સુધારાને સૈદ્ધાંતિક મંજૂરી

**નિર્ણય :** ગુજરાત સરકાર જનહિતના નિર્ણયોમાં હંમેશાં અગ્રેસર રહી છે. રાજ્ય સરકારે આઝાદી પછી પ્રથમ વાર ૭૫ વર્ષ જૂના ‘ટુકડા ધારા-૧૯૪૭’માં ધરખમ સુધારાને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૪૮થી નવા કાયદાના અમલ સુધીમાં, જે કિસ્સાઓમાં જમીનના નિયમ કરતા નાના ટુકડા પડ્યા હોય અથવા કાયદાનું ઉલ્લંઘન થયું હોય, તેવા તમામ જૂના ભંગને કોઈ પણ પ્રકારનો દંડ વસૂલ્યા વગર ‘રેગ્યુલરાઇઝ’ (વિનિયમિત) કરવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. ખેતીની ગુણવત્તા જાળવી રાખવા ૧૦ ગુંઠાથી ઓછો ટુકડો પાડી શકાશે નહીં.

**લાભ**

- રાજ્યના ખેડૂતો અને જમીનધારકોને મોટી રાહત મળશે. હજારો ‘બોનાફાઇડ’ ખરીદદારોનાં જમીન-ટાઇટલ ક્લિયર થશે.
- રેવન્યૂ કોર્ટમાં ચાલતા વર્ષો જૂના કેસોનો કાયમી નિકાલ આવશે.
- ખેડૂતોની આર્થિક ઉન્નતિ થશે.
- જમીન સંબંધી વિવાદોમાં જે નાણાં અને સમયનો વ્યય થતો હતો, તેનો કાયમી અંત આવશે.
- મહાનગરપાલિકા, નગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારોને આ ‘ટુકડા ધારા’માંથી સંપૂર્ણપણે મુક્તિ.
- શહેરી વિસ્તારોમાં બિનખેતી (NA)ની પ્રક્રિયા, બાંધકામ અને જમીન લે-વેચના વ્યવહારો ઝડપી પારદર્શક બનશે, જેનાથી સર્વાંગી વિકાસને વેગ મળશે.

## વનબંધુ કલ્યાણ યોજના : રૂ. ૩૬૨ કરોડનાં ૨૯૩ કામો મંજૂર

**નિર્ણય :** રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપતાં, ગામડાઓ સુધી પાયાની સુવિધાઓને વધુ સુલભ બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોનાં ગામોની શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને પાકા રસ્તાઓથી જોડવા માટે ૩૨૫.૮૧ કિ.મી. લંબાઈનાં કામો તેમજ સ્ટ્રક્ચર નિર્માણનાં કામો મળીને ૨૯૩ કામો માટે કુલ ૩૬૨.૫૭ કરોડ મંજૂર કર્યા છે.

**લાભ :** આદિજાતિ વિસ્તારોમાં નવા રસ્તાઓનું નિર્માણ થવાથી વિદ્યાર્થીઓને શાળાએ પહોંચવામાં સરળતા થશે. એટલું જ નહિં આકસ્મિક પરિસ્થિતિમાં દર્દીઓને નજીકના આરોગ્ય કેન્દ્ર સુધી ઝડપથી પહોંચાડી શકાશે. આ પહેલથી આદિજાતિ વિસ્તારોમાં વિકાસનાં નવાં દ્વાર ખૂલતાં 'સબકા સાથ, સબકા વિકાસ'નો ધ્યેય પણ સાકાર થશે.

સંપાદન સહયોગ : સમાચાર શાખા, ગાંધીનગર

### ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ગુજરાત ગૅસ લિમિટેડ અને Gujarat State Petroleum Corporation દ્વારા સ્થાપિત **ગુજરાત ગૅસ ગ્રીડ નેટવર્ક** ભારતનું સૌથી મજબૂત અને વિસ્તૃત રાજ્ય સ્તરીય ગેસ નેટવર્ક છે. રાજ્યમાં ૨,૫૦૦ કિમીથી વધુ લાંબી હાઇ-પ્રેશર નેચરલ ગૅસ પાઇપલાઇન ગૅસનું જાળ બિછાવવામાં આવી છે.

શાળાના વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થકાર્ડ પૂરું પાડનાર દેશનું એકમાત્ર રાજ્ય ગુજરાત છે. ટીબી મુક્ત ભારત અભિયાનમાં સ્ટેટ્સ વિથ મોસ્ટ ઇમ્પ્રૂવમેન્ટ શ્રેણીમાં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવ્યું છે. **આરોગ્ય** ક્ષેત્રે ૧૦૮ ઇમર્જન્સી સેવા શરૂ થઇ ત્યારથી નવેમ્બર ૨૦૨૫ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૮૯ કરોડથી વધુ ઇમર્જન્સી કોલ એટેન્ડ કરીને દર્દીઓને સફળતાપૂર્વક તાત્કાલિક સારવાર પૂરી પાડવામાં આવી છે.

# ગુજરાતના મજબૂત માર્ગ : રૂ. ૩,૪૦૦ કરોડનાં કામો મંજૂર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વિકાસની પરંપરાને આગળ ધપાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્યના માર્ગોના નેટવર્કને વધુ સુદૃઢ અને સુરક્ષિત બનાવવા માટે બે અત્યંત મહત્ત્વના નિર્ણય કરવામાં આવ્યા છે.

**નિર્ણય :** પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યનાં ગામડાંઓને જોડતા નોન-પ્લાન રસ્તાઓની સુધારણા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૩,૪૦૦ કરોડની મંજૂરી આપી છે. આગામી સમયમાં ૫,૭૦૦ કિમી નોન-પ્લાન્ડ રસ્તાઓનું રિસર્ફેસિંગ કરવામાં આવશે. તે અંતર્ગત રાજ્યના ૩૪ જિલ્લાઓમાં કુલ ૨,૩૪૨ જેટલાં કામોને મંજૂરી અપાઈ છે. રાજ્ય સરકારે માર્ગોની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે હવે 'આઉટપુટ એન્ડ પર્ફોર્મન્સ બેઝ્ડ કોન્ટ્રાક્ટ' (OPRC) અને 'પર્ફોર્મન્સ બેઝ્ડ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ' (PBMC) પદ્ધતિ અપનાવવાનો નિર્ણય કર્યો છે.

### નવી પદ્ધતિની મુખ્ય વિશેષતા

હવે કોન્ટ્રાક્ટરને ચુકવણી કામની માત્રા પર નહીં, પણ રસ્તાની ગુણવત્તાના આધારે કરવામાં આવશે. ડામરની સપાટીની સાથે સાઈડ શોલ્ડર, ડ્રેનેજ, રોડ ફર્નિચર-સાઈન બોર્ડ, માર્કિંગ, સ્ટોન વગેરેની જાળવણી પણ કોન્ટ્રાક્ટરે જ કરવાની રહેશે.

### લાભ :

- વૈજ્ઞાનિક પદ્ધતિ અને પ્રિવેન્ટિવ મેન્ટેનન્સથી રાજ્યના રસ્તાઓનું આયુષ્ય વધશે અને વારંવાર રિપેરિંગની જરૂર નહીં પડે.
- ડિજિટલ મૉનિટરિંગ અને પર્ફોર્મન્સ ઈન્ડિકેટર્સના કારણે કામમાં વધુ પારદર્શિતા અને જવાબદારી આવશે. લાંબાગાળે લાઈફ-સાઈકલ કોસ્ટમાં ઘટાડો થશે
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણનું રક્ષણ થશે.
- ખાડામુક્ત રસ્તા અને યોગ્ય સાઈનેજના કારણે માર્ગ-અકસ્માતોમાં પણ ઘટાડો થશે.
- મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત થશે.
- લાંબાગાળે સરકારના ખર્ચમાં ઘટાડો થશે.
- ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોનું પરિવહન વધુ સુદૃઢ બનશે, અને રસ્તાઓની ગુણવત્તામાં પણ લાંબાગાળાનો સુધારો જોવા મળશે.

# મહેસૂલી સરળીકરણ થતાં મિલકતના તકરારી કેસો ઘટશે

**નિર્ણય :** મહેસૂલ તંત્રમાં પ્રવર્તતી જટિલતાઓ દૂર કરીને પારદર્શિતા લાવવા તેમજ સામાન્ય જનતાને પડતી મુશ્કેલીઓને દૂર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે એક ક્રાંતિકારી નિર્ણય કર્યો છે. મહેસૂલી સરળીકરણ માટે 'જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯'ની કલમ ૧૩૫-Dની જોગવાઈમાં સુધારાથી હવે જમીન અથવા મિલકતના કાયદેસરના વ્યવહારોમાં નાગરિકોને ૩૦ દિવસની નોટિસના સમયગાળાની રાહ જોવામાંથી મુક્તિ મળશે. પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ નિર્ણયને ખેડૂતો અને સામાન્ય જનતા માટે આશીર્વાદરૂપ ગણાવ્યો છે.

**નિર્ણયથી થનારા દૂરગામી લાભો**

| લાભનું ક્ષેત્ર | વિગતવાર અસર |
|---|---|
| બ્લેકમેલિંગ પર રોક | ખોટા વાંધા-વચકા ઉઠાવીને નાણાં પડાવતાં તત્ત્વો પર લગામ આવશે. |
| કોર્ટ કેસોમાં ઘટાડો | મામલતદારથી લઈને SSRD સુધી ચાલતા તકરારી કેસોમાં મોટો ઘટાડો થશે. |
| સામાન્ય જનતાને રાહત | માત્ર ખેતી જ નહીં, પણ દુકાન, ફ્લેટ અને રહેણાક મકાનોની ખરીદીમાં સરળતા રહેશે. |
| વારસાઈમાં સરળતા | સીધી લીટીના વારસદારો વચ્ચે થતી મિલકત તબદીલીમાં હેરાનગતિ બંધ થશે. |
| પારદર્શિતા | મહેસૂલી પ્રક્રિયા વધુ પારદર્શક, નિર્ભય અને સમયબદ્ધ બનશે. |

**નવા સુધારા મુજબ નોટિસના નિયમો**

| વ્યવહારનો પ્રકાર | જૂનો નિયમ | નવો સુધારો (રાહત) |
|---|---|---|
| ચોખ્ખો અને સ્પષ્ટ વ્યવહાર (તમામ હકદારોની સહી હોય, કોઈ વિવાદ ન હોય) | ૩૦ દિવસની નોટિસ ફરજિયાત હતી. | નોટિસ વગર તુરંત જ 'પાકી એન્ટ્રી' (સીધી નોંધ પ્રમાણિત થશે). |
| અદાલત/ટ્રિબ્યૂનલના હુકમો | ૧૩૫-Dની નોટિસ બજવવી પડતી હતી. | નોટિસની જરૂર નથી, સીધી જ અમલવારી કરવામાં આવશે. |
| તપાસની જરૂરિયાતવાળા કિસ્સા (PoA દ્વારા વેચાણ અથવા વારસદારોની સહી ખૂટતી હોય) | ૩૦ દિવસનો સમયગાળો હતો. | સમયગાળો ઘટાડીને માત્ર ૭ દિવસ કરાયો. |

# જમીન વારસાઈ સ્ટૅમ્પ ડ્યૂટીમાં રાહત



**નિર્ણય :** રાજ્યમાં સીધી લીટીના અને આડી લીટીના વારસદારો વચ્ચે થતા જમીન સંબંધિત આંતરિક વ્યવહારો માટે જંત્રી-આધારિત સ્ટૅમ્પ ડ્યૂટીની જોગવાઈઓમાં રાહત આપવાનો પ્રજાલક્ષી નિર્ણય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યો છે. ગુજરાત સ્ટૅમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯ હેઠળ રાજ્ય સરકારને સ્ટૅમ્પ ડ્યૂટી ઘટાડવા અથવા માફ કરવા મળેલી સત્તા અન્વયે મુખ્યમંત્રીશ્રીએ ખેતીની જમીન અંગેના કેટલાક કિસ્સાઓમાં જંત્રી-આધારિત સ્ટૅમ્પ ડ્યૂટીની જોગવાઈઓમાંથી રાહત આપીને રૂ. ૩૦૦ ટોકન સ્ટૅમ્પ ડ્યૂટી લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.

| વિગત | મુખ્ય મુદ્દાઓ |
|---|---|
| મુખ્ય નિર્ણય | વારસાઈ સંબંધિત જમીન વ્યવહારો માટે હવે જંત્રીના બદલે માત્ર રૂ. ૩૦૦ ટોકન સ્ટૅમ્પ ડ્યૂટી લાગુ પડશે. |
| કોને લાભ મળશે? | ખેતીની જમીન ધરાવતા સીધી લીટીના વારસદારો (પુત્ર, પુત્રી વગેરે) અને તેમની ગેરહાજરીમાં આડી લીટીના વારસદારોને. |
| **કયા કિસ્સામાં રાહત મળશે?** | |
| **પ્રકાર** | **વિગત** |
| હક્ક કમી | સંયુક્ત ખાતેદારો પૈકી એક કે વધુ વારસદારો અન્ય વારસદારોની તરફેણમાં પોતાનો હક્ક છોડે ત્યારે. |
| હયાતીમાં નામ દાખલ | હયાત ખાતેદાર દ્વારા વારસદારોનાં નામ એક અથવા વધુ તબક્કે સરકારી રેકૉર્ડમાં દાખલ કરવા માટે. |
| મિલકત વહેંચણી | વારસાઈ નોંધ દ્વારા દાખલ થયેલા સભ્યો વચ્ચે જમીનની આંતરિક વહેંચણી કરવા. |
| **નિર્ણયથી થનારા મુખ્ય લાભો** | |
| **લાભનું ક્ષેત્ર** | **વિગતવાર અસર** |
| ન્યાયિક | પરિવારમાં મિલકત - વહેંચણી સરળ બનતાં કોર્ટ-કચેરીના કેસો અને આંતરિક વિવાદોમાં ઘટાડો થશે. |
| આર્થિક | સ્ટૅમ્પ ડ્યૂટીનો મોટો ખર્ચ બચતાં ખેડૂતો અને સામાન્ય જનતા પરનો આર્થિક બોજ હળવો થશે. |
| વહીવટી | જમીન રેકૉર્ડ (Record of Rights) વધુ સ્પષ્ટ અને અપડેટ બનશે, જેનાથી માલિકી હક્કની ગેરસમજ દૂર થશે. |
| પારદર્શિતા | ઊંચી ડ્યૂટીને કારણે અટકેલા વ્યવહારો હવે કાયદેસર રીતે નોંધાશે, જે 'ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસ'ને વેગ આપશે. |

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ભારતભરમાં ગુજરાત ૨૩% વેટલેન્ડ વિસ્તાર સાથે જળપ્લાવિત પ્રદેશોની દૃષ્ટિએ પ્રથમ ક્રમે છે. ઇસરો (SAC)ના ૨૦૧૦ના અહેવાલ મુજબ, રાજ્યનો કુલ ૩૪,૭૪૯.૫૦ ચો.કિમી વિસ્તાર (ભૌગોલિક વિસ્તારના ૧૭.૫૬%) **જળપ્લાવિત** છે, જેમાં પરવાળાં અને મેન્ગ્રોવ્સનાં ક્ષેત્રોનો પણ સમાવેશ થાય છે.

ઢાંકી ગામે સ્થાપિત એશિયાનું સૌથી મોટું પમ્પિંગ સ્ટેશન આશીર્વાદ સાબિત થયું. **ઢાંકી પમ્પિંગ સ્ટેશન** ગુજરાતનું એન્જિનિયરિંગ માર્વેલ છે. ઢાંકી પમ્પિંગ સ્ટેશન એ ૭૧ મીટરની ઊંચાઇએ પાણી લિફ્ટ કરી સૌરાષ્ટ્ર-કચ્છને પાણી પહોંચાડતી યોજનાનું હૃદય છે. તેનાથી કડીથી ધોળીધજા ડેમ સુધીના વિસ્તારની ૪.૯૭ લાખ હેક્ટરથી વધુ જમીનને સિંચાઇનો લાભ મળી રહ્યો છે.



# ટાંગલિયા શાલ

## વર્ષ ૨૦૦૯માં સત્તાવાર GI ટૅગ પ્રાપ્ત

શક્તિ મુંધવા



ગુજરાતની ધરતી હસ્તકલા અને સંસ્કૃતિના ખજાનાની ભૂમિ છે. રાજ્યમાં વસતા હસ્તકલાના કસબીઓએ પોતાની આગવી સૂઝબૂઝથી વૈશ્વિક સ્તરે ગુજરાતનું નામ રોશન કર્યું છે. આ ખજાનાનું એક ઝળહળતું રતન એટલે સુરેન્દ્રનગરની પાંચાળ ભૂમિની શાન ગણાતી 'ટાંગલિયા શાલ'.

ટાંગલિયા સાત સદીઓ જૂની અદભુત કલા છે, જે કસબીઓની મહેનત અને 'ડાંગસિયા' સમુદાયના લોહીમાં વણાયેલી કલાનું પ્રતીક છે. આ કલા આજે આધુનિક ફૅશનના યુગમાં પણ પોતાનું આગવું સ્થાન જાળવીને 'વોકલ ફોર લોકલ'ના મંત્રને ચરિતાર્થ કરે છે. ટાંગલિયા હસ્તકલાનો ઈતિહાસ આશરે ૭૦૦ વર્ષ જૂનો મનાય છે. ડાંગસિયા સમુદાયે પોતાની આગવી કોઠાસૂઝથી ઊનનાં વસ્ત્રો પર ભરતકામ જેવી અનોખી વણાટકલા વિકસાવી, જે આજે 'ટાંગલિયા' તરીકે જગવિખ્યાત છે. મુખ્યત્વે સુરેન્દ્રનગરના વઢવાણ, સાયલા અને મૂળી તાલુકાનાં ગામોમાં તે જીવંત છે.

ટાંગલિયા શાલને વર્ષ ૨૦૦૯માં સત્તાવાર રીતે જી. આઈ. ટૅગ પ્રાપ્ત થયો હતો. આ સિદ્ધિ મેળવવામાં NIFT ગાંધીનગર અને ટાંગલિયા હસ્તકલા ઍસોસિએશનનું યોગદાન અમૂલ્ય રહ્યું. આ ટૅગ કલાને નકલખોરો અને મશીનમેડ ઉત્પાદનો સામે કાયદાકીય રક્ષણ પૂરું પાડી સુનિશ્ચિત કરે છે કે 'ટાંગલિયા' નામે વેચાતી પ્રોડક્ટ માત્ર સુરેન્દ્રનગરના સ્થાનિક કસબીઓ દ્વારા જ નિર્મિત હોય. વિસરાઈ રહેલી આ કલાને પદ્મશ્રી લવજીભાઈ પરમાર જેવા કસબીઓએ અને સરકાર દ્વારા કલાના રક્ષણ માટેના પ્રયાસોએ નવજીવન આપ્યું. આજે તે માત્ર શાલ પૂરતું મર્યાદિત નથી; હવે સાડી, દુપટ્ટા, કુર્તા અને હોમ ડેકોરની વસ્તુઓ પણ મળે છે. પરંપરાગત ઊનની સાથે હવે તેમાં કોટન અને સિલ્કનો પણ ઉપયોગ થાય છે, જેથી તે બારેમાસ પહેરવાલાયક રહે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે હોલીવૂડના જાણીતા અભિનેતા બ્રેડ પિટે ટાંગલિયા વર્કવાળું શર્ટ પહેરીને આ કલાને વૈશ્વિક મંચ પર પ્રસિદ્ધ કરી હતી.

આ કલાની વિશેષતા તેની 'દાણા' ટૅક્નિક છે. સામાન્ય ભરતકામમાં કાપડ તૈયાર થયા પછી સોય-દોરાથી વર્ક થાય છે, પરંતુ ટાંગલિયામાં કારીગર વણાટકામની સાથે જ કાચા ઊન કે રૂના નાના ટુકડાને આંગળીના ટેરવે વણીને 'દાણા' બનાવે છે. વણાટકામની સાથે જ કાચા રૂ કે ઊનમાંથી નાના-નાના દાણા બનાવીને તેને તાણા-વાણાની વચ્ચે એવી રીતે પરોવવામાં આવે છે કે કાપડની બંને બાજુ એકસરખી ભાત ઉપસાવે છે. આ ડિઝાઈન જોતાં એવું લાગે જાણે કાપડ પર મોતી જડ્યાં હોય. ઝીણવટભરી મહેનત માગી લેતી આ કારીગર પોતાની આંગળીનાં ટેરવે ચકલી, મોર અને વેલ જેવી ભૌમિતિક ડિઝાઈનો કલાત્મક રીતે કંડારે છે.



# ભાવનગર-નવી મુંબઈ સીધી ફ્લાઇટનો પ્રારંભ




ભાવનગર ઍરપોર્ટથી કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી કે. રામમોહન નાયડુ તથા કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણિયા, કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સહિતના મહાનુભાવોએ ભાવનગર-નવી મુંબઈ ફ્લાઇટને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે સીધી ફ્લાઇટના શુભારંભ અવસરે ફ્લાઇટનું વૉટર સેલ્યૂટ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રથમ ફ્લાઇટમાં અન્ય મુસાફરો સાથે ૩૦ દિવ્યાંગ મુસાફરોએ મુસાફરી કરી હતી.

વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા હવાઈ ક્ષેત્રના વિકાસની ભૂમિકા ઘણી જ મહત્ત્વની બની રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકાર દ્વારા નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં હરણફાળ પ્રગતિ થઈ રહી છે. ભારત સરકારની ઉડાન યોજના એક ક્રાંતિકારી યોજના છે. ઉડાન યોજનાની સફળતાને ધ્યાને લઈ આવનાર ૧૦ વર્ષોમાં ઉડાન યોજના માટે રૂ. ૨૮ હજાર કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે.

આ તકે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી કે. રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે, ભાવનગરથી નવી મુંબઈ વિમાની સેવા માત્ર લોકલ કનેક્ટિવિટી નથી પરંતુ આ ઍર કનેક્ટિવિટીથી ભાવનગર દેશ અને દુનિયા સાથે જોડાશે. આ અવસરે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણિયાએ આ નવી વિમાની સેવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો અને ભાવનગરની જનતાને આ સેવાનો લાભ મળવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.

**ઇન્ડિગો એરલાઇન્સ દ્વારા આ રૂટ પર સવારે ૮:૩૫ વાગ્યે અને રાત્રે ૮.૫૦ વાગ્યે એમ બે ફ્લાઇટ નવી મુંબઈ માટે ઉડાન ભરશે. આ નવી હવાઈ સુવિધાથી ભાવનગરના વિવિધ ઉદ્યોગ, વ્યાપાર અને પ્રવાસન ક્ષેત્રને મોટો ફાયદો થશે તેમજ નવી મુંબઈ મારફતે અન્ય મહાનગરો સાથેની કનેક્ટિવિટી પણ સરળ બનશે.**

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ગુજરાતની સ્વર્ણિમ જયંતી નિમિત્તે સહભાગી બનેલાં ભારતનાં વિવિધ રાજ્યો અને વિશ્વના દેશોના બિનનિવાસી ગુજરાતી પરિવારો, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની અપીલનો પ્રતિસાદ આપીને ભારતની ૩૧ નદીઓ અને ૫૧ પ્રદેશોની ધરતીની માટી અને જળકુંભ સાથે લાવ્યા હતા. વિશ્વના અનેક દેશોથી આવેલા આ પવિત્ર મહાકુંભોથી મહાત્મા મંદિરના ભૂમિપૂજન દરમિયાન મંદિરના પાયામાં અભિષેક કરવામાં આવ્યો હતો. **મહાત્મા મંદિર** કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર એક વિશ્વસ્તરીય કન્વેન્શન સેન્ટર છે. તેનું ઉદ્ઘાટન જાન્યુઆરી ૨૦૧૪માં કરવામાં આવ્યું હતું અને તેને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૦૦મી જયંતી (દક્ષિણ આફ્રિકાથી તેમના ભારત આગમનની શતાબ્દી) ની યાદમાં બનાવવામાં આવ્યું હતું. આ પ્રદર્શનકેન્દ્ર ૩૪ એકર વિસ્તારમાં ફેલાયેલું છે. **મહાત્મા મંદિર** કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ઇકો-ફ્રેન્ડલી રીતે ડિઝાઇન કરવામાં આવ્યું છે, જેમાં સોલર પાવર જનરેશન, વરસાદી પાણીનો સંગ્રહ (રેઇનવોટર હાર્વેસ્ટિંગ) અને કુદરતી વેન્ટિલેશન જેવી સુવિધાઓ છે.

# ઓછા ખર્ચે વધુ ઉત્પાદન : જંગલ મૉડલ ખેતીની કમાલ



**મેહુલ વાંઝવાલા**

વર્તમાન સમયમાં જ્યારે રાસાયણિક ખાતરથી થતી ખેતીના પાકથી બીમારીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે તંદુરસ્ત જીવન માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર શ્રેષ્ઠ વિકલ્પ રહ્યો છે. સુરતના બારડોલી તાલુકાના રામપુરા ગામનાં મહિલા ખેડૂત ભાવનાબહેન પ્રવીણભાઈ પટેલ અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરી રહ્યાં છે. ભાવનાબહેન બે વીઘા જમીનમાં જંગલ મૉડલ આધારિત પ્રાકૃતિક ખેતી કરી વાર્ષિક રૂ. ૩ લાખની આવક તેમજ ઓર્ગેનિક ગોળમાંથી લાડુ બનાવીને વધારાની આવક પણ મેળવે છે.

છેલ્લાં સાત વર્ષથી જંગલ મૉડલ આધારિત પ્રાકૃતિક ખેતી કરી સારો પાક, વધુ ઉત્પાદન અને વધુ આવક મેળવતાં ભાવનાબહેને જણાવ્યું હતું કે, બારડોલીમાં શિક્ષિકા તરીકે ફરજની સાથે પરિવારની સાથે ખેતી કરતાં હતાં, પરંતુ ત્યારે તેઓ રાસાયણિક ખેતી કરતાં હતાં. ત્યાર બાદ ખેતીને લગતી વિવિધ શિબિરોમાંથી પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન મેળવ્યું. આત્મા પ્રોજેક્ટની શિબિરમાં પ્રાકૃતિક ખેતીની પ્રેરણા મળી. ત્યાર બાદ વર્ષ ૨૦૧૯માં જંગલ મૉડલ આધારિત પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી. તેમાં ધીમે ધીમે સફળતા મળતાં વર્ષ ૨૦૨૫માં શિક્ષિકાની નોકરી છોડી પતિ પ્રવીણભાઈની સાથે પ્રાકૃતિક ખેતી તરફ વળ્યાં. પહેલાં રાસાયણિક ખેતીમાં આવક ન મળતાં જંગલ મૉડલ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી, જેમાં કોઈ ખેડ કર્યા વગર ખેતી કરવાની શરૂઆત કરી. આ ખેતીમાં બધા પાક એકસાથે વાવવાના હોય છે. ભાવનાબહેન કહે છે કે, મેં ખેતરમાં એકસામટા ૨૦થી ૨૫ પાકનું વાવેતર કર્યું, જેમાં અનાજ, કઠોળ, શાકભાજી, ફ્રૂટનો સમાવેશ થાય છે. ફ્રૂટમાં દાડમ, ચીકુ, જામફળ, સીતાફળની સાથે શાકભાજીનું વાવેતર કર્યું. સાથે ચણા, ચોળી, મગ, અડદ જેવા કઠોળ પાક પણ છે. સામૂહિક પાકના કારણે ખર્ચ ઓછો અને પ્રાકૃતિક ખેતપદ્ધતિ અપનાવવાથી ઉત્પાદન પણ વધુ મળ્યું છે.



રાજ્ય સરકાર દ્વારા મળેલી આર્થિક સહાય વિશે તેમણે કહ્યું કે, રાજ્ય સરકારની ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ થકી અમારા જેવા છેવાડાના ખેડૂતો આર્થિક રીતે પગભર બન્યા છે. જંગલ મૉડલ આધારિત ખેતી માટેનું મૉડલ ફોર્મ બનાવવા સરકાર દ્વારા રૂ.૧૩,૫૦૦ની સહાય પ્રાપ્ત થઈ છે. ખેડૂત સખી તરીકે અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન આપી આ ખેતી માટે પ્રોત્સાહિત કરવાની તાલીમ માટે દર મહિને રૂ.૫૦૦૦ની સહાય મળે છે. તેમજ બારડોલી અને વેસુમાં શાકભાજી વેચાણ કેન્દ્રમાં સ્ટૉલ આપવામાં આવ્યા છે, જેમાં સારા ભાવે શાકભાજીનું વેચાણ કરી શકીએ છીએ.

## શું છે જંગલ મૉડલ પદ્ધતિ ?

**જંગલ મૉડલ પદ્ધતિમાં ખેડ બિલકુલ કરવાની હોતી નથી. આથી ખેતરમાં બળદ, ટ્રૅક્ટર કે માણસ રાખવાનો કોઈ જ ખર્ચો થતો નથી. દવાનો છંટકાવ કરવાની પણ જરૂર પડતી નથી. એક જ ખેતરમાં બધા જ પાકો (મિક્સ) એટલે કે આંતરપાકની જેમ વાવવાના હોય છે.**



# ગોધરાનાં દિવ્યાંગ શિક્ષિકાએ વધાર્યું ગુજરાતનું ગૌરવ





**વિશાલ કડિયા**

"एक बाज़ू उखड़ गया जब से,
और ज़ियादा वज़न उठाता हूँ"

હિન્દીના જાણીતા કવિ દુષ્યંત કુમારની આ પંક્તિઓ આજની 'પ્રેરણા'ની નાયિકાના સ્વભાવની ઓળખ આપે છે. વ્યક્તિની જિજીવિષા, કપરી પરિસ્થિતિમાં ઘૂંટણિયે ન થવાની ખુમારી તથા પોતાની સમજણ અને શક્તિને આધારે સતત પ્રગતિની દિશામાં આગળ વધતા રહેવું તે સમગ્ર માણસાઈને ગૌરવ અપાવે છે. એક દિવ્યાંગ વ્યક્તિનું જીવન આવી સંઘર્ષમય પરિસ્થિતિની સામે સતત પસંદગી કરી આરામ-સુરક્ષાને નકારી પરિશ્રમ અને તેના પરિણામને પ્રાથમિકતા આપનારું હોય છે. શરીરની થાકેલી 'ના'ની સામે મક્કમ મનની 'હા'નો વિજય થતો જોવું એ સુંદર અને ધન્ય ક્ષણ હોય છે.

આજની 'પ્રેરણા'ની નાયિકા એટલે પંચમહાલના ગોધરા તાલુકાની દરુણિયા સરકારી માધ્યમિક શાળાનાં દિવ્યાંગ શિક્ષિકા બહેન આલિયા ખાન. ઓડિશાના ભુવનેશ્વરમાં યોજાયેલી ૨૪મી રાષ્ટ્રીય પેરા ઍથ્લેટિક્સ સ્પર્ધા-૨૦૨૬માં ગોળાફેંક (Shot Put) સ્પર્ધામાં બ્રૉન્ઝ મૅડલ જીતીને તેમણે સાબિત કર્યું કે જો મનમાં અડગ વિશ્વાસ હોય, તો શારીરિક ખામી પણ ખૂબી બની રહે છે. તેમની આ સિદ્ધિ પાછળ એક એવો સંઘર્ષ છુપાયેલો છે જે કોઈ પણ વ્યક્તિને પ્રેરણા આપી શકે છે.



એક હાથે દિવ્યાંગ હોવા છતાં તેમણે ક્યારેય પોતાની જાતને નબળી માની નથી. તેઓ બે બાળકનાં માતા છે. નાના બાળકની જવાબદારી, ઘરકામ અને શાળામાં શિક્ષિકા તરીકેની ફરજ બજાવવાની સાથે મેદાન પર પરસેવો પાડીને પ્રૅક્ટિસ કરવી એ સરળ કાર્ય નથી. પોતાની ધગશ અને મહેનતના જોરે તેમણે રાષ્ટ્રીય સ્તરે મૅડલ જીતીને ગુજરાતને ગૌરવ અપાવ્યું.

આલિયાબહેન વર્ગખંડમાં પણ એક આદર્શ શિક્ષકા છે. તેઓ શાળાનાં બાળકોને વર્ગખંડ બહારનું જ્ઞાન આપવામાં માને છે. ખેલ મહાકુંભ જેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓને ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે માર્ગદર્શન પૂરું પાડે છે. તેમની આ રમતગમત પ્રત્યેની રુચિને કારણે જ તેઓ ૬ નૅશનલ મૅડલ્સ પોતાના નામે કરી ચૂક્યાં છે. ગુજરાતના ખેલ મહાકુંભમાં પણ તેમની સિદ્ધિનો લાંબો ઇતિહાસ છે. જ્યારે આલિયા ખાનના હાથમાં બ્રૉન્ઝ મૅડલ આવ્યો, ત્યારે તે માત્ર એક ખેલાડીની જીત નહોતી, પણ એવી દરેક વ્યક્તિની જીત હતી જે મુશ્કેલીઓ સામે હાર માનવામાં નહીં, પણ લડત આપવામાં માને છે. તેમની આ સિદ્ધિ બદલ જિલ્લા કલેક્ટર, જિલ્લા શિક્ષણાધિકારી અને શાળાના આચાર્ય સૌ કોઈએ તેમને બિરદાવ્યાં છે.

## ગૌરવ દિવસ : ૬૬મો સ્થાપના દિન

ગુજરાત **પ્રવાસન** ક્ષેત્રે અગ્રેસર છે. ગિરનાર રોપ-વે - એન્જિનિયરિંગ કુશળતા અને ધાર્મિક શ્રદ્ધાને દ્રઢ કરતા એશિયાના સૌથી લાંબા પેસેન્જર રોપવેઝ પૈકીના એક જેનો ૨૦૨૦માં જૂનાગઢમાં પ્રારંભ થયો છે. શિવરાજપુર બીચને ૨૦૨૦માં 'બ્લૂ ફ્લેગ' પ્રમાણપત્ર મળ્યું છે, જે તેની સ્વચ્છતા અને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓને દર્શાવે છે. ધોરડો રણોત્સવના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ ધરાવતા ધોરડોને UNWTO દ્વારા 'Best Tourism Village ૨૦૨૩'નું સન્માન મળ્યું. ભૂજના ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને યુનેસ્કોના પ્રિક્સ વર્સેઇલ્સ ૨૦૨૪માં વિશ્વનાં ૭ સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સ્થાન મળ્યું હતું.

ઓખા અને બેટ દ્વારકાને જોડતો **સુદર્શન બ્રિજ** ભારતનો સૌથી લાંબો 'કેબલ સ્ટેડ' બ્રિજ છે. આશરે ૨.૩૨ કિમી લંબાઇ ધરાવતો આ સેતુ બેટ દ્વારકા મંદિરે જતા લોકો માટે બોટ દ્વારા થતી મુસાફરી કરતાં વધુ લાભકારી વિકલ્પ છે.

સંપાદન સહયોગઃ દેવાંગ મેવાડા,
હર્ષદ રૂપાપરા, નીરવ રાવલ, બેલા મહેતા

# ગુજરાત રાજ્યના પ્રથમ સ્થાપના દિને પૂ. રવિશંકર મહારાજે આપેલો પ્રેરક સંદેશ


***ગુજરાત રાજ્યની સ્થાપનાને ૬૬ વર્ષ પૂરાં થાય છે તે પ્રસંગે ૧લી મે ૧૯૬૦ના દિવસે ગુજરાત રાજ્યની સ્થાપનાના પ્રથમ દિવસે સાબરમતી આશ્રમ ખાતે યોજાયેલા સાદા છતાં ભવ્ય સમારંભ વખતે ગુજરાતના મૂઠી ઊંચેરા માનવી પૂ. રવિશંકર મહારાજે જે આશીર્વચન આપેલાં અને ગુજરાતનું રાજ્ય કેવા પ્રકારનું હોવું જોઈએ તેવું પ્રેરક પ્રવચન આપેલું તે શબ્દોનું પુનઃ સ્મરણ કરીએ.***

પૂ. મહારાજે કહેલું કે, "રાષ્ટ્રપિતા ગાંધીજી અને સરદાર સાહેબની નજર પ્રત્યેક ક્ષણે ભારતનાં ગામડાં અને તેની પ્રજા ઉપર રહેતી હતી તથા તેમના વિકાસમાં જ તેઓ ભારતનો વિકાસ જોતા હતા.

ગુજરાતની પ્રજા પણ ખૂબ જ ખમીરવંતી, સાહસિક, અર્થવ્યવહાર કુશળ અને વહેવારુ મહાજનો ધરાવતી છે. આ બધી શક્તિનો ગુજરાતના હિતમાં સરકાર યોગ્ય ઉપયોગ કરે તો ગુજરાત થોડા સમયમાં સમૃદ્ધિના શિખરે પહોંચશે તે વિશે મારા મનમાં બિલકુલ શંકા નથી.

સરકાર ખેતી અને પશુપાલન તરફ વધુ પ્રાધાન્ય આપે, ભૂમિ શોષણનું નહિ પણ પોષણનું સાધન બને. આ દેશમાં આજે ચોખ્ખાં ઘી-દૂધ મળવાં દુર્લભ થયાં છે તે આપણી કેટલી દુર્દશા કહેવાય? એટલે ગૌસેવા અને ગોસંવર્ધન આખા ગુજરાત રાજ્યમાં હોવાં જોઈએ."

પૂ. મહારાજે વહીવટ કેવો હોય તે અંગે જણાવ્યું હતું કે, રાજ્યનો સમગ્ર વહીવટ લોકોની ભાષામાં અને ન્યાય તથા શિક્ષણને ઉચ્ચતમ રક્ષણ આપીને કરવો પડશે. લોકો સમજી શકે તેવી ભાષામાં શિક્ષણ ન અપાય, ન્યાય ન તોળાય, લોકો સમજી શકે તેવી ભાષામાં વહીવટ ન ચાલે ત્યાં સુધી લોકોને 'આ અમારું રાજ્ય છે અને તેના ઉત્કર્ષ માટે અમારે પરિશ્રમ ઉઠાવવો જોઈએ' તેવી ભાવના પેદા થશે નહિ. રાજ્યનો આત્મભાવ નહીં જ જાગે, પરિણામે રાજ્ય સામે પ્રજાને નફરત થશે. એટલે હું આ સ્થળેથી એવું કહું છું કે ગુજરાત રાજ્યે સૌપ્રથમ એવી



જાહેરાત કરવી જોઈએ કે ગુજરાત રાજ્યનો તમામ વહીવટ ગુજરાતી ભાષામાં જ ચાલશે. શિક્ષણનું માધ્યમ પહેલેથી છેલ્લે સુધી ગુજરાતી જ રહેશે અને નોકરીઓ માટે પરીક્ષાઓ પણ ગુજરાતીમાં લેવાશે.

**જનતાની વચ્ચે જાવ**

પૂ. મહારાજે પ્રધાનોને ઉદ્દેશીને એમ પણ કહેલું કે, વિક્રમ રાજાની માફક આપણા મંત્રીઓ કે અધિકારીઓ ભલે વેશપલટો કરીને નગરચર્યા જોવા ન નીકળે પણ કોઈ પણ ખાતાની ઑફિસ પર ચાલુ કામ ઉપર જઈ કોઈ પણ જાતની હોહા કે જાહેરાત કર્યા વિના સ્થળ ઉપર પહોંચી જઈને કામ તપાસવાનો શિરસ્તો પાડશે તો ઘણું બધું જાણવાનું મળશે અને કર્મચારીઓને પણ તેમનું કામ ઝડપથી અને સુંદર રીતે પાર પાડવાની ચાનક ચઢશે.

**તુમારશાહીમાંથી મુક્તિ**

તુમારની ચુંગાલમાંથી પ્રજાને બચાવવાની યુક્તિ જો ગુજરાતનું રાજ્ય શોધી કાઢશે તો પ્રજા ભારે રાહત અનુભવશે. કલેક્ટરો અને મામલતદારોને મળી સ્થાન પર જ તુમારોનો ઝટ નિકાલ કરશો તો ઘણો બગાડ અટકી જશે અને રૂબરૂમાં પતી જતું હોય તે કામ તુમારે ન ચઢાવવું જોઈએ. મંત્રીઓ પણ શક્ય હોય ત્યાં આ દિશામાં જાતે હાજર રહે તો પ્રજાભિમુખ કામો સારાં થશે

**ગાંધીને પગલે ચાલીશ ને ગુજરાત ?**

પૂ. મહારાજે ગુજરાત રાજ્યની સ્થાપનાના દિવસે આપેલા મંગલ પ્રવચન અને પ્રેરક સંદેશામાં અંતે કહેલું કે પ્રભુ આપણને ગાંધીમાર્ગે રાજ્ય ચલાવવાની, ધનથી ગરીબ છતાં સંસ્કારથી ભવ્ય એવા ભારતના સેવકો થવાની શક્તિ અને સદબુદ્ધિ આપે અને સુપંથે ચાલવાનું પ્રભુ બળ આપે તેવી શુભ પ્રાર્થના કરીને આપણે નવું પ્રયાણ કરીએ.

આ પ્રસંગે ગુજરાતના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોષીએ એક ભાવનાપ્રેરક કાવ્ય કહેલું તેના શબ્દો હતા :

**"ગાંધીને પગલે પગલે**
**તું ચાલીશ ને ગુજરાત ?"**

# શ બ્દ ર મ ત

**અરૂણા ડાવરા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ખ | લ | ર | ગૂં | ગો | ગ | વ | ન | ર |
| ત | ણ | ગ | વું | ખ | ર | ળ | ગુ | જ |
| ષ્મ | ગ | ળ | પ | ણ | લ | જ | ળ | જ |
| વા | ગ | ણું | ફ | જા | ણું | યો | ગ્રી | વા |
| ગૂં | રિ | ગો | ષ્ઠિ | ગ | મા | ણ | ષ્મ | ણું |
| ગી | યો | ગ્રી | ગૂં | ગા | ય | મ | જા | ર |
| ષ્ઠી | વ | ત | તો | ક્ષો | નો | ફી | ય | લ |
| ગો | ગી | ષ્ઠિ | બૂ | ણું | ગૌ | ષ્ઠ | ઓ | ફ |
| ણું | ન | કી | ષ્ઠ | આ | ષ્ઠી | પ | ય | મ |

નોંધ : (ઘોષ અલ્પપ્રાણ વ્યંજન એટલે એવા વર્ણો જેમના ઉચ્ચારણમાં ગળામાં રણકો (નાદ/ઘોષ) ઉત્પન્ન થાય અને ખૂબ જ ઓછી હવા (અલ્પપ્રાણ) બહાર નીકળે. ગ, જ, ડ, દ, બ વગેરે ઘોષ અલ્પપ્રાણ વ્યંજન છે જે પૈકી 'ગ' ઘોષ અલ્પપ્રાણ વ્યંજનથી શરૂ થતાં શબ્દોની શબ્દ રમત અહીં પ્રસ્તુત છે.)

1. વહાણના પાછલા ભાગનો એક થાંભલો
2. ગાયોના ચાલવાથી ઊડતી રજ, ધૂળ
3. ભમરડો, :............., ઝેર : ............
4. ગળામાં ઉતારી જવું તે.
5. એક જાતનો સાલ્લો.
6. ગળ્યો સ્વાદ.
7. અવસર પર ગવાતું ગાણું.
8. ગોખવું તે -............., નાકમાંથી બોલતું તે -........
9. ગોળ પથ્થરા ફેંકવાનું જોતર જેવું સાધન -
10. ગરદન :..........., ગરમીની મોસમ : ...............
11. પાણી ઈત્યાદિ ગાળવાનો કપડાનો ટુકડો.
12. ગાયોનો વાડો : ................, વાતચીત :..... ....

**૧. ગાયમ, 2. ગોરજ, 3. ગરિયો, ગરલ, 4. ગળવું, 5. ગવન**
**6. ગળપણ, 7. ગીત, 8. ગોખણ, ગૂંગણું**
**9. ગોફણ, 10. ગ્રીવા, ગ્રીષ્મ, 11. ગળણું, 12. ગમાણ, ગોષ્ઠિ**



# દહીં આરોગ્ય માટેનું અમૃત

**ડૉ. શીતલ ભાગીયા**

દહીં આયુર્વેદ મુજબ ખૂબ ઉપયોગી ખાદ્ય પદાર્થ છે. તેમાં પ્રોટીન, કેલ્શિયમ, વિટામિન B12 અને પ્રોબાયોટિક બૅક્ટેરિયા હોય છે. દહીંનું સેવન આરોગ્ય માટે ફાયદાકારક છે.

**સમય :** દહીં હંમેશાં દિવસ દરમિયાન ખાવું, રાત્રે ખાવાનું ટાળવું. ગુજરાતીમાં કહેવત છે કે મૂળો, મોગરી ને દહીં, બપોર પછી નહીં.

**સાથે શું લેવું :** દહીંમાં મીઠું નાખવાને બદલે ખાંડ, સાકર, ગોળ કે મધ સાથે ખાવું વધુ ફાયદાકારક છે.

**ખાવાનું ટાળવું :** વર્ષાઋતુમાં દહીં ખાવાનું ટાળવું જોઈએ તેમજ ગ્રીષ્મ, શરદ અને વસંત ઋતુમાં રોજ દહીં ન ખાવું જોઈએ.

**ગુણકારી દહીં :** દહીં દૂધમાંથી બનતું હોવાથી તેને દૂધનું વ્યાજ કહી શકાય અને તેમાં દૂધ કરતાં વધુ ગુણો જોવા મળે છે. દહીં વાયુનું શમન કરે છે. દહીં ઊંઘ લાવવામાં મદદરૂપ હોવાથી અનિદ્રાના દર્દીઓ માટે લાભદાયક છે. તે ભૂખ વધારવામાં મદદ કરે છે અને ઝાડા તથા વાયુજન્ય પાચન રોગોમાં રાહત આપે છે. દહીંની મલાઈ મસા માટે હિતકારક છે અને શરીરમાં વીર્યવૃદ્ધિમાં સહાયક બને છે. અટકીને આવતો પેશાબ, મલેરિયા, માસિક સંબંધિત સમસ્યાઓ, દૂબળાપણું અને જૂના સળેખમ જેવા રોગોમાં પણ દહીં ઉપયોગી માનવામાં આવે છે. ખાટું દહીં ખાસ કરીને માસિક રોકાઈ જવાથી થતી સમસ્યામાં ફાયદાકારક છે, દહીંની મલાઈ વાયુ અને પિત્તને શાંત કરે છે.

**વિપરીત અસર :** દહીં પૌષ્ટિક હોવા છતાં તેનો અતિરેક શરીરમાં રક્તવિકાર, સોજા, ત્વચાના રોગો અને અન્ય તકલીફો ઊભી કરી શકે છે. ખાટું કે બરાબર ન જામેલું દહીં શરીરના ત્રણે દોષોને બગાડે છે.

પિત્ત પ્રકૃતિના લોકો અથવા ઍસિડિટી, બળતરા અને ચામડીના રોગોથી પીડિત લોકોએ દહીં ખાવાનું ટાળવું જોઈએ. દૂધ અને દહીંનું એકસાથે સેવન કરવાથી સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે. ગરમ કરેલું દહીં ન ખાવું જોઈએ અને એકલું દહીં ખાવાથી કફ વધે છે.

ધ્યાન રહે, દહીં ગુણોથી ભરપૂર હોવા છતાં તેનો યોગ્ય માત્રામાં, યોગ્ય સમયે અને પોતાની પ્રકૃતિ અનુસાર ઉપયોગ થાય તે ખાસ જરૂરી છે.

# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

'ગુજરાત' પાક્ષિકના વાચકોને આનંદ થાય તેવી વધુ એક નવતર બાબત 'ગુજરાત' પાક્ષિકમાં હવેથી ઉમેરવામાં આવી રહી છે. 'ગુજરાત' પાક્ષિકનો જે અંક તમારા હાથમાં છે એ અંકમાંથી જ ૧૪ સવાલો આપને પૂછવામાં આવ્યા છે. ક્વિઝ પ્રસિદ્ધ થયેલ અંકના પાનામાં જ વ્યવસ્થિત રીતે આપના જવાબ આપેલા વિકલ્પો પૈકી ☑ ની નિશાની કરીને, આ પાનું ✂ કાપીને તમારા નામ અને સરનામાની વિગત સાથે નીચેના સરનામે અંક પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસમાં મોકલી આપશો. મળેલા તમામ સાચા ઉત્તરો પૈકી ડ્રો કરવામાં આવશે અને પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાનું નામ પ્રસિદ્ધ કરવામાં આવશે તેમજ તેમને પ્રોત્સાહક ઇનામ પણ આપવામાં આવશે.

**'ગુજરાત ક્વિઝ', અંક નં. ૯, 'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

૧. કઈ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ હાજરી આપી હતી?
(A) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (B) ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સિટી
(C) દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી (D) ગૂજરાત વિદ્યાપીઠ

૨. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ........ જિલ્લામાં ભવ્ય 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું લોકાર્પણ કર્યું હતું.
(A) અમદાવાદ (B) બનાસકાંઠા
(C) ગાંધીનગર (D) પાટણ

૩. ભારત સરકારે પ્રાચીન પાંડુલિપિઓના ડિજિટલાઇઝેશન અને સંરક્ષણ માટે શરૂ કરેલ મિશનનું નામ શું છે?
(A) શબ્દ શોધમ્ (B) શબ્દ સંગ્રહમ્
(C) જ્ઞાન દેશમ્ (D) જ્ઞાન ભારતમ્

૪. નવીનકરણ ઊર્જા સ્રોતથી વીજળી ઉત્પાદનક્ષેત્રે ભારતમાં ગુજરાતનો ક્રમ કયો છે?
(A) ૧ (B) ૨ (C) ૩ (D) ૪

૫. વીર મેઘમાયાના બલિદાનનું સ્મારક એવું માયા ટેકરી સ્થળ ક્યા આવેલું છે?
(A) પાટણ (B) વાવ થરાદ
(C) બનાસકાંઠા (D) કચ્છ

૬. શ્રીકૃષ્ણ અને રુક્મિણીજીના લગ્નપ્રસંગને ઊજવતો લોકમેળો કયો છે?
(A) ગોળ ગધેડાનો મેળો (B) તરણેતરનો મેળો
(C) માધવપુર ઘેડ (D) પાલેજનો મેળો

૭. ૨૪મી રાષ્ટ્રીય પેરા એથ્લેટિક્સ સ્પર્ધા-૨૦૨૬માં ગોળાફેંકમાં બ્રોન્ઝ જીતનાર ગુજરાતની શિક્ષિકાનું નામ જણાવો.
(A) સેજલ રાઠોડ (B) હુસૈના બીબી
(C) અંજલિ મેકવાન (D) આલિયા ખાન

૮. ગુજરાતના ... થી નવી મુંબઈ સુધી સીધી ફ્લાઇટનો શુભારંભ થયો.
(A) ભાવનગર (B) જામનગર
(C) નવસારી (D) ભુજ

૯. સુરેન્દ્રનગરની ટાંગલિયા શાલને કયા વર્ષમાં જી.આઇ. ટૅગ પ્રાપ્ત થયો ?
(A) ઈ.સ. ૨૦૦૯ (B) ઈ.સ. ૨૦૦૯
(C) ઈ.સ. ૨૦૧૦ (D) ઈ.સ. ૨૦૦૭

૧૦. પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન હેઠળ કયા જિલ્લાની 'બેસ્ટ પરફોર્મિંગ' તરીકે પસંદગી થઈ?
(A) પંચમહાલ (B) નવસારી
(C) અરવલ્લી (D) ડાંગ

૧૧. જંત્રી આધારિત સ્ટૅમ્પ ડ્યૂટીની જોગવાઈઓમાં રાહત આપીને ..... ટોકન સ્ટૅમ્પ ડ્યૂટી લાગુ કરવાનો નિર્ણય લીધો છે.
(A) રૂ. ૧૨૦૦ (B) રૂ. ૧૦૦૦
(C) રૂ. ૫૦૦ (D) રૂ. ૩૦૦

૧૨. નીચેનાં કૃષિ ઉત્પાદનો અને ગુજરાતના દેશમાં ક્રમ બાબતનું કયું જોડકું યોગ્ય નથી?
(A) એરંડા – પ્રથમ (B) મગફળી – પ્રથમ
(C) કપાસ – દ્વિતીય (D) બાજરી – દ્વિતીય

૧૩. OPRC એટલે Output and Performance based ........ Contract.
(A) Road (B) Rate (C) Revised (D) Route

૧૪. સેમિકન્ડક્ટર ક્ષેત્રે રૂ. ૪.૫ લાખ કરોડનું ભારતનું વર્તમાન વૈશ્વિક માર્કેટ વર્ષ ૨૦૩૦ સુધીમાં ક્યાં સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે?
(A) રૂ. ૬ લાખ કરોડ (B) રૂ. ૭ લાખ કરોડ
(C) રૂ. ૯ લાખ કરોડ (D) રૂ. ૧૦ લાખ કરોડ

નામ : ................................ સરનામું : ........................................................................
..............................................................................................................................
ઈમેલ એડ્રેસ :...................................................... મોબાઇલ નં. :...........................................

# ન્યૂ ઇન્ડિયાનું નવું બજાર : GeM પોર્ટલ

**ભાવિકા લીંબાસીયા**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ન્યૂ ઈન્ડિયા' વિઝન હેઠળ ટેક્નોલૉજી દ્વારા પારદર્શિતા લાવવાના ઉદ્દેશ્ય સાથે 'ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ' GeM પોર્ટલ એક મહત્ત્વપૂર્ણ અને ક્રાંતિકારી પ્લેટફોર્મ બન્યું છે. 'મેક ઇન ઈન્ડિયા' અને 'વોકલ ફોર લોકલ'ના મંત્રને અનુસરીને GeM પોર્ટલે સરકારી ખરીદીની જટિલ પ્રક્રિયાઓ સરળ બનાવી છે, જેથી હવે નાનામાં નાનો વેપારી પણ સીધો સરકારનો સપ્લાયર બની શકે છે.

### GeM પોર્ટલ

Government e-Marketplace (GeM) પોર્ટલની શરૂઆત ૯ ઑગસ્ટ ૨૦૧૬ના રોજ સરકારી ખરીદી માટેના ઓનલાઈન માધ્યમ તરીકે થઈ હતી. આ પોર્ટલ દ્વારા સરકારી વિભાગો, જાહેર સાહસો અને મંત્રાલયો પોતાની જરૂરિયાત મુજબ વસ્તુઓ અને સેવાઓ ખરીદી શકે છે. અગાઉ જટિલ ટેન્ડર પ્રક્રિયાને કારણે નાના વેપારીઓ દૂર રહેતા હતા, પરંતુ હવે સરળ ઓનલાઈન નોંધણીથી નાના ગામનો વેપારી પણ મોટાં શહેરોમાં સરકારને માલ સપ્લાય કરી શકે છે. "ન્યૂનતમ સરકાર, મહત્તમ સુશાસન"ના મંત્રને ચરિતાર્થ કરતું આ પોર્ટલ આજે ગુજરાતના લાખો નાના વેપારીઓ, મહિલા ઉદ્યોગ સાહસિકો અને મોટા ઉદ્યોગપતિઓ માટે પ્રગતિનું દ્વાર બની ગયું છે.

### કોણ જોડાઈ શકે છે

GeM પોર્ટલ સમાજના દરેક વર્ગના ઉદ્યોગસાહસિકોને સમાન તક પૂરી પાડે છે. ખરીદદાર તરીકે રજિસ્ટ્રેશન માત્ર સરકારી વિભાગો અને સહકારી સંસ્થાઓ માટે જ છે. વ્યક્તિગત વેપારી, MSME એકમો, સ્ટાર્ટઅપ્સ, મહિલા ઉદ્યોગ સાહસિકો, સ્વસહાય જૂથો, અને સ્થાનિક કારીગરો તેમજ IT સેવાઓ, ટ્રાન્સપોર્ટ, લોજિસ્ટિક્સ, સિક્યૉરિટી અને સફાઈ જેવી સેવાઓ આપતી એજન્સીઓ જોડાઈ શકે છે.

### રજિસ્ટ્રેશન માટે જરૂરી દસ્તાવેજો

- આધાર કાર્ડ : જે મોબાઈલ નંબર સાથે લિંક હોવો અનિવાર્ય છે (OTP માટે).
- PAN કાર્ડ : વ્યક્તિગત અથવા બિઝનેસનું PAN કાર્ડ.
- બેંક વિગતો : ખાતા નંબર, IFSC કોડ અને કેન્સલ ચૅક.
- વિગતો : GST નંબર, Udyam Registration MSME માટે અને ઑફિસનું સરનામું.
- માહિતી : ફોટોગ્રાફ્સ, સ્પેસિફિકેશન અને કિંમતની વિગતો.

### નોંધણી પ્રક્રિયા

GeM પર રજિસ્ટ્રેશન કરવાની પ્રક્રિયા સંપૂર્ણપણે નિ:શુલ્ક અને ઓનલાઈન છે

૧. સાઈન-અપ : www.gem.gov.in પર જઈને 'Seller' તરીકે નોંધણી શરૂ કરો.

૨. વેરિફિકેશન : આધાર અને PAN કાર્ડ દ્વારા ડિજિટલ વેરિફિકેશન પૂર્ણ કરો.

૩. પ્રોફાઈલ પૂર્ણતા : વ્યવસાયનું નામ, સરનામું અને બૅંક ખાતાની વિગતો ભરો.

૪. કૅટલૉગ મૅનેજમેન્ટ : તમે જે ઉત્પાદન કે સેવા વેચવા માગો છો તેના ફોટા અને કિંમત અપલોડ કરો.

૫. ડિજિટલ સહી : તમામ માહિતી સબમિટ કર્યા પછી E-sign કરો. વેરિફિકેશન બાદ તમારું એકાઉન્ટ એક્ટિવ થઈ જશે.

નાણા મંત્રાલયે GFR 2017માં નિયમ ૧૪૯ ઉમેરતાં તમામ સરકારી વિભાગો માટે GeM પોર્ટલ દ્વારા ખરીદી ફરજિયાત કરી છે. તેનો મુખ્ય ઉદ્દેશ સરકારી ખરીદી-પ્રક્રિયામાં પારદર્શિતા વધારવાનો છે.




## બાબાસાહેબના જીવન-વિચારનાં વિવિધ પાસાંનું મૂલ્યાંકન

# 'સમતાના સેનાની - ડૉ. આંબેડકર'

વિરાગ સુતરિયા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ભારતના ઈતિહાસનું એક એવું વ્યક્તિત્વ છે જે 'ઉપેક્ષાથી ઈશ્વરીકરણ' સુધીના તમામ તબક્કાઓ જોઈ ચૂક્યું છે. ચંદ્રકાન્ત બક્ષીના યાદગાર શબ્દોમાં જોઈએ તો "ડૉ. આંબેડકરનું જીવન, મૂલ્યાંકનની ૨૦૦૦ (ડિગ્રી) ગરમીમાંથી પસાર થઈ શકે એવું છે. કોઈ પણ અભ્યાસીને મજા પડી જાય એવું અને કોઈ પણ અભ્યાસીની તાકાત મપાઈ જાય એવું છે."

દરેક મહાપુરુષ વિશે થાય છે એમ કાં તો એમનું ભક્તિભાવપૂર્વક પૂજન થાય, કાં તો એકાંગી ટીકા થાય, પણ એમના જીવન - વિચારનું મૂલ્યાંકન વિશ્વસનીય આધાર સહ બહુ ઓછું થાય છે. આઝાદી પછી અમુક અભ્યાસીઓ અને ચિંતકો સુધી સીમિત રહેલા ડૉ. આંબેડકર એમની શતાબ્દી પછી વાયુવેગે રાષ્ટ્રીય ફલક પર છવાઈ ગયા છે. એમનું લખાણ 'સંપૂર્ણ અક્ષરદેહ' સ્વરૂપે પ્રકાશિત થવા લાગ્યું અને અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓએ બાબાસાહેબના વિચારદેહનું નવી દૃષ્ટિએ મૂલ્યાંકન કરવાની તક ઝડપી લીધી.




બાબાસાહેબના જન્મની સવા શતાબ્દી નિમિત્તે વંચિત - સામાજિક ચળવળોના જાણતલ, વિદ્વાન અભ્યાસી અને આ ક્ષેત્રના અધિકારી લેખક શ્રી ચંદુભાઈ મહેરિયાએ બાબાસાહેબનાં વિવિધ પાસાંઓ ઉજાગર કરતું પુસ્તક 'સમતાના સેનાની : ડૉ. આંબેડકર' સંપાદિત કરીને સ્તુત્ય કાર્ય કર્યું છે.

ઈતિહાસ, અર્થશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, પત્રકારત્વ, રાજનીતિશાસ્ત્ર, બંધારણવિદ, રૅશનાલિસ્ટ, સમાજ સુધારક, મજૂર અધિકારો, સ્ત્રી અધિકારો, વંચિત અધિકારો વગેરે જેવાં અનેક ક્ષેત્રે ચિંતન-લેખન અને કર્મશીલ તરીકે યોગદાન આપનાર બાબાસાહેબનાં વિવિધ ક્ષેત્રો પરનાં વિચારો-લખાણોનું મૂલ્યાંકન ગુજરાતનાં વિવિધ ક્ષેત્રના અને વૈચારિક રીતે મતાંતર ધરાવતા ચાલીસ અભ્યાસીઓએ આ ગ્રંથમાં કર્યું છે.

આ પુસ્તકમાં પ્રૉ. અરુણ વાઘેલાએ બાબાસાહેબના ઈતિહાસ ચિંતન વિશે, તો પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ ઈતિહાસકાર તરીકે આંબેડકરનું મૂલ્યાંકન કર્યું છે. બાબાસાહેબના જીવનધ્યેય સમાન જાતિનિર્મૂલન, આંબેડકર અને સામ્યવાદી ચળવળની વાત આનંદ પરમારે કરી છે. કર્મશીલ સ્વ. ઈન્દુકુમાર જાનીએ બાબાસાહેબની સમાજ-સુધારણાની ચળવળનું મૂલ્યાંકન કર્યું છે. સ્વ. પ્રવીણ ગઢવીએ ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં ભારતીય સ્ત્રી અને સ્ત્રી-અધિકારો સંબંધે બાબાસાહેબનાં વિચારો - કાર્યોનું મૂલ્યાંકન કર્યું છે.

બાબાસાહેબના જીવનમાં છત્રપતિ શાહુ મહારાજનું અપ્રતિમ પ્રદાન રહ્યું છે. બાબાસાહેબ અને શાહુ મહારાજ વચ્ચેના સંબંધોના તાણાવાણા શ્રી કિશોર મકવાણાએ દર્શાવ્યા છે. શ્રી દલપત ચૌહાણે બાબાસાહેબ પર લખાયેલાં અંજલિ કાવ્યો વિશે લખ્યું છે. જ્યારે શ્રી સાહિલ પરમારે એમની કવિતા-લખાણો સાથે આંબેડકરનો નાતો વર્ણવ્યો છે. બાબાસાહેબે વિવિધ પત્રોના પ્રકાશન દ્વારા વિચારો અને પોતાના કાર્યના ફેલાવા માટે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું હતું. પત્રકાર બાબાસાહેબનું મૂલ્યાંકન કરી શ્રી નટુભાઈ પરમારે તેમને ભારતીય પત્રકારત્વના નવપથપ્રદર્શક તરીકે ઓળખાવ્યા છે. બાબાસાહેબના વાચનપ્રેમ અંગે અધ્યાપક શ્રી સંજય ભાવે દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી છે.

સમાજશાસ્ત્રી આંબેડકર વિશે જાણીતા અધ્યાપક શ્રી ગૌરાંગ જાનીએ 'સમાજશાસ્ત્રી'ઓને આંબેડકરના વિદ્યાર્થી બનવા આવાહ્ન કર્યું છે. ડૉ. આંબેડકરે આજીવન તમામ ક્ષેત્રે વ્યાપેલી અસમાનતા સામે સતત અને સખત સંઘર્ષ કર્યો હતો. આ સંઘર્ષે જ તેમને સમતાના સેનાની તરીકે પ્રસ્થાપિત કર્યા છે.

# ડૉ. આંબેડકર આવાસ યોજના



## યોજનાનો હેતુ

અનુસૂચિત જાતિના ઘરવિહોણા, ખુલ્લો પ્લોટ ધરાવતા અથવા કાચું મકાન ધરાવતા લોકોને નવું મકાન બાંધવા આર્થિક સહાય આપવી.

## કુલ સહાયની રકમ

**₹ ૧,૭૦,૦૦૦/- (ચાર હપ્તામાં)**

## કુલ સહાયની રકમ

- **પ્રથમ હપ્તો – રૂ.30,000/-** (વહીવટી મંજૂરીના હુકમ સાથે)
- **બીજો હપ્તો – રૂ.૮૦,૦૦૦/-** (પ્લીન્થ લેવલ થયેથી)
- **ત્રીજો હપ્તો - રૂ. ૫૦,૦૦૦/-** (રૂફ કાસ્ટ લેવલ પૂર્ણ થયેથી)
- **ચોથો હપ્તો – રૂ.૧૦,૦૦૦/-** (શૌચાલય સહિતનું બાંધકામ પૂર્ણ થયેથી)

## લાભાર્થીની પાત્રતા

અરજદાર ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ (SC)ના હોવા જોઈએ.

## આવક મર્યાદા

ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા ₹ ૬,૦૦,૦૦૦/-થી વધુ ન હોવી જોઈએ.

## જરૂરી દસ્તાવેજો

અરજદારનું આધાર કાર્ડ અને રેશનકાર્ડ, જાતિ/પેટા જાતિનો દાખલો (સક્ષમ અધિકારી દ્વારા), રહેઠાણનો પુરાવો (વીજળી બિલ/લાઇસન્સ/ચૂંટણી કાર્ડ), વાર્ષિક આવકનો દાખલો, જમીન માલિકીના આધાર (દસ્તાવેજ/૭-૧૨ અને ૮-અ/ હક્ક પત્રક), મકાન બાંધકામ માટેની ચિઠ્ઠી (તલાટી/સરપંચ દ્વારા), બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક (Cancel Cheque) અને અરજદારનો ફોટો

**ડૉ. આંબેડકર આવાસ યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો.**




**Published on Date : 1-5-2026**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**64 + 4 Cover = Total 68 Pages** • **Editor and Published by** Commissoner of Information on behalf of Commissonerate of Information, Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦

# અખંડિત આસ્થા
# સોમનાથ અમૃતપર્વ ૨૦૨૬

સર્જન-વિસર્જનના દેવતા મહાદેવ અક્ષત, અવિનાશી છે, જેના પ્રતીક સમું સોમનાથ જ્યોતિર્લિંગ સ્વયંભૂ પ્રાદુર્ભાવથી માંડીને મંદિરના પુનઃનિર્માણનું સાક્ષી છે. જીવનું શિવ પ્રત્યેનું સમર્પણ એટલે સોમનાથ મહાદેવ. પ્રભાસ ક્ષેત્રમાં સ્થિત સોમનાથ મહાદેવ એ જનઆસ્થા, ખંડિત સ્થૂળતાથી માંડીને અખંડિત આસ્થા, સ્વાભિમાનનું જ્વલંત પ્રતીક છે. એક હજાર વર્ષ પહેલાં ધ્વસ્ત કરાયેલા સોમનાથ મંદિરનું ૭૫ વર્ષ પહેલાં પુનઃનિર્માણ કરાયું, જેની પાછળ જન-જનમાં પ્રવર્તતી આસ્થા તેમજ સરદાર વલ્લભભાઈ પટેલના સંકલ્પનું પ્રેરણાબળ છે, જેણે પુનઃજાગૃતિ કરવા સાથે મંદિરને ગૌરવાન્વિત કર્યું.

ભારતીય સંસ્કૃતિનાં તેજ અને અસ્મિતાના પ્રતીક સમાન ભગવાન સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં 'સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬' ઊજવાયો. સોમનાથ મંદિરના પુનર્નિમાણનાં ૭૫ વર્ષની ઉજવણીના અવસરે 'સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬'ની ઐતિહાસિક ઉજવણીમાં સહભાગી થવા વડાપ્રધાન અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રભાસ પાટણની પવિત્ર ધરા પર પધાર્યા હતા. વડાપ્રધાનશ્રીના આગમનની વેળાએ વીર હમીરજી સર્કલ પાસે મંદિરના મુખ્ય પ્રવેશદ્વારે ભારતની વિવિધ સંસ્કૃતિઓની ઝાંખી રજૂ કરતી સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા તેમનું અભિવાદન કરવામાં આવ્યું. આ માર્ગ પર વડાપ્રધાનશ્રીએ સોમનાથની થીમ પર બનેલાં આકર્ષક રેત-શિલ્પને નિહાળ્યાં હતાં. ૭૫ ઢોલીઓ સાથે નાસિકના ઢોલ અને પરંપરાગત પરિધાનમાં સજ્જ અંદાજિત ૧૦૦ બાળાઓ અને કન્યાઓએ માથે અમૃત કળશ ધારણ કરી વડાપ્રધાનશ્રીને હરખભેર આવકાર્યા હતા. 'સોમનાથ અમૃતપર્વ' પ્રસંગે વડાપ્રધાનશ્રીના આગમન પૂર્વે લોકગીત, દુહા અને દેશભક્તિનાં ગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં.

મંદિર પરિસરમાં પ્રવેશતાં પૂર્વે વડાપ્રધાનશ્રીએ અખંડ ભારતના શિલ્પી અને સોમનાથ મંદિરના પુનઃનિર્માણના સ્વપ્નદૃષ્ટા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. દિગ્વિજય દ્વાર પાસે ઋષિકુમારોના શંખ અને ડમરુના નાદ વચ્ચે ખાસ 'બેલ વૉક' પરથી પસાર થઈ વડાપ્રધાનશ્રી મંદિરમાં પ્રવેશ્યા હતા,







જ્યાં તેમણે શાસ્ત્રોક્ત વિધિ મુજબ મહાપૂજા કરી દેશની પ્રગતિ અને જન-જનની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

## વડાપ્રધાનશ્રીના કાર્યક્રમની સાથે સાથે..

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્ટેજ પર આગમન થતાં જ ઉપસ્થિત જનમેદનીએ 'જય સોમનાથ'ના જયઘોષ દ્વારા તેમજ મંદિર અંકિત ધ્વજા-પતાકા લહેરાવી તેમનું અભિવાદન કર્યું હતું. વડાપ્રધાનશ્રીને મંત્રીશ્રી તેમજ મહાનુભાવના હસ્તે સોમનાથની પ્રતિકૃતિરૂપે મંદિરની છબી, સિંહનું પોર્ટ્રેટ તેમજ કળશની ભેટ આપવામાં આવી હતી. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ વડાપ્રધાનશ્રીને ડમરુ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. પ્રધાનમંત્રીશ્રીએ પોસ્ટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી ટિકિટનું તેમજ સોમનાથ મંદિરની પ્રતિકૃતિ ધરાવતા સિક્કાનું અનાવરણ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના ઉદ્બોધનનો આરંભ 'જય સોમનાથ' અને 'હર હર મહાદેવ'ના જયઘોષથી કર્યો હતો.

અભિવાદન સમારોહમાં સોમનાથની યશોગાથાનું નિરૂપણ કરતી વિવિધ કલા જેવી કે ફૉક, ક્લાસિકલ, ફ્યુઝન નૃત્ય, દાંડિયા, તલવાર રાસ અને માર્શલ આર્ટના માધ્યમથી સોમનાથનો ભવ્ય ઇતિહાસ રજૂ કરવામાં આવ્યો હતો. સંગીત નાટક અકાદમી, દિલ્હી દ્વારા પ્રસ્તુત નૃત્ય નાટિકામાં ૧૦૦થી વધુ કલાકારોએ સોમનાથની યશોગાથાનું નિરૂપણ કરી દર્શકોનાં મન મોહી લીધાં હતાં. સભામાં ઉનાળાની ગરમીમાં તકલીફ ના પડે તે માટે પાણી તેમજ છાસ વિતરણની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.

## સોમનાથ અમૃતપર્વમાં જનસભાને વડાપ્રધાનશ્રીનું ભાવભર્યું સંબોધન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ ખાતે કહ્યું હતું કે, 'સોમનાથ અમૃત મહોત્સવ' એ માત્ર અતીતનો ઉત્સવ નહીં, પણ આવનારાં ૧૦૦૦ વર્ષ સુધી ભારતની પ્રેરણાનો મહોત્સવ છે. સૃષ્ટિનું જેનાથી સર્જન થાય છે અને જેનામાં લય થાય છે, આજે આપણે તેના ધામમાં સોમનાથ અમૃતપર્વનો ઉત્સવ મનાવી

## નયનરમ્ય આકાશી નજારો

વડાપ્રધાનશ્રીએ મંદિર પર કુંભાભિષેક અને ધ્વજારોહણ કર્યાં હતાં. આ પવિત્ર ઘડીએ ઍરફોર્સનાં બે ચેતક હેલિકૉપ્ટર્સ દ્વારા મંદિર શિખર પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી, જેથી સમુદ્ર તટે સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં દિવ્ય અને ભવ્ય માહોલ સર્જાયો હતો. ભારતીય વાયુસેનાની 'સૂર્યકિરણ' ઍરોબેટિક્સ ટીમ દ્વારા સોમનાથના નભમાં રજૂ કરવામાં આવેલા દિલધડક ઍર-શોએ ઉપસ્થિત મેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. વડાપ્રધાનશ્રીએ મંદિર પરિસરમાં સોમનાથની વૈભવશાળી વિરાસત અને ઇતિહાસને અંકિત કરતા પ્રદર્શનની પણ આ તકે મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.





રહ્યા છીએ. હળાહળનું પાન કરીને જે નીલકંઠ કહેવાયા, આજે આપણે તેમના શરણમાં સોમનાથ અમૃત મહોત્સવ મનાવી રહ્યા છીએ તે ભગવાન સદાશિવની જ લીલા છે.

તેમણે ઉમેર્યું કે, ૭૫ વર્ષ પહેલાં આજના દિવસે થયેલી સોમનાથની પુનઃ સ્થાપના એ સાધારણ અવસર ન હતો. ૧૯૪૭માં દેશ આઝાદ થયો પણ ૧૯૫૧માં સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ એ ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદ્ઘોષ હતો. સરદાર વલ્લભભાઈ પટેલે ૫૦૦થી વધુ રજવાડાંને એક કરીને આધુનિક ભારતનું સ્વરૂપ આપ્યું અને સોમનાથ ધામનું પુનઃ નિર્માણ કરાવીને તેમણે દુનિયાને દર્શાવ્યું કે, ભારત માત્ર આઝાદ જ નથી થયું પણ પ્રાચીન ગૌરવને પુનઃ હાંસલ કરવાના માર્ગે પણ આગળ વધી ચૂક્યું છે. વિનાશમાંથી સર્જનનો સંકલ્પ સોમનાથ મંદિરે ચરિતાર્થ કર્યો છે. અસત પર સતનો વિજય પ્રભાસ ક્ષેત્રે વારંવાર કર્યો છે. મંદિર પુનઃ નિર્માણની હજારો વર્ષોની આ આધ્યાત્મિક ચેતના માનવમાત્રના કલ્યાણની શીખ વિશ્વને આપી રહી છે. જેના નામમાં જ સોમ એટલે કે અમૃત છે, તેને કોણ નષ્ટ કરી શકે!

સોમનાથ આપણને યાદ અપાવે છે કે કોઈ પણ રાષ્ટ્ર લાંબા સમય સુધી ત્યારે જ મજબૂત રહી શકે જ્યારે તે તેનાં મૂળ સાથે જોડાયેલું રહે. સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ થયું અને દેશે સદીઓના કલંકને ધોઈ નાખ્યું. ૭૫ વર્ષની યાત્રાને નવી ઊંચાઈ સોમનાથદાદાના આશીર્વાદથી આપવી છે તેવો પ્રધાનમંત્રીશ્રીએ સંકલ્પ પણ કર્યો હતો. ભારતની સાંસ્કૃતિક ગૌરવયાત્રાને અનેક વીર સપૂતો અને રાજા-મહારાજાઓએ સંરક્ષિત કરી છે ત્યારે નવી પેઢીને જવાબદારીપૂર્વક આ વિરાસતોની મહાનતા અને ભવ્યતાના સંરક્ષણથી જાગૃત કરવાની છે અને તેમને મહાન વારસો સોંપવાનો છે.





વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આક્રમણ કરનારા સોમનાથને માત્ર એક ભૌતિક માળખું માનતા હતા, જેટલી વાર આક્રમણ થયું તેટલી વાર સોમનાથનું વધુ ને વધુ દિવ્યતાથી પુનઃનિર્માણ થતું ગયું. આ આક્રાન્તાઓ ભારતનું વૈચારિક સામર્થ્ય જાણતા ન હતા. આપણે શરીરને નશ્વર માનીએ છીએ અને આત્માને અવિનાશી માનીએ છીએ. શિવ તો સર્વાત્મા છે, શક્તિદાતા શિવ શાશ્વત છે એટલે જ હજારો વર્ષ બાદ પણ અતૂટ આસ્થા વચ્ચે સોમનાથ મંદિર અડીખમ ઊભું છે.

ભારતની પ્રાચીન પરંપરાઓ અને વિરાસતોના સંરક્ષણમાં અનેક વિભૂતિઓનું યોગદાન છે. તેઓએ ભીમદેવ પ્રથમ, રાજા ભોજ, કુમારપાળ, રા'ખેંગાર વગેરેનો ઉલ્લેખ કરી સોમનાથ મંદિરના પુનઃનિર્માણમાં સરદાર વલ્લભભાઈ પટેલના સંકલ્પ અને તેમની સાથે કનૈયાલાલ મુનશી, ડૉ. રાજેન્દ્ર પ્રસાદજી, જામસાહેબને



પણ આ અવસરે યાદ કરી તેમના યોગદાનને પ્રેરણાદાયી ગણાવ્યું હતું. સોમનાથ માટે શહાદત વહોરનાર વીર હમીરસિંહ ગોહિલ અને વેગડા ભીલ ઉપરાંત મંદિર-નિર્માણમાં યોગદાન આપનાર, અહિલ્યાબાઈ હોલકર તથા સોમનાથદાદાની સેવામાં જીવન સમર્પિત કરનાર વડોદરાના ગાયકવાડ સહિતની વિભૂતિઓનું પણ વડાપ્રધાનશ્રીએ સ્મરણ કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ સોમનાથ મંદિર ઉપર એક હજાર વર્ષ પહેલાં થયેલાં આક્રમણો સામે શૌર્ય દાખવનારા શૂરવીર યોદ્ધાઓને યાદ કરતું સોમનાથ સ્વાભિમાન પર્વ, કાશી વિશ્વનાથ કૉરિડોર, કેદારનાથધામ વિકાસ, પાવાગઢમાં ૫૦૦ વર્ષ પછી ધ્વજારોહણ, અંબાજી કૉરિડોર અને સોમનાથ-તમિલ સંગમ સહિતના આયોજનથી ‘વિરાસત ભી, વિકાસ ભી’ના મંત્રને સાકાર કર્યો છે.

વડાપ્રધાનશ્રીએ ૧૧ મે ૧૯૯૮ના રોજ પોખરણ ખાતે કરવામાં આવેલ અણુ-પરીક્ષણને યાદ કરી ભારતના વૈજ્ઞાનિકોનું સામર્થ્ય વિશ્વે નિહાળ્યું હોવાનું જણાવ્યું હતું. પોખરણ ખાતે પરમાણુ-પરીક્ષણ કરીને ભારતના વૈજ્ઞાનિકોએ દેશનાં સામર્થ્ય અને ક્ષમતાને દુનિયા સમક્ષ ઉજાગર કર્યાં હતાં. એ સમયે દુનિયાભરની શક્તિઓ ભારતને હરાવવા મેદાનમાં ઊતરી હતી અને અનેક આર્થિક પ્રતિબંધો લગાવ્યા હતા પરંતુ એ સમયે વડાપ્રધાન શ્રી અટલજીના નેતૃત્વ હેઠળ ભારત દેશ ઝૂક્યો ન હતો અને દુનિયાને બતાવ્યું હતું કે, ભારતીયો નોખી માટીના બનેલા છે. શ્રી અટલજીના નેતૃત્વમાં ભારતે બતાવ્યું કે, દુનિયાની કોઈ શક્તિ ભારતને ઝુકાવી કે દબાણ હેઠળ લાવી નહીં શકે. આ પરમાણુ પરીક્ષણને 'ઑપરેશન શક્તિ' નામ આપવામાં આવ્યું હતું. શિવ સાથે શક્તિની આરાધના એ આપણી પરંપરા છે. દેશમાં ચંદ્રયાન મિશન વખતે જ્યાં રોવર લૅન્ડ થયું ત્યાં તેને આપણે શિવશક્તિ પોઈન્ટ નામ આપ્યું છે. આ તકે તેમણે ઑપરેશન શક્તિની વર્ષગાંઠની શુભકામનાઓ પાઠવી હતી.




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભગવાન સોમનાથનું મંદિર સદીઓથી દેશની આસ્થા, સંસ્કૃતિ, અડગ સંકલ્પ અને પુનર્જાગરણનું જીવંત પ્રતીક છે. સોમનાથ મંદિરને ધ્વંસ કરવાના અનેક પ્રયાસો થયા અને દરેક વિનાશ પછી આ મંદિર વધુ તેજસ્વિતા સાથે ફરી ઊભું થયું છે. લોહપુરુષ સરદાર પટેલે ભગવાન સોમનાથના આ પ્રાચીન મંદિરની




ભવ્યતા સાથે તેના પુન: નિર્માણનો કરેલો સંકલ્પ વર્ષ ૧૯૫૧ની ૧૧મી મેએ પૂર્ણ થયો તે ગૌરવશાળી વિરાસતને ૭૫ વર્ષ થયાં છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે દાયિત્વ સંભાળતાંની સાથે જ સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો સુવર્ણ જયંતી ઉત્સવ ઊજવવાની આપણને તક આપી હતી અને સરદારસાહેબનો દૃઢ સંકલ્પ સાકાર થયાનો અમૃત ઉત્સવ વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી દેશની આઝાદીના અમૃતકાળમાં જ આવ્યો છે તે સોનામાં સુગંધ સમો પ્રસંગ છે. આ દિવ્ય મંદિર વિધ્વંસમાંથી પુનર્નિર્માણના સરદારસાહેબના અડગ નિર્ધાર, દૃઢ સંકલ્પ અને રાષ્ટ્રના આત્મસન્માનનું પ્રતીક બની રહ્યું છે.

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, અનેક આક્રમણો છતાં આપણી અતૂટ આસ્થાનું પ્રતીક સોમનાથ આજે પણ અડીખમ ઊભું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીથી આપણી સંસ્કૃતિ અને અધ્યાત્મના પાયા પર ભારત વિશ્વગુરુ બનવા તરફ અગ્રેસર છે. મંત્રીશ્રીએ આ તકે સોમનાથ મંદિરના સ્વપ્નદ્રષ્ટા સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરી ભાવસભર શબ્દાંજલિ પણ અર્પણ કરી હતી.

આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ.પ્રદ્યુમનભાઈ વાજા, ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ શ્રી જે.ડી. પરમાર, શ્રી પી.કે. લહેરી, શ્રી હર્ષવર્ધન નેઓટીયા, શ્રી વિષદભાઈ મફતલાલ, ધારાસભ્યો શ્રી ભગાભાઈ બારડ તથા શ્રી કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

## સોમનાથ મંદિર ઉપર પહેલી વાર ૧૧ તીર્થોનાં જળથી કુંભાભિષેક



પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં યોજાયેલા 'સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬' ઉત્સવના પગલે પુણ્યભૂમિ પર ચોમેર ઉમંગ અને ઉત્સાહનું વાતાવરણ હતું. પુનઃનિર્મિત સોમનાથ મંદિરના શિખર પર પહેલી વાર ૧૧ મુખ્ય તીર્થોનાં જળથી વિશેષ કુંભાભિષેક કરવામાં આવ્યો, કળશની ક્ષમતા ૧૧૦૦ લિટરની અને વજન ૧૮૭૦ કિલો હતું. વડાપ્રધાનશ્રીએ સોમનાથ મહાદેવની મહાપૂજા કરી. આ દરમિયાન મંદિર બહાર વિશાળ કુંભ ૮૦ મીટરની ઉન્નત ઊંચાઈ પર મંદિરના શિખર સુધી ખાસ ક્રેન દ્વારા લઈ જવાયો. ૧૧ તીર્થોનાં પવિત્ર જળ ભરેલા આ કુંભથી મંત્રોચ્ચાર સાથે શિખર પર અભિષેક કરવામાં આવ્યો. આ અંગે તીર્થના પુરોહિત સોમપુરા બ્રાહ્મણ સમાજના પ્રમુખ શ્રી હેમલભાઈ ભટ્ટે કહ્યું હતું કે, પુનઃનિર્મિત સોમનાથ મંદિરના ઈતિહાસમાં પહેલીવાર શિખર પર કુંભાભિષેક કરવામાં આવ્યો. સામાન્ય રીતે દેશનાં દક્ષિણનાં રાજ્યોમાં આ પરંપરા જોવા મળે છે. ત્યાં મોટેભાગે ૧૦-૧૨ વર્ષે મંદિરના શિખર પર અભિષેક કરીને શુદ્ધીકરણ કરવામાં આવે છે, પરંતુ સોમનાથમાં આવું પ્રથમ વાર થઈ રહ્યું છે.

## યુવાનો માટે લૉન્ચિંગ પેડ : 'સરદાર ધામ-૩'

# સરદાર પટેલનાં સપનાંને સાકાર કરતું 'સરદાર ધામ-૩' લોકાર્પિત




વિશ્વામિત્રી નદીના કિનારે વસેલું અને 'ગુજરાતની સંસ્કારી નગરી' તરીકે ઓળખાતું વડોદરા શહેર, ઐતિહાસિક વારસો, શિક્ષણ, કલા અને ઔદ્યોગિક વિકાસનું અનોખું સંગમસ્થાન છે. ગાયકવાડ શાસનકાળની ભવ્ય પરંપરાનો સાક્ષી ભવ્ય લક્ષ્મીવિલાસ પૅલેસ અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ધરાવતું આ શહેર આજે આધુનિક વિકાસ અને યુવાશક્તિનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે. આવા ગૌરવશાળી શહેરમાં 'સરદાર ધામ-૩'ના લોકાર્પણ અવસરે ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમનને વડોદરાવાસીઓએ ઉત્સાહભેર વધાવ્યું હતું.

વડોદરામાં વાઘોડિયા ચોકડી પાસે પાટીદાર સમાજ દ્વારા નિર્મિત 'સરદાર ધામ-૩'નું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ થયું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ સરદારસાહેબની પ્રતિમાને વંદન કરી સરદારધામનું નિરીક્ષણ કર્યું હતું. આ અવસરે વડાપ્રધાનશ્રીને 'સરદાર ગૌરવરત્ન ઍવૉર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. લોકાર્પણ સમારોહ દરમિયાન

તેમણે અમદાવાદના સરદારધામ કેળવણીધામ સંચાલિત ધરમશીભાઈ હરજીભાઈ મોરડિયા કન્યા છાત્રાલય ફેઝ-૨નું ભૂમિપૂજન તેમજ ગુજરાતના સર્વે સમાજના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે રૂ. ૫૦૦ કરોડની સરદારધામ શિક્ષણ સહાય યોજનાનો વર્ચ્યુઅલ માધ્યમથી શુભારંભ કરાવ્યો હતો.

આ તકે વડાપ્રધાનશ્રીએ શિક્ષણ, આત્મનિર્ભરતા, યુવાશક્તિ અને વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પ અંગે પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ સમાજ-નિર્માણથી રાષ્ટ્ર-નિર્માણના સંકલ્પને વધુ મજબૂત બનાવતો ઐતિહાસિક અવસર સાબિત થયો હતો.

રૂ. ૧૫૦ કરોડના ખર્ચે નિર્મિત 'સરદારધામ' આધુનિક શિક્ષણ સંકુલ, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોના સર્વાંગી વિકાસ માટે સમર્પિત છે, જ્યાં ૨૦૦૦ છાત્રોને વ્યવસાયલક્ષી તાલીમ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ અપાશે. આ ભવનના લોકાર્પણ અવસરે વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, સમાજમાં સ્થાયી અને વ્યાપક પરિવર્તન સામૂહિક શક્તિથી જ શક્ય બને છે. શિક્ષણને પ્રાથમિકતા આપનારા સમાજોએ સતત પ્રગતિ કરી છે. આજનો દિવસ પુણ્યપર્વ સમાન છે; કેમ કે, સોમનાથ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે પ્રભાસ-પાટણ ખાતે સોમનાથ અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે, ત્યારે સરદાર પટેલના સંકલ્પોથી પ્રેરિત સરદારધામ સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટોનું લોકાર્પણ અને શિલાન્યાસની વિધિ વિશેષ મહત્ત્વ ધરાવે છે. તેમણે ડૉ. દુષ્યંત અને દક્ષા પટેલ કૉમ્પ્લેક્સના લોકાર્પણ, શિક્ષણ સહાય યોજના અને નવી યોજનાઓના ભૂમિપૂજનને રાષ્ટ્રનિર્માણના અસરકારક પ્રકલ્પો ગણાવ્યા હતા. વડાપ્રધાનશ્રીએ સરદારધામ દ્વારા શિક્ષણ અને યુવાનોના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવતા પ્રયાસોની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, આવાં સંસ્થાનો યુવાનોના ભવિષ્ય માટે 'લૉન્ચિંગ પેડ' સમાન સાબિત થશે. તેમણે આ કાર્ય માટે સમાજના તમામ આગેવાનો અને સભ્યોને અભિનંદન પાઠવ્યાં હતાં. અમદાવાદ ખાતે કન્યાઓ માટે નવા વિદ્યાર્થિની-નિવાસના ભૂમિપૂજનનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. પાટીદારરત્ન ગૌરવ ઍવૉર્ડના પ્રતિભાવમાં વડાપ્રધાનશ્રી મોદીએ કહ્યું કે, ઘરઆંગણે જ અને પરિવારના લોકો દ્વારા સન્માન થવું એ આનંદદાયક છે. આ ઍવૉર્ડ બાદ મારી જવાબદારી વધી જાય છે. સરદારસાહેબના અધૂરા સ્વપ્નને સાકાર કરવાની જવાબદારી મારા ઉપર આવી છે અને હું તેને નિભાવી રહ્યો છું.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરદારસાહેબના સપનાના ભારતના નિર્માણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સંકલ્પબદ્ધ છે. ભારતને એક કરવાના સરદારસાહેબના સંકલ્પને કલમ ૩૭૦ દૂર કરીને વડાપ્રધાનશ્રીએ સિદ્ધ કર્યો છે. સરદારસાહેબની ૧૫૦મી જયંતીની રાષ્ટ્રીય ઉજવણી તથા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના નિર્માણ જેવાં કાર્યો સરદારસાહેબ પ્રત્યેના સમર્પણનાં પ્રતીક છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીને 'સરદાર ગૌરવ રત્ન ઍવૉર્ડ'થી સન્માનિત કરવાની ઘટનાને યથાર્થ ગણાવી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સરદારધામ મિશન-૨૦૨૬ અંતર્ગત સમાજ દ્વારા હાથ ધરાયેલા પાંચ સંકલ્પોને સાકાર કરવાની દિશામાં આ સંકુલ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. સાથે જ, તમામ








સમાજના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે 'સરદારધામ વિદ્યા સહાય યોજના' શરૂ કરાઈ છે, જે શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર પહેલ છે. ગામડાંના વિદ્યાર્થીઓને શિક્ષણ અને રહેઠાણ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી સમાજ - નિર્માણ થકી રાષ્ટ્ર-નિર્માણના ધ્યેયને મજબૂત બનાવવાનો પ્રયાસ સરદારધામ કરી રહ્યું છે. આત્મનિર્ભર અને વિકસિત ભારત-૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત અગ્રિમ ભૂમિકા ભજવશે. સમાજ-નિર્માણથી રાષ્ટ્ર-નિર્માણના માર્ગે આગળ વધીને વિકસિત ગુજરાતના નિર્માણ માટે સૌ સાથે મળીને કાર્ય કરશે, એવો વિશ્વાસ વ્યક્ત કરીને તેમણે કાર્યક્રમને સફળ બનાવવા બદલ સરદારધામ પરિવાર તથા દાતાશ્રીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. વિશ્વના કોઈ પણ ખૂણે વસેલો પાટીદાર સમાજ ગુજરાતની ઓળખ અને ખમીરને ગૌરવ અપાવતો સમાજ છે. ખેતી, ઉદ્યોગ, વેપાર, શિક્ષણથી લઈને લોકશાહી સંસ્થાઓ સુધી સમાજનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. સરદારધામ જેવી સંસ્થાઓ સમાજશક્તિના માધ્યમથી શિક્ષણ અને સંસ્કારનું કાર્ય કરી રાષ્ટ્રનિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે, એમ તેમણે ઉમેર્યું હતું.




આ પ્રસંગે સરદારધામના ટ્રસ્ટી શ્રી ગગજીભાઈ સુતરિયાએ સરકાર અને સામાજિક સંસ્થાઓ એક સિક્કાની બે બાજુ હોવાનું જણાવી વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સ્વપ્નમાં સરદારધામ યોગદાન આપવા કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. જાણીતા ઉદ્યોગપતિ શ્રી પંકજ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ વેળાએ કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા, ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા, નાણા રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી






જગદીશભાઈ વિશ્વકર્મા, સાંસદશ્રીઓ, અગ્રણીઓ શ્રી નરહરિ અમીન, શ્રી ગોરધનભાઈ ઝડફિયા, શ્રી ભરતભાઈ બોઘરા, પદ્મશ્રી અને પદ્મવિભૂષણ સન્માનથી સન્માનિત મહાનુભાવો, દાતાશ્રીઓ સહિત વડોદરાવાસીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વડોદરામાં વડાપ્રધાનશ્રીનું આહ્વાન

વડાપ્રધાનશ્રીએ 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ'ને મહત્ત્વની ગણાવી હતી. આવનારા સમયમાં દેશને વિશાળ કુશળ માનવશક્તિ મળશે, જે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે. ગુજરાતના યુવાનો ઉદ્યોગ-સાહસિક છે. સ્ટાર્ટઅપ ઇન્ડિયા અભિયાનથી નાનાં શહેરોના યુવાનો પણ ઉદ્યોગ-સાહસિક બની રહ્યા છે. મહિલાઓની ભાગીદારીમાં સતત વધારો થઈ રહ્યો છે અને રમતગમતથી લઈને સ્પેસ ટૅક્નોલૉજી સુધી દેશની સિદ્ધિઓ યુવાશક્તિનું પ્રતિબિંબ છે. સેમિકન્ડક્ટર, ઍરોસ્પેસ, ગ્રીન એનર્જી, એડવાન્સ એન્જિનિયરિંગ અને ફાઇનાન્સિયલ સર્વિસિસ જેવાં ક્ષેત્રોમાં ગુજરાત નવી ઓળખ ઊભી કરી રહ્યું છે. સાણંદ, ધોલેરા અને સુરતમાં સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ આગળ વધી રહ્યા છે ત્યારે વડોદરા મેન્યુફેક્ચરિંગ અને પરિવહનક્ષેત્રે મહત્ત્વના કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે.

## વડોદરાના ઔદ્યોગિક વિકાસની વાત

વડોદરામાં નિર્મિત મેટ્રો કોચિસની વિદેશોમાં નિકાસ થઈ રહી છે, જ્યારે સાવલી ખાતે આધુનિક રેલ કોચીસનું ઉત્પાદન થઈ રહ્યું છે. એન્જિનિયરિંગ, કેમિકલ, ફાર્મા, હેવી મશીનરી અને પાવર ઇક્વિપમેન્ટ જેવાં ક્ષેત્રોમાં વડોદરા મજબૂત ઉત્પાદન-કેન્દ્ર બન્યું છે. ગતિશક્તિ યુનિવર્સિટીમાં પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે કુશળ માનવબળ તૈયાર થઈ રહ્યું છે.

### વડાપ્રધાનશ્રીનો નાગરિકોને અનુરોધ

- વર્તમાન સંજોગોમાં દેશના સામાન્ય નાગરિકો પર ઓછામાં ઓછો બોજ પડે તે માટે સરકાર સતત પ્રયાસરત છે.
- પેટ્રોલ અને ડીઝલના વપરાશમાં શક્ય તેટલો ઘટાડો કરી મેટ્રો, ઇલેક્ટ્રિક વાહનો અને જાહેર પરિવહનનો વધુ ઉપયોગ કરવો જોઈએ.
- સોનાની આયાત પાછળ થતા મોટા ખર્ચને ધ્યાનમાં રાખી સોનાની ખરીદી ટાળવી જોઈએ.
- દેશની વિદેશી મુદ્રાની બચત અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવા માટે દેશની અંદર પ્રવાસનને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત છે.
- શૈક્ષણિક સંસ્થાઓને પણ જરૂરી હોય ત્યાં સમયબદ્ધ ઓનલાઇન શિક્ષણ-વ્યવસ્થા અંગે વિચારણા કરવા પ્રેરક સૂચન કર્યું હતું.







**સ્વાગત :** 'નવાનગર' તરીકે ઓળખાતા જામનગરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પધારતાં લોકોએ તેમનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું, હજારોની મેદનીએ વડાપ્રધાનશ્રીને આવકાર્યા હતા. વડાપ્રધાનશ્રીએ જામનગરના લાલ બંગલો સર્કલ ખાતેથી વિશાળ જનસભાને સંબોધી હતી. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રીવાબા જાડેજા, સાંસદ શ્રી પૂનમબહેન માડમ, ધારાસભ્ય શ્રી દિવ્યેશભાઈ અકબરી, જામનગર મહાનગરના પ્રભારી શ્રી ધનસુખભાઈ ભંડેરી સહિતના અગ્રણીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને આગેવાનોએ વડાપ્રધાનશ્રીનું સ્વાગત કર્યું હતું.







સંપાદન સહયોગ : પ્રાદેશિક માહિતી કચેરી જૂનાગઢ, પ્રાદેશિક માહિતી કચેરી વડોદરા

## વડાપ્રધાનશ્રીની અપીલ અન્વયે ગુજરાતની પહેલ

# 'આર્થિક આત્મરક્ષા'ના આહ્વાનને ચરિતાર્થ કરી 'રાષ્ટ્ર પ્રથમ'નો સંકલ્પ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હૈદરાબાદમાં પ્રજાજોગ સંબોધનમાં ભારતને સશક્ત બનાવવા માટે 'આર્થિક આત્મરક્ષા'નો મંત્ર આપતાં, સાત વિશેષ અપીલ કરી હતી. તેમના આ આહ્વાનને શિરોધાર્ય કરીને, ગુજરાતે 'આર્થિક આત્મરક્ષા'ના આહ્વાનને ચરિતાર્થ કરી 'રાષ્ટ્ર પ્રથમ'નો સંકલ્પ કર્યો છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ રાજ્યમંત્રીશ્રીએ ઈંધણ બચતની પહેલ કરવાનો નિર્ણય કરી ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

રાજ્યપાલશ્રીએ લોકભવનના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજી હતી અને અનેક પ્રેરણાદાયી નિર્ણયો લીધા હતા. તેમણે જ્યાં સુધી દેશમાં પેટ્રોલિયમની સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી કોઈ પણ કાર્યક્રમ માટે હેલિકૉપ્ટર અને હવાઈ મુસાફરીના બદલે રાજ્યમાં પ્રવાસ માટે જાહેર પરિવહનના ઉપયોગ સાથે ઈંધણની મહત્તમ બચત કરવા ઝેડ પ્લસ કાફલામાં ન્યૂનતમ ગાડી રાખવાનો નિર્ણય કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ રાજ્યની તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓને નિર્દેશ આપ્યા હતા કે તેઓ યુનિવર્સિટીઓમાં સપ્તાહમાં એક દિવસ 'કમ્બશન એન્જિન મુક્ત' દિવસ તરીકે ઊજવે. તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ પેટ્રોલ-ડીઝલ વાહનોને બદલે સાઇકલ, ઇલેક્ટ્રિક વાહન અથવા જાહેર પરિવહનને પ્રાથમિકતા આપે. સાથે જ, તેમણે પ્રશાસનના તમામ અધિકારીઓ-કર્મચારીઓને સરકારી કામોમાં બિનજરૂરી વાહનોનો ઉપયોગ બંધ કરવા જણાવ્યું હતું. આ સંકલ્પમાં લોકભવનના તમામ કર્મચારીઓ સહભાગી બન્યા હતા. રાજ્યપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, જો આપણે આપણી વ્યક્તિગત સુખ-સુવિધાઓથી ઉપર ઊઠીને 'રાષ્ટ્ર પ્રથમ'ના કર્તવ્યને પસંદ કરીશું, તો ભારત આર્થિક રીતે વધુ આત્મનિર્ભર બનશે. તેમણે ગુજરાતના પ્રત્યેક નાગરિકને 'આર્થિક આત્મરક્ષા'ના આ મહાયજ્ઞમાં જોડાવા આહ્વાન કર્યું છે.

વડાપ્રધાનશ્રીની ઈંધણ બચતની અપીલને ઝીલી લઈ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાદગીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. રાજુલામાં 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર'ના લોકાર્પણ પ્રસંગે તેઓ ઓછામાં ઓછી ગાડીઓના કાફલા સાથે પહોંચ્યા હતા.

જ્યારે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ફેડરેશન ઑફ ગુજરાતી ઍસોસિયેશન્સ ઑફ યુએસએ (FOGAUSA) દ્વારા આયોજિત બીજા ગુજરાતી કન્વેન્શનમાં હાજરી આપવા અમેરિકા જવાના હતા. તેમણે વડાપ્રધાનશ્રીની અપીલને અનુસરી આ પ્રવાસ રદ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, દેશની આર્થિક આત્મરક્ષા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલી તમામ અપીલમાં ગુજરાતના નાગરિકોએ સહયોગ કરવો જોઈએ.

આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, "વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો પ્રત્યેક શ્વાસ રાષ્ટ્રના ઉત્થાન માટે હોય છે. વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે ભારત પાસે તેલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવા છતાં, ઈંધણનો વિવેકપૂર્ણ ઉપયોગ દેશની આર્થિક પ્રગતિમાં લોકોની ભાગીદારી ગણાશે. દેશના એક વફાદાર સૈનિક અને જવાબદાર નાગરિક તરીકે હું આ મિશનમાં સહભાગી થવા આજથી મારી સુરક્ષામાં રહેલી 'પાઈલટિંગ કાર'નો ઉપયોગ સદંતર ઓછો કરું છું."





# અવિરત વિકાસરત સુરત
# વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ

સુરતની ઉદ્યોગ સાહસિકતા તેની તેજસ્વી પ્રગતિનો દસ્તાવેજ છે. સૂર્યપુત્રી તાપી નદીના કિનારે વસેલું આ શહેર ટેક્સ્ટાઇલ અને જી.આઇ. ટૅગ મેળવી ડાયમંડ સેક્ટરમાં વિશ્વભરમાં પોતાનો ડંકો વગાડ્યા બાદ, હવે ગ્રીન એનર્જી, ટૅક્નોલૉજી અને ઇનોવેશનના ક્ષેત્રમાં પણ પ્રગતિ સાધી રહ્યું છે. વાઇબ્રન્ટ ગુજરાતના વિઝનને સાકાર કરવાના આ પ્રયાસમાં સુરત એક મજબૂત આધારસ્તંભ બનીને ઊભર્યું છે.

સુરત એ માત્ર એક શહેર નથી, પણ અનંત ઉત્સાહ, સાહસિકતા અને વ્યાપારિક સૂઝબૂઝનું જીવંત પ્રતીક છે. 'સુરત સોનાની મૂરત'ની કહેવતને આ શહેરે ચરિતાર્થ કરી છે. રિજનલ એસ્પિરેશન્સ, ગ્લોબલ એમ્બિશન થીમ સાથે યોજાયેલી 'સુરત રિજનલ વાઇબ્રન્ટ કૉન્ફરન્સ' માત્ર સુરત જ નહીં, સમગ્ર દક્ષિણ ગુજરાતના આર્થિક અને સામાજિક ગૌરવને નવી ઊંચાઈઓ પર લઈ જવાની તક પુરવાર થઈ છે. ગુજરાત દેશના 'ગ્રોથ એન્જિન' તરીકે આગળ વધી રહ્યું છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા 'વાઇબ્રન્ટ ગુજરાત'ના વૈશ્વિક વિઝનને વધુ વ્યાપક બનાવવા માટે પ્રાદેશિક સ્તરે આ પ્રકારની કૉન્ફરન્સ યોજવાનો નવીન અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ પહેલના માધ્યમથી રાજ્યના દરેક વિસ્તારમાં રહેલી વિકાસની તકોને પ્રોત્સાહિત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સુરત ખાતે યોજાયેલી બે દિવસીય વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સમાં દક્ષિણ ગુજરાતના સુરત સહિત ૬ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં ઉદ્યોગ, કૃષિ, MSME અને સેવાક્ષેત્ર સાથે જોડાયેલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ કૉન્ફરન્સનો મુખ્ય હેતુ રિજનલ ઇન્ડસ્ટ્રિયલ ગ્રોથને ગતિ આપવી, રોકાણકારોને આકર્ષવા અને રોજગારની નવી તકો ઊભી કરવાનો હતો.

કેન્દ્રીય પેટ્રોલિયમ અને ગૅસ મંત્રી શ્રી હરદીપસિંહ પુરીએ વર્ષ ૨૦૨૭ની વાઇબ્રન્ટ ગુજરાત સમિટ પહેલાં આ પ્રકારના પ્રાદેશિક સમિટના આયોજન બદલ ગુજરાત સરકારને અભિનંદન પાઠવ્યાં હતાં.

ગુજરાત ગૌરવ દિવસના પાવન અવસર પર દક્ષિણ ઝોનની 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ'ના પ્રથમ વાર યજમાન બનવા બદલ સુરતવાસીઓને અભિનંદન પાઠવતાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં શરૂ થયેલી 'વાઇબ્રન્ટ ગુજરાત' સમિટની સફળતાને પગલે ગુજરાતે વિકાસની નવી ઊંચાઈઓ સર કરી છે.

સુરતના ઉદ્યોગોની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં કેન્દ્રીય મંત્રીશ્રીએ ગૌરવભેર જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ નદી પર બની

**સુરતના ડાયમંડને કેન્દ્ર સરકાર દ્વારા મળેલી GI ટૅગ બદલ ભારતીય પોસ્ટના ઉપક્રમે એક વિશેષ કવરનું અનાવરણ**









રહેલા વિશ્વના સૌથી ઊંચા 'ચિનાબ રેલ બ્રિજ'માં સુરતની AM/NS કંપની દ્વારા ઉત્પાદિત અત્યંત મજબૂત સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, રાષ્ટ્રની સુરક્ષા માટે હજીરા સ્થિત L&T પ્લાન્ટમાં તૈયાર થયેલી આધુનિક તોપો (K9 વજ્ર) દેશની સરહદોનું રક્ષણ કરી રહી છે. આ બાબત માત્ર સુરત જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરતમાં રાજ્યની ત્રીજી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સનો ભવ્ય પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, રાજ્યનો કોઈ પણ વિસ્તાર વિકાસમાં પાછળ ન રહે અને જિલ્લાની ક્ષમતાઓને વૈશ્વિક પ્લૅટફૉર્મ મળે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતે VGRCનો નવતર અભિગમ અપનાવ્યો છે. ઈન્ક્લુસિવ ગ્રોથની ભાવના સાથે વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનું નિર્માણ કરવામાં રિજનલ કૉન્ફરન્સિસ પરફેક્ટ પ્લૅટફૉર્મ છે. દક્ષિણ ગુજરાત રીજિયનની VGRCમાં સુરત સહિત તાપી, નવસારી, વલસાડ, ડાંગ અને ભરૂચ જિલ્લાની ઔદ્યોગિક વિકાસની ક્ષમતાઓ અને સંભાવનાઓને વધુ વેગ મળશે.

મુખ્યમંત્રીશ્રીએ દક્ષિણ ગુજરાત રિજિયનમાં સુરત જિલ્લામાં ૨, ભરૂચમાં ૩, વલસાડમાં ૧, તાપીમાં ૧ અને નવસારી જિલ્લામાં ૧ મળી કુલ ૫૩૮૦ એકરમાં નિર્માણ પામનાર ૮ નવી 'સ્માર્ટ GIDC' વસાહતો સ્થાપવાની જાહેરાત કરી હતી.

સૌ નાગરિકોને ગુજરાત સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, દેશના કુલ જીડીપીમાં ૮.૨ ટકા યોગદાન સાથે ગુજરાત આજે દેશનું ગ્રોથ



એન્જિન બન્યું છે. 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ'ના આયોજનથી સુરત અને દક્ષિણ ગુજરાતના વિકાસને નવી ઊર્જા પ્રાપ્ત થશે.

મહેસાણા VGRC ખાતે રૂ. ૩.૨૪ લાખ કરોડ અને રાજકોટમાં રૂ.૫.૭૮ લાખ કરોડના MoU થયા હતા. વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત @૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા રાજ્ય સરકારે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓને સાંકળીને 'સુરત ઈકૉનૉમિક ડેવલપમેન્ટ પ્લાન @૨૦૪૭' તૈયાર કર્યો છે. આ પ્લાન હેઠળ વર્ષ ૨૦૪૭ સુધીમાં રાજ્યના જીડીપીમાં દક્ષિણ ગુજરાતનો હિસ્સો ૨૦ ટકા સુધી લઈ જવાનું આયોજન છે.

રાજ્યમાં MSME એકમોની સંખ્યામાં ચાર ગણો વધારો થયો છે અને ફોરેન ડાઈરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI)માં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે રહ્યું છે. પ્રોત્સાહક સહાય (Incentive) મેળવવા માટે હવે ઉદ્યોગકારોએ કચેરીઓની મુલાકાતે જવાનું થતું નથી. ઉદ્યોગ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂ. ૫,૬૧૯ કરોડના ઈન્સેન્ટિવનું વિતરણ કરાયું છે, જે અંતર્ગત તાજેતરમાં સુરતથી જ ૧૧,૦૦૦ વેપારીઓને રૂ. ૧,૩૦૦ કરોડની સહાય સીધી જ એનાયત કરવામાં આવી છે.

દેશની ૬૦ ટકા સોલાર પૅનલ અને સોલાર સેલનું ઉત્પાદન દક્ષિણ ગુજરાતમાં થઈ રહ્યું છે. કુશળ માનવબળ અને પોર્ટ કનેક્ટિવિટીના કારણે લોજિસ્ટિક્સ ખર્ચ પણ ખૂબ ઓછો આવે છે. સુરત આજે દેશના ૭૫ ટકા કાપડનું ઉત્પાદન અને નિકાસ કરે છે, તેમજ વિશ્વના દર ૧૦૦માંથી ૯૦ હીરાનું કટિંગ અને પૉલિશિંગ સુરતમાં થાય છે. સ્વચ્છતામાં પણ સુરત દેશમાં પ્રથમ

## ૧૫ દેશો સાથે રિવર્સ બાયર-સેલર મીટ (RBSM)

સુરતની 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ'માં ખરીદદારો સાથે રિવર્સ બાયર-સેલર મીટ યોજાઈ હતી. આ પહેલ હેઠળ યુકે, ઑસ્ટ્રેલિયા, રોમાનિયા અને યુએઈ સહિત ૧૫થી વધુ દેશોના ૪૫થી વધુ આંતરરાષ્ટ્રીય ખરીદદારો સુરત આવ્યા હતા. આ પ્લેટફૉર્મ દ્વારા સ્થાનિક નિકાસકારોને વિદેશી બાયર્સ સાથે સીધી B2B (બિઝનેસ ટુ બિઝનેસ) મિટિંગ કરવાની તક મળી હતી, જે આવનાર સમયમાં લાંબા ગાળાના વેપારી સંબંધો સ્થાપવામાં મદદરૂપ થશે.

આ કૉન્ફરન્સમાં સુરતની ઔદ્યોગિક ક્ષમતાના મુખ્ય સ્તંભ સમાન ટેક્સટાઇલ અને ગારમેન્ટ્સ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ તેમજ ફૂડ અને એગ્રો પ્રોડક્ટ્સ જેવાં ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. આ પ્લેટફૉર્મ દ્વારા વેપાર સાથે વિવિધ જ્ઞાન આધારિત સેમિનાર, B2B અને B2G મિટિંગો દ્વારા પ્રાદેશિક, ઔદ્યોગિક ઈકોસિસ્ટિમને નવી ગતિ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તે ખાસ કરીને નાના અને મધ્યમ કદના ઉદ્યોગો (MSMEs) માટે આ RBSM આંતરરાષ્ટ્રીય બજારમાં પોતાની ઓળખ બનાવવા સાથે નિકાસને વેગ આપશે, જે પ્રદેશના સર્વગ્રાહી આર્થિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપશે.





ક્રમે હોવાનું ગૌરવ વ્યક્ત કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉદ્યોગકારોને રાઈઝિંગ સેક્ટરમાં રોકાણ કરવા આહ્વાન કર્યું હતું.

સુરત અને ગુજરાતના હીરા ઉદ્યોગ માટે ગૌરવ સમાન ડાયમંડને કેન્દ્ર સરકાર દ્વારા મળેલાં જી.આઇ. ટૅગ બદલ ભારતીય પોસ્ટના ઉપક્રમે એક વિશેષ કવરનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, રમત-ગમત રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત સિંગાપોરના હાઇકમિશનર શ્રી સિમોન વોંગ, નિપ્પોન સ્ટીલ કૉર્પોરેશનના મૅનેજિંગ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી નોબુઓ ઓકોચી, ASSOCHAMના અધ્યક્ષશ્રી નિર્મલ મિંડા, રવાન્ડાના હાઈ કમિશનર શ્રી જેકલીન મુકાનગીરા, યુક્રેનના હાઈ કમિશનર એલેકઝાન્ડર સહિતના અગ્રણી ઉદ્યોગ સાહસિકો, યુવા એન્ટરપ્રિન્યોર્સ, વિદેશી ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

## નિષ્કર્ષ

બે દિવસીય વાઇબ્રન્ટ સમિટમાં વેપાર સાથે જ્ઞાન આધારિત સેમિનાર, B2G (બિઝનેસ ટુ ગવર્નમેન્ટ) મિટિંગો અને ટૅક્નિકલ સત્રોનું પ્રાદેશિક ઔદ્યોગિક ઈકોસિસ્ટિમને વધુ મજબૂત બનાવવામાં મહત્ત્વનું યોગદાન રહ્યું. જે ઉદ્યોગો (MSMEs)ને નિકાસના નકશા પર મોખરે લાવવામાં નિર્ણાયક સાબિત થશે તેમજ ઉદ્યોગપતિઓ માટે આર્થિક સમૃદ્ધિનાં દ્વાર ખોલશે અને 'મેક ઇન ગુજરાત' અભિયાનને નવી ગતિ આપશે.

## સર્વાંગી વિકાસને પ્રતિબિંબિત કરતું વિશાળ પ્રદર્શન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરતના ઓરો યુનિવર્સિટી કૅમ્પસમાં વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનનું વિધિવત્ ઉદ્ઘાટન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પ્રદર્શનના વિવિધ પેવેલિયન અને સ્ટોલની મુલાકાત લઈને ઉદ્યોગકારો અને સ્ટાર્ટઅપ પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી હતી. તેમણે નવીન ટૅક્નોલૉજી, ગ્રીન એનર્જી એકમો, કૃષિમાં આધુનિક પદ્ધતિઓ અને સેવાક્ષેત્રના વિકસતા મૉડલ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. આ સાથે તેમણે રાજ્યના વિકાસમાં ખાનગી ક્ષેત્ર, ઉદ્યોગકારો અને યુવાનોની ભાગીદારીને મહત્ત્વપૂર્ણ ગણાવી પ્રોત્સાહન આપ્યું હતું. આ પ્રદર્શનને ઔદ્યોગિક અને મેન્યુફૅક્ચરિંગ ક્ષેત્ર, ગ્રીન એનર્જી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, કૃષિ, ફૂડ પ્રોસેસિંગ અને સેવાક્ષેત્ર એમ મુખ્ય ત્રણ વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન અંતર્ગત નવીન પ્રોડક્ટ્સ, ટૅક્નોલૉજી, મશીનરી, સ્ટાર્ટઅપ ઈનોવેશન અને સરકારી યોજનાઓનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ખાસ કરીને ગ્રીન એનર્જી ક્ષેત્રમાં સોલાર અને વિન્ડ એનર્જી સંબંધિત પ્રોજેક્ટ્સ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. આ ઉપરાંત,

## સિંગાપુરની ૧૫ ટકા નિકાસ ગુજરાતમાંથી

સિંગાપોરના હાઇકમિશનર શ્રી સાઇમન વોંગે સૌનું 'જય શ્રીકૃષ્ણ' સાથે અભિવાદન કરતાં જણાવ્યું હતું કે, ગત વર્ષે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સિંગાપોર સાથેના ભારતના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવીને વ્યૂહાત્મક રીતે ઉચ્ચ સ્તરે લઈ ગયા છે. સિંગાપુરની ૧૫ ટકા નિકાસ ગુજરાતમાંથી થાય છે. ૧૦૦ મિલિયન ડૉલર મૂલ્યના હીરા સુરતથી સિંગાપોર એક્સપોર્ટ થાય છે. ચારમાંથી એક ડેનિમ જિન્સ સુરતથી આવે છે. અમારું ધોલેરા, ગિફ્ટ સિટી અને સાણંદમાં સેમિકન્ડક્ટર અને ફાઇનાન્સ ક્ષેત્રમાં આગળ જવાનું આયોજન છે.





ગુજરાતની ઓળખરૂપ કૃષિ વૈવિધ્યને પ્રદર્શિત કરતો 'મેન્ગો ફેસ્ટિવલ' પણ યોજાયો હતો, જેમાં દક્ષિણ ગુજરાતમાં ઊગતી કેરીની જાતો રજૂ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ટ્રેડ ફેરનો પણ પ્રારંભ કરાવ્યો હતો અને પ્રદર્શન દ્વારા ઊભી થનારી વ્યાવસાયિક સંભાવનાઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ પ્રકારની પ્રાદેશિક કૉન્ફરન્સ રાજ્યના સંતુલિત અને સર્વસમાવેશક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

## સુરત VGRCમાં રૂ.૩.૫૩ લાખ કરોડના ૨૭૯૨ MoU

સુરતમાં યોજાયેલી 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ-દક્ષિણ ગુજરાત'ના સમાપન દરમિયાન રૂ.૩,૫૩,૩૦૬ લાખ કરોડના ૨૭૯૨ MoU થયા હોવાની જાહેરાત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કરી હતી.

સમાપન સત્રમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું હતું કે, આ કૉન્ફરન્સ દ્વારા દક્ષિણ ગુજરાતના વિકાસ માટે જે પાયો નંખાયો છે, તેનાથી આ પરિક્ષેત્ર આગામી સમયમાં મોટી આર્થિક છલાંગ લગાવવા તૈયાર થયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે માત્ર આર્થિક પ્રગતિ જ નથી કરી, પરંતુ સ્વબળે વિશ્વમાં પોતાની જાતને એક સ્પર્ધાત્મક અને કનેક્ટેડ ઇકૉનૉમિક એન્જિન તરીકે પ્રસ્થાપિત કરી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આગામી ત્રણ વર્ષમાં MoU મુજબ પ્રોજેક્ટ્સ કાર્યરત થવાથી દક્ષિણ ગુજરાતના ૨.૮૨ લાખથી વધુ યુવાનોને પ્રત્યક્ષ રોજગારી પ્રાપ્ત થશે. પૂર્વ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલી વાઇબ્રન્ટ સમિટની આ યાત્રા આજે વર્ષ ૨૦૨૬માં ટૅલેન્ટ, ટૅક્નોલૉજી અને ટ્રાન્સપરન્સીની પર્યાય બની છે.

આ વેળાએ મંત્રીગણ અને મહાનુભાવોના હસ્તે વિવિધ કૅટેગરીમાં શ્રેષ્ઠ MSE અને MSME ઍવૉર્ડ એનાયત કરવા ઉપરાંત હસ્તકલા કારીગરો, ઉદ્યોગ વિભાગનું પુરસ્કાર સાથે સન્માન કરાયું હતું. VGRCના વિઝનને રજૂ કરતા વિશેષ સોવેનિયરનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા તેમજ અન્ય નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



વર્ષ ૨૦૦૯માં જાપાન પ્રથમ વાર વાઇબ્રન્ટ ગુજરાત સમિટના ભાગીદાર દેશ તરીકે જોડાયું ત્યારથી અમે સતત ગુજરાતના પાર્ટનર કન્ટ્રી રહ્યા છીએ, તેનું અમને ખૂબ ગૌરવ છે. જાપાન-ભારતના સંબંધોના સંદર્ભમાં હાઇસ્પીડ રેલવે ટ્રેન પ્રોજેક્ટના હબ તરીકે સુરતનું ખૂબ મહત્ત્વ છે. સુરત શહેરમાં ઇન્વેસ્ટમેન્ટ સમિટનું આયોજન ખૂબ અગત્યનું છે. ગુજરાતના વધુ સમૃદ્ધ આર્થિક વિકાસ માટે જાપાન સદા સમર્થન આપતું રહેશે અને ભારતમાં સેમિકન્ડક્ટરનું ઉત્પાદન કરવામાં સંપૂર્ણ સહયોગ પ્રદાન કરશે. ગત વર્ષે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની જાપાન મુલાકાતના કારણે બંને દેશો વચ્ચેની વિશેષ વ્યૂહાત્મક વૈશ્વિક ભાગીદારીએ એક નવા યુગના સુવર્ણ પ્રકરણમાં પ્રવેશ કર્યો છે. આગામી ૨૦૨૭નું વર્ષ, જાપાન અને ભારત વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાનું ૭૫મું વર્ષ છે જેને યાદગાર બનાવવા માટે જાપાન ગુજરાત સાથે કામ કરવા આતુર છે..

**- એચ.ઇ. શ્રી કેઇચી ઓનો**
**રાજદૂત, જાપાન**

# નારીશક્તિ વંદન

## રાષ્ટ્રનિર્માણમાં નારીશક્તિનું યોગદાન અનિવાર્ય

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સના પ્રથમ દિવસે સુરતમાં 'શક્તિ સંગમ: ગુજરાત-વિકાસ ભારતના વિકાસ એન્જિન તરીકે' થીમ હેઠળ 'નારીશક્તિ વંદન' સેમિનાર યોજાયો. કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા રવાંડા દેશનાં ભારત ખાતેનાં હાઈ કમિશનર સુશ્રી જૅકલિન મુકાંગિરા ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓને શક્તિનો સ્રોત માનવામાં આવે છે અને રાષ્ટ્રનિર્માણમાં તેમનું યોગદાન અનિવાર્ય છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ મહિલાઓને સમાન તકો અને સશક્તીકરણ માટે અનેક મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા અને વિધાનસભા તથા લોકસભામાં ૩૩ ટકા અનામતની વ્યવસ્થા મહિલાઓને નેતૃત્વમાં આગળ લાવે છે. રાજ્ય સરકાર શિક્ષણ, રોજગાર, સ્વરોજગાર અને આરોગ્ય ક્ષેત્રે વિવિધ યોજનાઓ દ્વારા મહિલાઓને સશક્ત બનાવી રહી છે.

મહેસૂલ વિભાગનાં અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ કન્યા-કેળવણી અભિયાનના સફળ અમલથી શિક્ષણક્ષેત્રે થયેલા સુધારાઓનો ઉલ્લેખ કર્યો અને મહિલાઓના આર્થિક તથા સામાજિક સશક્તીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો.

દક્ષિણ ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના મહિલા સેલનાં અધ્યક્ષા શ્રીમતી અંકિતા વાલંદે જણાવ્યું કે, આ પરિષદ ગુજરાતને વૈશ્વિક ઔદ્યોગિક શક્તિ તરીકે મજબૂત બનાવવાનું પ્લૅટફૉર્મ છે. તેમણે કાપડ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ફાર્માસ્યુટિકલ્સ અને ફાઈનાન્સ જેવાં ક્ષેત્રોમાં મહિલાઓના વધતા ઉદ્યોગ-સાહસિક યોગદાનને રેખાંકિત કર્યું.

## 'સુજની વણાટ' કળા આકર્ષણનું કેન્દ્ર



વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ભરૂચની લુપ્ત થતી 'સુજની' કળાએ મુલાકાતીઓમાં આકર્ષણ જગાવ્યું હતું. સરકારે પૂરા પાડેલા મંચની સરાહના કરતાં કારીગર મોહમ્મદ મુઝક્કીર સુજનીવાલાએ જણાવ્યું હતું કે, સરકારના સતત સહયોગથી જ આ કળાને નવજીવન મળ્યું છે. આ લુપ્ત થતી કલાને જીવંત રાખવા બદલ વર્ષ ૨૦૨૧માં 'હાથસાળ-હસ્તકલા રાજ્ય ઍવૉર્ડ' માટે તેમની પસંદગી કરાઈ હતી. આ કળાના સંરક્ષણ અને કારીગરોના ઉત્થાન માટે તેમણે 'રેવા સુજની' નામે કૉ-ઓપરેટિવ સોસાયટીની સ્થાપના કરી છે.

## કૅન્વાસથી કૉન્ફરન્સ સુધી નવસારીનાં કલાકારનાં વારલી પેઈન્ટિંગ



નવસારીના ચીખલી તાલુકાનાં વતની સ્વાતિબહેન પટેલે વારલી પેઈન્ટિંગ ક્ષેત્રે એક અનોખું સ્થાન બનાવ્યું છે. સુરત ખાતે પ્રદર્શનમાં તેમણે પોતાની કળા રજૂ કરી હતી. તેમણે બદલાતા સમયની નાડ પારખીને આ પ્રાચીન કલાને રોજિંદા જીવનની વસ્તુઓ સાથે સાંકળી લીધી છે. સ્વાતિબહેને જણાવ્યું હતું કે, "પરંપરાગત ચિત્રશૈલીને જાળવી રાખવી એ આપણી ફરજ છે. હું માત્ર ચિત્રો નથી બનાવતી, પણ તેમાં રોજિંદા જીવનના પ્રસંગો, ઉત્સવો અને પ્રકૃતિનાં દૃશ્યોને જીવંત કરું છું. નોંધનીય છે કે, આજે તેમની પીંછીનો જાદુ કાપડ પરની પ્રિન્ટ, સ્ટાઈલિશ ટી-શર્ટ, ટ્રેન્ડી બૅગ અને કલાત્મક ટોપલીઓ પર પણ જોવા મળે છે.

## દક્ષિણ ગુજરાત પ્રવાસન થીમ પેવેલિયન



રિજનલ કોન્ફરન્સ અંતર્ગત ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા વિશેષ થીમ પેવેલિયનનું આયોજન કરાયું હતું. આ પેવેલિયનમાં દક્ષિણ ગુજરાતનાં મુખ્ય પ્રવાસન સ્થળો, ટ્રાઈબલ સંસ્કૃતિ, પ્રાકૃતિક સ્થળો તથા વૈવિધ્યપૂર્ણ અનુભવોને આધુનિક પ્રદર્શન-માધ્યમો દ્વારા રજૂ કરવામાં આવ્યાં હતાં. પ્રદર્શનની વિશેષતા તરીકે પરંપરાગત હસ્તકલા કારીગરો દ્વારા જીવંત પ્રદર્શન યોજાયું હતું, જેમાં સ્થાનિક કળાઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ સાથે જ જોડિયા પાવા જેવાં પરંપરાગત ગુજરાતી સંગીતવાદ્યો દ્વારા જીવંત સંગીત-પ્રસ્તુતિઓએ પેવેલિયનને વિશેષ આકર્ષક બનાવ્યું હતું.




સેમિનાર દરમિયાન 'શક્તિ સંગમ' વિષય પર યોજાયેલી પૅનલ ચર્ચામાં સુરક્ષા, સમાજસેવા, ઉદ્યોગ-સાહસિકતા અને શાસનમાં મહિલાઓની ભૂમિકાનો વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યો. બીજી પૅનલ ચર્ચામાં 'સુરતમાં નારીશક્તિ : વિકસિત સુરતથી વિકસિત ભારત' વિષય હેઠળ એ.આઇ., ડિજિટલ ઈકોસિસ્ટિમ, ડ્રોન ટૅક્નોલૉજી અને નવીનતા ક્ષેત્રે મહિલાઓના યોગદાન પર પ્રકાશ પાડવામાં આવ્યો.

સત્રમાં વડાપ્રધાનશ્રીના 5F ફોર્મ્યુલાનો ઉલ્લેખ ફાર્મથી ફાઈબર - ફૅક્ટરી - ફેશનથી ફૉરેન સુધીની કાપડ મૂલ્યશૃંખલાને મજબૂત બનાવવા માટેના વ્યાપક વિઝન તરીકે પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે વિવિધ કલ્યાણકારી યોજનાઓનું અનાવરણ કરવામાં આવ્યું. ઉપરાંત, ઉદ્યોગ અને ખાણ વિભાગ અને જીનાશ ગાર્મેન્ટ વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહિલા ઉદ્યોગ-સાહસિકોને મુખ્યમંત્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં.

## ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે રોકાણ માટે ગુજરાત ઉત્તમ

સુરત ખાતે યોજાયેલી 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ-૨૦૨૬' અંતર્ગત 'ખેડૂતોની સમૃદ્ધિ માટે મૂલ્યવર્ધન અને ઉચ્ચ વળતર' વિષયક સેમિનાર કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં યોજાયો હતો. તેમાં તેમણે જણાવ્યું હતું કે, મગફળી, કપાસ, દિવેલા, રાયડા, ચણા સહિતની અનેક ખેતપેદાશોમાં અગ્રેસર ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ ઘણાં ધનધાન્યો માટે અનુકૂળ હોવાથી પાક-ઉત્પાદનની સાથે ફૂડ-પ્રોસેસિંગ ક્ષેત્રે રોકાણ માટે ગુજરાત ઉત્તમ રાજ્ય છે. દરેક તબક્કે ખેડૂત અને કૃષિ એકમોના વિકાસ માટે કાર્ય કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મંત્રીશ્રીએ વાતથી વાસ્તવિકતાના અમલીકરણ માટે વડાપ્રધાનના વોકલ ફોર લોકલ અને લોકલથી ગ્લોબલના સૂત્રને પ્રાધાન્ય આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ લોકો સાથે સંવાદ સાધી તેમની સમસ્યાઓ અને સૂચનોને વાચા આપી હતી.




## ગ્રીન એનર્જી રિચ ગ્રીડ સિસ્ટિમ પ્લાનિંગ અને ઇન્ટિગ્રેશન પર પરિસંવાદ

VGRCના ભાગરૂપે ગ્રીન એનર્જી રિચ ગ્રીડ : સિસ્ટિમ પ્લાનિંગ અને ઇન્ટિગ્રેશન વિષય પર પરિસંવાદમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ સેમિનારમાં ખાસ કરીને ઊર્જા ક્ષેત્રે બદલાતા સમય સાથે વધતા પુન:પ્રાપ્ય ઊર્જા સ્રોત અને તેનાં વિવિધ સ્વરૂપો વિશે ચર્ચા કરવામાં આવી હતી.



ભારતમાં વર્ષ ૨૦૭૦ સુધી અને ગુજરાતમાં વર્ષ ૨૦૪૭ સુધીમાં 'નેટ-ઝીરો' ઉત્સર્જન હાંસલ કરવાના ધ્યેય અને તેને પરિપૂર્ણ કરવાના આયોજન વિશે ચર્ચા કરવામાં આવી હતી.

## 'સસ્ટેનેબલ કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગો માટે ગ્રીન જોબ્સ ક્રાંતિ' સેમિનાર

સુરતમાં શ્રમમંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સના ભાગરૂપે 'ગ્રીન જૉબ્સ રેવોલ્યુશન ફોર સસ્ટેનેબલ કૅમિકલ એન્ડ પેટ્રોકૅમિકલ ઈન્ડસ્ટ્રીઝ' અને 'એડવાન્સ્ડ સ્કિલિંગ ફોર ગ્લોબલ મેન્યુફેકચરિંગ કોમ્પિટિટિવનેસ (DET)' વિષય પર સેમિનાર અને પૅનલ ચર્ચા યોજાઈ હતી.

આ પ્રસંગે વિવિધ ઉદ્યોગકારો સાથે સમજૂતી કરારોના આદાનપ્રદાનનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો, જેમાં સેન્ટ ગોબેન (Saint Gobain) દ્વારા લૅબ ડેવલપમેન્ટ અને શોર્ટ ટર્મ કોર્સિસ માટે ITI બિલિમોરા સાથે, રેલીસ ઇન્ડિયા લિમિટેડ (Rallis India Ltd.) દ્વારા 55" LED ટીવી, પોસ્ટર્સ, વિવિધ ટ્રેડ્સ માટેના સેફ્ટી સાઈન અને સિમ્બોલ્સ-ITI અંકલેશ્વર અને વાલિયા સાથે તથા ગોદરેજ એન્ડ બોયસ મેન્યુફેક્ચરિંગ કંપની લિમિટેડ દ્વારા વેલ્ડિંગ મશીન, ઍંગ્યુલર ગ્રાઈન્ડર, HP વેલ્ડિંગ ટોર્ચ, રેગ્યુલેટર (ટુ-સ્ટેજ યુરો $CO_2$), રેગ્યુલેટર (ટુ-સ્ટેજ યુરો આર્ગોન) - ITI જબુંસર સાથે એમઓયુ કરાયા હતા.

## બદલાતા સમયમાં કચરો પણ 'રિસોર્સ મટીરિયલ'

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ (VGRC) અંતર્ગત વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં 'Enabling Gujarat's Circular Transition: Policies, Partnerships and Pathways' વિષય પર સેમિનાર યોજાયો હતો.

વનમંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, બદલાતા સમયમાં કચરો હવે સમસ્યા નહીં, પણ 'રિસોર્સ મટીરિયલ' છે. ઘરેલુ કચરો પણ હવે એનર્જી ઉત્પન્ન કરવા માટેના સ્રોત તરીકે ઉપયોગી બની રહ્યો છે. વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ પર્યાવરણ અને ઉદ્યોગોના સહ-અસ્તિત્વ પર તેમજ પર્યાવરણ સુરક્ષા માટે ટૅક્નોલૉજીના મહત્તમ ઉપયોગ પર ભાર મૂક્યો હતો.

## ઉકાઇ કેચમેન્ટ વિસ્તારમાં પ્રવાસન વિકસાવાશે

રાજ્ય સરકાર દ્વારા ઉકાઈના કેચમેન્ટ વિસ્તારમાં પ્રવાસનનો વિકાસ કરી ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા માટે રૂ. ૧૨૫ કરોડની રકમની જોગવાઈ કરવામાં આવી હોવાનું પ્રવાસન રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ દરમિયાન આયોજિત 'રૂરલ, ટ્રાઈબલ એન્ડ વેડિંગ ટૂરિઝમ' વિષયક સેમિનારમાં તેમણે આ માહિતી આપી હતી. આ ઉપરાંત ગુજરાત, ગુજરાતના આદિવાસી વિસ્તાર, દરિયાકિનારો, વર્લ્ડ ક્લાસ રિસોર્ટ, રણવિસ્તાર પ્રવાસનના વિકાસ માટે અમાપ શક્યતા ધરાવે છે, જેનાથી ડેસ્ટિનેશન વેડિંગ ટૂરિઝમને વેગ મળશે, એમ જણાવ્યું હતું.














# વિકાસની આરસીમાં ગુજરાતના ગૌરવની સૂરત

**મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત**
**ગુજરાત મોરી મોરી રે!**
**ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત**
**ગુજરાત મોરી મોરી રે!**

ઉમાશંકર જોશી રચિત આ કવિતા યાદ કરતાં જ ગુજરાતી હોવાનું અને ગુજરાતમાં વસવાનું ગૌરવ અનુભવાય. આવા ગુણવંતા ગુજરાત રાજ્યની સ્થાપનાનું સ્મરણ કરાવે એ દિવસ એટલે 'ગુજરાત ગૌરવ દિવસ', જે દર વર્ષે ૧લી મેના રોજ ઊજવવામાં આવે છે.

વર્ષ ૧૯૬૦માં બૃહદ મુંબઈ રાજ્યના વિભાજન પછી ગુજરાત એક અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું. આ દિવસ રાજ્યની સાંસ્કૃતિક સમૃદ્ધિ, ઐતિહાસિક વારસો, ઔદ્યોગિક પ્રગતિ અને સર્વાંગી વિકાસને ઉજાગર કરવાનો અવસર છે. ગુજરાત ગૌરવ દિવસ લોકોમાં રાજ્ય પ્રત્યે ગૌરવની ભાવના જન્માવે છે અને વિકાસયાત્રામાં સહભાગી બનવા પ્રેરણા આપે છે.

આ વર્ષે ગુજરાતનો ૬૬મો સ્થાપના દિવસ હતો. 'ગૌરવવંતું ગુજરાત, વિરાસતથી વિકાસ' થીમ સાથે ગુજરાતના સ્થાપના દિવસની રાજ્યકક્ષાની ઉજવણી તાપી નદીના કિનારે વસેલા અને ગુજરાતના અગ્રણી ઔદ્યોગિક શહેર સુરતમાં થઈ હતી.


આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, મહારાષ્ટ્રથી અલગ થયા બાદ ગુજરાતમાં પીવાના પાણીની વિકટ સમસ્યા હતી. એક સમયે વહીવટીતંત્રનું મુખ્ય કામ ટ્રેન દ્વારા આવતા પાણીનું વિતરણ કરવાનું અને સંઘર્ષ ટાળવાનું હતું. રણ અને દરિયાકિનારા ધરાવતા આ પ્રદેશમાં ઉદ્યોગો, રસ્તાઓ કે વીજળી જેવી માળખાગત સુવિધાઓનો અભાવ હતો. પરંતુ, ગુજરાતીઓની અથાગ મહેનત અને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે રાત-દિવસ કાર્ય કરીને જે નવી જનહિતની નીતિઓ અમલમાં મૂકી, તેના કારણે આજે ગુજરાતની કાયાપલટ થઈ છે. તેમણે ગુજરાતના નાગરિકોને ભારતીય જીવનમૂલ્યો, આધ્યાત્મિકતા અને ભૌતિક ઉન્નતિના સંગમ સાથે રાજ્યને વધુ ઊંચાઈએ લઈ જવા અને પરિશ્રમ થકી રાજ્ય અને રાષ્ટ્રનિર્માણમાં તન, મનથી જોડાઈ જવા હાકલ કરી હતી.

'ગુજરાત ગૌરવ દિવસ'ની શુભેચ્છાઓ પાઠવતાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વમાં ગુજરાત આજે દેશનું 'ગ્રોથ એન્જિન' અને વિકાસનું વૈશ્વિક 'રોલ મૉડલ' બન્યું છે. વડાપ્રધાનશ્રીએ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી જિલ્લા મથકોએ કરવાની જે પરંપરા શરૂ કરી છે તેનાથી જનશક્તિ વિકાસ સાથે જોડાઈ છે, જન-જનમાં રાષ્ટ્રહિતનો ભાવ જાગ્યો છે અને લોકો શાસનમાં સહભાગિતા અનુભવી રહ્યા છે. આ ઉપરાંત તેમણે સુરતની વિકાસયાત્રાની પ્રશંસા કરી હતી. જ્યારે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ દરેક નાગરિકને જાહેર સ્થળો પર કચરો ન ફેંકવા અને કચરાપેટીનો ઉપયોગ કરી સ્વચ્છતા-કર્મીઓનું ભારણ ઘટાડવા અનુરોધ કર્યો હતો.

**સુરતના વિકાસ માટે રૂ.૭.૫૦ કરોડની ફાળવણી :** સુરત શહેર-જિલ્લાનાં વિકાસકામો માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ.૭.૫૦ કરોડની ફાળવણી કરી હતી, જે સંદર્ભે જિલ્લા કલેક્ટરને રૂ. ૨.૫૦ કરોડ, શહેરના વિકાસ માટે મ્યુ. કમિશનરને











રૂ.૨.૫૦ કરોડ અને જિલ્લાના ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે જિલ્લા વિકાસ અધિકારીને રૂ. ૨.૫૦ કરોડના ચેક અર્પણ કર્યા હતા. આ સાથે સુરત જિલ્લાની વિકાસયાત્રાને દર્શાવતાં બે પુસ્તકો 'વિકાસ વાટિકા' અને 'કૉફી ટેબલ બુક'નું મહાનુભાવોના હસ્તે વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

**ગુજરાતનું ગૌરવ 'ગુજરાત ગરિમા ઍવૉર્ડ' :** સુરતમાં ગુજરાત ગૌરવ દિનની ઉજવણી અન્વયે સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જિલ્લા અને રાજ્યનું ગૌરવ વધારનાર પ્રતિભાશાળી વિશિષ્ટ વ્યક્તિઓને 'ગુજરાત ગરિમા ઍવૉર્ડ -૨૦૨૬'થી સન્માનિત કર્યા હતા.

**સન્માનિત મહાનુભાવો :** કલાક્ષેત્રે શ્રી ભરત કાંતિલાલ સાલવી, સમાજસેવા માટે હસમુખભાઈ દવે, તબીબી સેવા માટે ડૉ. ધવલ નાયક, રમતગમત માટે સુશ્રી બકુલાબહેન પટેલ, રમતગમત અને કલાક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર સુશ્રી હેત્વી ખીમસુરિયાને 'ગુજરાત ગરિમા ઍવૉર્ડ-૨૦૨૬' એનાયત કરાયા હતા. આ ઉપરાંત પદ્મશ્રી સર્વશ્રી સવજીભાઈ ધોળકિયા, નીલેશભાઈ માંડલેવાલા, ડૉ.કનુભાઈ ટેલર, યઝદી કરંજિયા, મથુરભાઈ સવાણી તથા અન્ય પ્રતિષ્ઠિત એવાં નિરંજનાબહેન કલાર્થી, મોહમ્મદ વાનિયા તથા માનવ ઠક્કર તેમજ હરમિત દેસાઈનાં પરિવારજનોને સન્માનિત કરાયાં હતાં.

**સુરતવાસીઓ થયા મંત્રમુગ્ધ :** સુરતના ડુમસ સી-ફેસ ખાતે ગુજરાત સ્થાપના દિન નિમિત્તે 'ગૌરવવંતું ગુજરાત, વિરાસતથી વિકાસ' થીમ પર ભવ્ય મલ્ટિમીડિયા કાર્યક્રમ યોજાયો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૨૫૦થી વધુ કલાકારોએ સુરતના ઇતિહાસથી વિકાસ સુધીની યાત્રાને નાટકના રૂપમાં લાઇટ અને સાઉન્ડ સાથે રજૂ કરી હતી, જેને નિહાળી સુરતવાસીઓ મંત્રમુગ્ધ થયા હતા.

## ...સૌનું મન જીતી લીધું

સુરત ખાતે 'ગુજરાત ગૌરવ દિવસ'ની રાજ્યકક્ષાની ભવ્ય ઉજવણી અંતર્ગત Y જંક્શનથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી ઐતિહાસિક પરેડ યોજાઈ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સલામી આપી પરેડને પ્રસ્થાન કરાવ્યું હતું, જ્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પોલીસની ૧૮ પ્લાટુનની સાથે ૭૫૦થી વધુ જવાનો શિસ્તબદ્ધ પરેડમાં જોડાયા હતા. પરેડ કમાન્ડર તરીકે આઈપીએસ ઑફિસરશ્રી ડૉ.નવીન ચક્રવતીએ નેતૃત્વ કર્યું હતું. વિવિધ વિભાગોના આકર્ષક ટેબ્લો દ્વારા રાજ્યના વિકાસની ઝાંખી રજૂ થઈ. બહાદુર જવાનોના દિલધડક મોટરસાઇકલ સ્ટંટે સૌનું મન જીતી લીધું. આ ભવ્ય કાર્યક્રમ નિહાળવા માનવ મહેરામણ ઊમટ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા, વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી પૂર્ણેશભાઈ મોદી, સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, ધારાસભ્ય સર્વશ્રી અરવિંદભાઈ રાણા, મોહનભાઈ ઢોડીયા, સંદીપભાઈ દેસાઈ, મુકેશભાઈ પટેલ, સંગીતાબહેન પાટીલ, મુખ્ય સચિવશ્રી એમ. કે.દાસ, માહિતી અને પ્રસારણ વિભાગના સચિવશ્રી ડૉ. વિક્રાંત પાંડે, રાજ્ય પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવ, જિલ્લા પ્રભારી સચિવ શ્રીમતી શાલિની અગ્રવાલ, જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ પારધી, પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત અને મ્યુ. કમિશનર એમ. નાગરાજન સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડિજિટલ, નીતિમય અને સક્ષમ ગુજરાતનું આગેકદમ

રાજ્યની પ્રગતિનો રોડમૅપ તૈયાર કરવાનું પ્લૅટફૉર્મ એટલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાતી રાજ્ય મંત્રીમંડળની બેઠક. ગુજરાતની કૅબિનેટ બેઠક રાજ્યના સર્વાંગી વિકાસ અને લોકોની આશા-આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવાનું સબળ અને સશક્ત માધ્યમ છે. આ પ્લેટફોર્મના માધ્યમ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ મંત્રીમંડળ દ્વારા રાજ્યના વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા, જનહિતલક્ષી નવી યોજનાઓને મંજૂરી અને કાયદાકીય ફેરફારો અંગે ગહન ચર્ચા-વિચારણા બાદ અગત્યના નિર્ણય કરવામાં આવે છે.

કૅબિનેટ બેઠકમાં લેવાયેલા મહત્ત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને સરકારી સેવાઓ વધુ સરળ, પારદર્શક અને ઝડપી મળે તે માટે 'ડિજિટલ ગુજરાત' પોર્ટલ કાર્યરત છે, જે અંતર્ગત ગુજરાત વહીવટી સુધારણા આયોગ (GARC)ની ભલામણોને સ્વીકારીને નાગરિકોને સીધી સ્પર્શતી સેવાઓ જેવી કે આવકનો દાખલો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર, નોન-ક્રીમિલેયર પ્રમાણપત્ર, રૅશનકાર્ડને લગતી મહત્ત્વની 'Top-20' હાઇ-વૉલ્યૂમ સેવાઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને તેના માટે આધાર પ્રમાણીકરણ પ્રક્રિયાનો અમલ થઈ રહ્યો છે. આ નિર્ણયથી રાજ્ય સરકારની વિવિધ સેવાઓમાં પારદર્શિતા અને ચોકસાઈ વધશે તેમજ યોજનાઓના લાભ માત્ર પાત્રતા ધરાવતા લાભાર્થીઓને જ મળે તે સુનિશ્ચિત થશે.



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનાં પરિણામ બાદ રાજ્ય સરકાર 'સેવા અને સુશાસન'ના મંત્ર સાથે નાગરિકોના પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે કટિબદ્ધ છે. ગ્રામીણ સ્તરથી રાજ્યસ્તર સુધીના તમામ પ્રજાલક્ષી પ્રશ્નો અને ફરિયાદોનું ઝડપથી નિવારણ લાવવા મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં વહીવટી તંત્રને સ્પષ્ટ આદેશો આપ્યા હતા. ચૂંટણી-પ્રક્રિયામાં મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અને જનપ્રતિનિધિઓએ રાજ્યના ખૂણે-ખૂણે વ્યાપક લોકસંપર્ક કર્યો હતો. આ સંપર્ક દરમિયાન જનતા દ્વારા સ્થાનિક સમસ્યાઓ, વહીવટી પ્રશ્નો અને નવી અપેક્ષાઓ સરકારના ધ્યાને મૂકવામાં આવી છે.

નાગરિકોની આ ફરિયાદો અને પ્રશ્નોના ત્વરિત અને અસરકારક નિરાકરણ માટે મુખ્યમંત્રીશ્રીએ મુખ્ય સચિવશ્રીને વિશેષ સૂચનાઓ આપી. રાજ્યથી ગ્રામકક્ષા સુધી મળેલી ફરિયાદોનું લિસ્ટ બનાવી, તેના ત્વરિત નિવારણ માટે ઍક્શન પ્લાન તૈયાર કરવા ઉચ્ચ અધિકારીઓને આદેશ આપ્યા છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આગામી દિવસોમાં રાજ્યના દરેક ખૂણે વિકાસનાં કામોમાં ગતિ આવશે. વિજયના ઉત્સાહને સેવામાં પરિવર્તિત કરીને નાગરિકોની નાની-મોટી તમામ મુશ્કેલીઓનો અંત લાવવા સરકાર આગામી દિવસોમાં વધુ વેગથી કાર્ય કરશે, તેમ પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

## કેબિનેટ બેઠકમાં લેવાયેલા મહત્ત્વપૂર્ણ નિર્ણયો

નાગરિકોને સરળ, પારદર્શક અને ઝડપી સેવાઓ માટે

### 'ડિજિટલ ગુજરાત' પોર્ટલ

ગુજરાત વહીવટી સુધારણા આયોગ (GARC)ની ભલામણોને સ્વીકારીને નાગરીકોને સીધી સ્પર્શતી TOP-20 હાઇ-વોલ્યુમ સેવાઓ ઉપલબ્ધ

- આવકનો દાખલો
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર
- નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર
- રેશનકાર્ડને લગતી અન્ય મહત્ત્વની સેવાઓ

**આધાર પ્રમાણીકરણ પ્રક્રિયાનો અમલ**

પારદર્શિતા અને ચોકસાઇ વધશે અને યોજનાઓને લાભ માત્ર પાત્રતા ધરાવતા લાભાર્થીઓને જ મળે તે સુનિશ્ચિત થશે.

### સેવા અને સુશાસનના મંત્ર સાથે

નાગરિકોના પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે કટિબદ્ધ સરકાર

- ચૂંટણી દરમિયાન મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અને જનપ્રતિનિધિઓએ રાજ્યના ખૂણે-ખૂણે વ્યાપક લોકસંપર્ક કર્યો.
- જનતા દ્વારા સ્થાનિક સમસ્યાઓ, વહીવટી પ્રશ્નો અને નવી અપેક્ષાઓ સરકારના ધ્યાને મુકવામાં આવી.

**ત્વરિત અને અસરકારક નિરાકણ માટે મુખ્યમંત્રીશ્રીના સ્પષ્ટ આદેશ**

- રાજ્યથી ગ્રામીણ સુધી મળેલી ફરિયાદોનું લિસ્ટ તૈયાર કરાશે
- ત્વરિત નિવારણ માટે એક્શન પ્લાન તૈયાર કરાશે
- ઉચ્ચ અધિકારીઓને આદેશ આપી તેની કામગીરીની નિયમિત સમીક્ષા થશે

### વિજયના ઉત્સાહને સેવામાં પરિવર્તિત કરવાનો સંકલ્પ

- મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં રાજ્યના દરેક ખૂણે વિકાસના કામોમાં ગતિ આવશે.
- નાગરિકોની નાની-મોટી તમામ મુશ્કેલીઓનો અંત લાવવા સરકાર વધુ વેગથી કાર્ય કરશે.

**રાજ્ય સરકારનો ધ્યેય સ્પષ્ટ છે સર્વનો સાથ, સર્વનો વિકાસ અને સર્વનો વિશ્વાસ**

## લૅન્ડ ગવર્નન્સમાં 'ટ્રાન્સફોર્મેશન' માટે મહેસૂલ અધિકારીઓનું સામૂહિક ચિંતન





ગુજરાત સરકારમાં 'ચિંતન શિબિર' એક એવી વ્યવસ્થા છે જ્યાં સરકારના ઉચ્ચ પદાધિકારીઓ અને અધિકારીઓ કચેરીના દૈનિક કાર્યથી અળગા થઇ કોઈ શાંત સ્થળે એકત્રિત થઈ રાજ્યના વિકાસ માટે મંથન કરે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહેસૂલ વિભાગની ચિંતન શિબિરનો શુભારંભ કરાવ્યો હતો. આ શિબિરમાં ‘કોલૅબરેટ, ઇનૉવેટ ઍન્ડ ટ્રાન્સફૉર્મ ફોર બેટર લૅન્ડ ગવર્નન્સ’ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ચિંતન શિબિરના શુભારંભે પૂ. શ્રી દીપકભાઈ દેસાઈએ કર્મ અને સેવા સાથે અધ્યાત્મને જોડવા મહેસૂલી અધિકારી-કર્મચારીઓને પ્રેરણાદાયી પ્રવચન કરી પ્રોત્સાહિત કર્યા હતા.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ચિંતન શિબિર નાનામાં નાના માનવીના કલ્યાણ માટેના ચિંતનનું સક્ષમ માધ્યમ છે. મહેસૂલ વિભાગ અને જિલ્લાના વહીવટી વડા તરીકે કલેક્ટરોની સામૂહિક શક્તિથી ‘સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ’ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યમંત્રને આપણે સુપેરે પાર પાડીએ. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ચિંતન શિબિરનો સમાપન સમારોહ થયો હતો.

આ શિબિરમાં મહેસૂલ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહીડા, મહેસૂલ વિભાગનાં અધિક મુખ્ય સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિ ઉપરાંત જિલ્લા કલેક્ટરો અને મહેસૂલ વિભાગના અધિકારીઓ સહભાગી થયા હતા.

## ગિફ્ટ સિટીઃ ભારતીય ઍવિએશન ક્ષેત્રમાં ઉડાન ભરતું નવું 'ફાઇનાન્સિયલ હબ'




ભારત હવે ઍરક્રાફ્ટમાં મુસાફરી કરતા લોકો માટેના બજાર પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ તે વૈશ્વિક સ્તરે ઍરક્રાફ્ટ ફાઇનાન્સિંગના 'આર્કિટેક્ટ' તરીકે વિકસી રહ્યું છે. ગિફ્ટ સિટી, ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી કિંજરપ્પુ રામ મોહન નાયડુની પ્રેરક ઉપસ્થિતિમાં 'ઇન્ડિયા ઍરક્રાફ્ટ લીઝિંગ એન્ડ ફાઇનાન્સિંગ સમિટ 2.0' સંપન્ન થઈ. આ સમિટ ભારતના ઉડ્ડયન ક્ષેત્રને 'આત્મનિર્ભર' બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ કદમ પુરવાર થશે.

મુખ્યમંત્રીશ્રીએ ગર્વભેર જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝનરી 'બ્રેઇનચાઇલ્ડ' એવું ગિફ્ટ સિટી આજે દેશનું ‘ફિનટેક હબ’ બન્યું છે. ઍરક્રાફ્ટ લીઝિંગ માટે અહીં 'યુનિફાઇડ રેગ્યુલેટર' (IFSCA) ની વ્યવસ્થા કરવામાં આવી છે, જે 'ઈઝ ઑફ ડુઇંગ બિઝનેસ'ને નવી ઊંચાઈએ લઈ જશે. અત્યાર સુધી ગિફ્ટ સિટીમાંથી ૩૭૦થી વધુ એસેટ્સ લીઝ પર અપાઈ છે, જે ગુજરાતના મજબૂત નેતૃત્વની સાક્ષી છે. કેન્દ્રીય મંત્રી શ્રી રામમોહન નાયડુએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૩૫ સુધીમાં ભારત ૨,૨૫૦ ઍરક્રાફ્ટના કાફલા સાથે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સિવિલ ઍવિએશન માર્કેટ બનશે.

સમગ્ર સમિટ દરમિયાન ઍર ઇન્ડિયા, ઇન્ડિગો અને અકાશા જેવી જાણીતી કંપનીઓએ નવાં રોકાણો માટે MoUs પર હસ્તાક્ષર કર્યા હતા. મંત્રીશ્રીએ એ પણ જાહેરાત કરી કે પ્રાદેશિક કનેક્ટિવિટી વધારવા માટે ટૂંક સમયમાં લક્ષદ્વીપમાં સી-પ્લેન ઑપરેશન્સ શરૂ કરવામાં આવશે.

# 'સ્વાગત' કાર્યક્રમ દ્વારા વહીવટી પારદર્શિતાનો અભિગમ




રાજ્ય ‘સ્વાગત’ કાર્યક્રમમાં આવેલી રજૂઆતોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂબરૂ સાંભળીને નાગરિકોના પ્રશ્નોનું નિયત સમયમર્યાદામાં, ન્યાયિક અને તટસ્થ રીતે નિરાકરણ થાય તે માટે જિલ્લા વહીવટીતંત્રને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. દર મહિને યોજાતા સ્વાગત ઓનલાઇન જન-ફરિયાદ નિવારણ કાર્યક્રમના ઉપક્રમમાં રાજ્યભરમાંથી ૧૧૦થી વધુ રજૂઆતકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ પંચમહાલ જિલ્લામાં ખેતીની જમીનના વેચાણ હેતુ પરવાનગી મેળવવાની અરજી, ભરૂચની કરજણ જળાશય યોજના અંતર્ગત વળતર ન મળવા અંગેની રજૂઆતો જેવા પ્રશ્નોના તાત્કાલિક ધોરણે નિરાકરણનાં આદેશ આપ્યા હતાં. લોકોને નકલી ડૉક્યુમેન્ટ બતાવીને નાણાકીય છેતરપિંડી આચરતાં અસામાજિક ગુનેગારી સામે કડક હાથે કામ લેવા મુખ્યમંત્રીશ્રીએ પોલીસ તંત્રને આદેશ આપ્યા હતા. મહેસાણામાં રિ-સર્વે પ્રમલ્ગેશનમાં ખેતીની જમીનમાં ક્ષેત્રફળમાં થયેલા ઘટાડા માટે જમીનની માપણી અને માપણી થયા બાદ રેકૉર્ડમાં સુધારા અંગે ખેડૂતોની સામૂહિક રજૂઆતો મળતાં મુખ્યમંત્રીશ્રીએ લોકોની સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ કરવા જિલ્લા કલેક્ટરને સૂચના આપી હતી.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય વહીવટી તંત્રે માત્ર જવાબદારી પૂર્ણ કરવાને બદલે લોકોના પ્રશ્નોનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધીની જવાબદારી દાખવી નાગરિકોના પ્રશ્નોનો આખરી નિકાલ કરવો જોઈએ.

# વિશ્વ ગુજરાતી સમાજના ‘વિશ્વમેળો’ વિશેષાંક અને વેબસાઇટનું લૉન્ચિંગ

ગુજરાતી ભાષા અને સંસ્કૃતિના સંવર્ધન માટે વૈશ્વિક સ્તરે ગુજરાતીઓની સિદ્ધિઓ અને સમાજનાં વિવિધ પાસાંઓને ઉજાગર કરવાનું કાર્ય ‘વિશ્વ ગુજરાતી સમાજ’ કરે છે. આ સંસ્થા દ્વારા પ્રકાશિત ‘વિશ્વમેળો’ વિશેષાંકનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિમોચન કરવામાં આવ્યું. ગુજરાતી સંસ્કૃતિ, ભાષા અને ગુજરાતીની વિવિધ સિદ્ધિઓને પ્રતિબિંબિત કરતી અવનવી વાચન-સામગ્રીથી ભરપૂર સંસ્થાની નવી વેબસાઇટનું લૉન્ચ પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગાંધીનગરમાં થયું હતું.

આ સામયિકમાં વાચકોને નૂતન વિચારો-પહેલો-વિભાગો અને ગુજરાતી સંગઠનો સંબંધિત સમાચારો જાણવા મળશે. યુવા-મહિલા-વ્યાપારી વર્ગ સંબંધિત જુદા-જુદા ક્ષેત્ર માટે ઉપયોગી સામગ્રીનો આ માધ્યમોમાં સમાવેશ કરાયો છે. વિશ્વ ગુજરાતી સમાજની નવી અદ્યતન વેબસાઇટ વિશ્વભરના ગુજરાતીઓને એક મંચ પૂરો પાડશે, જેના માધ્યમથી સમાજના સભ્યો વચ્ચે સંપર્ક સ્થપાશે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ગુજરાતી સંસ્કૃતિ અને ભાષાના સંરક્ષણ તેમજ પ્રસાર-પ્રચાર માટે વિશ્વ ગુજરાતી સમાજના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે આવી પહેલોને ગુજરાતની વૈશ્વિક ઓળખને મજબૂત કરવામાં મહત્ત્વનું યોગદાન આપનારી ગણાવી હતી.



**પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ :** અમદાવાદના થલતેજમાં આવેલા શ્રી સનાતન રામધામ મંદિર ખાતે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ શ્રીરામ દરબારનાં દર્શન-પૂજન કરી, મહાઆરતીમાં સહભાગી થયા હતા. તેમણે રાજ્યના નાગરિકોની સુખાકારી માટે મંગલ કામના કરી હતી. અંદાજે ૯૦ વર્ષ જૂના આ મંદિરનો પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા અન્ય દાતાઓના સહયોગથી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ ઉપરાંત સંતો-મહંતો, મંદિરના ટ્રસ્ટીઓ, દાતાઓ, સ્થાનિક અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.



**શુભકામના :** પશ્ચિમ બંગાળના નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રી સુભેન્દુ અધિકારીના શપથવિધિ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. તેમણે નવનિયુક્ત મુખ્યમંત્રીશ્રીને પુષ્પગુચ્છ અર્પણ કરીને હાર્દિક શુભકામના અને અભિનંદન પાઠવ્યાં હતાં. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં દેશમાં વિકાસ, સુશાસન અને જનકલ્યાણના નવા આયામો સ્થાપિત થઈ રહ્યા છે ત્યારે પ.બંગાળ આ વિકાસયાત્રામાં સહભાગી થયું છે તેનો મુખ્યમંત્રીશ્રીએ હર્ષ વ્યક્ત કર્યો હતો.



**સમૂહ લગ્નોત્સવ :** ભરૂચ જિલ્લાના દુર્ગમ આદિવાસી વિસ્તાર નેત્રંગ તાલુકાના કાકડકૂઈની માધવ વિદ્યાપીઠમાં યોજાયેલા સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં પ્રભુતામાં પગલાં પાડતાં ૫૧ નવ-યુગલોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સફળ દામ્પત્ય-જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. વિશ્વબંધુ પરિવાર અને વિદ્યાભારતી વનવાસી શિક્ષણ સમિતિના ઉપક્રમે આ સર્વજ્ઞાતીય સમૂહ લગ્ન-વિશ્વબંધુ પરિણય સંસ્કાર મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે રાષ્ટ્રઋષિ વિશ્વબંધુ શ્રી શશિભાનુ રાજયોગીજી, સામાજિક અગ્રણીઓ, વિશ્વબંધુ પરિવાર તથા વિદ્યાભારતી વનવાસી શિક્ષણ સમિતિના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ અને આદિજાતિ પરિવારો સહભાગી થયા હતા.



# ઔદ્યોગિક એકમોને સિંગલ ક્લિકથી સહાયની ચુકવણી



ગુજરાત સરકારના મધ્યમ લઘુ અને સૂક્ષ્મ (MSME) કક્ષાના ઉદ્યોગોના વિભાગ દ્વારા રાજ્યના લાભાર્થીઓને ઝડપી અને પારદર્શક રીતે નાણાકીય સહાય મળી રહે તે માટે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ, સુરત અંતર્ગત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી 'Single Click Payment Program' કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત ઉદ્યોગ અને MSME વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૧૧,૦૨૯ લાભાર્થીઓને રૂ. ૧૩૪૯.૫૦ કરોડની રકમ ઈ-પેમેન્ટ મારફતે એક જ સમયે તેમના બૅંક ખાતામાં સીધી જમા કરવામાં આવી હતી. તેમાં મુખ્યત્વે MSMEની વિવિધ યોજના હેઠળ ૭,૪૯૫ લાભાર્થીઓને રૂ. ૨૯૯.૭૫ કરોડ, ટેક્સ્ટાઇલ યોજનામાં ૩,૪૨૩ લાભાર્થીઓને રૂ.૫૩૮.૭૬ કરોડ તથા લાર્જ ઈન્ડસ્ટ્રીના ૧૧૧ લાભાર્થીઓને રૂ. ૫૧૦.૯૯ કરોડની સહાય ચૂકવવામાં આવી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ ઔદ્યોગિક તથા MSME યોજનાઓના લાભાર્થીઓને સમયસર સહાય મળતી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આવા કાર્યક્રમોથી ચુકવણી-પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ, સરળ અને ટૅક્નોલૉજી-આધારિત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ગુજરાત સરકારે રાજ્યમાં MSME ક્ષેત્રને વધુ સક્ષમ બનાવવા માટે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલી બનાવી છે. આવા કાર્યક્રમો દ્વારા લાભાર્થીઓને સહાયની રકમ ત્વરિત અને પારદર્શક રીતે પ્રાપ્ત થાય છે.

---

# સેમિકન્ડક્ટર હબ બનવા તરફ ગુજરાતનું મક્કમ પ્રયાણ

દેશને વૈશ્વિક સેમિકન્ડક્ટર પાવરહાઉસ બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને સાકાર કરવા તરફ ગુજરાતે વધુ એક મક્કમ ડગલું ભર્યું છે. સાણંદ GIDC ખાતે મલેશિયા સ્થિત અગ્રણી કંપની હોતાયી (Hotayi) ઈલેક્ટ્રોનિક્સ દ્વારા એડવાન્સ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ફૅસિલિટી સ્થાપવા માટેની પ્રક્રિયાને ગતિવાન બનાવવામાં આવી. આ પ્રોજેક્ટ અંતર્ગત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે કંપનીને ઑફર કમ એલોટમેન્ટ (OCA) પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં રોજગારી લાવતા ઔદ્યોગિક એકમો માટે ઝડપી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ ફૅસિલિટીમાં અત્યાધુનિક DRAM મેમરી મોડ્યુલ્સ, સોલિડ-સ્ટેટ ડ્રાઇવ્સ (SSDs), સર્વર અને ડેટા સેન્ટર મેમરી મોડ્યુલ્સ તેમજ ઓટોમોટિવ ઈલેક્ટ્રોનિક્સનું ઉત્પાદન કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ રોકાણથી રાજ્યમાં સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટિમ વધુ મજબૂત બનશે. સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ અને AI-સંચાલિત ઑટોમેશન ટૅક્નોલૉજીના ઉપયોગથી સ્થાનિક સ્તરે ટૅક્નોલૉજિકલ પ્રગતિ થશે અને મોટા પાયે રોજગારીની તકો ઊભી થશે. ગુજરાત પોતાની શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ અને ઉદ્યોગ-સાનુકૂળ નીતિઓને કારણે વૈશ્વિક ટેક કંપનીઓ માટે ફર્સ્ટ ચોઈસ ડેસ્ટિનેશન બની રહ્યું છે. હોતાયીનું આ રોકાણ 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને નવી ગતિ આપશે.



# ગુજરાતમાં ટેન્ડર કોકોનટનું ઉત્પાદન છેલ્લાં બે વર્ષમાં વધ્યું



## અનોખા પ્રયોગથી નારિયેળ ઉત્પાદનમાં અનેકગણો વધારો

ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ, પરંપરાગત પાકો, બાગાયતી પાકો અને મૂલ્યવર્ધિત ખેતીને સતત પ્રોત્સાહન મળતાં ખેડૂતોની આવકમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યનો વિશાળ દરિયાકાંઠો નારિયેળની ખેતી માટે અનુકૂળ હોવાથી ખેડૂતોને તેનો વિશેષ લાભ મળી રહ્યો છે. ટેન્ડર કોકોનટની વધતી માંગ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ખેતીના વિસ્તરણને કારણે ગુજરાતે નારિયેળના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો છે. આધુનિક તકનીક, સરકારની સહાય અને બજારમાં વધતી માંગના કારણે નારિયેળની ખેતી ખેડૂતો માટે નફાકારક બની રહી છે.

### ગીર જિલ્લાના સૂત્રાપાડાના યુવા ખેડૂત દિનેશભાઈ સોલંકીનો અનોખો પ્રયોગ

- ૧૦૦૦ લિટર પાણીમાં ગોળ અને ગીર ગાયના દૂધનું મિશ્રણ તૈયાર કર્યું
- વ્હાઈટફ્લાય (સફેદ માખી)ના ઉપદ્રવ સામે ઉપયોગ કર્યો
- વ્હાઈટફ્લાયનો નાશ થતા ઉત્પાદનમાં અનેકગણો વધારો

પહેલા તેમના ખેતરમાં વર્ષે માત્ર **૧,૦૦૦થી ૧,૫૦૦** નારિયેળનું ઉત્પાદન થતું હતું.

આ પ્રયોગ બાદ ઉત્પાદન વધીને **વાર્ષિક ૮,૦૦૦થી ૧૦,૦૦૦** નોંધાયું છે.

આજે તેમની વાર્ષિક આવક **અંદાજે રૂ. ૧૨ થી રૂ.૧૫ લાખ** સુધી પહોંચી છે.



### કોકોનટનું ઉત્પાદન અંદાજે ૨૦% વધ્યું

- છેલ્લાં ૨ વર્ષમાં રાજ્યમાં ટેન્ડર કોકોનટના ઉત્પાદનમાં અંદાજે ૨૦ ટકાનો વધારો થયો છે.
- આજે ખેડૂતો વાર્ષિક લગભગ **૨૬ કરોડ** નારિયેળનું ઉત્પાદન કરે છે.
- રાજ્યના આશરે **૨૮,૦૦૦ હેક્ટર** વિસ્તારમાં નારિયેળની ખેતી કરવામાં આવે છે.
- ગીર સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, નવસારી, કચ્છ અને દેવભૂમિ દ્વારકાનો ફાળો મહત્વનો છે.
- વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં ટેન્ડર કોકોનટની સરેરાશ ઉત્પાદકતા આશરે **૯.૨૬ હજાર** પ્રતિ હેક્ટર છે.

### ખેડૂતોને સહાય

- નારિયેળના વાવેતર ઉપર ૭૫ ટકા સુધીની સબસિડી
- મલ્ચિંગ અને ઇન્ટિગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટ માટે સહાય
- બાગાયત ખાતા હેઠળની નર્સરી પરથી ઊંચી જાત, ઠીંગણી જાત અને હાઈબ્રિડ જાતોના સારી ગુણવત્તાવાળા રોપા મળે છે.
- ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડ દ્વારા ટપક સિંચાઇ પદ્ધતિમાં સહાય

આગામી વર્ષોમાં નારિયેળની ખેતીનો વિસ્તાર **૭૦,૦૦૦** હેક્ટર સુધી વધારવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે.

### નારિયેળ આધારિત ઉત્પાદનો દ્વારા મૂલ્યવર્ધન

- વર્જિન કોકોનટ પાઉડર
- કોકોનટ પાઉડર
- કોકોનટ ચીપ્સ
- કોકોનટ મિલ્ક

નિકાસ બજારોમાં પ્રવેશ માટે પણ પ્રયાસો થઇ રહ્યાં છે.

ગુજરાત નારિયેળ-આધારિત ઉદ્યોગો માટેના વૈશ્વિક હબ તરીકે ઉભરી આવશે.

# કચરામાંથી કંચન



## ઍગ્રિવેસ્ટમાંથી ઑર્ગેનિક ખાતર બનાવી
### ૨૬ ફર્ટિલાઇઝર સહિત ૭૦ પૅટન્ટ મેળવી

- અમિત રાડિયા

70+ પેટન્ટ્સ
26 ફર્ટિલાઇઝર પેટન્ટ

AQI એટલે કે ઍર ક્વૉલિટી ઇન્ડેક્સ. આજ દિવસ સુધી ઓછો જાણીતો આ શબ્દ એકાએક બધે જ સંભળાઈ રહ્યો છે. કારણ છે - પ્રદૂષણનું વધતું સ્તર. તેમાં જવાબદાર પરિબળો પૈકીનું એક છે, ખેતરોમાં સળગાવવામાં આવતી પરાળ. એટલે કે પાક લણી લીધા બાદનો વધેલો કચરો, તે હવાના પ્રદૂષણના સ્તરમાં વધારો કરનારું એક પરિબળ છે. ભાવનગરના સિહોરના વતની નવયુવાન આંન્ત્રપ્રિન્યોર કિરણભાઈ મકવાણાએ આનો વ્યવહારુ ઉપાય શોધી કાઢ્યો છે, આઇ-હબ તથા લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિભાગની આર્થિક મદદથી તેમણે કચરામાંથી કંચનનું નિર્માણ કર્યું છે.

કિરણભાઈ કચરામાંથી ઑર્ગેનિક ખાતર બનાવી ૪૫૦થી વધુ ખેડૂતોને રોજગારી પણ આપી રહ્યા છે. એટલું જ નહીં, તેમના નામે આજે ૨૬ ફર્ટિલાઇઝર પૅટન્ટ સહિત કુલ ૭૦થી વધુ પૅટન્ટ્સ પણ નોંધાઈ ચૂકી છે. દર વર્ષે ખેતરોમાં પરાળ સળગાવવાના કારણે થતા વાયુ-પ્રદૂષણની સમસ્યાથી મહદંશે છુટકારો મેળવીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'નેટ ઝીરો કાર્બન ફૂટપ્રિન્ટ'ના લક્ષ્યને સિદ્ધ કરવાની દિશામાં તેમણે મક્કમ પગલે પોતાનું યોગદાન નોંધાવ્યું છે. તેથી તેમના પોતાના માટે, આસપાસના લોકો અને પર્યાવરણ એમ સૌ માટે આ વ્યક્તિગત Problem Solving પ્રયત્ન લાભકારી સાબિત થઈ રહ્યો છે.

કિરણભાઈ જણાવે છે કે, ધો.૧૨ સાયન્સ પછી પરિવારની નબળી આર્થિક સ્થિતિને કારણે અભ્યાસ છોડવો પડ્યો. પિતાની બે એકર જમીનમાં ખેતી કરતી વખતે પાક લણ્યા બાદ ૧૨થી ૧૫ ટન જેટલો કચરો રહેતો, જેને સળગાવવાથી ધુમાડો અને શ્વાસની તકલીફ થતી અને જમીનની ફળદ્રુપતા ઘટતી. શાળામાં શીખેલી વિજ્ઞાન પ્રવૃત્તિઓને આધારે તેમણે આનો ઉકેલ શોધવાનું શરૂ કર્યું અને વર્ષ ૨૦૧૮-૧૯માં સફળતા મેળવી. સનદી અધિકારી શ્રી રણજિત કુમારના માર્ગદર્શનથી તેમને આઇ-હબ અને લઘુ-મધ્યમ ઉદ્યોગ વિભાગ વિશે જાણકારી મળી, જેના દ્વારા અત્યાર સુધીમાં આશરે ૪૨ લાખ રૂપિયાની આર્થિક સહાય સાથે પૅટન્ટ-પ્રક્રિયા માટે જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થયું. કિરણભાઈ જણાવે છે કે 'ઍગ્રી નાઇટ્રો ઇન્ડિયા' સ્ટાર્ટઅપ ખેતીના કચરાને એકત્ર કરીને તેને ૨૬ પ્રકારના પૅટન્ટેડ ઓર્ગેનિક ખાતરમાં રૂપાંતરિત કરે છે. ખેડૂતોને પરાળ વગેરે કચરામાંથી પ્રતિ કિલો ૩થી ૪ રૂપિયા સુધીની આવક થાય છે. સખીમંડળ દ્વારા ખાતર વેચાણથી મહિલા સશક્તીકરણની પ્રવૃત્તિને પણ વેગ મળ્યો છે.

### કચરામાંથી કંચન સુધીની સફર








**લક્ષ્ય : સંપૂર્ણ ગુજરાતને શૂન્ય એગ્રિકલ્ચરલ વેસ્ટ તથા ૧૦૦% ઓર્ગેનિક ફર્ટિલાઇઝર સ્ટેટ બનાવવું**



# ગુજરાતમાં ટૅક્નોલૉજી આધારિત સુશાસનની નવી દિશા




**હરેશ્વરી રાબા**

આજના આધુનિક યુગમાં ટૅક્નોલૉજી - વિના જીવવું અશક્ય છે. સતત નવીન અને વધુ સુવિધાયુક્ત જીવન એ ટૅક્નોલૉજીની ભેટ છે. ભારતમાં રાષ્ટ્રીય ટૅક્નોલૉજી દિવસ મે મહિનાની ૧૧મી તારીખે ઊજવવામાં આવે છે. આ ખાસ દિવસ દેશના વૈજ્ઞાનિક ગૌરવ, આત્મનિર્ભરતા અને ટૅક્નોલૉજિકલ ક્ષમતાનું પ્રતીક છે. આ દિવસ ૧૧ મે, ૧૯૯૮ના રોજ જ્યારે ભારતે 'ઑપરેશન શક્તિ' હેઠળ સફળ ન્યુક્લિયર પરીક્ષણો કર્યાં અને સંપૂર્ણપણે સ્વદેશી એવા 'હંસ-૩' ઍરક્રાફ્ટે તેની પ્રથમ ઉડાન ભરી હતી, તેનું સ્મરણ કરાવે છે. આ ઐતિહાસિક સિદ્ધિના સન્માનરૂપે તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ ૧૧મી મેને 'રાષ્ટ્રીય ટૅક્નોલૉજી દિવસ' તરીકે જાહેર કર્યો હતો. આજે આ દિવસ વૈજ્ઞાનિક શ્રેષ્ઠતા, નવીનતા અને રાષ્ટ્રનિર્માણમાં ટૅક્નોલૉજીના યોગદાનને ઉજાગર કરે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ દેશની ટૅક્નોલૉજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે વૈશ્વિક સ્તરે મજબૂત ઓળખ ઊભી થઈ છે. આ રાષ્ટ્રીય દૃષ્ટિકોણને આગળ વધારતાં ગુજરાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના નેતૃત્વમાં ટૅક્નોલૉજી આધારિત સુશાસન અને AI આધારિત સેવાઓના વિકાસમાં અગત્યનાં પગલાંઓ લીધાં છે.

રાજ્ય સરકારે તમામ વિભાગોમાં AIનો ઉપયોગ સુનિશ્ચિત કરવા 'ગુજરાત ફ્યુચર ટૅક્નોલૉજી ઈનિશિએટિવ્સ (GFTI)' શરૂ કર્યું છે. રાજ્યમાં AI ટાસ્કફોર્સ, AI ઈમ્પ્લિમેન્ટેશન સેલ અને AI ઍક્શન પ્લાન જેવી સંસ્થાગત વ્યવસ્થાઓ દ્વારા ટૅક્નોલૉજીના વ્યૂહાત્મક અમલીકરણ માટે કાર્ય થઈ રહ્યાં છે. ગુજરાતે રાષ્ટ્રીય સ્તરે AI ઈકોસિસ્ટિમને ગતિ આપવાની પહેલ કરી છે. રાજ્યે અદ્યતન AI સંશોધન અને વિકાસ માટે સેક્શન ૮ એન્ટિટી તરીકે 'ઇન્ડિયન AI રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (IAIRO)'ની સ્થાપના કરી છે.

વર્ષ ૨૦૨૫માં NASSCOM અને Microsoftના સહયોગથી સ્થાપિત AI સેન્ટર ઑફ એક્સલન્સ રાજ્યના ટૅક્નોલૉજિકલ વિકાસમાં સીમાચિહ્ન સાબિત થયું છે. આ કેન્દ્ર દ્વારા AI આધારિત નવીનતા, સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન, ક્ષમતા-નિર્માણ અને સરકારી યૂઝ કેસ માટે પ્રૂફ ઑફ કન્સેપ્ટના વિકાસને વેગ મળ્યો છે. પ્રથમ વર્ષમાં જ ૧૪૦૦થી વધુ ઉદ્યોગ જોડાણો, ૩૫૦થી વધુ અધિકારીઓને AI અને ઈમર્જિંગ ટૅક્નોલૉજીની તાલીમ, ૧૦૦થી વધુ સ્ટાર્ટઅપ સોલ્યુશન્સ અને ૩૦૦થી વધુ વૈશ્વિક પ્રતિનિધિઓનું જોડાણ તેમજ ૧૪ વિભાગોમાં ૨૧ AI યૂઝ કેસની અમલીકરણ-પ્રક્રિયા ગતિમાં છે.

ગુજરાતની ડિજિટલ અને IT પહેલે સરકારી સેવાઓને પારદર્શક, ડેટા આધારિત અને નાગરિક-કેન્દ્રિત બનાવવામાં યોગદાન આપ્યું છે. AI આધારિત સ્માર્ટ ડૅશબોર્ડ્સ, બહુભાષી ટૂલ્સ અને રિયલ-ટાઈમ પ્રોસેસિંગ દ્વારા વહીવટી પ્રક્રિયાઓમાં ઝડપ અને કાર્યક્ષમતા વધારવામાં આવી રહી છે. આગામી સમયમાં ગુજરાત AI અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ક્ષેત્રે વધુ વ્યાપક પગલાં ભરીને દેશના અગ્રણી રાજ્ય તરીકેની ઓળખ વધુ મજબૂત બનાવશે.

# મેડ ઇન ઇન્ડિયાથી ગ્લોબલ લીડર : સ્ટ્રાટાની સ્વદેશી ઉડાન

**જિજ્ઞેશ સોલંકી**

ગુજરાત સરકારની ઉદ્યોગમિત્ર નીતિઓના કારણે વિદેશ-સ્થિત અનેક ઉદ્યોગો સ્વદેશ પરત ફરી રહ્યા છે. તેમાંથી એક સ્ટ્રાટા જિયોસિસ્ટિમ્સ ઇન્ડિયા પ્રા. લિ. છે, જે અગાઉ અમેરિકા ખાતે કાર્યરત હતી અને હવે વલસાડના ઉમરગામ તાલુકાના ડહેલી ગામે કાર્યરત છે. સ્ટાર્ટઅપ તરીકે શરૂ થયેલી આ કંપનીએ ગુજરાત સરકારની ટેક્સટાઇલ પૉલિસીનો લાભ લઈ વિકાસનો માર્ગ ઝડપી બનાવ્યો. રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩.૪૨ કરોડની સબસિડી આપવામાં આવી હતી. આજે કંપની આશરે ૨૫૦ લોકોને રોજગારી આપી સ્થાનિક સ્તરે આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

સ્ટ્રાટાના સી.ઇ.ઓએ જણાવ્યું હતું કે, સ્ટ્રાટા જિયોસિસ્ટિમ્સે ભારતમાં ટૅક્નોલૉજી આધારિત સ્ટાર્ટઅપ તરીકે શરૂઆત કરી અને 'મેડ ઇન ઇન્ડિયા' સંકલ્પ સાથે જિયોગ્રિડ્સનું સ્વદેશી ઉત્પાદન શરૂ કર્યું. શરૂઆતમાં જિયોસિંથેટિક્સ ટૅક્નોલૉજી અંગે જાગૃતિ અને વિશ્વાસનો અભાવ હતો, પરંતુ કંપનીએ માત્ર ઉત્પાદન નહીં, ડિઝાઇન અને બાંધકામ સહિત સંપૂર્ણ ટૅક્નિકલ સૉલ્યુશન આપીને બજારમાં વિશ્વાસ સંપાદિત કર્યો. ગુજરાતની



ઉદ્યોગમૈત્રી નીતિ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે ૨૦૧૯માં વલસાડ જિલ્લાના ડહેલી ખાતે ૨૫ એકરમાં કંપની સ્થપાઈ. રૂ.૮૦ કરોડના પ્રોજેક્ટમાં રૂ.૩.૪૨ કરોડની રાજ્ય સબસિડી મળી. પરિણામે માસિક ઉત્પાદન ૧૦ લાખ ચો.મીટરથી વધીને ૫૫ લાખ ચોરસ મીટર થયું અને વાર્ષિક ટર્નઓવર રૂ.૨૭૦ કરોડથી વધીને રૂ.૭૭૫ કરોડે પહોંચ્યું. આજે સ્ટ્રાટા ૪૦થી વધુ દેશોમાં નિકાસ કરે છે (નિકાસ રૂ.૨૫૦ કરોડથી વધુ) અને ગુજરાત સહિત ભારતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે

વધુમાં "ગુજરાતમાં વિશ્વ કક્ષાની સુવિધા સ્થાપવા માટે અમને દરેક તબક્કે રાજ્ય સરકારનો પૂરતો સહકાર મળ્યો છે. રાજ્યનું ઉત્તમ ઔદ્યોગિક વાતાવરણ અને ઉદ્યોગ વિભાગનું અતૂટ સમર્થન ઉત્પાદન વિસ્તરણમાં મહત્ત્વપૂર્ણ સાબિત થયું છે. આ માટે અમે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ," એમ સ્ટ્રાટાના ડાયરેક્ટર જણાવ્યું હતું.

**જિયોગ્રીડ : ટૅક્નોલૉજી અને આધુનિક મશીનરીનો ઉપયોગ કરી પોલિસ્ટર યાર્નના રૉ મટીરિયલ્સમાંથી જિયોગ્રીડ તૈયાર કરવામાં આવે છે. બ્લૅક કલરની જાળી ટાઇપ દેખાતી જિયોગ્રીડ હાઇવે, રેલવે, માઇનિંગ, લૅન્ડફીલ, એનર્જી, વૉટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પોર્ટ અને કન્ટેનર યાર્ડ તેમજ જમીન ડેવલપમેન્ટમાં ઉપયોગી થાય છે.**

### રૂ.૮૦ લાખથી વધુની સારવાર નિઃશુલ્ક

# ઇન્હિબિટર છતાં સફળ સર્જરીઃ સુરતની નવી સિવિલનો ચમત્કાર

**વૈભવી શાહ**

'અનેક જગ્યાએથી મળેલી નિષ્ફળતા બાદ સુરતના હિમોફિલિયા સેન્ટરે લાખોની સારવાર વિનામૂલ્યે કરીને મને નવજીવન આપ્યું છે"- આ શબ્દો છે મહારાષ્ટ્ર-મુંબઈના નાલાસોપારાના ૪૫ વર્ષના સેમસન એન્ડ્રુ રોડ્રિક્સના.

સિવિયર હિમોફિલિયા ટાઇપ-એની સાથે હાઇ ટાઇટર ઇન્હિબિટરના દર્દી સેમસન એન્ડ્રુ રોડ્રિક્સ ઘણાં વર્ષોથી જમણા પગના ઘૂંટણના દુખાવાથી પીડિત હતા.



લાંબા સમયથી તેમણે શારીરિક સમસ્યા માટે પૂણે અને મુંબઈના અનેક ડૉક્ટરો અને હૉસ્પિટલોમાં સારવાર લીધી, જ્યાં તેમને 'ની રિપ્લેસમેન્ટ'ની સલાહ આપવામાં આવી હતી. પરંતુ હિમોફિલિયા 'ટાઇપ-એ'ની સાથે તીવ્ર ટાઇટર ઇન્હિબિટર હોવાથી દરેક જગ્યાએથી સારવારમાં નિષ્ફળતા જ મળી. આખરે સુરતની નવી સિવિલના હિમોફિલિયા કૅર સેન્ટરના તબીબો દેવદૂત બન્યા હતા અને સફળ સારવાર કરી તેમને નવજીવન આપ્યું હતું.

# અમરેલીના આંગણે ખેતીમાં સૂર્યોદય

**જય મિશ્રા**

અમરેલી જિલ્લાના પીઠવાજાળ ગામના ૨૦ વીઘાં જમીન ધરાવતા ખેડૂત શ્રી જગદીશભાઈ દૂધાત માટે એક સમય એવો હતો કે, ખેતી એટલે રાત્રિનો સંઘર્ષ! અંધકારમાં સિંચાઈ, ઓછાવત્તા વૉલ્ટેજ અને જંગલી પ્રાણીઓના ભય વચ્ચે ઉજાગરા કરીને ખેતરમાં પાણી વાળવું—આ જ તેમની દૈનિક વાસ્તવિકતા હતી. પરંતુ 'કિસાન સૂર્યોદય યોજના' અમલમાં આવ્યા પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ. હવે દિવસ દરમિયાન નિશ્ચિત અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળતાં, ખેડૂતોએ રાત્રિના પરિશ્રમમાંથી મુક્તિ મેળવી છે.

અગાઉ મોટાભાગના ખેડૂતોને રાત્રિ સમયે ખેતી માટે વીજ-પુરવઠો મળતો હતો. તેના લીધે રાત્રિના સમયે સિંચાઈ કરવામાં ભારે ઉજાગરા કરવા પડતા હતા. અમરેલી જિલ્લામાં જંગલી પ્રાણીઓનો પણ ભય રહેતો, ક્યારો ફૂટી જાય તો બૅટરીના ઝાંખા અજવાસમાં તેને બાંધીને સુધારવાની મુશ્કેલી ઊભી થતી. 'કિસાન સૂર્યોદય યોજના' હેઠળ ખેડૂતોને હવે દિવસ દરમિયાન વીજ-પુરવઠો મળતાં, આ સમસ્યાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હવે દિવસે નિશ્ચિત સમયે વીજ-પુરવઠો મળવાથી આ સમસ્યાનું નિવારણ આવ્યું છે.



પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના અમરેલી કાર્યાલય દ્વારા જણાવ્યા અનુસાર, અમરેલીનાં ૬૦૨ ગામના ૧,૨૭,૮૮૯ ખેડૂતોને દિવસે એક જ શિફ્ટમાં વીજળી મળે છે.

ખેતીને વધુ સુરક્ષિત, સુવ્યવસ્થિત અને આત્મનિર્ભર બનાવતી 'કિસાન સૂર્યોદય યોજના' અમરેલી સહિત સમગ્ર ગુજરાતના ગ્રામવિકાસમાં મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન બની રહી છે.

**'મારી ૭ વીઘાં જમીનમાં ઘઉ વાવ્યા હતા. શહેરની ભાગોળે આવેલી જમીનમાં હું દિવસે પાણી વાળી શકું છું. દિવસે વીજળી મળતી હોવાથી પાણીનો બગાડ પણ થતો નથી અને ક્યારો ફૂટે તો નરી આંખે જોઈ શકાય છે. કિસાન સૂર્યોદય યોજના ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે. કિસાન સૂર્યોદય યોજનાથી ખેડૂતોના ખેતી ખર્ચમાં પણ ઘટાડો થયો છે. ડીઝલ પમ્પ કે અન્ય વૈકલ્પિક સાધનો પર થતો ખર્ચ હવે બચી રહ્યો છે. સાથે જ ખેતી યંત્રોનો યોગ્ય અને સમયસર ઉપયોગ શક્ય બન્યો છે, જેનાથી ખેતી વધુ વ્યવસ્થિત અને લાભદાયી બની છે'**

**- અરવિંદભાઈ પોકળ (ખેડૂત અમરેલી)**

તેમણે ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે, સુરત નવી સિવિલ હૉસ્પિટલના હિમોફિલિયા કૅર સેન્ટરના મૅનેજર નિહાલ ભાતવાલા સાથે આ સારવાર અંગે વાત થઈ અને તેમના માર્ગદર્શન મુજબ જાન્યુઆરી મહિનામાં અહીં દાખલ થયો અને એક મહિનાની સારવાર બાદ આજે એકદમ સ્વસ્થ થઈ પગે ચાલીને ઘરે પાછો ફર્યો છું.

નવી સિવિલની સમગ્ર તબીબી ટીમે દર્દીની સફળ 'ટોટલ ની રિપ્લેસમેન્ટ' સર્જરી કરી હતી. આ તમામ સારવારમાં અંદાજિત રૂ.૮૦.૬૦ લાખના ઈન્જેક્શનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નિષ્ણાતોની દેખરેખ હેઠળ આશરે એક મહિનાની સારવાર બાદ તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ થયા છે અને સારી રીતે ચાલી શકે છે.

નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખના જણાવ્યા પ્રમાણે, સુરતનું આ સેન્ટર સતત પ્રશંસનીય કામગીરી કરી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા લોકસેવા અર્થે અપાતી મોંઘી દવા, આધુનિક સારવાર અને ટીમવર્ક થકી આ સેન્ટર હવે દેશભરના હિમોફિલિયા દર્દીઓની પ્રથમ પસંદ બની રહ્યું છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન નવી સિવિલ હૉસ્પિટલ, સુરત ખાતે હિમોફિલિયા દર્દીઓની અંદાજે ૧૭ મેજર સર્જરીઓ સફળતાપૂર્વક કરવામાં આવી હતી.

**ઈન્હિબિટર એટલે શું? :**

હિમોફિલિયા દર્દીને જ્યારે ફૅક્ટર આપીએ, ત્યારે કેટલાક દર્દીઓમાં શરીર એ ફૅક્ટરની સામે લડે છે. આ લડવાની પ્રક્રિયામાં જે એન્ટિબૉડી બને છે તેને જ ઈન્હિબિટર કહે છે. આવા દર્દીને આપેલો ફૅક્ટર અસર કરતો નથી. રક્તસ્રાવ કંટ્રોલ થવામાં મુશ્કેલી પડે છે. અને સામાન્ય ડોઝથી આ રક્તસ્રાવ અટકતો નથી. ઈન્હિબિટર પોઝિટિવ દર્દીને Bypassing agents જેમ કે, ફૅક્ટર VII અને FEIBAની સારવાર અપાય છે.



**લોકસંવાદ :** જૂનાગઢમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ગીર સાસણમાં હોટલ એસોસિએશનના પ્રતિનિધિઓ, હોમ સ્ટેના સંચાલકો, ગાઇડ અને વન વિભાગના કર્મચારીઓ સાથે લોકસંવાદ યોજી તેમના પ્રશ્નો, ગીર વિસ્તારનાં ગામોમાં રસ્તા-સુવિધા સુધારવા અંગે ચર્ચા તેમજ સૂચનો સાંભળ્યાં હતાં. આ કાર્યક્રમમાં કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા જોડાયા હતા.



**બેઠક :** ગાંધીનગરમાં આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાએ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર સાથે બેઠક યોજી હતી. બેઠકમાં મંત્રીશ્રીએ રાજ્યમાં ચાલી રહેલી સ્પેશિયલ ડ્રાઇવની સમીક્ષા કરી હતી અને આ સ્પેશિયલ ડ્રાઇવને હજુ વધુ તીવ્ર બનાવવાના આદેશ આપ્યા હતા. ડ્રાઇવ અંતર્ગત વેપારીઓ તથા નાગરિકોમાં ખોરાકની શુદ્ધતા અને ભેળસેળ અંગે જાગૃતિ લાવવા માટે ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયા હતા.

**વર્કશોપ :** નીતિ આયોગ દ્વારા IIM-અમદાવાદમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ-૫ 'જેન્ડર ઇક્વાલિટી' વિષયક વર્કશોપ યોજાયો હતો. તેમાં કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવી વર્ચ્યુઅલ રીતે જોડાયાં તેમજ વર્કશોપમાં મહિલા અને બાળકલ્યાણ રાજ્ય મંત્રી ડૉ. શ્રીમતી મનીષાબહેન વકીલ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં મહિલા સશક્તીકરણ, મહિલા નેતૃત્વ આધારિત વિકાસ અને ડેટા આધારિત નીતિ અમલીકરણ અંગે ચર્ચા કરાઈ.





**વાર્ષિકોત્સવ :** ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિમાં સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, અંજારનો 'તરવરાટ' નામે પ્રથમ વાર્ષિકોત્સવ ઊજવાયો હતો. આ અવસરે મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને એવોર્ડ આપીને સન્માનિત કર્યા હતા. વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા સ્ટોલની મુલાકાત લઈ મંત્રીશ્રીએ તેઓને અભિનંદન પાઠવ્યાં હતાં.



**સમૂહલગ્ન :** નડિયાદ-ડાકોર રોડ ઉપર આડીનાર ચોકડી ખાતે શિવાજી ફાઉન્ડેશનના સહયોગથી મા-બાપ વિહોણી જરૂરિયાતમંદ ૧૦૧ દીકરીઓનો 'ચોથો સમૂહલગ્ન ઉત્સવ' યોજાયો. આ પ્રસંગે મહેસૂલ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડા તેમજ ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તમામ નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. સમૂહલગ્નમાં સહભાગી બનેલી દીકરીઓને 'કુંવરબાઈનું મામેરું' અને 'સાત ફેરા સમૂહલગ્ન યોજના' અંતર્ગત રૂ. ૨૪,૦૦૦ની સહાય આપવામાં આવી હતી.

# શુભેચ્છા મુલાકાત : વિવિધ મુદ્દાઓ પર ચર્ચા



ગાંધીનગર સ્થિત લોકભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સાથે શ્રમ અને રોજગાર તેમજ યુવા બાબતો અને રમતગમત કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રી વચ્ચે દેશ અને રાજ્યના વિકાસ સાથે જોડાયેલા વિવિધ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. તેમાં 'વિકસિત ભારત @ ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા માટે યુવાશક્તિને કૌશલ્યબદ્ધ બનાવવા અને રાષ્ટ્રનિર્માણની મુખ્યધારામાં જોડવા અંગે તેમજ આગામી સમયમાં યોજાનારી વૈશ્વિક રમતગમત સ્પર્ધાઓમાં ગુજરાતની યજમાની વિશે પણ વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

રાજ્યપાલશ્રીએ રમતગમત ક્ષેત્રે ભારતના વધતા કદ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય ખેલાડીઓના શાનદાર પ્રદર્શન બદલ કેન્દ્રીય મંત્રીશ્રીને અભિનંદન પાઠવ્યાં હતાં. તંદુરસ્ત રાષ્ટ્રના નિર્માણ માટે ઝેરમુક્ત ખેતી અનિવાર્ય છે ત્યારે કેન્દ્રીય મંત્રીશ્રીએ રાજ્યપાલશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં ચાલી રહેલા પ્રાકૃતિક ખેતીના જન-આંદોલનની સરાહના કરી રાજ્યપાલશ્રીના ગ્રામ - કલ્યાણ કાર્યક્રમ અને ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ, સ્વચ્છતા અને સામાજિક સમરસતા વધારવાના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી.

# ખડસલિયા દરિયાકિનારે થયું સફાઈ અભિયાન




ભારતમાં સ્વચ્છતાને અગ્રિમતા આપવામાં આવી રહી છે. ભારતમાં સ્વચ્છતાનું મહત્ત્વ વધારવા તેમજ સર્વત્ર વધી રહેલા પ્રદૂષણને ઘટાડવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વચ્છતા અને સ્વચ્છતા જાગૃતિ માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. ભાવનગર - બોટાદનાં સાંસદ અને કેન્દ્રીય મંત્રી શ્રી નિમુબહેન બાંભણિયા આ અભિયાનને આગળ વધારતાં પોતે જ સ્વચ્છતા કાર્યક્રમમાં જોડાઈને અન્યને પ્રેરણા આપી રહ્યાં છે. ભાવનગરમાં પર્યાવરણપ્રેમીઓ દ્વારા સમયાંતરે નદીકાંઠે - સમુદ્રકાંઠે સફાઈ કરવામાં આવે છે. તાજેતરમાં જ ભાવનગરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત કેન્દ્રીય મંત્રીશ્રી નિમુબહેન બાંભણિયા લોકો સાથે ખડસલિયા સમુદ્રકિનારે સફાઈ અભિયાનમાં જોડાયાં હતાં. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ સમુદ્રના સ્વચ્છ કિનારા સ્વચ્છ ભારતની ઓળખ બન્યા છે, તેમ કહ્યું હતું. તેમણે સ્વચ્છતા અભિયાન માત્ર નદી કે સમુદ્રના કિનારાની જ સફાઈ કે સ્વચ્છતા પૂરતું નથી, તેમ જણાવી સમુદ્રી જીવસૃષ્ટિ અને પર્યાવરણ માટે પણ જાગૃત રહેવા સંદેશો આપ્યો હતો. ખડસલિયા સમુદ્રકિનારે સ્વચ્છતાના આ કાર્યમાં તે વિસ્તારના અગ્રણીઓ અને ગ્રામજનો ઉત્સાહ સાથે જોડાયાં હતાં.

*ભારત સરકાર દ્વારા તા. ૨ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ નવી દિલ્હીના રાજઘાટ ખાતેથી શરૂ કરાયેલી એક રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ 'સ્વચ્છ ભારત અભિયાન' છે, જેનો હેતુ ભારતને સ્વચ્છ, ખુલ્લામાં શૌચમુક્ત અને ગંદકીમુક્ત બનાવવાનો હતો. આ મિશન ગ્રામીણ અને શહેરી એમ બંને વિસ્તારોને આવરી લે છે.*

# ગુજરાત બની રહ્યું છે 'સિલિકોન સ્ટેટ': ગુજરાતને બે નવા સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સની મંજૂરી

**નિર્ણય :** રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં એક નવું સીમાચિહ્ન સાબિત થનારી કેન્દ્રીય બેઠકમાં ગુજરાતને મળેલા લાભ વિશે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વિગતવાર માહિતી આપી હતી. કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં 'ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM)' હેઠળ ગુજરાત માટે વધુ બે રૂ. ૩,૯૩૬ કરોડના નવા અત્યાધુનિક સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સને મંજૂરી આપીને રાજ્યને સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટિમનું અભિન્ન અંગ અને 'સિલિકોન સ્ટેટ' બનાવવાની દિશામાં મોટું પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે.

**ફાયદા :** આ બંને પ્રોજેક્ટ્સમાં ધોલેરા SIRમાં 'ક્રિસ્ટલ મૅટ્રિક્સ લિમિટેડ' દ્વારા રૂ. ૩,૦૬૮ કરોડ અને સુરત ખાતે 'સુચી સેમિકોન પ્રાઈવેટ લિમિટેડ (SSPL)' દ્વારા રૂ. ૮૬૮ કરોડનું રોકાણ કરવામાં આવશે, જે રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં એક નવું સીમાચિહ્ન સાબિત થશે. ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન હવે વિશ્વનાં અત્યાધુનિક ચિપ મેન્યુફેક્ચરિંગ સેન્ટરોની હરોળમાં સામેલ થયું છે. ક્રિસ્ટલ મૅટ્રિક્સ લિમિટેડ દ્વારા ધોલેરા SIRમાં રૂ. ૩,૦૬૮ કરોડના રોકાણ સાથે દેશની પ્રથમ કમ્પાઉન્ડ સેમિકન્ડક્ટર ફૅબ્રિકેશન સુવિધા સ્થાપવામાં આવશે.



**વિશેષતા :** 'ક્રિસ્ટલ મૅટ્રિક્સ' દ્વારા સ્થાપવામાં આવનાર સુવિધામાં ગેલિયમ નાઇટ્રાઇડ (GaN) ટૅક્નોલૉજી પર આધારિત મિની/માઇક્રો-એલઇડી ડિસ્પ્લે બનશે, જે અત્યાર સુધી માત્ર આયાત કરવામાં આવતી હતી. આ સુવિધા વાર્ષિક ૭૨,૦૦૦ ચોરસ મીટર ડિસ્પ્લે પૅનલ્સ અને ૨૪,૦૦૦ સેટ RGB વેફર્સનું નિર્માણ કરશે. ધોલેરામાં નિર્માણ પામનાર આ મિની/માઇક્રો-એલઇડી ડિસ્પ્લેના ઉપયોગથી સ્માર્ટફોન, ઇલેક્ટ્રિક વાહનોના ડૅશબોર્ડ અને હાઇ-એન્ડ ટીવી સ્ક્રીન ભવિષ્યમાં 'મેડ ઇન ગુજરાત' ચિપ્સથી સજ્જ થશે.

'સુચી સેમિકોન પ્રાઈવેટ લિમિટેડ (SSPL)' દ્વારા રૂ. ૮૬૮ કરોડના ખર્ચે સુરતમાં સેમિકન્ડક્ટર ઍસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) સુવિધા ઊભી કરવામાં આવશે, તેમાં વાર્ષિક ૧૦૩.૦૩ કરોડથી વધુ ચિપ્સનું ઉત્પાદન થતાં, આ ચિપ્સ ઑટોમોબાઇલ અને ઇન્ડસ્ટ્રિયલ ઑટોમેશન ક્ષેત્રની માંગને પહોંચી વળવામાં મદદરૂપ થશે.


## પાલનપુર, વાપી, નવસારી માટે નવા બસરૂટ મંજૂર



**નિર્ણય:** રાજ્યનાં વિવિધ શહેરોમાં નાગરિકોને આધુનિક પરિવહન સેવાઓ પૂરી પાડવા માટે 'મુખ્યમંત્રી શહેરી બસસેવા યોજના' હેઠળ વિવિધ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં નવા ૧૭ બસરૂટની મંજૂરી આપવામાં આવી છે.

**લાભ:** નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં નવા ૭ રૂટ, વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં નવા ૪ રૂટ, પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં નવા ૬ રૂટ શરૂ કરવામાં આવશે. આ નવી સગવડના પગલે સામાન્ય પ્રજાજનો, વિદ્યાર્થીઓ, મહિલાઓ-બાળકો એમ આબાલવૃદ્ધ સૌની રોજિંદી મુસાફરી સુવિધાયુક્ત બનશે તથા સગવડ સાથે સમય અને નાણાંની બચત થશે.


## ભાવનગર: લાખણકા ડેમનું પાણી છોડાતાં નાગરિકોને રાહત થશે



**નિર્ણય:** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાવનગરના લાખણકા ડેમમાંથી પાણી છોડીને નીચાણવાળા વિસ્તારોમાં આપવાને મંજૂરી આપી છે.

**લાભ:** રાજ્ય સરકારે હાલના ઉનાળાના મહિનાઓમાં લાખણકા ડેમમાંથી ૧૬ MCFT પાણીનો જથ્થો છોડવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હોવાથી ભાવનગર જિલ્લાના સ્થાનિકોને રાહત થઈ છે. નીચાણમાં આવેલાં અધેવાડા અને માલણકા ગામના ચેકડેમો ભરાતાં, પાણીની તંગીનો પ્રશ્ન નહીં ઉદ્ભવે.

# ૪૦૦ વર્ષ પુરાણી 'માતાની પછેડી'ને GI ટૅગથી મળ્યું વૈશ્વિક સન્માન



**શ્રદ્ધા ટીકેશ**

ગુજરાતના હૃદયસમાન હેરિટેજ સિટી અમદાવાદમાં 'માતાની પછેડી'નું સર્જન કરતા પરંપરાગત કારીગરો માટે એક નવું પ્રકરણ વર્ષ ૨૦૨૦માં ખૂલ્યું જ્યારે 'માતાની પછેડી'ની પવિત્ર કળાને સત્તાવાર રીતે તા.૧૪.૦૭.૨૦૨૦ના રોજ GI ટૅગ (ભૌગોલિક સંકેત)નું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું. ત્યારબાદ આ કળા અમદાવાદ જિલ્લાની એક વિશિષ્ટ બૌદ્ધિક સંપત્તિ તરીકે પ્રસ્થાપિત થઈ. આ ટૅગ એક મજબૂત કાયદાકીય રક્ષણ છે જે કલાની નકલ થતી અટકાવે છે અને તેનો આર્થિક લાભ તેના મૂળ કલાકારો એવા દેવીપૂજક પરિવારોને જ મળે તે સુનિશ્ચિત કરે છે. અમદાવાદ માટે 'માતાની પછેડી'ને મળેલું આ GI ટૅગ વિશ્વના નકશા પર તેની દુર્લભ અને પ્રાચીન હસ્તકળાના રક્ષક તરીકેની ઓળખને પ્રસ્થાપિત કરે છે.

'માતાની પછેડી'નો અર્થ 'માતાજીની પાછળ રાખવામાં આવતું કાપડ' થાય છે. પ્રતિકૂળ સંજોગોમાં જાગરિયાઓએ પોતાની ભક્તિને સાચવીને એક નોખો જ માર્ગ શોધ્યો. તેમણે સાદા સુતરાઉ કાપડને 'હરતા-ફરતા મંદિર'માં ફેરવી દીધું. કાપડ પર માતાજીનાં ચિત્રો દોરીને તેમણે એવાં પવિત્ર સ્થાનો બનાવ્યાં કે જેને કોઈ પણ વૃક્ષ નીચે કે ખુલ્લા મેદાનમાં લગાવી શકાય.

દરેક ‘પછેડી’ કુદરતી તત્ત્વો અને જટિલ વાત રજૂ કરે છે. કલાકારો લોખંડના કાટ અને ગોળના મિશ્રણમાંથી ઘેરો કાળો રંગ અને ફટકડી તથા મજીઠના મૂળમાંથી લાલ રંગ બનાવે છે. કાપડની મધ્યમાં આદ્યશક્તિ માતા બિરાજમાન હોય છે, જેમની આસપાસ સ્થાનિક રક્ષક દેવીઓ, જેમ કે, મેલડી માતા અથવા સિકોતરી માતાનાં દૃશ્યો હોય છે. આ કાપડને જ્યારે મોટા ચોરસ આકારમાં તૈયાર કરવામાં આવે ત્યારે તેને 'માતાનો ચંદરવો' કહે છે, જે દેવી માટે એક ભવ્ય છત્રનું કામ કરે છે.



'પછેડી' તેની સ્થાપત્ય અને કલાત્મક વિશિષ્ટતાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે નામના ધરાવે છે. વર્ષ ૧૮૯૦માં અમદાવાદના વર્કશોપમાં બનેલો 'ચંદરવો' યુરોપના વિયેનાના મ્યુઝિયમ સુધી પહોંચ્યો હતો. આ હસ્તકળાને વૈશ્વિક સ્તરે 'ટૅમ્પલ હેંગિંગ્સ' તરીકે ઓળખવામાં આવે છે

આ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતને કાયમી રક્ષણ આપવા માટેના પ્રયાસોની સફળતા પાછળ ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી (GUJCOST)ના પ્રયાસો રહેલા છે, જેના પરિણામે ‘માતાની પછેડી’ને સત્તાવાર રીતે GI ટૅગ પ્રાપ્ત થયું છે. આ ટૅગ અને આંતરરાષ્ટ્રીય માન્યતા આ કલાને જીવંત રાખતા ૭૦થી ૮૦ કારીગરો માટે વળાંક સમાન છે. ભૌગોલિક સંકેત તરીકે તેની નોંધણી કરીને અમદાવાદ જિલ્લાએ સુનિશ્ચિત કર્યું કે આ પવિત્ર કાપડ વિશ્વના આર્ટ માર્કેટમાં એક મૂલ્યવાન સંપત્તિ તરીકે સુરક્ષિત રહે.

**આ સન્માનથી પછેડી-કળા સાથે સંકળાયેલા પૂજારીઓ અને 'જાગરિયાઓ' /ગાયકોને ખરી પ્રશસ્તિ મળી, જેમણે મંદિરનાં દ્વાર બંધ હોવા છતાં પોતાની ભક્તિને કાપડ પર કંડારીને સુંદર સર્જન કર્યું.**

## પ્રાકૃતિક કૃષિ

# ગરમીમાં સ્ટ્રોબેરી ? હા, શક્ય છે!



**પીનલબહેન પટેલ**

સાબરકાંઠા જેવા ગરમ વિસ્તારમાં પણ સ્ટ્રોબેરીની ખેતી થઈ શકે? તે પણ સફળ રીતે ? એક ખેડૂતની આગવી કોઠાસૂઝ અને પ્રાકૃતિક પદ્ધતિના લીધે આ શક્ય બન્યું છે. પ્રાકૃતિક પદ્ધતિથી તૈયાર થયેલી, ખાવામાં મીઠી સ્વાદિષ્ટ અને વિટામિન્સ તથા મિનરલથી ભરપૂર આ સ્ટ્રોબેરીનું અઠવાડિયામાં બે વખત અમદાવાદ અને હિંમતનગર ખાતે પ્રાકૃતિક ખેતીનાં વેચાણકેન્દ્રો ઉપર વેચાણ કરવામાં આવે છે.

વાત એમ છે કે, સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ચિત્રોડી ગામના ખેડૂતશ્રી કરશનભાઈ પટેલ છેલ્લાં ત્રણ વર્ષથી સાબરકાંઠામાં સ્ટ્રોબેરીની ખેતી કરી રહ્યા છે. તેઓ વર્ષ - ૨૦૦૮થી ગાય-આધારિત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. શ્રી સુભાષ પાલેકર પાસેથી પ્રાકૃતિક ખેતીની તાલીમ લીધા બાદ તેમણે આ ખેતીની શરૂઆત કરી હતી. ત્યાર બાદ 'આત્મા' પ્રોજેક્ટ સાથે જોડાઈ તેઓ આ ખેતીમાં નવીન પ્રયોગ કરી રહ્યા છે.


તેમણે પ્રથમ વર્ષ ૫૦૦ છોડ, બીજા વર્ષે ૨૦૦૦ છોડ અને આ વર્ષે ૫૦૦૦ છોડ વાવ્યા છે. દર અઠવાડિયે લગભગ ૧૬૦ કિલોથી વધુ સ્ટ્રોબેરીનું ઉત્પાદન થાય છે અને ૧ કિલોના રૂ. ૪૦૦ના ભાવે વેચાણ થાય છે. આ ખેતી માટે તેમને છોડ મંગાવવાનો ખર્ચ, મલ્ચિંગ અને અન્ય ખર્ચ લગભગ રૂ.૧ લાખ જેટલો થયો છે. તેની સામે તેમના ખેતરમાં સ્ટ્રોબેરી ફળની ગુણવત્તા અને ઉત્પાદન જોતાં રૂ. ૮ લાખ જેટલો નફો થશે.

**ઉત્પાદન અને નફો**

- **દર અઠવાડિયે ઉત્પાદન** લગભગ **૧૬૦** કિલો કરતાં વધુ
- **વેચાણ ભાવ** **રૂ. ૪૦૦** પ્રતિ કિલો
- **ખર્ચ** લગભગ **રૂ. ૧ લાખ**
- **અંદાજિત નફો** લગભગ **રૂ. ૮ લાખ**

કરશનભાઈનું માનવું છે કે, પહેલાં ખેડૂતો રાસાયણિક ખાતર વગર પ્રાકૃતિક રીતે ખેતી કરતા હોવાથી લોકો તંદુરસ્ત રહેતા. આજે વધુ ઉત્પાદન માટે કેમિકલનો ઉપયોગ વધવાથી જમીન અને ખોરાક બન્ને પ્રદૂષિત થયાં છે, જેના કારણે જાહેર આરોગ્ય પર નકારાત્મક અસર પડી રહી છે. પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ખર્ચ ઓછો, નફો વધુ, જમીનની ઊપજ-ક્ષમતા સુધરે અને લોકોનું સ્વાસ્થ્ય પણ સારું રહે.

ખર્ચ ઓછો | નફો વધુ | જમીનની ઊપજ-ક્ષમતા સુધરે | લોકોનું સ્વાસ્થ્ય સારું રહે



**સ્ટ્રોબેરીની ખેતી - સતત પ્રગતિ**

- પ્રથમ વર્ષ : ૫૦૦ છોડ
- બીજું વર્ષ : ૨૦૦૦ છોડ
- ચાલુ વર્ષ : ૫૦૦૦ છોડ



**ગાય-આધારિત પ્રાકૃતિક ખેતીના પ્રચારક**

નિવૃત્ત ગ્રામસેવક કરશનભાઈ પાસે પાંચ ગીરગાય છે. તેઓ ગાય-આધારિત પ્રાકૃતિક ખેતીના પ્રખર હિમાયતી છે. તેઓ માત્ર પોતાના ખેતરમાં જ નહીં, પરંતુ અન્ય ખેડૂતોના ઘરે જઈને પણ આયામો અને દવા બનાવવાનું નિઃશુલ્ક માર્ગદર્શન આપે છે. તેમની નિષ્ઠા અને જ્ઞાનને કારણે ગુજરાતભરના ખેડૂતો અને કૃષિ વિદ્યાર્થીઓ તેમના ખેતરની મુલાકાત લે છે. આમ, નિવૃત્તિ પછી પણ તેઓ સમાજમાં ઝેરમુક્ત ખેતીનો સંદેશ ફેલાવી રહ્યા છે.

# શ બ્દ ર મ ત

**અરુણા ડાવરા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુ | જ | રા | ફ | સ | જ્ઞા | મૂ | ગ | ન |
| અ | ડ | જા | તિ | મૂ | દ | ક | જા | જ્ઞા |
| મ | દ્ર | ક્તિ | તિ | હ | ચ | દી | સં | હ |
| વા | વ્ય | વ્ય | ક્તિ | વા | ચ | ક | અ | વ્ય |
| સં | વા | હી | વ | ચ | ચ | કૉ | મ | ન |
| મ | ચ | ભા | ક્તી | ક | ટુ | ક | જિ | ક્ષ |
| ટુ | ક | ડી | અ | મ | દા | વા | દ | ફૂ |
| ના | દ્ર | ળ | ના | ગ | જ્ઞા | માં | ગુ | લ |
| જ્ઞા | વ્ય | સ | મૂ | ન | વા | નાં | ચ | ક |

● વ્યાકરણની પરિભાષામાં જે શબ્દ વ્યક્તિ, વસ્તુ, ગુણ, ભાવ કે ક્રિયાનો નિર્દેશ કરતો હોય અને વાક્યમાં કર્તા કે કર્મની જગ્યાએ આવી શકતો હોય તેને નામ કહેવાય છે. તેને સંજ્ઞા તરીકે પણ ઓળખવામાં આવે છે. ● **સંજ્ઞાના મુખ્યત્વે પાંચ પ્રકાર છે :** વ્યક્તિવાચક સંજ્ઞા, જાતિવાચક સંજ્ઞા, સમૂહવાચક સંજ્ઞા, દ્રવ્યવાચક સંજ્ઞા અને ભાવવાચક સંજ્ઞા. ● સંજ્ઞા વિશેની શબ્દરમત અહીં પ્રસ્તુત છે.

1. 'ગુલાબ એક ફૂલનું નામ છે.' આ વાક્યમાં ફૂલ ..........સંજ્ઞા છે
2. પ્રાણી, પદાર્થ, ગુણ કે ક્રિયાને ઓળખાવનાર શબ્દને ......... કહે છે.
3. ભાવ, ગુણ, ક્રિયા કે લાગણી ........... સંજ્ઞા દર્શાવે છે.
4. પ્રેમજીભાઈ અમારા આદર્શ શિક્ષક છે. આ વાક્યમાં પ્રેમજીભાઈ ............ સંજ્ઞા છે. જ્યારે શિક્ષક જાતિવાચક સંજ્ઞા છે.
5. .......... સમૂહવાચક સંજ્ઞા છે. (ટુકડી, વડોદરા)
6. વ્યક્તિવાચક નામમાં મુખ્યત્વે ......... નો નિર્દેશ થાય છે.
7. નામનો પર્યાય શબ્દ ......... છે.
8. ધાતુ, અનાજ કે દ્રવ્યરૂપે રહેલી વસ્તુઓને ........... સંજ્ઞા કહેવામાં આવે છે.
9. ............. વ્યક્તિવાચક સંજ્ઞા છે. (અમદાવાદ, વૃક્ષ)
10. 'ગુજરાત આપણું રાજ્ય છે' આ વાક્યમાં 'રાજ્ય' ............. વાચક સંજ્ઞા છે.
11. સેના, ટુકડી, ધણ, ટોળું વગેરે .............. સંજ્ઞા છે. (સમૂહવાચક કે ભાવવાચક)
12. ............. વ્યક્તિવાચક સંજ્ઞા છે. (મગન, તાંબું)

**૧. જાતિવાચક, ૨. નામ, ૩. ભાવવાચક, 4. વ્યક્તિવાચક, 5. ટુકડી, 6. વ્યક્તિ, 7. સંજ્ઞા, 8. દ્રવ્યવાચક, 9. અમદાવાદ, 10. જાતિ, 11. સમૂહવાચક, 12. મગન**

# ગ્રીષ્મ ઋતુચર્યા

**ડૉ. શીતલ ભાગીયા**

આયુર્વેદ મુજબ વર્ષને છ ઋતુઓમાં વિભાજિત કરાયું છે, જેમાં ગ્રીષ્મ ઋતુ (ઉનાળો) ખૂબ જ ગરમ અને શુષ્ક સ્વભાવ ધરાવે છે. આ ઋતુમાં સૂર્યના તાપમાનમાં વૃદ્ધિ થવાથી શરીરમાં જળતત્ત્વ અને બળમાં ઘટાડો થાય છે. આથી આ ઋતુમાં યોગ્ય ઋતુચર્યા (દૈનિક જીવનશૈલી) અપનાવવી ખૂબ જ જરૂરી છે.

ગ્રીષ્મ ઋતુમાં શરીરમાં પિત્તદોષનો સંચય થાય છે, વાત દોષ ધીમે ધીમે વધવા લાગે છે. વધુ ગરમી, પ્રસ્વેદ અને તૃષાના કારણે શરીરમાં થાક, નિર્જલીકરણ (ડિહાઈડ્રેશન), ચક્કર આવવા જેવી સમસ્યાઓ ઊભી થઈ શકે છે. તેથી આ ઋતુમાં ઠંડક આપનારા અને પોષણ આપનાર આહાર અપનાવવા અને વિહારમાં ધ્યાન રાખવું જોઈએ.

**આહાર લેવામાં શું ધ્યાન રાખવું ?**

- આહારમાં ઠંડકવાળા, હળવા અને રસાળ પદાર્થો ખાવા.
- પાણી નાખેલી મોળી છાશ, લસ્સી, નારિયેળ પાણી, તાજાં-મીઠાં રસવાળાં ફળો, જેમ કે તરબૂચ, કાકડી, દ્રાક્ષ, ટેટી લેવાં જે સ્વભાવથી ઠંડાં અને શરીરને બળ આપનાર તથા વાયુનું શમન કરનાર પણ છે.
- તીખો, ખાટો અને વધુ પડતો ખારા રસવાળો ખોરાક ન ખાવો. ખાટો અને ખારો રસ સ્વભાવથી ગરમ હોવાથી લીંબુ શરબત કરતાં માત્ર સાકરવાળું પાણી પીવું વધુ ફાયદાકારક છે. લીંબુને બદલે પાકી આમલી જે ખાટી-મીઠી હોય એ ઉમેરી શકાય, પણ લીંબુ અને મીઠું નાખવું જ હોય તો શક્ય તેટલું ઓછું નાખવું; કારણ કે, ખાટા અને ખારા રસના વધુ ઉપયોગથી આ ઋતુમાં પૈતિક અતિસાર (Summer Diarrhoea) થવાની શક્યતા રહે છે.

**કેવો વિહાર અપનાવવો જોઈએ ?**


- આ ઋતુમાં રાત્રિનો સમયગાળો ટૂંકો હોવાથી દિવસ દરમિયાન એકાદ કલાક સૂવું હિતકર છે.
- અતિશય મહેનત અને કસરત ન કરવી.
- શક્ય હોય ત્યાં સુધી વધુ પડતા તડકામાં ખુલ્લા શરીરે ન નીકળવું. રાત્રે ખુલ્લી અને હવા વહેતી જગ્યાએ આરામ કરવો જોઈએ.
- સ્નાન માટે ઠંડા પાણીનો ઉપયોગ તેમજ કેસૂડાનાં ફૂલને આખી રાત પાણીમાં પલાળી સવારે એ પાણીથી નાહવાથી અલગ જ તાજગીનો અનુભવ થાય છે.

ગ્રીષ્મ ઋતુમાં યોગ્ય આહાર અને વિહાર અપનાવીને આપણે શરીરને ગરમીના પ્રભાવથી બચાવી શકીએ છીએ.

# ઇમોજી

## જ્યારે શબ્દો ટૂંકા પડે ત્યારે લાગણીઓ પહોંચાડતાં ચિહ્નો







**ચિંતન રાવલ**

ટેક્સ્ટ મૅસેજ સાથે જ્યારે ઇમોજી પણ મળે ત્યારે મૅસેજમાં રહેલા ભાવ કે લાગણીની પણ અનુભૂતિ વાચકને થતી હોય છે. શબ્દોને સવાયા બનાવતાં ઇમોજીએ કૉમ્યુનિકેશનના વિશ્વમાં એક નવો આયામ ઉમેર્યો છે. જોકે ઇમોજીની શોધ કોઈ વ્યાપક ધ્યેય સાથે નહોતી થઈ, એ સમય હતો ૯૦ના દાયકાના ઉત્તરાર્ધનો, જ્યારે SMSમાં માત્ર ૧૪૦ અક્ષરોની મર્યાદામાં સંદેશ ટાઇપ કરવો પડતો, ઉપરાંત SMS મોકલવાનો ચાર્જ પણ હતો. આવા સમયે ૧૪૩ અક્ષરોની મર્યાદામાં સ્પષ્ટ સંદેશો પહોંચાડવો અઘરું બનતું.

જાપાનના મોબાઇલ ઍન્જિનિયર શિગેટાકા કુરિતા આ સમસ્યા પર કામ કરી રહ્યા હતા. મર્યાદિત શબ્દોમાં વધુ કેવી રીતે કહેવું ? આ પ્રશ્નના ઉકેલ સ્વરૂપે તેમણે વર્ષ ૧૯૯૭માં ૧૨×૧૨ પિક્સલનું આઇકોન બનાવ્યું, જેમાં હવામાનનાં વિવિધ ચિહ્નો, મોબાઇલ ફોન વગેરે દર્શાવતા આઇકન હતા. જોકે આ બધા આઇકનમાં પીળા કલરના સ્માઇલવાળા આઇકન વિશ્વભરમાં ખ્યાતિ પામ્યા અને વ્યાપકપણે ઉપયોગમાં લેવાયા, જેને આપણે 'સ્માઇલી' તરીકે ઓળખીએ છીએ.

મૂલતઃ ઇમોજી શબ્દ જાપાનીઝ છે, ઇમોજીનો 'ઇ' એટલે ચિત્ર અને 'મોજી' એટલે પાત્ર/કૅરેક્ટર. તે સમયે કુલ ૧૭૬ ઇમોજીની રચના કરવામાં આવી હતી. શિગેટાકા કુરિતાએ રચેલું સ્માઇલી ઇમોજી માનવ ઇતિહાસનું સૌથી વધુ જોવાયેલું ચિત્ર છે. ઇમોજી શબ્દોમાં ઉષ્મા અને લાગણી ઉમેરે છે અને તેનાથી મૅસેજની સ્પષ્ટતા પણ વધે છે.

વર્ષ ૨૦૧૦માં ઇમોજીને યુનિકોડ કોન્સોર્ટિયમ દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યા. માત્ર જાપાન માટે કરાયેલી એક નાનકડી શોધ આજે વૈશ્વિક ડિજિટલ ભાષા બની છે. આજે સત્તાવાર ૩૦૦૦થી વધુ ઇમોજી છે, જેમાં વિવિધ દેશોના રાષ્ટ્રધ્વજથી માંડીને પ્રાણીઓ, વાનગીઓ તેમજ વિવિધ ઉપકરણોનો સમાવેશ થાય છે. યુનિકોડ કોન્સોર્ટિયમ એક નોન-પ્રૉફિટ સંસ્થા છે, જે યુનિકોડ ફૉન્ટનાં ધોરણો નિયત કરે છે. આ સંસ્થા વિશ્વની કોઈ પણ ભાષાના યુનિકોડ ફૉન્ટ દુનિયાના દરેક ડિવાઇસ, પ્લૅટફૉર્મ અને સૉફ્ટવૅરમાં સમાન અને યોગ્ય રીતે ડિસ્પ્લે થાય તે સુનિશ્ચિત કરે છે. નવા ઇમોજી માટેની પ્રપોઝલ કોઈ પણ વ્યક્તિ મોકલી શકે છે. ડિઝાઇન કરેલા ઇમોજી સાથે પ્રપોઝલમાં તેનો ઉપયોગ, વ્યાપકતા તેમજ સાંસ્કૃતિક મહત્ત્વ અંગે સ્પષ્ટતા આપવાની હોય છે, જેના આધારે વિગતોનું મૂલ્યાંકન કરી તેને મંજૂર કે નામંજૂર કરાય છે. યુનિકોડ કોન્સોર્ટિયમ દ્વારા નિયત થયેલા કૉડ પોઇન્ટના આધારે ગૂગલ, માઇક્રોસોફ્ટ અને એપલ જેવી કંપનીઓ નવાં ઇમોજીનું નિર્માણ કરે છે.




**નાનકડાં ચિહ્નો... લાગણીઓની વિશાળ ભાષા!**

# જીવદયા, સંવેદના અને સાહિત્યની ત્રિવેણી ધર્મેન્દ્ર ત્રિવેદી

**બેલા મહેતા**

ધારો કે તમે ગાંધીનગરમાં રહો છો અને ચોમાસું શરૂ થઈ ગયું હોય અને એવામાં તમે ગુજરાત વિધાનસભામાં ભાષાંતર યુનિટમાં સુપરવાઈઝર શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદી (ધ.ત્રિ)ની આસપાસ બેઠા હો તો એક બાબતે તમારું ધ્યાન ગયા વિના રહે નહીં! જે છે ચોમાસા દરમિયાન સતત રણકતો તેમનો ફોન ! આ ફોનની આ બાજુથી આપણને સંભળાય “તમે ચિંતા ન કરશો, ડરશો નહીં, તમારું ઍડ્રેસ મોકલો, સ્નેક રેસ્ક્યુ કરતા યુવક-યુવતીઓ આવીને તેને લઈ જશે”.



## 'Don’t Kill, Just Call'નો જીવનમંત્ર

**અંતરિયાળ વિસ્તારમાં ઊછરેલા, પ્રાણીજગત અને પક્ષીજગતના રક્ષણના સંસ્કારોથી તેમનામાં જે સંવેદના રોપાઈ તે અત્યાર સુધીમાં કેટલાય અબોલ જીવો માટે આશીર્વાદ બની છે. એક સમયે ગાંધીનગર શહેરમાં લોકો સાપને જોતાંવેંત મારી નાખતા, પરંતુ ધર્મેન્દ્રભાઈએ આ અભિગમ બદલવામાં ઘણું યોગદાન આપ્યું. તેમણે સ્નેક રૅસ્ક્યૂ માટે યુવાનોની એવી ટીમ તૈયાર કરી કે જેઓ સાપને પકડતાં અને ઓળખતાં શીખ્યા. સાપને દેખતાં જ મારી નાખતા લોકો તેને બચાવવા હવે જ કલાક સુધી રૅસ્ક્યુ ટીમની રાહ જોતા થયા છે !**

**આપત્તિમાં મદદનો સાદ ‘હેમ રેડિયો’ :** ગુજરાત પર જ્યારે આફત આવે ત્યારે ધર્મેન્દ્રભાઈ ‘હેમ રેડિયો’ ઑપરેટર તરીકે પણ સેવા બજાવે છે. ૨૦૦૧ની કચ્છ ભૂકંપ જેવી વિકટ સ્થિતિમાં જ્યારે આધુનિક ટૅક્નોલૉજી અને નેટવર્ક ઠપ થયાં ત્યારે અન્ય ઑપરેટરો સંગ ધર્મેન્દ્રભાઈએ હેમ રેડિયો દ્વારા સેવા આપી હતી. લોકો અને સરકાર વચ્ચે સંવાદ સેતુ બનવામાં સહાયરૂપ ભૂમિકા તેઓ ભજવે છે.

**સાહિત્યની માવજત :** સાહિત્યના ક્ષેત્રમાં પણ તેમણે સાર્થક યજ્ઞ આરંભ્યો છે. પોતાના પિતા અને જાણીતા વાર્તાકાર શ્રી જનક ત્રિવેદીની સ્મૃતિમાં તેમણે ‘શ્રી જનક ત્રિવેદી નિબંધસ્પર્ધા’ શરૂ કરી છે. ગુજરાતી સાહિત્યમાં નિબંધ જેવું જટિલ સ્વરૂપ ક્યાંક વિસરાઈ ન જાય તે માટે તેઓ છેલ્લાં ત્રણ વર્ષથી નવોદિત નિબંધકારોની સ્પર્ધા દ્વારા તેમને પ્રોત્સાહિત કરી રહ્યા છે. ‘અંજલિ ખાંડવાળા પુરસ્કાર’ની એક લાખની વિજેતા તરીકે જીતેલી રકમમાં પોતાના બે લાખ ઉમેરીને તે ભંડોળના વ્યાજથી તેઓ દર વર્ષે નિબંધસ્પર્ધા યોજે છે. શ્રેષ્ઠ નિબંધકારને રોકડ ઈનામ અને ઉત્તમ નિબંધોને ‘નિબંધન’ પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરી તેને પ્રસિદ્ધ કરવામાં આવે છે. આમ, તેઓ યુવા લેખકો માટે ગુજરાતી સાહિત્ય જગત સાથે જોડાવાનો એક સેતુ બની રહ્યા છે.




સરકારી ફરજની સાથે સમાજસેવાની અવિરત યાત્રા

આપત્તિમાં અડગ સેવા

સાહિત્યની માવજત અને નવોદિતોને પ્રોત્સાહન

**સરકારી ફરજની સાથે જીવદયા, આપત્તિ-વ્યવસ્થાપન અને સાહિત્યક્ષેત્રે સેવાનો અનોખો સમન્વય ધર્મેન્દ્ર ત્રિવેદીના વ્યક્તિત્વને પ્રેરણાદાયી બનાવે છે.**

# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

'ગુજરાત' પાક્ષિકના વાચકોને આનંદ થાય તેવી વધુ એક નવતર બાબત 'ગુજરાત' પાક્ષિકમાં હવેથી ઉમેરવામાં આવી રહી છે. 'ગુજરાત' પાક્ષિકનો જે અંક તમારા હાથમાં છે એ અંકમાંથી જ ૧૪ સવાલો આપને પૂછવામાં આવ્યા છે. ક્વિઝ પ્રસિદ્ધ થયેલ અંકના પાનામાં જ વ્યવસ્થિત રીતે આપના જવાબ આપેલા વિકલ્પો પૈકી ☑ ની નિશાની કરીને, આ પાનું ✂ કાપીને તમારા નામ અને સરનામાની વિગત સાથે નીચેના સરનામે અંક પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસમાં મોકલી આપશો. મળેલા તમામ સાચા ઉત્તરો પૈકી ડ્રો કરવામાં આવશે અને પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાનું નામ પ્રસિદ્ધ કરવામાં આવશે તેમજ તેમને પ્રોત્સાહક ઇનામ પણ આપવામાં આવશે.

**'ગુજરાત ક્વિઝ', અંક નં. ૧૦, 'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

૧. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નીચેનામાંથી જિલ્લામાં 'સરદાર ધામ-૩'નું લોકાર્પણ કર્યું હતું?
(A) અમદાવાદ (B) વડોદરા
(C) ગીર સોમનાથ (D) જામનગર

૨. ગુજરાતની કઈ પ્રોડક્ટને જી.આઇ. ટૅગ મળવા બદલ ભારતીય પોસ્ટના ઉપક્રમે એક વિશેષ કવરનું મુખ્યમંત્રીશ્રીએ અનાવરણ કર્યુ?
(A) સુરત કટ ડાયમંડ (B) કચ્છી શાલ
(C) વલસાડી ચીકુ (D) માતાની પછેડી

૩. ૧૧ મે, ૧૯૯૮ના રોજ નીચેનામાંથી કયા સ્વદેશી એરક્રાફ્ટે પોતાની પ્રથમ ઉડાન ભરી હતી?
(A) ઐરાવત-૩ (B) ઐરાવત-૨
(C) હંસ-૨ (D) હંસ-૩

૪. ગુજરાત સરકારે તમામ વિભાગોમાં AIનો ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે Gujarat Future Technology ..... (GFTI) શરૂ કર્યુ છે.
(A) Initiatives (B) Information
(C) Institute (D) Incubations

૫. કુલ કેટલી હાઇ વોલ્યુમ સેવાઓને ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે?
(A) ૨૫ (B) ૨૪ (C) ૨૨ (D) ૨૦

૬. ....... મા ગુજરાત ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ........ જિલ્લા ખાતે કરવામાં આવી.
(A) ૬૬, પોરબંદર (B) ૬૪, સુરત
(C) ૬૬, સુરત (D) ૬૪, પોરબંદર

૭. સોમનાથ અમૃત મહોત્સવ દરમિયાન સોમનાથ મંદિરના શિખર પર કેટલા મુખ્ય તીર્થસ્થાનોના જળથી વિશેષ કુંભાભિષેક કરવામાં આવ્યો હતો?
(A) ૫ (B) ૫૧ (C) ૧૦૧ (D) ૧૧

૮. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ..........માં પ્રજાજોગ સંબોધનમાં ભારતને સશક્ત બનાવવા માટે આર્થિક આત્મરક્ષાનો મંત્ર આપતા સાત અપીલ કરી હતી.
(A) હૈદરાબાદ (B) પુના
(C) પટણા (D) બેંગ્લોર

૯. પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે કુશળ માનવબળ તૈયાર કરનાર ગતિશક્તિ યુનિવર્સિટી કયા જિલ્લામાં આવી છે?
(A) અમદાવાદ (B) વડોદરા
(C) સુરત (D) ગાંધીનગર

૧૦. સુજની કળા નીચેનામાંથી કયા જિલ્લા સાથે સંકળાયેલી છે?
(A) ડાંગ (B) જામનગર (C) સુરત (D) ભરૂચ

૧૧. કાપડની મૂલ્યશ્રૃંખલાને મજબૂત કરવા માટે વડાપ્રધાનશ્રીએ આપેલ 5F વિઝનમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી?
(A) Farm (B) Factory (C) Franchise (D) Foreign

૧૨. 'મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે' – આ પંક્તિઓ નીચેનામાંથી કયા સાહિત્યકારની છે?
(A) ઉમાશંકર જોશી (B) કવિ નર્મદ
(C) અરદેશર ખબરદાર (D) કરસનદાસ માણેક

૧૩. નીચેનામાંથી કયા સ્થળે 'ઇન્ડિયા એરક્રાફ્ટ લિઝિંગ એન્ડ ફાઇનાન્સિંગ સમિટ 2.0' યોજાઇ ગઈ?
(A) ગિફ્ટ સિટી (B) મહાત્મા મંદિર
(C) PDEU (D) IIT, ગાંધીનગર

૧૪. નીતિ આયોગ દ્વારા નીચેનામાંથી કયા સ્થળે SDG-5 'જેન્ડર ઇક્વાલિટી' સંબંધિત વર્કશોપનું આયોજન થયું હતું?
(A) GU, અમદાવાદ (B) IIT, ગાંધીનગર
(C) IIM, અમદાવાદ (D) રક્ષાશક્તિ યુનિવર્સિટી

નામ : .................................. સરનામું : ..........................................................
..........................................................................................................
ઇમેલ એડ્રેસ :........................................................ મોબાઇલ નં. :............................................

# સુગમ ડિજિટલ ગુજરાત પૉર્ટલ

## Top-20 સેવાઓ હવે આંગળીના ટેરવે

**સુશાસન અને ટેક્નોલૉજીના સંગમથી હવે કોઈ લાઇન નહીં, બધું જ ઓનલાઇન**




ભાવિકા લીંબાસીયા



'ડિજિટલ ક્રાન્તિ' દ્વારા સરકારી સેવાઓને ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ બનાવી છેવાડાના માનવી સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે. રાજ્ય સરકારે 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલ અન્વયે નાગરિકોની રોજબરોજની જરૂરિયાતોને સ્પર્શતી ૫ વિવિધ વિભાગોની 'Top-20' હાઈ-વૉલ્યુમ સેવાઓને પ્રાથમિકતાના ધોરણે **digitalgujarat.gov.in** પોર્ટલ પર ઓનલાઈન ઉપલબ્ધ કરાવી છે.

### પોર્ટલ પર ઉપલબ્ધ મુખ્ય સેવાઓની યાદી

- આવકનો દાખલો (ગ્રામીણ અને શહેરી વિસ્તાર માટે)
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)નું પ્રમાણપત્ર
- નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર (ગુજરાત સરકાર અને ભારત સરકાર)
- આર્થિક રીતે નબળા વર્ગો (EWS)નું પ્રમાણપત્ર (આવક સાથે)
- જાતિ પ્રમાણપત્ર (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ)
- **રેશનકાર્ડ સેવાઓ:** નવું રેશનકાર્ડ, નામ ઉમેરવું, કમી કરવું, સુધારા કરવા અને અલગ રેશનકાર્ડ મેળવવું
- **અન્ય સેવાઓ :** સોગંદનામું (Affidavit) અને નકલ મેળવવાની વિનંતી

### આધાર પ્રમાણીકરણ

'આધાર પ્રમાણીકરણ'ની પ્રક્રિયા અંતર્ગત એકવાર આધાર સફળતાપૂર્વક વેરિફાય થયા પછી, અરજદારે ઓળખ કે રહેઠાણના પુરાવા માટે વારંવાર અન્ય દસ્તાવેજો આપવાની જરૂર રહેશે નહીં. આનાથી સમયની બચત થશે. આ લિંકિંગથી યોજનાઓમાં થતું ડુપ્લિકેશન અટકાવી શકાશે, જેથી માત્ર પાત્રતા ધરાવતા સાચા લાભાર્થીઓને જ લાભ મળે તે સુનિશ્ચિત થશે. પ્રમાણીકરણ માટે OTP અથવા બાયોમૅટ્રિક પદ્ધતિનો ઉપયોગ કરાશે.

### સુરક્ષિત ડેટા

સરકાર માટે નાગરિકોની અંગત માહિતી ખાનગી અને સુરક્ષિત રહે તે સર્વોપરી છે. આધાર પ્રમાણીકરણ માટે અરજદારની પૂર્વ સંમતિ લેવી અનિવાર્ય છે. સુરક્ષાના હેતુથી સિસ્ટિમમાં ક્યાંય પણ સંપૂર્ણ આધાર-નંબર દર્શાવવામાં આવતો નથી, માત્ર છેલ્લા ૪ આંકડા જ જોઈ શકાય છે. આ તમામ પ્રક્રિયામાં UIDAIની માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. જો કોઈ ટૅક્નિકલ કારણસર આધાર પ્રમાણીકરણ નિષ્ફળ જાય અથવા કોઈ નાગરિક પાસે આધારકાર્ડ ન હોય, તોપણ તેમને સેવાથી વંચિત રાખવામાં આવતા નથી. આવા કિસ્સાઓમાં અન્ય વૈકલ્પિક ઓળખ પુરાવાઓ દ્વારા ખરાઈ કરીને સેવા પૂરી પાડવાની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.

### પોર્ટલનો ઉપયોગ કેવી રીતે કરવો?

૧ **નોંધણી અને લૉગ-ઈન :** પોર્ટલ પર સૌપ્રથમ 'નોંધણી' (Register) બટન પર ક્લિક કરી મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈડી દ્વારા એકાઉન્ટ બનાવવાનું રહેશે. ત્યાર બાદ, મોબાઈલ નંબર/ઈ-મેલ અને પાસવર્ડનો ઉપયોગ કરીને Login કરી શકાય છે.

૨ **પ્રોફાઈલ અપડેટ :** લૉગ-ઈન થયા બાદ 'મારી પ્રોફાઈલ' વિભાગમાં જઈને વિગતો અને ફોટો અપડેટ કરવો જરૂરી છે, જેથી વિગતો અરજી ફોર્મમાં આપમેળે ભરાઈ જશે.

૩ **અરજી પ્રક્રિયા :** 'નવી સેવાની વિનંતી' પર ક્લિક કરી જરૂરી સેવા પસંદ કરો. જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે તમે ડિજિટલ લૉકર (DigiLocker)નો સીધો ઉપયોગ કરી શકો છો. અરજી સબમિટ કર્યા બાદ ઓનલાઈન પેમેન્ટ ગેટ-વે દ્વારા નિર્ધારિત ફીની ચુકવણી કરવાની રહેશે.


૪ **સેવા ટ્રૅકિંગ :** અરજદાર પોતાની અરજીની સ્થિતિ (Application Status) પોર્ટલ પર લૉગ-ઈન કરીને જાણી શકે છે અને સેવા પૂર્ણ થયા બાદ પ્રમાણપત્ર ઓનલાઈન ડાઉનલોડ પણ કરી શકે છે.

**ઓનલાઇન સુવિધા | કેશલૅસ ચુકવણી | પેપરલૅસ પ્રક્રિયા | ફેસલૅસ સેવા | ઝડપી અને પારદર્શક સેવા**

ડિજિટલ ગુજરાત પોર્ટલ એ 'ન્યૂ ઈન્ડિયા'ના વિઝનને સાકાર કરતું એક ટૅક્નિકલ પ્લૅટફૉર્મ તેમજ નાગરિકોના સશક્તીકરણનું પણ એક શક્તિશાળી માધ્યમ બન્યું છે.

**વધુ માહિતી માટે નાગરિકો ટોલ-ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ ઉપર સંપર્ક કરી શકે છે.**

# કવિ દુલા કાગને ૪૩ લેખોના ગ્રંથ દ્વારા અંજલિ 'વાણી તો અમરત વદાં...'




**કવિ પ્રકાશ 'જલાલ'**

"હે જી, તારાં આંગણિયાં પૂછીને જે કોઈ આવે રે, આવકારો મીઠો આપજે રે...!" અને "પગ મને ધોવા દ્યો રઘુરાય," જેવાં આધ્યાત્મિકતાથી તરબતર ભજનોના રચયિતા કવિ દુલા ભાયા કાગને અંજલિ અર્પતા ૨૦૮ પાનાંના ફુલસાઇઝ ગ્રંથનું ડૉ. અંબાદાન રોહડિયાએ સંપાદન કર્યું છે. માહિતી કમિશનરની કચેરી દ્વારા 'વાણી તો અમરત વદાં...' નામે પ્રકાશિત આ ગ્રંથમાં કવિશ્રી દુલા કાગ વિશેના વિવિધ અભ્યાસલેખોનો સંચય કરવામાં આવ્યો છે. સંપાદકશ્રી રોહડિયાથી માંડીને ઈશ રાજવીરભાઈ કાગ સુધીના લેખકોએ કુલ ૪૩ લેખોમાં કાગબાપુના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંને ઉઘાડ આપ્યો છે. સંપાદકે આ ગ્રંથને કવિ દુલા કાગના વ્યક્તિત્વ અને વાઙ્મયનું યથાર્થ ચિત્ર ઉપસાવતો દસ્તાવેજ ગણાવ્યો છે, તે યોગ્ય જ છે. પ્રથમ લેખ 'કવિ શ્રી કાગ : એક અનોખા વ્યક્તિત્વની સોડમ'થી માંડીને અંતિમ લેખ 'કાગરામાયણ : લોકજીવનના હાડમાં ગૂંથાયેલો ગ્રંથ' (લે.-ઈશ રાજવીરભાઈ કાગ) સુધીના લેખોમાં ગ્રંથની સુંદરતા ધીમેધીમે ખીલે છે.

ભારતને સ્વતંત્ર થયાને હજી માંડ ચારેક વર્ષ થયાં હતાં તેવા તબક્કે સૌરાષ્ટ્ર રાજ્યમાં ઘરખેડનો અને જમીનદારી-નાબૂદીનો પ્રશ્ન હતો, ત્યારે દુલાભાઈએ શંકરદાનજી દેથા તથા મેરુભા ગઢવી સાથે મળીને આ પ્રશ્નો માટે જે જહેમત ઉઠાવી તેની વાત રાજુલ દવેએ પોતાના લેખ 'લોકઉત્કર્ષના ભગીરથ કવિ શ્રી દુલા કાગ' (પૃ.46)માં વિગતે કરી છે. કવિ શ્રી દુલા ભાયા કાગ વિશે નાનુભાઈ દૂધરેજિયા તથા રામભાઈ કાગ દ્વારા સંપાદિત કરાયેલો 'દુલાભાઈ કાગ સ્મૃતિગ્રંથ' છે, તો 'લોકસંસ્કૃતિના કલાધરો' સંપાદિત પુસ્તકમાં રાજુલ દવેએ વિગતે વાત કરી છે. આ બધું હોવા છતાં 'વાણી તો અમરત વદાં...' ગ્રંથ વિશિષ્ટ છે. એની વિશિષ્ટતા એ મુદ્દે છે કે, ગુલાબની પાંદડીની જેમ કવિ દુલા ભાયા કાગના વ્યક્તિત્વની એક એક ખૂબી અંગે એક એક લેખ અહીં લખાયો છે. કવિ એક જ છે, પરંતુ તેમને જોવાના કુલ ૪૩ આયના અહીં મુકાયા છે, જેમાંથી પસાર થતાં વાચકની સમક્ષ કવિ દુલા ભાયા કાગનું વધારે ઊજળું, સ્પષ્ટ અને સુરેખ ચિત્ર ખડું થાય છે.

ગ્રંથના ઉઘાડરૂપ લેખ 'કવિ કાગ : એક અનોખા વ્યક્તિત્વની સોડમ'માં લેખક ડૉ. અંબાદાન રોહડિયાએ નાનપણથી જ માતા ધાનબાઈ પાસેથી મળેલા સંસ્કારોની વાત આલેખી છે. તો, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ પોતાના 'મહામૂલી સંપત્તિ' લેખમાં કહે છે, "એકવાર કાગબાપુની વાણીનો પ્રવાહ ચાલુ થાય પછી એ અવિરત ધારાએ વહેતો હોય. પાછળના સમયમાં ડૉક્ટરોએ બાપુને ગાવાની મનાઈ કરી હતી, પરંતુ બાપુ એને ગણકાર્યા વિના ડાયરાને ડોલાવતા રહ્યા. દર્દીલો કંઠ, હૈયામાં ઊતરી જાય એવી હલક, ભાવને સ્પર્શવાની શક્તિ તથા પ્રકૃતિ અને માનવજીવનની કેટલીય વસ્તુઓને પ્રતીકરૂપે યોજીને અમૂર્તને મૂર્ત કરવાની એમનામાં શક્તિ હતી."

ભારત સરકાર તરફથી તેમને પદ્મશ્રીનો ઇલકાબ એનાયત કરાયેલો. 'હે જી તારાં આંગણિયાં પૂછીને જે કોઈ આવે રે' જેવી એમની સદાકાળ અમર રચનાઓ રેડિયોના વીતેલા યુગથી માંડીને આજના ઈન્ટરનેટના યુગમાં પણ ગુંજતી રહે છે. જીવનના અંતિમ દિવસ તા. ૨૨ ફેબ્રુઆરી, ૧૯૭૭ સુધી કવિ દુલાભાયા કાગ ઉત્તમ સાહિત્યસર્જનમાં રત રહ્યા. 'વાણી તો અમરત વદાં...' ખરેખર અમૃતવાણી પીરસતું પુસ્તક છે. ગુજરાતી સાહિત્ય, સંસ્કૃતિ, ઈતિહાસ, કલા તેમજ કવિતાના વાચકો આ ગ્રંથને આવકારશે, તેવી શ્રદ્ધા બેસે.

*'વાણી તો અમરત વદાં...', (કવિ શ્રી દુલા કાગ વિષયક સ્વાધ્યાયલેખોનો સંચય), પ્ર. કે.એલ. બચાણી, માહિતી કમિશનર, ગુજરાત, આવૃત્તિ: વર્ષ ૨૦૨૬, સંપા.ડૉ. અંબાદાન રોહડિયા, મુદ્રક: સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર, કુલ પાનાં ૨૦૮.*